શ્રી વીતરાગ પૂજા સંગ્રહ (અર્થ સહિત)

શ્રી

# વીતરાગ પૂજા સંગ્રહ
## (અર્થ સહિત)



શ્રી સીમંધરસ્વામી

**શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર (પાર્લા–સાંતાક્રુઝ)**

ૐ

॥ શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય નમઃ ॥
॥ શ્રીશાંતિનાથજિનેન્દ્રદેવાય નમઃ ॥

શ્રી

# વીતરાગ પૂજા સંગ્રહ

(અર્થ સહિત)

: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન દિગંબર
જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,**
**પાર્લા–સાંતાક્રુઝ**

પ્રથમ આવૃત્તિ

પ્રત : ૧૦૦૦ વીર સંવત ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

**: પ્રાપ્તિસ્થાન :**

**(૧) શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર**
શ્રી કુંદકુંદ-કહાન દિગંબર
જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ
૪૭, ચર્ચ રોડ,
**વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬**

**(૨) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણ કુંજ, વી.એલ. મહેતા માર્ગ
**વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬**

**મૂલ્ય : સ્વાધ્યાય**

મુદ્રક
સ્મૃતિ ઑફસેટ
પ્લોટ નં. ૧૩, કહાનવાડી, અંકુર સ્કૂલ રોડ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
મો. ૦૯૮૨૪૯૪૪૪૦૧



**શ્રી સીમંધરસ્વામી જિનબિમ્બ**
**પાર્લા, જિનમંદિર**

**પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુ પાદપદ્મે,**
**સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;**
**આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,**
**સીમંધરા ! નમું તને શિર નામી નામી.**

# પ્રકાશકીય નિવેદન

સ્વાનુભૂતિપ્રધાન દિગંબર જૈનધર્મના સાતિશય પ્રભાવક, અધ્યાત્મયુગપ્રવર્તક, સ્વાત્માનુભવી, સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ દ્રવ્યદૃષ્ટિપ્રમુખ અનેકાંતસુસંગત અધ્યાત્મતત્ત્વના રહસ્યોદ્‌ઘાટનની સાથે સાથે વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનો અનુપમ મહિમા બતાવીને મુમુક્ષુસમાજ ઉપર ખરેખર અવર્ણનીય મહાન ઉપકાર કર્યો છે. તેમના સાતિશય પુનીત પ્રતાપથી જ સૌરાષ્ટ્રનાં અનેક પ્રમુખ નગરોમાં તેમ જ અન્યત્ર પણ ભવ્ય દિગંબર જિનમંદિરોનું તથા સ્વાધ્યાયમંદિરોનું નિર્માણ થયું છે. તેમની કલ્યાણવર્ષિણી મંગલ ઉપસ્થિતિમાં પંચકલ્યાણક-પ્રતિષ્ઠા તથા વેદીપ્રતિષ્ઠાના અનેક ભવ્ય મહોત્સવો ઉજવાયા અને તેમના દ્વારા પ્રેરિત અર્થાત્ 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રેરિત' તે દિગંબર જિનમંદિરોમાં શુદ્ધામ્નાય અનુસાર પ્રતિષ્ઠિત અનેક વીતરાગ નિર્ગ્રંથ અર્હત્પરમેશ્વરનાં વીતરાગભાવવાહી જિનબિંબોની મંગલ સ્થાપના થઈ. એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીના શુદ્ધાત્મ-દ્રવ્ય-મહિમા-પ્રધાન જિનેન્દ્ર-ભક્તિભીના સદુપદેશથી મુમુક્ષુસમાજમાં જિનેન્દ્રપૂજા—ભક્તિની પ્રવૃત્તિ, અંદર તાત્ત્વિક લક્ષ સહિત ચાલી.

વીતરાગ દેવ-ગુરુના પરમભક્ત, સ્વાનુભવવિભૂષિત, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં, અંતરમાં નિજ જ્ઞાયકદેવ અને બહારમાં તદુપલબ્ધિમાં નિમિત્ત એવાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ, ભક્તિપ્રેરક મંગલ સાન્નિધ્યમાં તથા માર્ગદર્શનના સુપ્રતાપે પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરી તથા પ્રત્યેક જિનમંદિરમાં પ્રતિદિન જિનેન્દ્રપૂજા-ભક્તિનો કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

પરમ પ્રતાપી પૂજ્ય ગુરુદેવ શ્રીકાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ભગવતી બહેનશ્રી ચંપાબેનના અલૌકિક અનુગ્રહથી મુંબઈ શહેરના વિલેપાર્લા ઉપનગરમાં અતિશ્વેત સંગેમરમરનું મનોહર અને દૈવી એવા શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનું વીર સં. ૨૫૪૧ના જેઠ સુદ ૫

(તા. ૨૨મે, ૨૦૧૫)ના મંગળ દિને નિર્માણ થયેલ છે. આ જિનમંદિરમાં અતિભવ્ય ૭૯'' ઉન્નત શ્રી સીમંધરસ્વામીની સંગેમરમરની પ્રતિમા, શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી મહાવીરસ્વામી તથા સૂર્યકીર્તિનાથપ્રભુની પંચધાતુની પ્રતિમાઓ, શ્રી સીમંધરનાથ તથા બાહુબલી મુનીન્દ્ર સહ સુવર્ણપુરીના જિનાયતનોની અતિસુંદર આબેહૂબ પ્રતિકૃતિ, જિનવાણી, વૈરાગ્ય અને ધર્મપથ પ્રદર્શક ભીંત તથા તૈલી ચિત્રો, પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવંતસમ સ્ટેચ્યુ તથા અનેક જ્ઞાની સંતો-ધર્માત્માઓના વચનામૃત સહિત ચિત્રપટો બિરાજમાન છે.

નૂતન જિનમંદિરમાં નિયમિતપણે જિનેન્દ્ર અભિષેક તથા પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ પ્રવચન અને પૂજ્ય ભગવતીમાતા ચંપાબેનની તત્ત્વચર્ચા ઉપરાંત વિદ્વાનોના પ્રવચનો, પાઠશાળાઓ અને બાળકો દ્વારા તત્ત્વરસસભર સાંસ્કૃતિક કાર્યક્રમો અત્યંત ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવે છે.

વર્તમાનયુગમાં બાળકો તેમજ નવા જોડાઈ રહેલા મુમુક્ષુબંધુઓ લાભાન્વિત થાય તે ભાવનાપૂર્વક શ્રી કુંદકુંદ-કહાન-દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ, શબ્દાર્થ સહિત દર્શન પાઠ, અભિષેક પાઠ, અષ્ટપ્રકારી પૂજા, આરતી વગેરેનું સંકલન 'વીતરાગ પૂજા સંગ્રહ' પ્રકાશિત કરતાં અત્યંત આનંદ અનુભવે છે. પુસ્તકનું આ પ્રથમ સંસ્કરણ હોઈ, તેમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો કૃપા કરી અમારા લક્ષ પર લાવશો, જેથી ભવિષ્યમાં સુધારો કરી શકાય.

સુંદર મુદ્રણ માટે સ્મૃતિ ઑફસેટ, સોનગઢને ધન્યવાદ આપીએ છીએ.

॥ જૈનમ્ જયતુ શાસનમ્ ॥

ભગવાન શ્રી મહાવીર
નિર્વાણ કલ્યાણક મહોત્સવ
દીપાવલી
તા. ૩૦-૧૦-૨૦૧૬

**શ્રી કુંદકુંદ-કહાન-દિગંબર**
**જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,**
**પાર્લા-સાંતાક્રુઝ**




સીમંધરા નમું તને શિર નામી નામી....

# જિનપૂજનના સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ઉદ્‌ગાર

## (શ્રાવકધર્મપ્રકાશમાંથી સંકલિત)

✻ ભગવાનના વિરહમાં તેની પ્રતિમાને સાક્ષાત્ ભગવાન સમાન ગણીને શ્રાવકે હંમેશા દર્શન–પૂજન કરવા. ધર્મીને સર્વજ્ઞનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં ભાસિત થઈ ગયું છે, તેથી જિનબિંબને જોતાં જ તેને તેનું સ્મરણ થઈ જાય છે.

✻ ભગવાનની પ્રતિમા જોતાં જ અહો! આવા ભગવાન!! આ રીતે એકવાર સર્વજ્ઞદેવના યથાર્થ સ્વરૂપને લક્ષ્યગત કરી લે છે. તેનો ભવથી બેડો પાર છે. શ્રાવકે પ્રાતઃકાળ (સવારમાં) ભગવાનના દર્શન દ્વારા પોતાના ઇષ્ટ ધ્યેયનું સ્મરણ કરીને પછી જ બીજી પ્રવૃત્તિ કરવી.

આ જ રીતે પોતે ભોજન કરે તે પહેલાં મુનિવરોને યાદ કરે કે– અહો! કોઈ સંત–મુનિરાજ અથવા ધર્માત્મા મારે આંગણે પધારે અને ભક્તિપૂર્વક તેમને ભોજન કરાવી પછી હું ભોજન કરું. શ્રાવકના હૃદયમાં દેવ–ગુરુની ભક્તિનો આવો પ્રવાહ વહેવો જોઈએ.

✻ જિનેન્દ્ર ભગવાનના દર્શન–પૂજન પણ ન કરે અને તું પોતાને જૈન કહેડાવે એવું તારું કેવું જૈનીપણું છે? જે ઘરમાં હંમેશા ભક્તિપૂર્વક દેવ, ગુરુ, શાસ્ત્રના દર્શન–પૂજન થાય છે, મુનિવરો વગેરે ધર્માત્માઓને આદરપૂર્વક દાન દેવાય છે તે ઘર ધન્ય છે તે વિનાનું ઘર તો સ્મશાન સમાન છે.

✻ જેવી રીતે પ્રિય પુત્ર–પુત્રીને ન જુવે તો માતાને ચેન નથી પડતું અથવા માતાને ન જુવે એ બાળકને ચેન નથી પડતું, તેવી જ રીતે ભગવાનના દર્શન વિના ધર્માત્માને ચેન નથી પડતું. ''અરે...રે આજ મને પરમાત્માના દર્શન ન થયા, આજ મેં મારા ભગવાનને ન જોયા, મારા પ્રિય નાથના દર્શન આજે મને ન મળ્યા.''—આ રીતે ધર્મીને ભગવાનના દર્શન વિના ચેન પડતું નથી.

✽ શ્રાવક પ્રથમ તો હંમેશા દેવપૂજા કરે, દેવ અર્થાત્ સર્વજ્ઞદેવ. શ્રાવક તે સર્વજ્ઞદેવનું સ્વરૂપ ઓળખીને પ્રેમ અને બહુમાનપૂર્વક રોજે રોજ તેમનું દર્શન-પૂજન કરે. પહેલાં જ સર્વજ્ઞની ઓળખાણની વાત કરી છે. જેણે સર્વજ્ઞને ઓળખી લીધા છે અને સ્વયં સર્વજ્ઞ બનવા ઇચ્છે છે તે ધર્મીને નિમિત્તરૂપે સર્વજ્ઞતાને પ્રાપ્ત અરિહંત ભગવાનના પૂજનનો ઉત્સાહ આવે જ છે. જિનમંદિર બનાવી, તેમાં જિનપ્રતિમા સ્થાપિત કરાવવી, તેનો પંચકલ્યાણક પૂજા-અભિષેક આદિ ઉત્સવ કરવો, એવા કાર્યોમાં શ્રાવકને ઉલ્લાસ આવે છે. એવી તેની ભૂમિકા છે તેથી તેને શ્રાવકનું કર્તવ્ય કહ્યું છે. જે તેનો નિષેધ કરે તે મિથ્યાત્વ છે અને માત્ર આટલા શુભરાગ ને જ ધર્મ સમજે તો તેને પણ સાચું શ્રાવકપણું નથી હોતું-એમ જાણો.

✽ જે નિર્ગ્રંથ ગુરુઓને નથી માનતો, તેની ઓળખાણ અને ઉપાસના નથી કરતો, તેને તો સૂરજ ઉગ્યા છતાં અંધકાર છે. તેવી જ રીતે જે વીતરાગી ગુરુઓ દ્વારા પ્રકાશિત સત્ શાસ્ત્રોનો અભ્યાસ નથી કરતો તેને આંખો હોવા છતાં પણ જ્ઞાની આંધળો કહે છે. વિકથા વાંચ્યા કરે અને શાસ્ત્ર-સ્વાધ્યાય ન કરે, તેના નેત્ર શું કામના? શ્રીગુરુની સમીપ રહીને જે શાસ્ત્ર નથી સાંભળતો અને હૃદયમાં ધારણ નથી કરતો તે મનુષ્યને કાન તથા હૃદય નથી-એમ કહ્યું છે.



श्री शान्तिनाथ भगवान   श्री सीमन्धरस्वामी   श्री पद्मप्रभ भगवान

દેખી મૂર્તિ સીમંધરજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરીફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

# જિનપૂજન રહસ્ય

લેખક 'યુગલજી' કોટા

દિગમ્બર જૈન સમાજમાં નિત્યપૂજનનો ઉલ્લેખ સનાતન છે. નિત્ય દેવપૂજા ગૃહસ્થનાં કર્તવ્યોમાં એક મુખ્ય કર્તવ્ય માનવામાં આવ્યું છે. પૂજન કરવામાં છુપાયેલ–નિહીત ભાવ પૂજનનાં પ્રાણ તો છે જ પણ મનનાં અવલંબન માટે અષ્ટ દ્રવ્યમય બાહ્ય ક્રિયાનું પણ મહત્ત્વ ઓછું નથી.

સદીઓથી ચાલી રહેલ અન્ય ધાર્મિક વિધિઓની જેમ પૂજાવિધિને પણ નવું રૂપ મળ્યું છે. આ કારણે પૂજનનો બાહ્ય પ્રકાર જ નહિં પરંતુ આંતરિક પ્રકાર પણ પ્રભાવિત થયો છે. હકીકતમાં તો એમ કહી શકાય કે પૂજનની આત્મા જ ખતમ જેવી થઈ ગઈ છે. પૂજાનો ઉદ્દેશ્ય જ બદલાઈ ગયો છે અને તેની બાહ્ય વિધિ જાણે કે અચેતન શરીર જેવી રહી ગઈ છે.

એક વાત તો લગભગ બધાં જાણે છે કે પૂજામાં અષ્ટદ્રવ્યરૂપ ક્રિયાનું ફળ નથી મળતું પરંતુ પૂજાનાં પ્રયોજન તથા ભાવોનું ફળ મળે છે અને એટલે જ પૂજા દ્રવ્યપ્રધાન નહિ પરંતુ ભાવપ્રધાન છે. ચંચળમનનાં અવલંબન (એકાગ્રતા) માટે દ્રવ્ય એક સુંદર અવલંબન છે, અતઃ એવું પ્રયોજન કરવામાં આવ્યુ છે કે અષ્ટદ્રવ્યોને સુંદર વીતરાગભાવનાં પ્રતીક બનાવીને એવી રીતે જોડી દીધેલ છે કે માનો બધા એક બીજાનાં અભિન્ન અંગ હોય તથા જેમને ભિન્ન ન કરી શકાય.

આજનો બૌદ્ધિક વર્ગ પૂજામાં અષ્ટદ્રવ્યની વ્યર્થતા સિદ્ધ કરવા માટે તર્કનાં આધારે ભાવપૂજાનો આગ્રહ રાખે છે, પરંતુ આ પ્રકારનાં પ્રયાસનું ફળ પૂજા જેવી મહાન પ્રણાલિકાનાં જડમૂળનું જે છેદન કરવા જેવું છે. કારણ કે ગૃહસ્થાવસ્થાની નિર્બળ સ્થિતિમાં ચિત્તવૃત્તિની સ્થિરતાને આલંબન (આધાર) મળે તે માટે પૂજા એક સાધન છે અને પૂજન જેવી ધાર્મિક વિધિમાં પણ અષ્ટદ્રવ્યોનાં રૂપમાં જ અવલંબન લેવાય છે.

મુનિ અવસ્થામાં ચિત્તવૃત્તિ સંયમિત હોવાથી પૂજા આદિનું અવલંબન સહેજે છૂટી જાય છે, પરંતુ પૂજાનાં ભાવપ્રાણરૂપી વિશુદ્ધ પરિણામ તો તેમને હયાત હોય જ છે. ભક્ત અને ભગવાન બંને પૂજાનાં મુખ્ય અંગ છે. જૈનધર્મમાં બંનેની પોતાની અલગ અલગ વિશેષતા છે. ભક્ત આ સંસારમાં અનાદિકાળથી દુ:ખી હતો. રાગી–દ્વેષી હતો પરંતુ વર્તમાનમાં થોડી વિવેકબુદ્ધિ જાગૃત થઈ છે તેથી વીતરાગી દેવગુરુની ઉપાસનાનો સ્વીકાર કરે છે. ભગવાન વીતરાગતાની અલૌકિક મૂર્તિ છે અને આ જગત છલ–પ્રપંચોથી ભરેલ છે. આવો વિશ્વાસ થવાથી ભક્ત વીતરાગ વિદ્યાના ઉપાસક એવા દેવગુરુ પાસેથી વિદ્યા શીખે છે અને તે વિદ્યાનું નામ પૂજા છે. રાગનો નાશ કરવો તે જ પૂજાનું એકમાત્ર પ્રયોજન છે.

આ રીતે આ વ્યાખ્યાથી લૌકિક ફળની આશાથી પૂજા કરવાનું પ્રયોજન સહેજે જ ટળી જાય છે. કારણ કે પૂજા કરવાવાળો રાગથી તો થાકેલો જ છે એટલે રાગની વાંછા શા માટે કરે? પૂજક સ્વયં પોતે જ જાણે છે કે પૂજા તો શુભરાગ છે અને સ્વયંની અધૂરી દશાનું પ્રતીક છે. તેનું પ્રયોજન રાગ વધારવાનું નથી. જેવી રીતે રોગી રોગને મટાડવા ચાહે છે પણ કેવલ ઇચ્છા કરવી તે આરોગ્ય નથી, તેનું પ્રયોજન તો રોગ મટાડવાનુ છે. એટલે તેની આ ભાવના તેને આરોગ્યની પ્રેરણા આપે છે. તેવીજ રીતે પૂજાનો શુભરાગ વીતરાગતા તરફ લઈ જવાની પ્રેરણા આપે છે.

અનંત અનંત લોકેષણાના લોભને ત્યાગીને વિવેકનાં રથ પર આરૂઢ થઈ પરમશાંતિધામ તરફ પ્રયાણ કરતો પૂજારી સમ્યક્ પ્રકારે જાણે છે કે તેના ઉપાસ્યની જે વસ્તુ (દ્રવ્યસ્વભાવ) છે તે તેની પોતાની પણ છે. તેમનામાં શક્તિની જે ઉત્કૃષ્ટ વ્યક્તતા (પ્રદર્શન) આરોપિત કરવામાં આવેલ છે, તે તેના પોતાનામાં પણ છે. ભક્તને તેના સદૃશ યા વિસદૃશનાં રૂપમાં મુક્તિનું જે અંતરંગ રહસ્ય મળે છે, તેનો પૂરો નિશ્ચય કરીને મુક્તિ માટે પુરુષાર્થ કરવાની તેને પ્રેરણા મળે છે.

જૈનોની પૂજા દાસત્વભાવ–વાળી નથી હોતી. જૈનેતર લોકોની ભક્તિમાં દાસત્વભાવનું મહત્ત્વ ઘણું હોય છે. દાસત્વભાવમાં ભાવોનાં ઉત્કર્ષ અને ભાવોદ્રેક માટે મુક્ત ક્ષેત્ર નથી હોતું. જે ભક્ત ભગવાનની



કૃપા ઉપર નિર્ભર રહે છે તેને પુરુષાર્થ માટે અવકાશ જ નથી રહેતો. કારણ કે ત્યાં બધું ભગવાનની કૃપા ઉપર જ આધારિત હોય છે. જૈનમતમાં ભક્ત પોતે જ ભગવાન બનવા માટે આતુર હોય છે, ઉત્સુક હોય છે, એટલે તે ભગવાન થશે જ કારણ કે તેનાં પુરુષાર્થનું ફળ કોઈ બીજાનાં હાથમાં નથી હોતું તે પોતે સ્વાધીન હોય છે.

પૂજાનાં સંબંધમાં લોકો એવો પ્રશ્ન કરે છે કે જો પૂજાનું ફળ સ્વર્ગાદિ છે, તો સ્વર્ગાદિ માટે પૂજા કરવામાં શું નુકશાન છે?

ઉત્તર :—પૂજાનું બાહ્યફળ સ્વર્ગાદિ છે પરંતુ સ્વર્ગાદિ માટે પૂજા નથી કરાતી પણ પોતાની સ્વયંની અંતરંગ અવિનશ્વર વિભૂતિઓ (સમૃદ્ધિ)નું દર્શન થઈ જાય એટલે પૂજારીનું મન બાહ્ય નશ્વર વિભૂતિઓમાં લાગતું નથી. તે ભલે બાહરમાં પોતાની કમજોરીનાં કારણે પૂજાદિ ક્રિયા કરતો થકો દેખાય પણ તે તેને પોતાનું સાધ્ય નથી માનતો. તેનું સાધ્ય તો પરમ ઉપાસ્યવીતરાગતા જ છે તથા તેમાં તેને ભવનો અંત દેખાય છે તે માટે તે ભગવાનની પૂજા કરે છે તથા વીતરાગતા ન થાય ત્યાં સુધી તેને વીતરાગતા સંબંધીનાં જ વિકલ્પ હોય છે અને હોવા જોઈએ. વીતરાગતાનાં આવા વિકલ્પ વિશેષોને જ પૂજા કહેવાય છે.

જે રીતે એક વિદ્યાર્થી કોઈ ઉચ્ચપદ માટે વિદ્યાભ્યાસ કરે છે. જ્યાં સુધી લક્ષને પામતો નથી ત્યાં સુધી પરિપક્વ ભૂમિકામાં સહજભાવથી જ ગુરુભક્તિ, વિનય આદિ કરે છે. ભણતાં ભણતાં પરીક્ષામાં સારા નંબરે પાસ થવાથી ઇનામ આદિ પણ તેને મળે છે, પણ તેનું લક્ષ તો તેને જે પદ પ્રાપ્ત કરવું છે તે ઉપર જ હોય છે. તે ઇનામ માટે ભણતો નથી પરંતુ ઇનામ તો તેને સહેજે મળી જાય છે. ઇનામ મળવાથી તેનું મન ઇનામમાં જ લાગેલુ નથી રહેતું. તેનું ધ્યેય તો હંમેશાં તેની સામે જ હોય છે. તે જ પ્રકારે પૂજા કરનારને સ્વર્ગાદિ પ્રાપ્ત થાય છે પણ તે સ્વર્ગ મેળવવા માટે પૂજા નથી કરતો. જે સ્વર્ગ માટે પૂજા કરે છે, તેને સ્વર્ગ નથી મળતું કારણ કે સ્વર્ગ માટે પૂજા કરવાવાળાની નજરમાં તેનાં ઉપાસ્ય દેવનાં રૂપમાં સ્વર્ગનાં ભોગ હોય છે. તથા વિષય ભોગોની ઉપાસના પાપભાવ વિના હોઈ શકે નહિ અને પાપનું ફળ સ્વર્ગ નહિ પરંતુ નરકાદિ હોય છે.

જો વસ્તુસ્થિતિનું અવલોકન–સમીક્ષા કરવામાં આવે તો પૂજાનું તાત્કાલિત ફળ તો વાસ્તવમાં અંતરંગ શાંતિ છે. પૂજા કરનારને જો પુણ્યનાં પ્રભાવથી સ્વર્ગાદિ મળી પણ જાય તો આ તો એવું થયું કહેવાય કે.....અમૃતનાં ઇચ્છુક–અભિલાષીને ગોળની પ્રાપ્તિ થવી અને અજીર્ણના રોગીને બદામનો હલવો મળવો.

સંક્ષેપમાં કહેવામાં આવે તો જૈન ઉપાસના એક આદર્શ નિષ્કામ કર્મ છે, જેમાં કર્મફળની તો પ્રધાનતા નથી પણ તે કાર્યની પણ પ્રમુખતા નથી જે પ્રત્યક્ષ પ્રગટ છે. આ ઉપાસનાનું ધ્યેય કર્મ અને કર્મફળથી કોસો દૂર ચૈતન્યની ઉંચામાં ઉંચી ભૂમિકા પર પ્રતિષ્ઠિત છે. ઉપાસકમાં જ ઉપાસ્ય બનવાની યોગ્યતાનાં બીજ અનાદિથી વિદ્યમાન છે. ઉપાસકના પેટ (પર્યાય) માં જ ઉપાસ્ય અવતાર ધારણ કરે છે. આવી રીતે ઉપાસક અને ઉપાસ્યનો ભેદ અવશ્ય થઈ જવાથી સાક્ષાત્ ઉપાસ્ય થઈ જાય છે અને આજ ઉપાસનાનું રહસ્ય છે. **(સાભાર–જિનેન્દ્ર અર્ચના)**



# સૂચના

## અભિષેક કરનારાઓને સૂચના

૧. જે પુરુષો ભગવાનનો અભિષેક અને સ્પર્શન કરે તેમણે સ્નાન કરીને અભિષેક માટેના ધોયેલા કપડાં પહેરીને આવવું અને જ્યાં સુધી અભિષેક વગેરે કાર્યોથી નિવૃત્ત ન થાય ત્યાં સુધી બીજાં કોઈ અસ્વચ્છ કપડાં કે મનુષ્યોને અડવું નહિ. અભિષેક માટે સ્નાન કર્યા બાદ મોઢાના થૂંકને તેમ જ નાક–કાન વગેરેના મેલને અડવું નહિ. ચામડાની વસ્તુને પણ અડવું નહિ.

૨. ભગવાનનો અભિષેક તથા પૂજા કરતી વખતે ધોયેલું શુદ્ધ ધોતિયું અને ખેસ પહેરવાં; પણ ખમીસ, ઝબ્બો, પેન્ટ, વગેરે ઘર–બજારમાં, ચાલુ પહેરવાનાં અશુદ્ધ વસ્ત્રો પહેરીને અભિષેક તથા પૂજા કરવાં નહીં. ઊનનાં બનેલાં વસ્ત્રો કે ઉપકરણો અભિષેક તથા પૂજા કરતી વખતે વાપરવાં નહિ; કેમ કે ઊન પ્રાણીઓના વાળ હોવાથી પૂજા, અભિષેક આદિ પવિત્ર કાર્ય પ્રસંગે અસ્પૃશ્ય છે.

૩. ભગવાનના અભિષેક માટેનું ઉષ્ણ જળ તુરત ગાળીને વાપરવું.

૪. જ્યાં ભગવાન બિરાજમાન હોય તે ભૂમિકા ઉપર પોતાનો પગ રાખવો નહિ, જુદા મેજ વગેરે સ્થાન પર ઊભા રહીને અભિષેક કરવો.

૫. અભિષેક કરેલું જળ (ગંધોદક) પગ નીચે કચરાવું ન જોઈએ. તે જળ કોઈ વાસણમાં ભેગું કરીને નિર્દોષ જગ્યામાં ઠાલવી દેવું. મંદિરમાં પુષ્પ લાવવા નહિ.

૬. ભગવાનની પ્રતિમા ઉપર કોઈ અશુદ્ધ વસ્તુ તેમજ મોરપીંછી, કેશર, પુષ્પ વગેરે કાંઈ પણ લગાવવું નહિ.

૭. અભિષેક કર્યા પહેલાં પ્રતિમાજીની આસપાસ જીવજંતુ હોય તો

તપાસ કરીને મુલાયમ કપડાથી હળવે હાથે દૂર કરવાં. અભિષેક કર્યા પછી પ્રતિમાજીને શુદ્ધ વસ્ત્રથી બરાબર લૂછી નાખવાં, પાણી ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું.

૮. ભગવાનની રથયાત્રા વગેરે પ્રસંગે ભગવાનને સ્પર્શ કરનારાઓ તેમ જ પાલખી વગેરે ઊંચકનારાઓએ નાહીને અભિષેક માટેના કપડાં પહેરવાં, અને બીજા કોઈને અડવું નહિ, તેમ જ શેતરંજી વગેરેને અડવું નહિ.

## પૂજન કરનારાઓને સૂચના

૧. પૂજા કરનાર મુમુક્ષુઓએ સ્નાન કરીને શુદ્ધ વસ્ત્રો પહેરીને આવવું.

૨. પૂજામાં પહેરવાનાં વસ્ત્રો તરીકે પુરુષોએ ધોયેલું શુદ્ધ ધોતિયું અને ખેસનો ઉપયોગ કરવો; પણ ધોયા વગરનાં વસ્ત્રો તથા ખમીસ, ઝબ્બો, કોટ, પાટલુન, ટોપી વગેરે ઘર–બજારમાં પહેરવાનાં ચાલુ વસ્ત્રોનો ઉપયોગ ન કરવો; ઊનની બનાવટનું કોઈપણ વસ્ત્ર કે ઉપકરણ પૂજા કે ભગવાનના અભિષેક પ્રસંગે વાપરવું નહિ.

૩. કોઈએ પોતાની પાસે ચામડાનું પાકીટ, ઘડિયાળનો ચામડાનો પટ્ટો, ચામડાવાળી ટોપી, ચશ્માનું ચામડાવાળું પાકીટ વગેરે અશુદ્ધ વસ્તુઓ રાખવી નહિ.

૪. પૂજનની સામગ્રી બરાબર તપાસી લેવી.

૫. સામગ્રી ધોવા માટેનું ઉષ્ણ પાણી તુરત ગાળીને વાપરવું; તથા પૂજન માટેની સામગ્રી, વાસણ, પાણી વગેરે કોઈ વસ્તુઓ નીચે જમીન ઉપર કે જ્યાં માણસોની હાલચાલ હોય ત્યાં મૂકવી નહિ.

૬. પૂજા કરતાં પહેલાં હાથ ધોવા.

૭. પૂજા કરતી વખતે મોઢું, નાક વગેરેમાંથી કોઈ જાતનો મેલ કાઢવો નહિ.



૮. પૂજનની સામગ્રીમાં સ્વચ્છ જળ, ચંદન, ચોખા, લવિંગ, બદામ, ટોપરાં, કમળકાકડી અને સોપારી–એ વસ્તુઓ નિર્દોષ અને જીવરહિત હોવી જોઈએ. (ફળોમાં બદામ જેવાં અચિત ફળો વાપરવાં તથા જીવ રહિત–બગાડ રહિત–હોય એ ધ્યાન રાખવું.) એ સિવાય બીજી કોઈ વસ્તુ પૂજનમાં વાપરવાં નહિ.

## દર્શન કરનારાઓને સૂચના

૧. જિનમંદિરમાં નાના બાળકો કોઈ પણ પ્રકારની ગંદકી ન કરે એ માટે તેમની સાથેના માણસોએ ખાસ ધ્યાન રાખવું.

૨. બાળકોને નિજમંદિર નજીક લઈ જવા નહિ.

## દર્શનાર્થીઓને સૂચના

૧. દર્શન માટે મંદિર ખુલ્લું રાખવામાં આવતું હોય ત્યારે વીતરાગ દેવના દર્શનાર્થીએ નાહી–ધોઈને ધોયેલાં શુદ્ધ વસ્ત્ર પહેરીને જ મંદિરમાં પ્રવેશ કરવો.

૨. એઠાં મોઢે કે નશાવાળી હાલતમાં મંદિરમાં પ્રવેશ કરવો નહિ. જો કોઈપણ વસ્તુ ખાતા હોય તો મંદિરની બહાર જ કોગળાથી મોઢું સાફ કરીને મંદિરની અંદર જવું; તેમ જ થૂંકવું, નાક છીંકવું વગેરે કાર્યો પણ મંદિરની નજીક કરવાં નહિ. મંદિરમાં અન્ય કોઈને નમસ્કાર–વંદન કરાય નહિ.

૩. પાણીથી હાથ–પગ ધોઈને મંદિરમાં પ્રવેશ કરવો.

૪. મંદિરની અંદર લાકડી, છત્રી, શસ્ત્ર, ઓજાર વગેરે કોઈ પણ વસ્તુ લઈ જવી નહિ.

૫. જોડા તેમ જ મોજાં પણ પહેરીને મંદિરમાં પ્રવેશ કરવો નહિ.

૬. મંદિરની અંદર આત્મકલ્યાણને ધ્યાનમાં રાખીને વર્તવું. લડાઈ–ઝગડા, હાસ્ય–મશ્કરી તેમ જ સાંસારિક કોઈ વાતો કરવી નહિ.

૭. જે વ્યક્તિ માત્ર પ્રેક્ષક તરીકે મંદિરમાં જવા ઇચ્છે છે તેને મંદિરના વ્યવસ્થાપકો દ્વારા સાથે જઈને મંદિર દેખાડવામાં આવે.

૮. નીચેની હાલતોમાં પૂજા, શાસ્ત્રસ્પર્શ વગેરે કરવાં નહિ :–

(અ) ઘર કે કુટુંબમાં જો કોઈનું મૃત્યુ થઈ જાય તો બાર દિવસ સુધી;

(બ) ઘર કે કુટુંબમાં જો કોઈ બાળકનો જન્મ થયો હોય તો દસ દિવસ સુધી, અને જે સ્ત્રીને બાળક થયું તે સ્ત્રીએ ૪૫ દિવસ સુધી;

(ક) જેના ઘરે ગાય–ભેંસ વગેરે પશુ જન્મે કે મરે તેણે એક દિવસ સુધી.

૯. રજસ્વલા સ્ત્રીએ પાંચ દિવસ પહેલાં મંદિરમાં પ્રવેશ કરવો નહિ તથા પૂજા કરવી નહિ.

૧૦. પૂજનની 'સ્વાહા' કરેલી સામગ્રી (ચોખા, બદામ વગેરે) જૈન પૂજારીને કે જૈન બાળકોને પણ આપવી નહિ, પરંતુ કોઈ અન્ય વર્ણના માણસોને આપી દેવી.

૧૧. રાત્રે દીવાબત્તીના પ્રકાશમાં ઘણા ત્રસ જીવોની હિંસા થાય છે, માટે વિવેક રાખવો જોઈએ.

## આટલું કરવા યોગ્ય છે

૧. કોઈ પણ જૈન નામધારી જીવને મદ્ય,માંસ, દારૂ તથા વડનાં ફળ, પીપળનાં ફળ, ઉમરડાનાં ફળ, અંજીર અને ફણસ–એ આઠ વસ્તુઓનો ખોરાક કદાપિ હોય નહિ.

૨. હંમેશા સવારમાં શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુનાં દર્શન, પૂજન વગેરે કરવાં જોઈએ. શાસ્ત્ર પ્રત્યે વિનય, સન્માન અને યત્નથી વર્તવું જોઈએ. અવિનય, અસાતના ન થવી જોઈએ.

૩. પાણી ગાળીને ઉપયોગમાં લેવું જોઈએ.

૪. ત્રસનો ખોરાક ન થાય એ માટે અર્થાત્ ત્રસહિંસાથી બચવા માટે નીચે પ્રમાણે વિવેક રાખવો જોઈએ :–

(૧) રાત્રે ભોજન–પાન કરવાં ન જોઈએ.



(૨) સડેલું અનાજ વાપરવું ન જોઈએ.

(૩) છાણાં–લાકડાં વગેર વસ્તુઓમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ જાય છે, માટે તે વસ્તુઓ સળગાવતી વખતે જોઈ લેવી જોઈએ.

(૪) કંદોઈની દુકાનની તેમજ હોટલની વસ્તુઓ ખાવી–પીવી ન જોઈએ.

(૫) વાસી અથાણાં, લીલાં પાંદડાંની ભાજીઓ, કંદમૂળ તથા રાત્રે રાંધેલી વસ્તુઓ ખાવી ન જોઈએ.

(૬) લોટ, મસાલા વગેરે, તેમ જ પાપડ, વડી વગેરે વસ્તુઓ ચોમાસામાં ૩ દિવસ, ઉનાળામાં ૫ દિવસ અને શિયાળામાં ૭ દિવસ કરતાં વધારે મુદતની વાપરવી ન જોઈએ.

(૭) દૂધને કાચલીથી, લીંબુથી અગર ચાંદીથી મેળવવું.

(૮) ચાસણીથી બનાવેલી વસ્તુઓ એક જ દિવસ સુધી અને પાણી વગર બનાવેલી મીઠાઈઓ લોટની મુદત અનુસાર વાપરવી.

(૯) ગાંઠિયા વગેરે તળેલી વસ્તુઓ એક જ દિવસ સુધી વાપરવી જોઈએ. દહીં–છાશ તૈયાર થયા પછી ચોવીસ કલાક સુધી વાપરી શકાય.

(૧૦) મળ–મૂત્રાદિ કર્યા બાદ હાથ–પગ ધોઈને પછી જ શાસ્ત્રાદિને કે ભોજનની વસ્તુઓને અડવું જોઈએ. જિનમંદિર વગેરે ધર્મસ્થાને જવાનાં કપડાં ચોખ્ખાં હોવાં જોઈએ.

(૧૧) પાણી પીવા સંબંધીની સ્વચ્છતા જાળવવા માટે કોઈએ મોઢે અડાડેલાં પાણી પીવાનાં વાસણને ધોયા પછી જ કામમાં લેવાં જોઈએ, તેમ જ મોઢે લગાડેલાં વાસણ પાણીના માટલામાં બોળવા ન જોઈએ, કેમ કે મોઢે અડેલા વાસણમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે.

(૧૨) તમાકુ જેવી કોઈ વસ્તુનાં વ્યસન મુમુક્ષુને હોવાં ન જોઈએ.

(૧૩) રસોઈ કરતી વખતે મોઢાના થૂંકને તેમ જ નાક–કાન વગેરેના મેલને અડવું ન જોઈએ.

(૧૪) દૂધ દહોવાયને આવે એટલે તુરત ગરમ કરવું જોઈએ, કારણ કે કાચા દૂધમાં અંતર્મુહૂર્ત પછી ત્રસની ઉત્પત્તિ થાય છે. જેની બે દાળ થાય એવી કઠોળ વગેરે વસ્તુઓ દૂધમાં, દહીમાં કે છાશમાં ભેળવીને ખાવી નહિ, કારણ કે તેમાં ત્રસની ઉત્પત્તિ થાય છે.

(૧૫) અત્તર વગેરે વસ્તુઓ મહાન હિંસાનું કારણ હોવાથી તેનો ઉપયોગ કરવો ન જોઈએ.

ઉપર કહ્યાં તે, અને બીજા પણ સર્વ પ્રસંગોએ ત્રસહિંસાના સ્થૂળ કલુષિત પરિણામોથી પોતાના આત્માને બચાવવો જોઈએ.



# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | રચયિતા | પૃષ્ઠ |
|---|---|---|---|
| | પૂજાની વિધિ | | ૧ |
| (૧) | શ્રી જિનમંદિર-દર્શન સ્તોત્ર | | ૩ |
| (૨) | મંગલાષ્ટક | | ૭ |
| (૩) | સુપ્રભાત-સ્તોત્ર | | ૧૧ |
| (૪) | મહાવીરાષ્ટક (જિન્હોંકી પ્રજ્ઞામેં) | કવિવર ભાગચંદજી | ૧૫ |
| (૫) | દર્શન સ્તોત્ર (દર્શનં દેવદેવસ્ય) | | ૧૯ |
| (૬) | દર્શન સ્તુતિ (સકલ જ્ઞેય જ્ઞાયક) | પં. દૌલતરામજી | ૨૧ |
| (૭) | દેવસ્તુતિ (પ્રભુ પતિત પાવન) | પં. બુધજનજી | ૨૭ |
| (૮) | આરાધના પાઠ (મૈં દેવ નિત) | પં. ધ્યાનતરાયજી | ૨૯ |
| (૯) | શ્રીજિનેન્દ્ર અભિષેકપાઠ (સંસ્કૃત) | | ૩૩ |
| (૧૦) | પ્રતિમા પ્રક્ષાલ પાઠ | પં. અભયકુમારજી | ૪૩ |
| (૧૧) | વિનયપાઠ | | ૪૭ |
| (૧૨) | શ્રી પૂજા પીઠિકા | | ૫૧ |
| (૧૩) | મંગલ વિધાન | | ૫૩ |
| (૧૪) | પૂજા પ્રતિજ્ઞા પાઠ | | ૫૫ |
| (૧૫) | શ્રી જિનેન્દ્ર સ્વસ્તિ મંગલ પાઠ | | ૫૭ |
| (૧૬) | પરમ ઋષિ સ્વસ્તિ મંગલ પાઠ | | ૫૯ |
| (૧૭) | શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા (સન્માર્ગદર્શી) | પૂ. બહેનશ્રી-બેન | ૬૭ |
| (૧૮) | શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા (કેવલ રવિ..) | પં. યુગલકિશોરજી | ૭૭ |
| (૧૯) | શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા (પ્રથમ દેવ..) | કવિ દ્યાનતરાયજી | ૮૯ |
| (૨૦) | શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા (શુદ્ધ બ્રહ્મ..) | પં. હુકમચંદજી ભારિલ્લ | ૯૭ |
| (૨૧) | શ્રી પંચ-પરમેષ્ઠી પૂજા | પં. રાજમલજી પવૈયા | ૧૦૫ |
| (૨૨) | શ્રી સિદ્ધ પૂજા(ઊર્ધ્વાધોરયુતં...) | આચાર્ય શ્રી પદ્મનંદી | ૧૧૩ |
| (૨૩) | શ્રી સિદ્ધ પૂજા (નિજ વજ્રપૌરુષ...) | પં. યુગલકિશોરજી | ૧૨૫ |

| ક્રમ | વિષય | રચયિતા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૨૪) | શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર તથા સિદ્ધ પૂજા | | ૧૩૫ |
| (૨૫) | શ્રી સીમંધર જિનપૂજા (ભવસમુદ્ર...) | પં. હુકમચંદજી ભારિલ્લ | ૧૪૫ |
| (૨૬) | શ્રી સીમંધર જિનપૂજા (સીમંધર જિન ચરણકમલ...) | | ૧૫૩ |
| (૨૭) | શ્રી સીમંધર જિનપૂજા (જગકી ભવતાપ નિવાર..) | | ૧૬૧ |
| (૨૮) | શ્રી સીમંધર જિનપૂજા (હો જ્ઞાની તૈંને ..) | કવિ થાનજી | ૧૬૯ |
| (૨૯) | શ્રી સીમંધર જિનપૂજા (જય જય સીમંધર.) | કવિ થાનજી | ૧૭૯ |
| (૩૦) | શ્રી ચોવીસ જિનપૂજા | | ૧૮૯ |
| (૩૧) | શ્રી ઋષભદેવ જિનપૂજા | | ૧૯૭ |
| (૩૨) | શ્રી વાસુપૂજ્ય જિનપૂજા | | ૨૦૫ |
| (૩૩) | શ્રી શાંતિનાથ જિનપૂજા | કવિ બખ્તાવરજી | ૨૧૫ |
| (૩૪) | શ્રી મલ્લિનાથ જિનપૂજા | | ૨૨૫ |
| (૩૫) | શ્રી નેમિનાથ જિનપૂજા | | ૨૩૩ |
| (૩૬) | શ્રી પાર્શ્વનાથ જિનપૂજા | | ૨૪૩ |
| (૩૭) | શ્રી મહાવીર જિનપૂજા(જો મોહમાયા...) | પં. હુકમચંદજી ભારિલ્લ | ૨૫૫ |
| (૩૮) | શ્રી મહાવીર જિનપૂજા (શ્રીમત વીર...) | કવિ વૃંદાવનજી | ૨૬૩ |
| (૩૯) | શ્રી પંચ બાલયતિ પૂજા | પં. અભયકુમારજી | ૨૭૫ |
| (૪૦) | શ્રી બાહુબલીસ્વામી પૂજા | | ૨૮૩ |
| (૪૧) | શ્રી ત્રિકાલ ચોવીસી પૂજા | પં. રાજમલજી પવૈયા | ૨૯૩ |
| (૪૨) | શ્રી માનસ્તંભ જિનપૂજા | | ૩૦૧ |
| (૪૩) | શ્રી કૃત્રિમ અકૃત્રિમ ચૈત્યાલય પૂજા | પં. રાજમલજી પવૈયા | ૩૧૧ |
| (૪૪) | નિર્વાણક્ષેત્ર પૂજા | પં. દ્યાનતરાયજી | ૩૧૯ |
| (૪૫) | સ્વાનુભૂતિ-તીર્થ સુવર્ણપુરી પૂજા | | ૩૨૫ |
| (૪૬) | શ્રી જિનેન્દ્ર પૂજા અષ્ટક | આચાર્ય શ્રી પદ્મનંદી | ૩૩૫ |
| (૪૭) | શ્રી નંદીશ્વરદ્વીપ-જિનપૂજા | કવિ દ્યાનતરાયજી | ૩૩૯ |
| (૪૮) | શ્રી પંચમેરુ-જિનપૂજા | કવિ દ્યાનતરાયજી | ૩૪૭ |
| (૪૯) | શ્રી જિનવાણી સરસ્વતી પૂજા | કવિ દ્યાનતરાયજી | ૩૫૫ |





| ક્રમ | વિષય | રચયિતા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૫૦) | શ્રી કુંદકુંદાચાર્ય પૂજા | | ૩૬૩ |
| (૫૧) | શ્રી ધાતકી-વિદેહ-ભાવિજિનવર પૂજા | | ૩૭૩ |
| (૫૨) | અક્ષય-તૃતીયા પર્વ પૂજા | પં. રાજમલજી પવૈયા | ૩૮૧ |
| (૫૩) | શ્રી શ્રુતપંચમી પૂજા | પં. રાજમલજી પવૈયા | ૩૮૯ |
| (૫૪) | વીરશાસન જયંતી પૂજા | પં. રાજમલજી પવૈયા | ૩૯૯ |
| (૫૫) | શ્રી વિષ્ણુકુમાર મહામુનિ પૂજા | | ૪૦૭ |
| (૫૬) | શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિપૂજા | | ૪૧૫ |
| (૫૭) | દશલક્ષણધર્મ પૂજા | પં દ્યાનતરાયજી | ૪૨૩ |
| (૫૮) | રત્નત્રય પૂજા | પં દ્યાનતરાયજી | ૪૩૭ |
| (૫૯) | સોલહકારણ પૂજા | પં દ્યાનતરાયજી | ૪૪૩ |
| (૬૦) | ક્ષમાવણી પૂજા | કવિ મલ્લજી | ૪૫૧ |
| (૬૧) | પીઠકાદિ પૂજા | | ૪૫૯ |
| (૬૨) | નિર્વાણકાંડ ભાષા | ભૈયા ભગવતીદાસજી | ૪૭૧ |
| (૬૩) | સમુચ્ચય અર્ઘ | | ૪૭૫ |
| (૬૪) | શાંતિપાઠ(શાંતિનાથ મુખ..) | | ૪૭૭ |
| (૬૫) | શાંતિપાઠ (શાસ્ત્રોક્ત વિધિ...) | | ૪૮૧ |
| (૬૬) | શાંતિપાઠ (મૈં તુમ ચરણકમલ) | | ૪૮૩ |
| (૬૭) | શાંતિપાઠ (શાંતિજિનેશ્વર સાચો...) | | ૪૮૩ |
| (૬૮) | શાંતિપાઠ (સીમંધરાદિ...) | | ૪૮૫ |
| (૬૯) | વિસર્જન (જ્ઞાનતોઽજ્ઞાનતો...) | | ૪૮૫ |
| (૭૦) | વિસર્જન (બિન જાને વા જાનકે...) | | ૪૮૭ |
| (૭૧) | વિસર્જન (શ્રી સીમંધર જગધણી...) | | ૪૮૭ |
| (૭૨) | વિસર્જન (દેહ છતાં જેની દશા...) | | ૪૮૭ |
| (૭૩) | શ્રી સીમંધર જિન આરતી (આરતી ઉતારું...) | | ૪૮૯ |
| (૭૪) | શ્રી સીમંધર જિન આરતી (હું તો આરતી ઉતારું રે...) | | ૪૮૯ |
| (૭૫) | શ્રી સીમંધર જિન આરતી (સુવર્ણે સીમંધર ભગવાન...) | | ૪૯૧ |

| ક્રમ | વિષય | રચયિતા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૭૬) | શ્રી સીમંધર જિન આરતી (ધન્ય ધન્ય આજ ઘડી...) | | ૪૯૧ |
| (૭૭) | ચોવીસ તીર્થંકરની આરતી (અઘહર શ્રી જિનબિંબ) | | ૪૯૩ |
| (૭૮) | શ્રી ઋષભજિન આરતી | | ૪૯૫ |
| (૭૯) | શ્રી શાંતિનાથ જિન આરતી | | ૪૯૭ |
| (૮૦) | શ્રી નેમિનાથ જિન આરતી | | ૪૯૭ |
| (૮૧) | શ્રી પાર્શ્વનાથ જિન આરતી | | ૪૯૯ |
| (૮૨) | શ્રી મહાવીર જિન આરતી | | ૫૦૧ |
| (૮૩) | ૐ જય જિનવરદેવા | | ૫૦૩ |
| (૮૪) | શ્રી નંદીશ્વરદ્વીપની આરતી | | ૫૦૩ |
| (૮૫) | શ્રી પંચ પરમેષ્ઠીની આરતી | | ૫૦૫ |
| (૮૬) | શ્રી શાસ્ત્રની આરતી | | ૫૦૫ |
| (૮૭) | શ્રી મુનિરાજની આરતી | | ૫૦૭ |
| (૮૮) | શ્રી કુંદકુંદાચાર્યદેવની આરતી | | ૫૦૯ |
| (૮૯) | આરતી (લાખ લાખ દીવડાની) | | ૫૦૯ |
| (૯૦) | નિશ્ચય આત્માની આરતી | | ૫૧૧ |





પૂજા દ્રવ્ય ચઢાવવાની થાળી




પૂજાની અષ્ટદ્રવ્યની થાળી


ॐ

# પૂજાની વિધિ

૧. સ્વચ્છ થાળીમાં પૂર્ણ સ્વસ્તિક કરવો.

૨. ઉપર રત્નત્રયના ત્રણ બિંદુ અને સિદ્ધશિલા પર બિરાજમાન સિદ્ધનું ચિહ્ન બનાવવું

૩. પછી નીચે 'શ્રી' શબ્દ લખવો.



શ્રી



## (૧) શ્રી જિનમંદિર દર્શન સ્તોત્ર

ભવભ્રમણના તાપને દૂર કરનાર, ભવ્યાત્માઓના આત્મવૈભવની ઉત્પત્તિના પ્રધાન કારણરૂપ, ક્ષીરસમુદ્રના ફીણ જેવા શ્વેત–ઉજ્જવળ શિખરવાળા અને નમેલી કોટિ ધ્વજાઓથી શોભતા જિનેન્દ્રભવનના મેં દર્શન કર્યાં. ૧.

ભુવનના એકમાત્ર સંપત્તિના ધામરૂપ, વિશેષ દશાવાન મહામુનિઓથી સેવાતા, વિદ્યાધર, દેવ–દેવીઓથી થતી દિવ્ય પુષ્પાંજલીના સમૂહોથી શોભતી ભૂમિયુક્ત જિનાલયના મેં દર્શન કર્યાં. ૨.

અનેક ભવનમાં નિવાસ કરતા, પ્રસિદ્ધ સ્વર્ગની અપ્સરાઓના સમૂહથી સ્તવન કરાતા, ભિન્ન ભિન્ન મણિઓના સમૂહથી ઉજ્જવળ, સૂર્યના કિરણોથી સ્પર્શાતા નિર્મળ, વિશાળ અસરવાળા સમુદ્રયુક્ત જિનાલયના મેં દર્શન કર્યાં. ૩.

જેઓને સંગીતની સુરાવલીઓમાં જેઓ સિદ્ધહસ્ત છે, હાથમાં વીણા અને વેણુ શોભે છે તેવા યક્ષ, કિન્નર, ગંધર્વો મંદસ્વરોથી ગાન કરતા જેમને નમસ્કાર કરે છે તેવા જિનાલયના મેં દર્શન કર્યાં. ૪.





## (૧) શ્રી જિનમંદિરદર્શન સ્તોત્ર

(વસન્તતિલકા)

દૃષ્ટં જિનેન્દ્રભવનં ભવતાપહારિ,
ભવ્યાત્મનાં વિભવ-સંભવ-ભૂરિહેતુ;
દુગ્ધાબ્ધિ-ફેન-ધવલોજ્જ્વલ-કૂટકોટિ-
નદ્ધધ્વજ-પ્રકર-રાજિ-વિરાજમાનમ્. ૧.

દૃષ્ટં જિનેન્દ્રભવનં ભુવનૈકલક્ષ્મી-
ધામર્દ્ધિવર્દ્ધિત-મહામુનિ-સેવ્યમાનમ્;
વિદ્યાધરામર-વધૂજન-મુક્તદિવ્યં-
પુષ્પાન્જલિ-પ્રકર-શોભિત-ભૂમિભાગમ્. ૨.

દૃષ્ટં જિનેન્દ્રભવનં ભવનાદિવાસ-
વિખ્યાત-નાક-ગણિકા-ગણ-ગીયમાનમ્;
નાનામણિ-પ્રચય-ભાસુર-રશ્મિજાલ-
વ્યાલીઢ-નિર્મલ-વિશાલ-ગવાક્ષ જાલમ્. ૩.

દૃષ્ટં જિનેન્દ્રભવનં સુર-સિદ્ધ-યક્ષ-
ગન્ધર્વ-કિન્નર-કરાર્પિત-વેણુ-વીણા;
સંગીત-મિશ્રિત-નમસ્કૃત-ધારનાદૈ-
રાપૂરિતામ્બર-તલોરુ-દિગન્તરાલમ્. ૪.

ચંચળ માળાઓના સમૂહથી શોભતી, ભમરાઓ જેવા શ્યામ કેશકલાપને ધારણ કરતી, કંકણ અને ઝાંઝરના નાદથી, મધુર વાદ્યના લય સાથે નૃત્ય કરતી વિલાસીઓની ક્રીડાથી કિલ્લોલિત, રમણીય લાગતા જિનાલયના મેં દર્શન કર્યાં. ૫.

મણિરત્ન અને સુવર્ણથી પણ ઉજ્જ્વળ, કલશ, ચામર આદિથી શોભતા જુદા–જુદા એક્સો આઠ (૧૦૮) મંગળમય ચિહ્નોથી શોભતા નિર્મળ મણીના પ્રકાશથી ચમકતા જિનાલયના મેં દર્શન કર્યાં. ૬.

ઉત્તમ દેવકાષ્ઠ, કપૂર, ચંદન, તુરુષ્ક આદિ ધૂપથી સુવાસિત, મેઘથી આચ્છાદિત આકાશયુક્ત, પવનના સ્પર્શથી નિર્મળ થયેલી ચંચલિત ધજાઓથી જેનું ઉન્નત શિખર શોભી રહ્યું છે તેવા જિનાલયના મેં દર્શન કર્યાં. ૭.

ધવલપત્રની છાયામાં મગ્ન યક્ષકુમારદેવોના વૃંદ એવા લાગે છે જાણે શ્રેણીબદ્ધ ઢળાઈ રહેલા ચામરોની પંક્તિ શોભી રહી છે. પ્રકાશમાન ભામંડલથી શોભિત મનોહારી પ્રતિમાયુક્ત જિનાલયના મેં દર્શન કર્યાં. ૮.

વિવિધ પ્રકારની પુષ્પમાલાની પંક્તિથી રમણીય ઉત્તમ રત્નજડિત ભૂમિયુક્ત વસંતઋતુના તિલકસમાન ઉપવનની શોભાને નિત્યધારણ કરતી સકલ મંગળની શોભારૂપ ચંદ્રસમાન મુનિન્દ્રોથી વંદનીય જિનપ્રતિમાયુક્ત જિનાલયના મેં દર્શન કર્યાં. ૯.

મણિ–સુવર્ણના ચિત્રોથી અંકિત, ઉન્નત સિંહાસન આદિ વિભૂતિયુક્ત જિનબિંબના મેં દર્શન કર્યાં અને સકળ મંગળમય, ચંદ્રસમાન, મુનિન્દ્રોથી વંદિત, અતુલનીય જિન ચૈત્યાલયની મેં સ્તુતિ કરી. ૧૦.



દૃષ્ટં જિનેન્દ્રભવનં વિલસદ્વિલોલ-
માલાકુલાલિ-લલિતાલક-વિભ્રમાણમ્;
માધુર્યવાદ્ય-લય-નૃત્ય-વિલાસિનીનાં,-
લીલા-ચલદ્વલય-નૂપુર-નાદ-રમ્યમ્. ૫.

દૃષ્ટં જિનેન્દ્રભવનં મણિ-રત્ન-હેમ-
સારોજ્જ્વલૈઃ કલશ-ચામર-દર્પણાદ્યૈઃ;
સન્મંગલૈઃ સતતમષ્ટશત-પ્રભેદૈ-
ર્વિભ્રાજિતં વિમલ-મૌક્તિક-દામશોભમ્. ૬.

દૃષ્ટં જિનેન્દ્રભવનં વરદેવદારુ-
કર્પૂર-ચન્દન-તરુષ્ક-સુગન્ધિધૂપૈઃ;
મેઘાયમાનગગને પવનાભિઘાત-
ચંચલદ્વિમલ-કેતન-તુંગ-શાલમ્. ૭.

દૃષ્ટં જિનેન્દ્રભવનં ધવલાતપત્ર-
ચ્છાયા-નિમગ્ન-તનુ-યક્ષકુમાર-વૃન્દૈઃ;
દોધૂયમાન-સિત-ચામર-પંક્તિભાસં,
ભામણ્ડલ-દ્યુતિયુત-પ્રતિમાભિરામમ્. ૮.

દૃષ્ટં જિનેન્દ્રભવનં વિવિધપ્રકાર-
પુષ્પોપહાર-રમણીય-સુરત્નભૂમિઃ;
નિત્યં વસન્તતિલકશ્રિયમાદધાનં,
સન્મંગલં-સકલ-ચન્દ્રમુનીન્દ્ર-વન્દ્યમ્. ૯.

દૃષ્ટં મયાદ્ય મણિ-કાંચન-ચિત્ર-તુંગ-
સિંહાસનાદિ-જિનબિમ્બ-વિભૂતિયુક્તમ્;
ચૈત્યાલયં યદતુલં પરિકીર્તિતં મે,
સન્મંગલમ્ સકલ ચન્દ્રમુનીન્દ્ર વન્દ્યમ્. ૧૦.

*

## (૨) મંગલાષ્ટક

દેવેન્દ્રો અને અસુરેન્દ્રો જ્યારે નમસ્કાર કરે છે ત્યારે તેમના શોભાયુક્ત મુગટોના ચમકદાર રત્નોની પ્રભાથી જેમના પવિત્ર ચરણોના નખરૂપી ચંદ્રમાની જ્યોતિ પ્રકાશમાન થઈ રહી છે, જે પ્રવચનરૂપ સાગરની વૃદ્ધિ કરવા માટે સ્થાયી ચંદ્રમા છે અને યોગીજન જેની સ્તુતિ કરે છે; એવા શ્રી અરિહંતદેવ, સિદ્ધપ્રભુ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—આ પાંચ પરમેષ્ઠી અમારા પાપોનો ક્ષય કરો અને અમને સુખી કરો. ૧.

નિર્મળ સમ્યદર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે પવિત્ર રત્નત્રય છે. શોભા સંપન્ન મુક્તિનગરના સ્વામી ભગવાન જિનેન્દ્રદેવે તેને 'અપવર્ગ' (મોક્ષ) દેવાવાળા કહ્યાં છે. આ રત્નત્રયની સાથે ધર્મ–ઉક્તિરૂપી અમૃત (જિનાગમ), સર્વ જિનપ્રતિમા અને અનેક શોભાયમાન સર્વ જિનાલય એ ચાર પ્રકારના ધર્મ કહ્યા છે, તે અમારા પાપોનો ક્ષય કરો અને અમને સુખી કરો. ૨.

ત્રણે લોકમાં વિખ્યાત અને બાહ્ય તથા અભ્યંતર લક્ષ્મીથી સંપન્ન ઋષભનાથ આદિ ચોવીસ તીર્થંકર, શ્રીમાન ભરતેશ્વર આદિ બાર ચક્રવર્તી, નવ નારાયણ, નવ પ્રતિનારાયણ અને નવ બલભદ્ર આ ત્રેસઠ શલાકા મહાપુરુષ, અમારા પાપોનો ક્ષય કરો અને અમને સુખી કરો. ૩.

સર્વ ઔષધિઋદ્ધિધારી, ઉત્તમ તપથી વૃદ્ધિગત, પાંચ અષ્ટાંગ મહા નિમિત્તજ્ઞાની, આઠ પ્રકારના ચારણ ઋદ્ધિધારી, પાંચ પ્રકારના જ્ઞાન ઋદ્ધિધારી, ત્રણ પ્રકારના બળઋદ્ધિના ધારી અને બુદ્ધિ ઋદ્ધિધારી એવા સાત પ્રકારના જગતપૂજ્ય ગણનાયક મુનિવર (ગણધરો) અમારું મંગલ કરો. ૪.

જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી અને વૈમાનિકોના આવાસોમાં, મેરુમાં, કુલાચલો, જંબુવૃક્ષ અને શાલ્મલિવૃક્ષ, વક્ષારો, વિજયાર્ધપર્વત, ઇશ્વાકાર પર્વત, કુંડલવર, રુચિકવર, નંદીશ્વરદ્વીપ અને માનુષોત્તર પર્વતના સર્વ અકૃત્રિમ જિનચૈત્યાલય અમારા પાપોનો ક્ષય કરે અને અમને સુખી કરો. ૫.

ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ કૈલાસપર્વત, મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ પાવાપુરી, નેમિનાથ સ્વામીની નિર્વાણભૂમિ ઉર્જયંત ગિરી



## (૨) મંગલાષ્ટક

શ્રીમન્નમ્ર-સુરાસુરેન્દ્ર-મુકુટ-પ્રદ્યોત-રત્નપ્રભા-
ભાસ્વત્પાદ-નખેન્દવઃ પ્રવચનામ્ભોધીન્દવઃ સ્થાયિનઃ;
યે સર્વે જિન-સિદ્ધ-સૂર્યનુગતાસ્તે પાઠકાઃ સાધવઃ
સ્તુત્યા યોગિજનૈશ્ચ પંચગુરવઃ કુર્વન્તુ તે મંગલમ્. ૧.

સમ્યગ્દર્શન-બોધ-વૃત્તમમલં રત્નત્રયં પાવનં
મુક્તિશ્રી-નગરાધિનાથ-જિનપત્યુક્તોઽપવર્ગપ્રદઃ;
ધર્મઃ સૂક્તિસુધા ચ ચૈત્યમખિલં ચૈત્યાલયં શ્રયાલયં
પ્રોક્તં ચ ત્રિવિધં ચતુર્વિધમમી કુર્વન્તુ તે મંગલમ્. ૨.

નાભેયાદિજિનાઃ પ્રશસ્તવદનાઃ ખ્યાતાશ્ચતુર્વિંશતિઃ
શ્રીમન્તો ભરતેશ્વરપ્રભૃતયો યે ચક્રિણો દ્વાદશ;
યે વિષ્ણુ-પ્રતિવિષ્ણુ-લાંગલધરાઃ સપ્તોત્તરા વિંશતિ-
સ્ત્રૈલોક્યાભયદાસ્ત્રિષષ્ટિપુરુષાઃ કુર્વન્તુ તે મંગલમ્. ૩.

યે પંચૌષધઋદ્ધયઃ શ્રુતતપોવૃદ્ધિંગતાઃ પંચ યે
યે ચાષ્ટાંગમહાનિમિત્તકુશલાશ્ચાષ્ટૌ વિયચ્ચારિણઃ;
પંચજ્ઞાનધરાશ્ચ યેઽપિ વિપુલા યે સિદ્ધિબુદ્ધીશ્વરાઃ
સપ્તૈતે સકલાર્ચિતા મુનિવરાઃ કુર્વન્તુ તે મંગલમ્. ૪.

જ્યોતિર્વ્યન્તર-ભાવનામરગૃહે મેરૌ કુલાદ્રૌ સ્થિતાઃ
જમ્બૂ-શાલ્મલિ-ચૈત્યશાખિષુ તથા વક્ષારરૌપ્યાદ્રિષુ;
ઈષ્વાકારગિરૌ ચ કુંડલનગે દ્વીપે ચ નન્દીશ્વરે
શૈલે યે મનુજોત્તરે જિનગૃહાઃ કુર્વન્તુ તે મંગલમ્. ૫.

કૈલાસો વૃષભસ્ય નિર્વૃત્તિમહી વીરસ્ય પાવાપુરી
ચમ્પા વા વસુપૂજ્ય સજ્જિનપતેઃ સમ્મેદશૈલોઽર્હતામ્;

(ગિરનાર), વાસુપૂજ્ય સ્વામીની નિર્વાણભૂમિ ચંપાપુરી અને બાકી વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ શ્રી સમ્મેદશિખર પર્વત–જેનો અતિશય અને વૈભવ વિખ્યાત છે–એવા આ સર્વ નિર્વાણક્ષેત્ર, અમને નિષ્પાપ બનાવે અને અમને સુખી કરો. ૬.

જિનધર્મના પ્રતાપથી ચક્રવર્તી, બળભદ્ર, કામદેવ, આદિ પદની પ્રાપ્તિ થાય છે. ધર્મથી જ જીવો દિવ્યભોગોને ભોગવતાં વિશ્વ દ્વારા વંદનીય બને છે. ધર્મ વગર જીવો નરકાદિ યોનિમાં ચિરકાળ સુધી દુઃખોને સહન કરે છે. સ્વર્ગ કરતાં પણ રમણીય એવા સિદ્ધપદના સુખને આપનાર ધર્મ અમારું મંગળ કરો. ૭.

તીર્થંકરોના ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને નિર્વાણકલ્યાણક, જે દેવો દ્વારા સંપન્ન થાય છે તે પંચકલ્યાણક–મહોત્સવ અમોને સદા મંગલ કરો. ૮.

સૌભાગ્ય અને સંપત્તિનું પ્રદાન કરવાવાળા એવા શ્રી જિનેન્દ્ર–મંગલાષ્ટકને જે બુદ્ધિવંત તીર્થંકરોના પંચકલ્યાણક મહોત્સવના અવસર પર તથા પ્રભાતકાળે ભાવપૂર્વક સાંભળે છે અને વાંચે છે તે સજ્જન ધર્મ, અર્થ અને કામના સમન્વયરૂપ લક્ષ્મીનો આશ્રય કરે છે અને ત્યારપછી અવિનશ્વર મુક્તિલક્ષ્મીને પણ પ્રાપ્ત કરે છે. ૯.





શેષાણામપિ ચોર્જયન્તશિખરી નેમીશ્વરસ્યાર્હતો
નિર્વાણાવનયઃ પ્રસિદ્ધવિભવાઃ કુર્વન્તુ તે મંગલમ્. ૬.

જાયન્તે જિન-ચક્રવર્તિ-બલભૃદ્-ભોગીન્દ્ર-કૃષ્ણાદયો
ધર્માદેવ દિગંગનાંગવિલસચ્છશ્વદ્યશ્ચન્દનાઃ;
તદ્ધીના નરકાદિયોનિષુ નરા દુઃખં સહન્તે ધ્રુવં
સ સ્વર્ગાત્સુખરમણીયકપદં કુર્યાત્ સદા મંગલમ્. ૭.

યો ગર્ભાવતરોત્સવો ભગવતાં જન્માભિષેકોત્સવો
યો જાતઃ પરિનિષ્ક્રમેણ વિભવો યઃ કેવલજ્ઞાનભાક્;
યઃ કૈવલ્યપુરપ્રવેશમહિમા સમ્પાદિતઃ સ્વર્ગિભિઃ
કલ્યાણાનિ ચ તાનિ પંચ સતતં કુર્વન્તુ તે મંગલમ્. ૮.

ઈત્થં શ્રીજિનમંગલાષ્ટકમિદં સૌભાગ્યસમ્પત્કરં
કલ્યાણેષુ મહોત્સવેષુ સુધિયસ્તીર્થંકરાણાં મુખાત્;
યે શ્રુણ્વન્તિ પઠન્તિ તૈશ્ચ સુજનૈર્ધર્માર્થકામાન્વિતા
લક્ષ્મીરાશ્રિયતે વ્યપાયરહિતા નિર્વાણલક્ષ્મીરપિ. ૯.



## (૩) સુપ્રભાત–સ્તોત્ર

સ્વર્ગમાંથી માતાના ગર્ભમાં શ્રી જિનેન્દ્રદેવના આવવાના સમયે કરવામાં આવેલા ઉત્સવમાં, જન્માભિષેક વખતના ઉત્સવમાં, દીક્ષાગ્રહણ વખતના ઉત્સવમાં, કેવળજ્ઞાન પ્રગટ થયું તે વખતના ઉત્સવમાં અને મોક્ષપ્રાપ્તિ વખતના ઉત્સવમાં–એ રીતે પંચકલ્યાણક પ્રસંગમાં શ્રી જિનેન્દ્રભગવાનની જેવી આશ્ચર્યકારી પૂજા થઈ તેવા પ્રકારના મંગળરૂપ ગાયન અને સ્તુતિથી મારો સુપ્રભાતનો ઉત્સવ થાઓ. ૧.

અણિમા વગેરે વિભૂતિ સહિત નમ્રીભૂત થયેલા દેવોના મુગટોનાં મણિઓની પ્રભાથી જેમના બંને ચરણો આલિંગિત છે અને દુર્ધર કર્મોને જેમણે દૂર કરી નાખ્યા છે, એવા હે આદિનાથ, અજિતનાથ અને સંભવનાથ ભગવાન! આપના ધ્યાનથી મને સદા સુપ્રભાત હો.... અર્થાત્ મારો સુપ્રભાતનો સમય હંમેશા આપના ધ્યાનમાં વ્યતીત હો. ૨.

ત્રણ છત્ર જેમના શિર ઉપર શોભી રહ્યા છે તથા જેમની બંને બાજુ ચોસઠ ચામર ઢળે છે એવા હે અભિનંદન અને સુમતિનાથ જિનેન્દ્ર! તથા જેમનું શરીર પદ્મરાગમણિની પ્રભાસમાન સુશોભિત છે એવા હે પદ્મપ્રભ જિનેન્દ્ર! આપના ધ્યાનથી મને સદા સુપ્રભાત હો. ૩.

કેળના પાન જેવો જેમના શરીરનો રંગ છે એવા હે સુપાર્શ્વજિન! હિમાલય પર્વત, ચાંદીનો વિજયાર્દ્ધ પર્વત અને મોતી સમાન જેમના ઉજ્જ્વલ (શુભ્ર) વર્ણ છે એવા હે ચંદ્રપ્રભ જિનેન્દ્ર! અને સ્ફટીક સમાન નિર્મળ કાંતિના ધારક એવા હે પુષ્પદંત ભગવાન! આપના ધ્યાનથી મને સદા સુપ્રભાત હો. ૪.

તપાવેલા સુવર્ણસમાન જેમના શરીરની કાંતિ છે એવા હે શીતલનાથ ભગવાન! પાપસ્વરૂપ આઠ કર્મરૂપી કાદવનો જેમણે નાશ કર્યો છે એવા હે શ્રેયાંસનાથ જિનેન્દ્ર! બપોરના ફૂલના સમાન જેમના શરીરની કાંતિ છે એવા હે વાસુપૂજ્ય ભગવાન! આપના ધ્યાનથી મને સદાય સુપ્રભાત હો. ૫.

ઉદ્ધત કામનો નાશ કરનારા તથા સુંદર શરીરને ધારણ કરનાર એવા હે વિમલનાથ જિનેન્દ્ર! અનંત સુખના સમુદ્ર તથા ધૈર્યવંત એવા હે અનંતનાથ ભગવાન! દુષ્ટ કર્મરૂપી મલથી રહિત એવા હે ધર્મનાથ ભગવાન! આપના ધ્યાનથી સદા મને સુપ્રભાત હો. ૬.



## (૩) સુપ્રભાત–સ્તોત્ર

(શાર્દૂલવિક્રીડિત)

યત્સ્વર્ગાવતરોત્સવે યદભવજ્જન્માભિષેકોત્સવે
યદીક્ષાગ્રહણોત્સવે યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે,
યન્નિર્વાણગમોત્સવે જિનપતેઃ પૂજાદ્ભુતં તદ્રવૈઃ
સંગીતસ્તુતિમંગલૈઃ પ્રસરતાં મે સુપ્રભાતોત્સવ. ૧.

(વસંતતિલકા)

શ્રીમન્નતામરકિરીટમણિપ્રભાભિઃ
આલીઢપાદયુગ દુર્ધરકર્મદૂર,
શ્રીનાભિનંદન જિનાજિત શંભવાખ્ય
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૨.

છત્રત્રયં પ્રચલચામરવીજ્યમાન
દેવાભિનંદન મુને સુમતે જિનેન્દ્ર,
પદ્મપ્રભારુણમણિદ્યુતિભાસુરાંગ,
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૩.

અર્હન્ સુપાર્શ્વ કદલીદલવર્ણ ગાત્ર–
પ્રા લે ય તા રગિરિ મૌક્તિકવર્ણગૌર,
ચંદ્રપ્રભ સ્ફટિક પાંડુર પુષ્પદંત
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૪.

સંતપ્તકાંચનરુચે જિનશીતલાખ્ય
શ્રેયાન્વિનષ્ટ દુરિતાષ્ટ કલંકપંક,
બંધૂક બંધુરરુચે જિનવાસુપૂજ્ય
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૫.

ઉદ્દંડદર્પકરિપો વિમલામલાંગ
સ્થેમન્નનંતજિદનંત સુખાંબુરાશે,
દુષ્કર્મકલ્મષવિવર્જિત ધર્મનાથ
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૬.

અમરી નામના ફૂલ જેવો જેમના શરીરનો (સુવર્ણ) રંગ છે એવા હે શાંતિનાથ ભગવાન! દયાગુણરૂપી આભૂષણથી ભૂષિત જેમનું અંગ છે એવા હે કુંથુનાથ ભગવાન! દેવાધિદેવ તથા તીર્થના અધિપતિ એવા હે અરનાથ જિનેન્દ્ર! આપના ધ્યાનથી મને સદાય સુપ્રભાત હો. ૭

મોહમલ્લનો નાશ કરનારા હે મલ્લિનાથ ભગવાન! કલ્યાણકારી અને સત્ય જેમનું શાસન છે એવા હે મુનિસુવ્રતનાથ ભગવાન! ઉત્તમ પરમ વૈરાગ્ય સંપત્તિથી પ્રશાંત અવસ્થાને પામેલા એવા હે નમિનાથ ભગવાન! આપના ધ્યાનથી મને સદાય સુપ્રભાત હો. ૮

તમાલવૃક્ષના સમુદાય સમાન કાંતિને ધારણ કરનારા હે નેમિનાથ ભગવાન! ભયંકર ઉપસર્ગને સહન કરવાવાળા હે પાર્શ્વનાથ ભગવાન! સ્યાદ્વાદસૂક્તિરૂપી મણિને માટે દર્પણ સમાન એવા હે વર્દ્ધમાન ભગવાન! આપના ધ્યાનથી મને સદાય સુપ્રભાત હો. ૯.

જેમના શરીરની કાંતિ સફેદ, નીલ, લીલી, લાલ અને પીળી છે, જેઓ અવિનાશી સુખના સ્થાન છે અને મુનીશ્વરો જેમનું ધ્યાન કરે છે એવા (૧૭૦) એકસો સિત્તેર હે જિનવલ્લભ શ્રી સીમંધરાદિક તીર્થંકર ભગવંતો ! આપના ધ્યાનથી મને સદાય સુપ્રભાત હો. ૧૦.

ચોવીસ તીર્થંકરોનું સુપ્રભાત હંમેશા–દિનેદિને (બધા જીવોને માટે) સુપ્રભાતરૂપ, ઉત્તમ નક્ષત્રરૂપ તથા મંગળરૂપ માનવામાં આવ્યું છે. ૧૧.

દેવતા (અરિહંતદેવ વગેરે) ઋષિઓ અને સિદ્ધભગવંતો તે પણ હંમેશા સુપ્રભાતરૂપ છે તથા તે સુપ્રભાત ઉત્તમ નક્ષત્રરૂપ અને શ્રેય પ્રત્યે અભિનંદિત (શ્રેયકારી) માનવામાં આવ્યું છે. ૧૨.

ભવ્યજીવોને સુખ દેનારું તીર્થ જેમણે ચલાવ્યું છે એવા મહાત્મા આદિનાથ ભગવાન સુપ્રભાતરૂપ છે. ૧૩

જેમના જ્ઞાનચક્ષુઓ પૂરેપૂરા ઊઘડી ગયા છે એવા જિનેન્દ્ર ભગવંતોનું સુપ્રભાત, અજ્ઞાન અંધકારથી અંધ થયેલા જીવોના અજ્ઞાનઅંધકારને ટાળવા માટે સદાય સૂર્યસમાન હો. અર્થાત્ કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત જેમને ખીલી ગયું છે એવા શ્રી જિનેન્દ્ર–રવિનાં ઉપદેશરૂપી કિરણો ભવ્યજીવોના અજ્ઞાનઅંધકારને દૂર કરીને સુપ્રભાત પ્રગટાવે છે. બહારના સૂર્યમાં એવું સામર્થ્ય નથી. ૧૪.



દેવામરીકુસુમસન્નિભ શાંતિનાથ–
કુંથો દયાગુણ વિભૂષણભૂષિતાંગ,
દેવાધિદેવ ભગવન્નરતીર્થનાથ,
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૭.

યન્મોહમલ્લમદભંજન મલ્લિનાથ–
ક્ષેમંકરાવિતથ શાસન સુવ્રતાખ્ય,
યત્સંપદા પ્રશમિતો નમિનામધેય,
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૮.

તાપિચ્છગુચ્છરુચિરોજ્જ્વલ નેમિનાથ-
ઘોરોપસર્ગવિજયિન્ જિનપાર્શ્વનાથ,
સ્યાદ્વાદસૂક્તિમણિદર્પણ વર્દ્ધમાન,
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૯.

પ્રાલેયનીલહરિતારુણપીતભાસં
યન્મૂર્તિમવ્યય સુખાવસથં મુનીંદ્રાઃ
ધ્યાયંતિ સપ્તતિશતં જિનવલ્લભાનાં
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૧૦.

(અનુષ્ટુપ)

સુપ્રભાતં સુનક્ષત્રં માંગલ્યં પરિકીર્તિતં,
ચતુર્વિંશતિ તીર્થાનાં સુપ્રભાતં દિને દિને. ૧૧.

સુપ્રભાતં સુનક્ષત્રં શ્રેયઃ પ્રત્યભિનંદિતં,
દેવતા ઋષયઃ સિદ્ધાઃ સુપ્રભાતં દિને દિને. ૧૨.

સુપ્રભાતં તવૈકસ્ય વૃષભસ્ય મહાત્મનઃ,
યેન પ્રવર્તિતં તીર્થં ભવ્યસત્ત્વ સુખાવહં. ૧૩.

સુપ્રભાતં જિનેન્દ્રાણાં જ્ઞાનોન્મીલિતચક્ષુષાં,
અજ્ઞાનતિમિરાંધાનાં નિત્યમસ્તમિતોરવિઃ ૧૪.

શુક્લધ્યાનરૂપી ઉગ્ર અગ્નિ વડે જેમણે કર્મ અટવીને ભસ્મ કરી નાખી એવા કમલલોચન વીરજિનેન્દ્રનું સુપ્રભાત સર્વે જીવોને સુપ્રભાતરૂપ હો. ૧૫.

ત્રણલોકનું હિત કરનારું શ્રી જિનેન્દ્રદેવનું શાસન જ સુપ્રભાતરૂપ, સુનક્ષત્રરૂપ, પરમકલ્યાણરૂપ અને ઉત્તમ મંગળરૂપ છે. ૧૬.

## (૪) મહાવીરાષ્ટક સ્તોત્ર

જેવી રીતે દર્પણની સન્મુખ રહેલાં પદાર્થો દર્પણમાં ઝળકે છે, તેવી જ રીતે જેમના કેવળજ્ઞાનમાં સમસ્ત જીવ-અજીવ અનંત પદાર્થો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત યુગપત્ પ્રતિભાસે છે તથા જેવી રીતે સૂર્ય જગતને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાવાળા જે જગતના જ્ઞાતા-દૃષ્ટા છે, તે ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૧.

જેના પલકાર અને લાલિમા રહિત બેઉ નેત્રકમળ, મનુષ્યોને બાહ્ય અને અભ્યંતર ક્રોધાદિ વિકારોનો અભાવ દર્શાવી રહ્યાં છે અને જેમની મુદ્રા સ્પષ્ટપણે પૂર્ણ શાંત અને અત્યંત નિર્મળ છે, તે ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૨.

નમ્રીભૂત ઈન્દ્રોના સમૂહના મુગુટોના મણિઓની પ્રભા વડે પ્રકાશિત ચરણકમળો સ્મરણ કરવા માત્રથી જ, સંસારી જીવોની દુઃખ-જ્વાળાઓનું, જળની જેમ, શમન કરી દે છે, તે ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૩.

જ્યારે પૂજા કરવાના ભાવમાત્રથી પ્રસન્નચિત્ત એવા દેડકાએ ક્ષણવારમાં ગુણોના સમૂહથી સમૃદ્ધ સુખના ભંડાર સમી સ્વર્ગ-સંપદા પ્રાપ્ત કરી લીધી, તો પછી તેમના સદ્ભક્તો મુક્તિ-સુખને પ્રાપ્ત કરી લે તો તેમાં શું આશ્ચર્ય છે? તે ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૪.



સુપ્રભાતં જિનેંદ્રસ્ય વીરઃ કમલલોચનઃ,
યેન કર્માટવી દગ્ધા શુક્લધ્યાનોગ્રવહ્નિના. ૧૫.

સુપ્રભાતં સુનક્ષત્રં સુકલ્યાણં સુમંગલં,
ત્રૈલોક્યહિતકર્તૃણાં જિનાનામેવ શાસનં. ૧૬.

ઇતિ સુપ્રભાત સ્તોત્ર.

❀

## (૪) મહાવીરાષ્ટક સ્તોત્ર

(કવિવર ભાગચન્દજી કૃત)

(શિખરિણી)

જિન્હોંકી પ્રજ્ઞામેં, મુકુરસમ ચૈતન્ય જડ ભી,
સ્થિતિધ્રૌવ્યોત્પત્તી યુત ઝલકતે સાથ સબ હી;
જગત સાક્ષી માર્ગ પ્રગટ કરતા સૂર્યસમ જો,
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૧.

જિન્હોંકે દો ચક્ષુ પલક અરુ લાલી રહિત હો,
જનોંકો દર્શાતે, હૃદયગત ક્રોધાતિલય કો;
જિન્હોંકી શાન્તાત્મા અતિવિમલમૂર્તિ સ્ફુટ મહા,
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૨.

નમંતે ઈન્દ્રોંકે, મુકુટમણિકી કાંતિ ધરતા,
જિન્હોંકે ચરણોંકા યુગ, લલિત સંતપ્ત જનકો;
ભવાગ્નિકા હર્તા, સ્મરણ કરતે હી સુજલ હૈ,
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૩.

જિન્હોંકી પૂજાસે, મુદિત મન હો મેંઢક જભૈ,
હુઆ સ્વર્ગી, તાહી સમય ગુણધારી અતિસુખી;
લહૈં જો મુક્તિકે સુખ ભુગતતા વિસ્મય કહા?
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૪.

જે અંતરંગ દૃષ્ટિથી જ્ઞાનશરીરી (કેવળજ્ઞાનનો પુંજ) છે અને બહિરંગ દૃષ્ટિથી તપ્તાયમાન સુવર્ણ સમાન તેજોમય શરીરયુક્ત હોવા છતાં શરીરથી રહિત છે; અનેક જ્ઞેય તેમના જ્ઞાનમાં ઝળકે છે—તેથી વિચિત્ર (અનેકરૂપ) હોવા છતાં પણ એક (અખંડ) છે; મહારાજા સિદ્ધાર્થના પુત્ર હોવા છતાં પણ અજન્મા છે; અને કેવળજ્ઞાન તથા સમવસરણાદિ લક્ષ્મીથી સંપન્ન હોવા છતાં પણ સંસારના રાગથી રહિત છે. આ પ્રકારનાં આશ્ચર્યોના નિધાન એવા તે ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૫.

જેમની વાણીરૂપી ગંગા વિવિધ પ્રકારના કલ્લોલોને લીધે નિર્મળ અને અગાધ જ્ઞાનરૂપી જળથી લોકોને તરબોળ કરાવતી રહે છે, તથા આ સમયે પણ વિદ્વજ્જનરૂપી હંસો વડે પરિચિત છે, તે ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૬.

હે ત્રિલોક વિજયી! આપે કામરૂપી સુભટ કે જેનો વેગ રોકી શકાય તેવો નથી, તેને આત્મબળ વડે કુમાર અવસ્થામાં જીતી લીધો અને તેના ફળસ્વરૂપે આપને અનંતશક્તિનું સામ્રાજ્ય અને શાશ્વત સુખ પ્રગટ થયું છે, તે ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૭.

જેઓ મહા મોહરૂપી રોગને શાંત કરવા માટે સહજ વૈદ્ય છે, જેઓ જીવમાત્રના નિઃસ્વાર્થ બંધુ છે, જેમની મહિમાથી આખુંય વિશ્વ પરિચિત છે, જેઓ મહામંગળના કરવાવાળા છે, તથા જેઓ ભવ્યોને શરણરૂપ છે; તે ઉત્તમ ગુણોના ધરનારા ભગવાન મહાવીરસ્વામી! મને (અમને) દર્શન આપો. ૮.



તપે સ્વર્ણ જ્યોં ભી, રહિત વપુસે, જ્ઞાનગૃહ હૈ,
અકેલે નાના ભી, નૃપતિવર સિદ્ધાર્થ સુત હૈ;
અજન્મા ભી શ્રીમાન્ ભવરત નહીં અદ્ભૂતગતી,
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૫.

જિન્હોંકી વાગ્ગંગા, અમલ નય કલ્લોલ ધરતી,
ન્હવાતી લોગોંકો, સુવિમલ મહા જ્ઞાન જલસે;
અભી ભી સેતે હૈં, બુધજન મહા હંસ જિસકો,
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૬.

ત્રિલોકીકા જેતા મદનભટ જો દુર્જય મહા,
યુવાવસ્થામેં ભી વહ દલિત કીના સ્વબલસે;
પ્રકાશી મુક્તિકે, અતિ સુ સુખદાતા જિનવિભૂ,
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૭.

મહામોહ વ્યાધી, હરણ કરતા વૈદ્ય સહજ,
વિના ઈચ્છા બંધૂ, પ્રથિત જગકલ્યાણ કરતા;
સહારા ભવ્યોં કો સકલ જગમેં ઉત્તમ ગુણી,
મહાવીરસ્વામી દરશ હમકો દેં પ્રગટ વે. ૮.



## (૫) દર્શન સ્તોત્ર

દેવાધિદેવના દર્શન, પાપનો નાશ કરનાર, સ્વર્ગમાં જવામાં નિસરણી સમાન તથા મોક્ષનું સાધન છે. ૧.

શ્રી જિનેન્દ્રદેવનાં દર્શન કરવાથી અને સાધુઓને વંદન કરવાથી પાપ બહુ દિવસો સુધી ટકી રહેતું નથી; જેમ કે છિદ્રવાળા હાથમાં પાણી રહેતું નથી (ધીરે ધીરે ટપકી જાય છે, તેવી રીતે પાપ ધીરે ધીરે દૂર થઈ જાય છે). ૨.

શ્રી વીતરાગના પદ્મરાગ મણિ સમાન શોભનિક મુખ વદનના દર્શનથી અનેક જન્મોમાં કરેલાં પાપો નાશ થઈ જાય છે. ૩.

જિનેન્દ્રરૂપ સૂર્યના દર્શન કરવાથી જગતનો અંધકાર નાશ થઈ જાય છે અને સર્વ પદાર્થોનો પ્રકાશ કરનાર જ્ઞાનરૂપી ચિત્તકમળ ખીલી ઉઠે છે. ૪

સદ્‌ધર્મામૃત વરસાવનાર જિનચંદ્રના દર્શન કરવાથી જન્મનો દાહ નાશ પામે છે અને સુખરૂપી સમુદ્રની વૃદ્ધિ થાય છે. ૫.

જે જીવાદિ સાત તત્ત્વોને બતાવવાવાળા, સમ્યક્ત્વ આદિ આઠ ગુણોના આશ્રયભૂત, શાંતરૂપ તથા દિગમ્બરરૂપ છે એવા શ્રી દેવાધિદેવ જિનેન્દ્રદેવને નમસ્કાર હો. ૬.

જે એક જ્ઞાનાનંદરૂપ માત્ર છે, આઠ કર્મોને જીતવાવાળા, પરમાત્મસ્વરૂપ તથા પરમતત્ત્વ પરમાત્માનો પ્રકાશ કરવાવાળા છે, તે શ્રી સિદ્ધાત્માને સદા નમસ્કાર હો. ૭.

હે જિનેશ્વર! આપ જ મને શરણરૂપ છો અને બીજું કોઈ શરણ નથી, કૃપાપૂર્વક મારું (સંસારના પતનથી) રક્ષણ કરો, રક્ષણ કરો. ૮.

ત્રણ લોકમાં અમારું કોઈ જ રક્ષક નથી અને જો કોઈ (રક્ષક) હોય તો તે વીતરાગદેવ આપ જ છો, કારણ કે આપ સમાન કોઈ દેવ થયો નથી અને થશે પણ નહીં. ૯.

હું ઈચ્છું છું કે જિનેન્દ્ર ભગવાનમાં મારી ભક્તિ દિન-પ્રતિદિન અને ભવોભવમાં સદા વર્તી રહે. ૧૦.



## (૫) દર્શન સ્તોત્ર

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૧.

દર્શનેન જિનેન્દ્રાણાં, સાધૂનાં વન્દનેન ચ;
ન ચિરં તિષ્ઠતે પાપં, છિદ્રહસ્તે યથોદકમ્. ૨.

વીતરાગમુખં દૃષ્ટ્વા પદ્મરાગસમપ્રભમ્;
જન્મ-જન્મકૃતં પાપં, દર્શનેન વિનશ્યતિ. ૩.

દર્શનં જિનસૂર્યસ્ય, સંસારધ્વાન્તનાશનમ્;
બોધનં ચિત્તપદ્મસ્ય, સમસ્તાર્થ પ્રકાશનમ્. ૪.

દર્શનં જિનચંદ્રસ્ય, સદ્ધર્મામૃતવર્ષણમ્;
જન્મદાહવિનાશાય, વર્ધનં સુખવારિધેઃ. ૫.

જીવાદિતત્ત્વ પ્રતિપાદકાય, સમ્યક્ત્વમુખ્યાષ્ટગુણાર્ણવાય;
પ્રશાન્તરૂપાય દિગમ્બરાય, દેવાધિદેવાય નમો જિનાય. ૬.

ચિદાનંદૈકરૂપાય, જિનાય પરમાત્મને;
પરમાત્મપ્રકાશાય, નિત્યં સિદ્ધાત્મને નમઃ. ૭.

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ;
તસ્માત્કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર. ૮.

નહિ ત્રાતા નહિ ત્રાતા, નહિ ત્રાતા જગત્ત્રયે;
વીતરાગાત્પરો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ. ૯.

જિનેભક્તિ ર્જિનેભક્તિ; ર્જિનેભક્તિ દિને ર્દિને;
સદામેડસ્તુ સદામેડસ્તુ, સદામેડસ્તુ ભવે ભવે. ૧૦.

જિનધર્મ રહિત ચક્રવર્તી પણ શોભતા નથી, જ્યારે જિનધર્મનો ધારક દાસ અને દરિદ્ર હોય તો પણ શોભે છે. ૧૧.

શ્રી જિનેન્દ્રનાં દર્શનથી કરોડો જન્મોનાં પાપો તથા જન્મ, જરા અને મૃત્યુરૂપી તીવ્ર રોગ ચોક્કસ નાશ પામે છે. ૧૨.

હે દેવાધિદેવ! આપનાં કલ્યાણકારી ચરણકમળોનાં દર્શનથી મારા બંને નયન આજે સફળ થયા છે. હે ત્રણ લોકના શ્રૃંગારભૂત તેજસ્વી લોકોત્તર પુરુષ! આપના પ્રતાપથી હું સહજ સંસારસમુદ્રથી અતિ અલ્પકાળમાં પાર થઈ જઈશ. ૧૩.

## (૬) દર્શન સ્તુતિ

જિનેન્દ્રદેવની સ્તુતિ કરતાં પં. દૌલતરામજી કહે છે કે, હે જિનેન્દ્રદેવ! આપ સમસ્ત જ્ઞેયોના (લોકાલોકના) જ્ઞાતા હોવા છતાં પણ નિજ આનંદમાં લીન રહો છો. આપ સદા મોહ–રાગ–દ્વેષ અજ્ઞાન આદિ વિકારોથી રહિત છો. હે પ્રભુ! આપનો જય હો. ૧.

આપ મોહરૂપી અંધકારનો નાશ કરનાર વીતરાગી સૂર્ય છો; અનંત જ્ઞાન ધારણ કરનાર છો તેથી પૂર્ણજ્ઞાની (સર્વજ્ઞ) છો તથા અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યથી પણ સુશોભિત છો, હે પ્રભુ! આપનો જય હો. ૨.

આપની પરમ શાંત મુદ્રા ભવ્યજીવોને આત્માનુભૂતિ પ્રાપ્ત કરવાના કારણભૂત છે. ભવ્યજીવોના ભાગ્યથી અને આપના વચનયોગથી આપની દિવ્યધ્વનિ થાય છે, તેનું શ્રવણ કરીને ભવ્યજીવોનો ભ્રમ નાશ પામી જાય છે. હે પ્રભુ! આપનો જય હો! ૩

આપના ગુણોનું ચિન્તવન કરવાથી સ્વ અને પરનું ભેદવિજ્ઞાન થઈ જાય છે અને મિથ્યાત્વદશામાં થનારી અનેક આપત્તિઓ (વિકારો) નાશ પામી જાય છે. આપ સમસ્ત દોષોથી રહિત છો, સર્વ વિકલ્પોથી મુક્ત છો, સર્વ પ્રકારનો મહિમા ધારણ કરનાર જગતના ભૂષણ (જગતને સુશોભિત કરનાર) છો. ૪.



જિનધર્મવિનિર્મુક્તો, મા ભવેચ્ચક્રવર્ત્યપિ;
સ્યાચ્ચેટોઽપિ દરિદ્રોઽપિ, જિનધર્માનુવાસિતઃ. ૧૧.

જન્મજન્મકૃતં પાપં, જન્મકોટિમુપાર્જિતમ્;
જન્મ-મૃત્યુ-જરા રોગં, હન્યતે જિનદર્શનાત્. ૧૨.

અદ્યાભવત્સફલતા નયનદ્વયસ્ય,
દેવત્વદીય ચરણાંબુજ વીક્ષણેન;
અદ્ય ત્રિલોકતિલક પ્રતિભાસતે મે
સંસારવારિધિરયં ચુલકપ્રમાણમ્. ૧૩.

## (૬) દર્શન સ્તુતિ

(પં. દૌલતરામજી કૃત)

(દોહા)

સકલ જ્ઞેય જ્ઞાયક તદપિ, નિજાનંદ રસ લીન;
સો જિનેન્દ્ર જયવંત નિત, અરિ રજ રહસ વિહીન. ૧

(પદ્ધરી છંદ)

જય વીતરાગ—વિજ્ઞાનપૂર, જય મોહતિમિરકો હરન સૂર;
જય જ્ઞાન અનંતાનંત ધાર, દગ-સુખ-વીરજમંડિત અપાર. ૨.

જય પરમ શાંત મુદ્રા સમેત, ભવિજનકો નિજ અનુભૂતિ હેત;
ભવિ ભાગન વચજોગે વશાય, તુમ ધુનિ વ્હૈ સુનિ વિભ્રમ નશાય. ૩.

તુમ ગુણ ચિંતત નિજપર વિવેક, પ્રકટૈ વિઘટૈ આપદ અનેક;
તુમ જગભૂષણ દૂષણવિમુક્ત, સબ મહિમાયુક્ત વિકલ્પમુક્ત. ૪.

હે પરમાત્મા, આપ સમસ્ત ઉપમાઓથી રહિત, પરમ પવિત્ર શુદ્ધ ચેતનમય છો. આપનામાં કોઈપણ પ્રકારનો વિરોધભાવ નથી. આપે શુભ અને અશુભ બન્ને પ્રકારના વિકારી ભાવોનો અભાવ કર્યો છે અને સ્વાભાવિક પરિણતિથી સહિત થઈ ગયા છો તેથી કદી પણ ક્ષીણ દશાને પામવાના નથી. ૫.

આપ અઢાર દોષોથી રહિત છો અને અનંતચતુષ્ટયયુક્ત બિરાજમાન છો. કેવળજ્ઞાનાદિ નવ પ્રકારના ક્ષાયિકભાવ ધારણ કરનાર હોવાથી મહાન મુનિ અને ગણધર દેવાદિ આપની સેવા કરે છે. ૬

આપના બતાવેલા માર્ગે ચાલીને અનંત જીવ મુક્ત થઈ ગયા છે, થઈ રહ્યા છે અને હંમેશા થતા રહેશે. આ સંસારરૂપી સમુદ્રમાં દુઃખરૂપી અગાધ ખારું પાણી ભરેલું છે; આપના સિવાય બીજું કોઈપણ એનાથી પાર ઉતારી શકે તેમ નથી. ૭.

આ ભયંકર દુઃખરૂપી રોગ દૂર કરવામાં નિમિત્તકારણ આપ જ છો; એમ જાણીને હું આપના શરણે આવ્યો છું અને હું અનંતકાળથી દુઃખ પામ્યો છું, તે આપને જણાવી રહ્યો છું. ૮

હું મારા જ્ઞાનસ્વભાવી આત્માને ભૂલીને પોતાની જાતે જ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છું અને કર્મોના ફળ, પુણ્ય–પાપને ભોગવી રહ્યો છું. પોતાને પરનો કર્તા માની લીધો છે અને પરને મારો કર્તા માની લીધો છે. પરપદાર્થોમાંથી કેટલાકને ઇષ્ટ માની લીધા છે અને કેટલાકને અનિષ્ટ માની લીધા છે. પરિણામે અજ્ઞાન ધારણ કરીને હું પોતે જ આકુળિત થયો છું–જેવી રીતે હરણ મૃગતૃષ્ણાને વશ થઈને મૃગજળને પાણી સમજીને પોતાના અજ્ઞાનથી જ દુઃખી થાય છે. મેં શરીરની દશાને જ મારી દશા માનીને જે સારરૂપ છે એવા નિજ પદ (આત્મસ્વભાવ)નો અનુભવ કદી કર્યો નથી. ૯–૧૦.

હે જિનેશ! આપને ઓળખ્યા વિના હું જે દુઃખ પામ્યો છું તે આપ જાણો જ છો. તિર્યંચ ગતિ, નરક ગતિ, મનુષ્ય ગતિ અને દેવ ગતિમાં ઉત્પન્ન થઈને મેં અનંતવાર મરણ કર્યું છે. ૧૧.

હવે કાળલબ્ધિ પાકતાં આપનાં દર્શન પ્રાપ્ત થયાં છે, તેથી મને ઘણી જ પ્રસન્નતા છે. મારા વિકલ્પો સમાપ્ત થઈ ગયા છે અને મારું મન શાંત થઈ ગયું છે. મેં દુઃખોનો નાશ કરનાર આત્માના અનુભવરૂપી રસ ચાખી લીધો છે. ૧૨.



અવિરુદ્ધ શુદ્ધ ચેતનસ્વરૂપ, પરમાત્મ પરમ પાવન અનૂપ;
શુભ-અશુભ વિભાવ અભાવ કીન, સ્વાભાવિકપરિણતિમય અછીન. ૫.

અષ્ટાદશદોષવિમુક્ત ધીર, સ્વચતુષ્ટયમય રાજત ગંભીર;
મુનિગણધરાદિ સેવત મહંત, નવ કેવલલબ્ધિરમા ધરંત. ૬.

તુમ શાસન સેય અમેય જીવ, શિવ ગયે જાહિં જૈહૈં સદીવ;
ભવસાગરમેં દુઃખ છાર વારિ, તારનકો ઔર ન આપ ટારિ. ૭.

યહ લખિ નિજદુખગદ હરણ કાજ, તુમ હી નિમિત્તકારણ ઈલાજ;
જાને તાતૈં મૈં શરણ આય, ઉચરોં નિજ દુખ જો ચિર લહાય. ૮.

મૈં ભ્રમ્યો અપનપો વિસરિ આપ, અપનાયે વિધિ ફલ પુણ્ય-પાપ;
નિજકો પરકો કરતા પિછાન, પરમેં અનિષ્ટતા ઈષ્ટ ઠાન. ૯.

આકુલિત ભયો અજ્ઞાન ધારિ, જ્યોં મૃગ મૃગતૃષ્ણા જાનિ વારિ;
તન પરિણતિમેં આપો ચિતાર, કબહૂઁ ન અનુભવો સ્વપદસાર. ૧૦.

તુમકો બિન જાને જો ક્લેશ, પાયે સો તુમ જાનત જિનેશ;
પશુ નારક નર સુરગતિ મંઝાર, ભવ ધર-ધર મર્યો અનંતબાર. ૧૧.

અબ કાલલબ્ધિ બલતૈં દયાલ, તુમ દર્શન પાય ભયો ખુશાલ;
મન શાંત ભયો મિટિ સકલ દ્વંદ, ચાખ્યો સ્વાતમરસ દુખ નિકંદ. ૧૨.

તેથી હે નાથ! હવે એવું કરો કે જેથી આપનાં ચરણોનો વિયોગ ન થાય. તાત્પર્ય એ છે કે જે માર્ગ (આચરણ) દ્વારા આપ પૂર્ણ સુખી થયા છો, હું પણ તે જ પ્રાપ્ત કરું. હે દેવ! આપના ગુણોનો કોઈ અંત નથી અને સંસારથી પાર ઉતરવા તો આપ જ શક્તિમાન છો. ૧૩.

આત્માનું અહિત કરનાર પાંચ ઇન્દ્રિયના વિષયોમાં લીનતા અને કષાય છે. હે પ્રભુ! હું ઇચ્છું છું કે તેના તરફ મારું વલણ ન જાય. હું તો મારામાં જ લીન રહું, જેથી હું પૂર્ણ સ્વાધીન બની જાઉં. ૧૪.

મારા હૃદયમાં બીજી કોઈ ઇચ્છા નથી, બસ એક રત્નત્રયરૂપ નિધિ જ પ્રાપ્ત કરવા ઇચ્છું છું. મારા હિતરૂપી કાર્યનું નિમિત્તકારણ આપ જ છો. મારો મોહ–તાપ નષ્ટ થઈને મારું કલ્યાણ થાય એ જ ભાવના છે. ૧૫.

જેવી રીતે ચંદ્ર પોતે જ ગરમી દૂર કરીને શીતળતા આપે છે, તેવી જ રીતે આપની સ્તુતિ કરવાથી સ્વયમેવ આનંદ પ્રાપ્ત થાય છે. જેમ અમૃત પીવાથી રોગ ચાલ્યો જાય છે તેવી જ રીતે આપનો અનુભવ કરવાથી (જાણતાં) સંસારરૂપી રોગ ચાલ્યો જાય છે. ૧૬.

ત્રણ લોકમાં અને ત્રણ કાળમાં આપના સમાન સુખદાયક (સન્માર્ગ–દર્શક) બીજું કોઈ નથી. મને આજે એવો નિશ્ચય થઈ ગયો છે કે આપ જ દુ:ખરૂપી સમુદ્રથી પાર ઉતારનાર જહાજ છો. ૧૭.

આપના ગુણ–મણિઓને ગણવામાં ગણધરદેવ પણ સમર્થ નથી તો પછી હું (દૌલતરામ) અલ્પબુદ્ધિવાળો તેનું વર્ણન કેવી રીતે કરી શકું? તેથી હું આપને મન, વચન અને કાયાની સાવચેતીપૂર્વક વારંવાર નમસ્કાર કરું છું. ૧૮.



તાતૈં અબ ઐસી કરહુ નાથ, બિછુરૈ ન કભી તુવ ચરણ સાથ;
તુમ ગુણગણકો નહિં છેવ દેવ, જગ તારનકો તુવ વિરદ એવ. ૧૩.

આતમકે અહિત વિષય–કષાય, ઈનમેં મેરી પરિણતિ ન જાય;
મૈં રહૂં આપમેં આપ લીન, સો કરો હોઉં જ્યોં નિજાધીન. ૧૪.

મેરે ન ચાહ કછુ ઔર ઈશ, રત્નત્રયનિધિ દીજે મુનીશ;
મુજ કારજકે કારન સુ આપ, શિવ કરહુ હરહુ મમ મોહતાપ. ૧૫.

શશિ શાંતિકરન તપહરન હેત, સ્વયમેવ તથા તુમ કુશલ દેત;
પીવત પીયૂષ જ્યોં રોગ જાય, ત્યોં તુમ અનુભવતૈં ભવ નશાય. ૧૬.

ત્રિભુવન તિહુંકાલ મંઝાર કોય, નહિ તુમ બિન નિજ સુખદાય હોય;
મો ઉર યહ નિશ્ચય ભયો આજ, દુખ જલધિ ઉતારન તુમ જહાજ. ૧૭.

(દોહા)

તુમ ગુણગણમણિ ગણપતિ, ગણત ન પાવહિં પાર;
'દૌલ' સ્વલ્પમતિ કિમ કહૈ, નમૂં ત્રિયોગ સંભાર. ૧૮.



## (૭) દેવ–સ્તુતિ (પં. કવિ બુધજનજી)

હે પ્રભુ! હું અપવિત્ર છું અને આપ પતિત (પાપી)ને પવિત્ર કરનારા છો. આવો આપનો યશ (બિરૂદ) જાણીને હું આપના ચરણ શરણમાં આવ્યો છું. તો હે સ્વામી! મારા જન્મમરણનો નાશ કરો. ૧.

મેં આપને ઓળખ્યા નહિ અને હું વિવિધપ્રકારના દેવોને માનતો રહ્યો. આવી (વિપરીત) બુદ્ધિથી મેં પોતાને ન જાણ્યો અને આવી ભ્રમણાને હિતરૂપ માનતો રહ્યો. ૨.

(તેથી) આ સંસારરૂપી વિકટ (ભયાનક) વનમાં કર્મરૂપી શત્રુઓએ મારું જ્ઞાનરૂપી ધન લૂંટી લીધું અને તેથી હિતકારી એવાં (આત્મસ્વરૂપ)ને ભૂલી, ભ્રષ્ટ થયો થકો હું દુ:ખદાયી ગતિઓમાં ભ્રમણ કરી રહ્યો છું. ૩.

આજની આ ઘડી ધન્ય છે, આજનો દિવસ ધન્ય છે, મારો જન્મ પણ આજે ધન્ય બન્યો છે અને મારા ભાગ્યનો હવે ઉદય થયો છે (કારણ કે) મને આપના દર્શન પ્રાપ્ત થયા છે. ૪.

અષ્ટ પ્રાતિહાર્ય અને અનંતગુણ સહિત, નાસાગ્રદૃષ્ટિ અને વીતરાગી, નગ્નમુદ્રાયુક્ત આપની છબી (મૂર્તિ) કરોડ સૂર્યના તેજને પણ ઝાંખી પાડે છે. ૫.

આપના દર્શનથી મારો મિથ્યાત્વરૂપી અંધકાર નષ્ટ થયો છે અને આત્મજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થયો છે. મારા હૃદયમાં એવો હર્ષ ઉત્પન્ન થયો છે કે જેમ કોઈ રંકને ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થાય. ૬.

હે સર્વોત્કૃષ્ટ ત્રણલોકના નાથ, જિનેન્દ્રદેવ ! આપ ભવસમુદ્રને પાર પહોંચેલા છો અને બીજાને પાર પહોંચાડનારા છો (તેથી) હું આપને હાથ જોડી, મસ્તક નમાવીને વિનંતી કરું છું તે સાંભળો. ૭.

હું (કવિશ્રી બુધજન) કે જેને સ્વર્ગ, ચક્રવર્તીપદ કે પરિવારજનોના સાથની ઇચ્છા નથી પણ એક જ યાચના કરું છું કે હે મુક્તિના સ્વામી મને ભવોભવ આપની ભક્તિ જ પ્રાપ્ત હો! ૮.



## (૭) દેવ–સ્તુતિ

(પં. બુધજન કૃત)

પ્રભુ પતિતપાવન, મૈં અપાવન, ચરણ આયો શરણજી;
યો વિરદ આપ નિહાર સ્વામી, મેટ જામન-મરણજી. ૧.

તુમ ના પિછાન્યો આન માન્યો, દેવ વિવિધ પ્રકારજી;
યા બુદ્ધિસેતી નિજ ન જાન્યો, ભ્રમ ગિન્યો હિતકારજી. ૨.

ભવ વિકટવનમેં કરમ વૈરી, જ્ઞાનધન મેરો હર્યો;
તબ ઈષ્ટ ભૂલ્યો ભ્રષ્ટ હોય, અનિષ્ટ ગતિ ધરતો ફિર્યો. ૩.

ધન ઘડી યો ધન દિવસ યો હી, ધન જનમ મેરો ભયો;
અબ ભાગ મેરો ઉદય આયો, દરશ પ્રભુકો લખ લયો. ૪.

છવિ વીતરાગી નગન મુદ્રા, દૃષ્ટિ નાસા પૈ ધરૈં;
વસુ પ્રાતિહાર્ય અનન્ત ગુણજુત, કોટિ રવિ છવિકોં હરૈં. ૫.

મિટ ગયો તિમિર મિથ્યાત્વ મેરો, ઉદય રવિ આતમ ભયો;
મો ઉર હરષ ઐસો ભયો, મનુ રંક ચિંતામણિ લયો. ૬.

મૈં હાથ જોડ નવાય મસ્તક, વીનઉં તુવ ચરણજી;
સર્વોત્કૃષ્ટ ત્રિલોકપતિ જિન, સુનહુ તારણ-તરણજી. ૭.

જાચૂં નહીં સુરવાસ પુનિ, નર-રાજ પરિજન સાથજી;
'બુધ' જાચહું તુવ ભક્તિ ભવ-ભવ, દીજિયે શિવનાથજી. ૮.



## (૮) આરાધના પાઠ

મને નિરંતર અરિહંતદેવ અને સિદ્ધ પ્રભુનું સ્મરણ હો, એવું હું ચાહું છું. હું આચાર્ય, ઉપાધ્યાય અને મુનિરાજ સહિત સાધુપદને હૃદયમાં ધારણ કરું છું. જ્યાં રંચમાત્ર પણ હિંસા ન હોય એવો કરૂણામયી ધર્મ ચાહું છું તથા હું પ્રપંચ (દોષ)રહિત, વૈરાગ્યસહિત શાસ્ત્રજ્ઞાન ચાહું છું. ૧.

હું ચોવીસ જિનેશ્વરદેવને ચાહું છું, તે સિવાય અન્ય કોઈ દેવનું સ્થાન મારા હૃદયમાં ન હો. જેના વંદન કરવાથી પાપનો નાશ થાય છે, એવા વિદેહક્ષેત્રના વીસ તીર્થંકરોને હું ચાહું છું. જેના સ્મરણમાત્રથી ભ્રમ દૂર થાય છે એવા જિનેન્દ્ર ભગવાનના નિર્વાણધામ શ્રી સમેદશિખરજી, ગિરનાર –ગીરી, ચંપાપુરી, પાવાપુરી અને કૈલાસ એવા જિનધામને હું ચાહું છું. ૨.

(શ્રી જિનેન્દ્રદેવે પ્રરૂપેલા) નવતત્ત્વ સિવાય અન્ય કોઈ તત્ત્વનું શ્રદ્ધાન મને ન હો. જેને યથાર્થ ધારણ કરવાથી (સંસાર) ભય દૂર થાય એવા છ દ્રવ્યનું ગુણ–પર્યાય સહિત મને શ્રદ્ધાન હો એવું ચાહું છું. ઉત્કૃષ્ટ એવા જિનેન્દ્રદેવની જ પૂજા મને હો એ સિવાય અન્ય દેવોને હું કદાપિ ઇચ્છતો નથી. પાપોથી બચવા માટે મને ત્રણ કાળ આપના નામમંત્રનું સ્મરણ રહે. ૩.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભાવના સદા ભાવું છું. ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણી ધર્મની ભાવના ઘણા ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ચાહૂં છું. દુઃખોનું નિવારણ કરનાર એવી સોલહકારણ ભાવના હું પ્રીતિપૂર્વક ભાવું છું તથા મહામંગલકારી અષ્ટાહ્નિકા પર્વ હું હંમેશા વિધિપૂર્વક ઉજવવા ઇચ્છું છું. ૪.

હું ચારેય વેદ પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગોનો આદિ (શરૂ)થી અંત સુધી અભ્યાસ કરું એવું ચાહું છું. હું ધર્મના ચાર પાયા એવા મુનિરાજ, આર્યિકા, શ્રાવક અને શ્રાવિકાને અતિ હર્ષ અને ઉત્સાહપૂર્વક મારાં ચિત્તમાં ધારણ કરું છું. આ લોકમાં પુણ્યલાભના હેતુભૂત હું ચાર પ્રકારના દાન (આહારદાન, ઔષધદાન, અભયદાન, જ્ઞાનદાન)ને ઇચ્છું છું. ચાર આરાધના (જ્ઞાન આરાધના, દર્શન આરાધના, ચારિત્ર આરાધના, તપ આરાધના)ને હું ભવના અંત સુધી ગ્રહણ કરું એવું ચાહું છું. ૫.



## (૮) આરાધના પાઠ

(પં. દ્યાનતરાયજી કૃત)

મૈં દેવ નિત અરહંત ચાહૂઁ, સિદ્ધ કા સુમિરન કરૌં,
મૈં સૂર ગુરુ મુનિ તીન પદ યે, સાધુપદ હિરદય ધરૌં;
મૈં ધર્મ કરુણામયી ચાહૂઁ, જહાઁ હિંસા રંચ ના,
મૈં શાસ્ત્ર જ્ઞાન વિરાગ ચાહૂઁ, જાસુ મેં પરપંચ ના. ૧.

ચૌવીસ શ્રી જિનદેવ ચાહૂઁ, ઔર દેવ ન મન બસૈં,
જિન બીસ ક્ષેત્ર વિદેહ ચાહૂઁ, વંદિતૈં પાતક નસૈં;
ગિરનાર શિખર સંમેદ ચાહૂઁ, ચમ્પાપુર પાવાપુરી,
કૈલાશ શ્રી જિનધામ ચાહૂઁ, ભજત ભાજૈં ભ્રમ જુરી. ૨.

નવ તત્ત્વ કા સરધાન ચાહૂઁ, ઔર તત્ત્વ ન મન ધરૌં,
ષટ્ દ્રવ્ય ગુણ પરજાય ચાહૂઁ, ઠીક તાસોં ભય હરોં;
પૂજા પરમ જિનરાજ ચાહૂઁ, ઔર દેવ નહીં કદા,
તિહુઁકાલ કી મૈં જાપ ચાહૂઁ, પાપ નહિં લાગૈ કદા. ૩.


સમ્યક્ત્વ દર્શન જ્ઞાન ચારિત, સદા ચાહૂઁ ભાવ સો,
દશલક્ષણી મૈં ધર્મ ચાહૂઁ, મહા હર્ષ ઉછાવ સોં;
સોલહ જુ કારણ દુખ નિવારણ, સદા ચાહૂઁ પ્રીતિ સો,
મૈં નિત અઠાઈ પર્વ ચાહૂઁ, મહામંગલ રીતિ સોં. ૪.

મૈં વેદ ચારોં સદા ચાહૂઁ, આદિ અન્ત નિવાહ સોં,
પાયે ધરમ કે ચાર ચાહૂઁ, અધિક ચિત્ત ઉછાહ સોં;
મૈં દાન ચારોં સદા ચાહૂઁ, ભુવનવશિ લાહો લહૂઁ,
આરાધના મૈં ચાર ચાહૂઁ, અન્ત મેં યે હી ગહૂઁ. ૫.

પરિણામોની નિર્મળતાના હેતુભૂત (અનિત્યાદિ) બાર ભાવનાને સદા ભાવું. ત્યાગભાવનાની અનુમોદના અર્થે બાર વ્રત (અનશન, ઉણોદરી આદિ)ને ધારણ કરું. ધ્યાન આસનમાં શોભિત એવી દિગંબર પ્રતિમાને સદા ચાહું છું (વંદન કરું છું). આઠ કર્મોથી છૂટી, મોહરહિત એવી મોક્ષપ્રાપ્તિની ભાવના કરું છું. ૬.

હું સાધુજનોની સંગતિમાં રહેવા માગું છું તથા તેમની સેવા ઇચ્છું છું. હું પર્વમાં આરંભ–પરિગ્રહથી રહિત, ઉપવાસ કરવા ચાહું છું. આ દુ:ખદ પંચમકાળમાં મને શ્રાવકકુળ મળ્યું છે, પણ નિર્બળ શરીરને કારણે મહાવ્રત ધારણ કરવા અસમર્થ છું. ૭.

હે જિનરાજ મારી વિનંતી સાંભળો! હું ઉત્તમ આરાધના કરવા ઇચ્છું છું. આપ તો અનાથના કૃપાનાથ છો. આ સેવક (ધાનતરાયજી) પર ન્યાય કરી દયા કરો. મને આઠ કર્મોથી છોડાવી મારા જ્ઞાનપ્રકાશનો વિકાસ કરો, જેથી આપના ચરણોની ભક્તિ કરી મને સમાધિમરણ અને સારી ગતિ પ્રાપ્ત થાય. ૮.







ભાવના બારહ જુ ભાઊઁ, ભાવ નિરમલ હોત હૈં,
મૈં વ્રત જુ બારહ સદા ચાહૂઁ, ત્યાગ ભાવ ઉદ્યોત હૈં;
પ્રતિમા દિગમ્બર સદા ચાહૂઁ, ધ્યાન આસન સોહના,
વસુકર્મ તૈં મૈં છુટા ચાહૂઁ, શિવ લહૂઁ જહઁ મોહ ના. ૬.

મૈં સાધુજન કો સંગ ચાહૂઁ, પ્રીતિ તિનહી સોં કરૌં,
મૈં પર્વ કે ઉપવાસ ચાહૂઁ, ઔર આરંભ પરિહરૌં;
ઈસ દુખદ પંચમકાલ માહીં, કુલ શ્રાવક મૈં લહ્યો,
અરુ મહાવ્રત ધરિ સકૌં નાહીં, નિબલ તન મૈંને ગહ્યો. ૭.

આરાધના ઉત્તમ સદા ચાહૂઁ, સુનો જિનરાય જી,
તુમ કૃપાનાથ અનાથ 'ધાનત', દયા કરના ન્યાય જી;
વસુકર્મ નાશ વિકાસ જ્ઞાન, પ્રકાશ મુઝકો દીજિયે,
કરિ સુગતિ ગમન સમાધિમરન, સુભક્તિ ચરનન દીજિયે. ૮.



# (૯) શ્રીજિનેન્દ્ર અભિષેકપાઠ

દેવો જ્યારે આપને નમન કરે છે ત્યારે તેમના મસ્તક પર ધારણ કરેલ રત્નમુકુટની પ્રભાથી આપના ચરણકમળ સંપૂર્ણ શોભિત પ્રતિભાસે છે. શ્રેષ્ઠપદ દેવાવાળા એવા હે અરિહંત ભગવાન! આપને નમસ્કાર કરી આપની પ્રતિમાનો હું વિધિપૂર્વક અભિષેક કરીશ એવી પ્રતિજ્ઞા કરું છું.

હવે પ્રાતઃકાલિન દેવવંદના માટે પૂર્વે થઈ ગયેલ આચાર્ય પરંપરા દ્વારા કહેલ અનુક્રમ અનુસાર, સર્વેકર્મોના ક્ષયાર્થે, ભાવપૂજા, સ્તવન વંદના સહિત, પાંચ મહાગુરુઓની ભક્તિપૂર્વક હું કાયોત્સર્ગ કરું છું.

(પ્રાતઃકાલ પૂજન કરતી વખતે પૌર્વાહ્નિક, બપોરના સમયે માધ્યાહ્નિક અને સાંજના સમયે અપરાહ્ક બોલી નવવાર નમસ્કારમંત્ર બોલવો.) ૧.

જેમનો ઈન્દ્રો અને મુખ્યદેવો દ્વારા અભિષેક થાય છે એવી ભગવાનની જે કૃત્રિમ–અકૃત્રિમ પ્રતિમાઓ છે તેમના ચરણોમાં આજે હું સદ્‌ભાવપૂર્વક, શુભ ઉપયોગના કારણભૂત, નિર્મલબુદ્ધિથી પુષ્પાંજલિ અર્પું છું.

(આ રીતે અભિષેક પ્રતિજ્ઞા કરી પુષ્પ ચડાવવા) ૨.

પૂર્ણ ચંદ્ર સમાન ચંદનની શિલા પર સ્વચ્છ અક્ષતથી સ્થાપના અર્થે 'શ્રી' લખું છું. (સિંહાસન પર શ્રીકાર લખવો.) ૩

સુવર્ણાદિ સમાન મનોજ્ઞ, પવિત્ર, પુણ્યોત્પાદક શ્રેષ્ઠ પીઠને ભક્તિપૂર્વક જિનેન્દ્ર અભિષેક માટે સ્થાપન કરું છું.

(અભિષેક માટે સિંહાસનની સ્થાપના કરવી) ૪.

ઝારી, ચામર, દર્પણ, કુંભ, આતપ નિવારક ધ્વજાથી શોભિત



# (૯) શ્રીજિનેન્દ્ર અભિષેકપાઠ

(વસંતતિલકા)

શ્રીમન્નતામરશિરસ્તટરત્નદીપ્તિ–
તોયા વિભાસિચરણામ્બુજયુગ્મમીશં,
અર્હન્તમુન્નતપદપ્રદમાભિનમ્ય
ત્વન્મૂર્તિષૂદ્યદભિષેકવિધિં કરિષ્યે. ૧

ઈતિ અભિષેકપ્રતિજ્ઞાં કૃત્વા પુષ્પાંજલિં ક્ષિપેત્

અથ પૌર્વાહ્નિકમધ્યાહ્નિકાપરાહ્નિકદેવવંદનાયાં પૂર્વાચાર્યાનુક્રમેણ સકલકર્મક્ષયાર્થં ભાવપૂજાસ્તવવન્દનાસમેતં શ્રીપંચમહાગુરુભક્તિ કાયોત્સર્ગં કરોમ્યહમ્.

(૯ વાર ણમોકાર મન્ત્રનો જાપ કરવો.)

યાઃ કૃત્રિમાસ્તદિતરાઃ પ્રતિમા જિનસ્ય
સંસ્નાપયંતિ પુરહૂતમુખાદયસ્તાઃ;
સદ્‌ભાવલબ્ધિસમયાદિનિમિત્તયોગાઃ;
તત્રૈવમુજ્જ્વલધિયા કુસુમં ક્ષિપામિ. ૨

ઇતિ જિનપ્રતિમાગ્રે પુષ્પાંજલિં ક્ષિપેત્.

(અનુષ્ટુપ)

કનકાદિનિભં કમ્રં પાવનં પુણ્યકારણમ્,
સ્થાપયામિ પરં પીઠં જિનસ્નપનાય ભક્તિતઃ. ૩

ૐ હ્રીં અર્હં ક્ષ્મં ઠઃ ઠઃ શ્રીપીઠ (સિંહાસન) સ્થાપનં કરોમિ. ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ નમો અર્હતે ભગવતે શ્રીમતે પવિત્રતર જલેન પીઠપ્રક્ષાલનં કરોમિ ।

(ઉપજાતિ)

શ્રીપીઠક્લૃપ્તે વિશદાક્ષતૌઘૈઃ શ્રીપ્રસ્તરે પૂર્ણશશાંકકલ્પે;
શ્રીવર્તકે ચન્દ્રમસીતિ વાર્તાં, સત્યાપર્યન્તી શ્રિયમાલિખામિ. ૪

ૐ હ્રીં શ્રી અર્હં શ્રીકારલેખનં કરોમિ (સિંહાસને શ્રીકારલેખનમ્)

(વસંતતિલકા)

ભૃંગાર ચામરસુદર્પણપીઠકુંભ
તાલધ્વજાતપ નિવારકભૂષિતાગ્રે;

**સિંહાસન પર વર્ધસ્વ.....વર્ધસ્વ જય-જય ઇત્યાદિ મંગળ પાઠના ઉચ્ચારણ સાથે વિરાજમાન કરું છું.**

(ઘંટા વગાડતા વેદી પરથી ભગવાનની પ્રતિમા સિંહાસન પર સ્થાપિત કરવી) ૫.

**જિનેન્દ્રદેવની અભિષેક ક્રિયામાં ઈન્દ્રો ક્ષીરસાગરનું જળ કળશોમાં ભરે છે. આજે એ પ્રમાણે જ માનીને યથાયોગ્ય કુસુમ અને ચંદનથી શોભિત કરી પ્રતિમા સમક્ષ સ્થાપિત કરું છું.**

(ચાર ખૂણામાં નિર્મળ જળથી ભરેલ કળશ સ્થાપન કરવા) ૬.

**આનંદથી ભરપૂર દેવાંગનાના મંગળગીત અને વાજિંત્રો અને જયધ્વનિના મંગળ શબ્દ સહિત જગતપતિની કીર્તિના ગાન ગાઈને આ પીઠ સ્થાપનની અષ્ટદ્રવ્યથી અર્ચના કરું છું.**

(સિંહાસન સ્થિત પ્રતિમાને અર્ઘ ચડાવવો) ૭.

**હું કર્મરૂપી જંજીરથી બંધાયેલો છું છતાં પણ આપની ભક્તિથી પ્રેરાઈને મારા પાપસમૂહનો નાશ કરવા માટે હે દેવ, હું શુદ્ધ જળથી આપનો અભિષેક કરું છું. ૮.**

**દૂરથી દર્શન થતાં નતમસ્તક (થયેલ) દેવરાજ ઈન્દ્રના મુકુટમાં જડેલ મણિના કિરણની પ્રભાથી જેના ચરણો પ્રતિબિંબિત થયેલા છે, પ્રસ્વેદ અને મલથી મુક્ત એવા, હે જિનેન્દ્રદેવ! આપને ઉત્તમ જળનો અભિષેક કરી રહ્યો છું.**

ૐ હ્રીં શ્રીમદ્ ભગવંત કૃપાળુ ઋષભદેવથી મહાવીરસ્વામી પર્યંત ચોવીસ તીર્થંકર પરમદેવ પ્રથમમાં પ્રથમ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રે આર્યખંડે ભારત દેશે...... નામ નગરે..... ચૈત્યાલયે..... વીર નિર્વાણ ...... સંવતે..... ઉત્તમ માસે ....... પક્ષે ..... શુભ દિવસે મુનિ-આર્જિકા-શ્રાવક-શ્રાવિકાની હાજરીમાં સકળ કર્મના ક્ષય અર્થે શુદ્ધ જળથી અભિષેક કરું છું. ૯.



**વર્ધસ્વ નંદ જયપીઠપદાવલીભિઃ**
**સિંહાસને જિનભવન્તમહં શ્રયામિ. ૫**

ૐ હ્રીં જય જય ઈત્યુક્ત્વા સ્નપનપીઠે જિનબિંબં સ્થાપયામ્યહમ્.

**શ્રીતીર્થકૃત્સ્નપનવર્યવિધૌ સુરેન્દ્રઃ,**
**ક્ષીરાબ્ધિવારિભિરપૂરયદર્થકુંભાન્;**
**તાંસ્તાદૃશાનિવ વિભાવ્ય યથાર્હણીયાન્,**
**સંસ્થાપયે કુસુમચન્દન ભૂષિતાગ્રે. ૬**

ૐ હ્રીં શ્રીચતુઃકોણેષુ ચતુઃકલશસ્થાપનં કરોમિ.

**આનન્દનિર્ભર સુરપ્રમદાદિગાનૈ–**
**ર્વાદિત્રપૂર જયશબ્દકલપ્રશસ્તૈઃ;**
**ઉદ્‌ગીયમાન જગતીપતિકીર્તિરેષઃ**
**પીઠસ્થલીં વસુવિધાર્ચનયોલ્લસામિ. ૭**

ૐ હ્રીં શ્રી સ્નપનપીઠસ્થિતજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

**(વાદ્યઘોષણમ્-જયશબ્દોચ્ચારણમ્)**

**કર્મપ્રબન્ધનિગડૈરપિ હીનતાપ્તં,**
**જ્ઞાત્વાપિ ભક્તિવશતઃ પરમાદિદેવમ્;**
**ત્વાં સ્વીયકલ્મષગણોન્મથનાય દેવ**
**શુદ્ધોદકૈરભિનયામિ નયાર્થતત્વમ્. ૮**

ૐ હ્રીં શ્રીં ક્લીં ઐં અર્હં વં મં હં સં તં પં વં વં હં હં સં સં તં તં પં પં ઝં ઝં ઝ્વીં ઝ્વીં ક્ષ્વીં ક્ષ્વીં દ્રાં દ્રાં દ્રીં દ્રીં દ્રાવય દ્રાવય નમોઽર્હતે ભગવતે શ્રીમતે પવિત્રતરજલેન જિનમભિષેચયામિ સ્વાહા.

**દૂરાવનમ્રસુરનાથકિરીટકોટી–**
**સંલગ્નરત્નકિરણચ્છવિધૂસરાંઘ્રિં,**
**પ્રસ્વેદતાપમલમુક્તમપિ પ્રકૃષ્ટૈ–**
**ર્ભક્ત્યા જલૈર્જિનપતિં બહુધાભિષિંચે. ૯**

ૐ હ્રીં શ્રીમન્તં ભગવન્તં કૃપાલસંતં વૃષભાદિમહાવીરપર્યંતચતુર્વિંશતિ-તીર્થંકરપરમદેવં આદ્યાનાં આદ્યે જમ્બૂદ્વીપે ભરતક્ષેત્રે આર્યખંડે....... દેશે..... નામ્નિ્ નગરે....ચૈત્યાલયે....વીરનિર્વાણ....સંવત્સરે......... માસાનામુત્તમે.....માસે......પક્ષે.....શુભદિને........મુનિ-આર્યિકાશ્રાવકશ્રાવિકાણાં સકલકર્મક્ષયાર્થં જલેનાભિષિંચે.

જલ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફળોના સમૂહથી આઠ કર્મોને નષ્ટ કરવામાં જે વીર, અનંત શક્તિવાળા, કલ્યાણોના નિધાન છે એવા ભગવાનને હર્ષથી પૂજું છું.

ૐ હ્રીં અભિષેકના અંતે ઋષભદેવથી મહાવીરસ્વામીને અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

જેના યશથી દશેય દિશાઓ ઉજ્જવળ થાય છે. સંસારના દુઃખોના નાશ માટે અમોઘ ઔષધ રૂપ એવા હે જિનેન્દ્રદેવ! આપ સાચા ભક્તના હૃદયમાં ઉત્પન્ન પાપમેલને નાશ કરવાવાળા છો. આપ સર્વે જિનેન્દ્ર ભગવાન, પૂર્ણ શાંતિ પ્રદાન કરવાવાળા છો.

શાંતિ અર્થે પુષ્પાંજલિ અર્પણ કરું છું. ૧૧.

હે જિનેન્દ્ર! (હું ભાવના ભાવું છું કે) મેં આપને નમસ્કાર અને પ્રદક્ષિણા કરીને આદરપૂર્વક જે ગંધોદકને મારા નેત્ર તેમજ મસ્તક ઉપર ધારણ કર્યું, તે આપના ચરણોના સંયોગથી મારાં પાપસમૂહને ક્ષણવારમાં હરી લે અને હું ભવાતાપથી રહિત થઈ જાઉં.

(પ્રદક્ષિણા લઈ, નમસ્કાર કરીને જિન ચરણામૃત મસ્તક પર ચઢાવવું.) ૧૨.

હે જિનેન્દ્રદેવ! આપનું અભિષેક જળ–ગંધોદક મોક્ષરૂપી લક્ષ્મીના હાથોથી ગ્રહણ થયેલ અસાધારણ જળ છે. નાગેન્દ્ર અને ચક્રવર્તિઓનો રાજ્યાભિષેક સંપન્ન કરાવનાર તથા સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રરૂપી લતાની સંવૃદ્ધિ કરાવવાવાળું, યશલક્ષ્મી અને જયનું સાધક આ ગંધોદક જળ છે.

(પ્રદક્ષિણા કરી, શ્રી જિનેન્દ્રદેવને નમસ્કાર કરીને ગન્ધોદક પોતાના ઉત્તમ અંગો પર લગાવવું.) ૧૩

અમૃતસમાન સુખ દેવાવાળા આપને વારંવાર નમસ્કાર કરી આપના સુંદર દેહ પર ચંદ્રકિરણ સમ સ્થિત જલકણોને મારા હાથમાં રહેલ શુદ્ધ વસ્ત્રથી પરિમાર્જન કરું છું (પોંછું છું).

(જિનબિંબ પર સ્થિત જલકણોને સાફ કરવા) ૧૪.



પાનીયચન્દનસદક્ષતપુષ્પપુંજ–
નૈવેદ્યદીપકસુધૂપફલવ્રજેન;
કર્માષ્ટકકથનવીરમનન્તશક્તિં,
સંપૂજયામિ સહસા મહસાં નિધાનમ્. ૧૦

ૐ હ્રીં અભિષેકાન્તે વૃષભાદિવીરાન્તેભ્યોઽર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

હે તીર્થપા નિજયશોધવલીકૃતાશાઃ
સિદ્ધૌષધાશ્ચ ભવદુઃખમહાગદાનાં;
સદ્ભવ્યહૃજ્જનિતપંકકબન્ધકલ્પા,
યૂયં જિના સતતશાંતિકરા ભવન્તુ. ૧૧

(ઈત્યુક્ત્વા શાન્ત્યર્થં પુષ્પાંજલિં ક્ષિપેત્.)

નત્વા પરીત્ય નિજનેત્રલલાટયોશ્ચ,
વ્યાપ્તં ક્ષણેન હરતાદઘસંચયં મે;
શુદ્ધોદકં જિનપતે તવ પાદયોગાદ્,
ભૂયાદ્ ભવાતપહરં ધૃતમાદરેણ. ૧૨

ઈતિ પ્રદક્ષિણાં નમસ્કારં ચ કૃત્વા જિનચરણોદકં શિરસિ ધારયામિ.

(શાર્દૂલવિક્રીડિત)

મુક્તિશ્રીવનિતાકરોદકમિદં પુણ્યાંકુરોત્પાદકં,
નાગેન્દ્ર ત્રિદશેન્દ્રચક્રપદવી રાજ્યાભિષેકોદકમ્;
સમ્યગ્જ્ઞાનચરિત્રદર્શનલતા સંવૃદ્ધિસમ્પાદકં,
કીર્તિશ્રીજયસાધકં તવ જિન! સ્નાનસ્ય ગન્ધોદકમ્. ૧૩

(પ્રદક્ષિણા કરીને શ્રીજિનેશને નમસ્કાર કરી ઉત્તમ અંગો પર ગંધોદક લગાવવું.)

(વસંતતિલકા)

નત્વા મુહુર્નિજકરૈરમૃતોપમેયૈઃ,
સ્વચ્છૈર્જિનેન્દ્ર તવ ચન્દ્રકરાવદાતૈઃ;
શુદ્ધાંશુકેન વિમલેન નિતાન્તરમ્યે,
દેહે સ્થિતાન્જલકણાન્પરિમાર્જયામિ. ૧૪

ૐ હ્રીં અમલાંશુકેન જિનબિમ્બમાર્જનં કરોમિ.

અભિષેક કરતાં આપના એકહજાર આઠ નામોના ઉચ્ચારણથી મન અને વચનથી વિશુદ્ધિ થાય છે. તેવી વિશુદ્ધિની ઇચ્છા કરી હું આપને સિંહાસન પર વિધિપૂર્વક બિરાજમાન કરું છું.

(આ છંદ બોલીને શ્રી જિનબિંબને વેદીમાં બિરાજમાન કરવા) ૧૫.

જન્મમરણના દુઃખોનો નાશ કરવા માટે, જલ, ગંધ, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફલ અને અર્ઘ લઈને ભગવાન જિનેન્દ્રદેવની પૂજા કરું છું.


ૐ હ્રીં શ્રી વેદી સ્થિત જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૧૬

મારાં આ બંને નેત્રો પવિત્ર જળના સ્પર્શથી સફળ થયાં. મારી મનુષ્ય પર્યાય ધન્ય બની. આજ મારા મસ્તિષ્ક પરની અશુભ કર્મોની રેખા નાશ પામી. હે અર્હન્! આપની પૂજનવિધિથી મને સમ્યગ્દર્શન રૂપી લાભ મળે એવી ભાવના કરું છું.

આ પ્રમાણે ઈષ્ટદેવને પ્રાર્થના કરી પુષ્પાંજલિ અર્પણ કરું છું. ૧૭.

## ગંધોદક લેતી વખતે બોલવાનો શ્લોક

અતિ નિર્મળ, પાપનાશક, સુખ દેનાર, આ જિન અભિષેકકૃત સુગંધી જળને હું મસ્તક પર ચઢાવું છું.





(આ શ્લોક બોલી નિર્મલ વસ્ત્રથી જિનબિમ્બ પર સ્થિત જલ કણોને સાફ કરવા જોઈએ.)

સ્નાનં વિધાય ભવતોઽષ્ટસહસ્રનામ્ના—
મુચ્ચારણેન મનસો વચસો વિશુદ્ધિં;
જિઘૃક્ષુરિષ્ટિમિનતેઽષ્ટતયીં વિધાતું,
સિંહાસને વિધિવદત્ર નિવેશયામિ. ૧૫

(ઈતિ સહસ્રનામસ્તોત્રં તદંશં વા પઠિત્વા જિનબિમ્બં સિંહાસને સ્થાપયિત્વા પૂજનપ્રતિજ્ઞાયૈ પુષ્પાંજલિ ક્ષિપેત્.)

(શ્રીજીને વેદીમાં બિરાજમાન કરવા)

(અનુષ્ટુપ)

જલગન્ધાક્ષતૈઃ પુષ્પૈશ્ચરુ દીપસુધૂપકૈઃ
ફલૈરર્ઘૈર્જિનમર્ચે જન્મદુઃખાપહાનયે. ૧૬

ૐ હ્રીં શ્રી પીઠસ્થિતજિનાય અર્ઘમ્ નિર્વપામીતિ સ્વાહા.

(શિખરિણી)

ઈમે નેત્રે જાતે સુકૃતજલસિકતે સફલિતે,
મમેદં માનુષ્યં કૃતિજનગણાદેયમભવત્;
મદીયાદ્ભાલાટાદ શુભવસુકર્માટનમભૂત્,
સદેદક્ પુણ્યૌધો મમ ભવતુ તે પૂજનવિધૌ. ૧૭

ઈતીષ્ટપ્રાર્થનાં કૃત્વા પુષ્પાંજલિં ક્ષિપેત્.

॥ ઇતિ અભિષેકવિધિઃ ॥

## ગંધોદક લેવાનો મંત્ર

(ગંધોદક લેતી વખતે બોલવાનો શ્લોક)

નિર્મલસે નિર્મલ અતિ, અઘનાશક સુખસીર,
વંદૂં જિનઅભિષેકકૃત, યહ ગંધોદક નીર.

*

## (૧૦) પ્રતિમા પ્રક્ષાલ પાઠ

જિનબિમ્બ, પરિણામોની સ્વચ્છતાના નિમિત્ત છે તેથી તેમનામાં હું નિજ પ્રતિબિંબ નિહાળું છું. પંચપ્રભુ (પરમેષ્ઠી)ના ચરણોમાં ત્રિકાળ વંદન કરી, નિર્મળ જળથી પ્રતિમાને પ્રક્ષાલ કરું છું.

હવે પ્રાતઃકાલીન દેવવંદના માટે પૂર્વાચાર્ય પરંપરા અનુસાર સર્વકર્મક્ષયાર્થે, ભાવપૂજા, સ્તવન, વંદના સહિત શ્રી પંચમહાગુરુની ભક્તિપૂર્વક કાયોત્સર્ગ કરું છું.

(નવ વાર નમસ્કારમંત્રનો જાપ કરવો) ૧.

ત્રણલોકના સર્વે કૃત્રિમ અને અકૃત્રિમ જિનબિંબોને નિત પ્રતિ મારા અગણિત નમસ્કાર હો. શ્રી જિનવરની અંતર્મુખ મુદ્રાને મારા હૃદયમાં ધારણ કરીને જિનમાં નિજ અને નિજમાં જિન પ્રતિબિંબને નિહાળું છું.

હું આજે જિનપ્રતિમાના અભિષેકનો શુભ સંકલ્પ કરીને, તેમના જેવા ગુણપ્રાપ્તિના ફળની ચાહના કરી, આ ભાવપુષ્પ અર્પણ કરું છું.

(પ્રક્ષાલ પ્રતિજ્ઞા હેતુ પુષ્પ ક્ષેપણ કરવા) ૨.

અંતરંગ અને બહિરંગ લક્ષ્મીથી જે શોભિત છે, ત્રણેય ભુવન જેની મંગળવાણી પર મોહિત છે (એવા) શ્રી જિનવરની સેવા થકી મોહાદિ વિપત્તિનો નાશ થાય છે. (માટે) હે જિનેન્દ્રદેવ, મારી નિજગુણરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ માટે 'શ્રી' ની સ્થાપના કરું છું.

(ચોકી પર કેશરથી 'શ્રી' લખવું.) ૩.

અંતર્મુખ મુદ્રા સહિત જિનરાજ શોભાયમાન છે. પ્રતિમાના પ્રક્ષાલન હેતુ આ પીઠ સ્થાપન કરું છું.

(અભિષેક માટે સિંહાસનની સ્થાપના કરવી.) ૪.



## (૧૦) પ્રતિમા પ્રક્ષાલ પાઠ (પં. અભયકુમારજી કૃત)

(દોહા)

પરિણામોં કી સ્વચ્છતા, કે નિમિત્ત જિનબિમ્બ;
ઈસીલિયે મૈં નિરખતા, ઈનમેં નિજ પ્રતિબિમ્બ.
પંચ પ્રભુ કે ચરણ મેં, વન્દન કરું ત્રિકાલ;
નિર્મલ જલ સે કર રહા, પ્રતિમા કા પ્રક્ષાલ.

અથ પૌર્વાહ્નિકદેવવન્દનાયાં પૂર્વાચાર્યાનુક્રમેણ સકલકર્મક્ષયાર્થં ભાવપૂજાસ્તવનવન્દનાસમેતં શ્રી પંચમહાગુરુભક્તિપૂર્વકકાયોત્સર્ગં કરોમ્યહમ્. ૧.

(નવ વાર ણમોકાર મન્ત્રનો જાપ કરવો.)

(છપ્પય)

તીન લોક કે કૃત્રિમ ઔર અકૃત્રિમ સારે,
જિનબિમ્બોં કો નિત પ્રતિ અગણિત નમન હમારે;
શ્રી જિનવર કી અન્તર્મુખ છવિ ઉર મેં ધારું,
જિન મેં નિજ કા નિજ મેં જિન–પ્રતિબિમ્બ નિહારું.
મૈં કરું આજ સંકલ્પ શુભ, જિન પ્રતિમા પ્રક્ષાલ કા;
યહ ભાવ સુમન અર્પણ કરું, ફલ ચાહૂં ગુણમાલ કા.

ૐ હ્રીં પ્રક્ષાલપ્રતિજ્ઞાયૈ પુષ્પાંજલિં ક્ષિપેત્. ૨.

(રોલા)

અન્તરંગ બહિરંગ સુલક્ષ્મી સે જો શોભિત,
જિનકી મંગલ વાણી પર હૈ ત્રિભુવન મોહિત;
શ્રી જિનવર સેવા સે ક્ષય મોહાદિ વિપત્તિ,
હે જિન! શ્રી લિખ પાઊઁગા નિજ–ગુણ સમ્પત્તિ.

(ચોકી ઉપર કેશરથી 'શ્રી' લખવું) ૩.

(દોહા)

અન્તર્મુખ મુદ્રા સહિત, શોભિત શ્રી જિનરાજ;
પ્રતિમા પ્રક્ષાલન કરું, ધરું પીઠ યહ આજ.

ૐ હ્રીં શ્રી પીઠસ્થાપનં કરોમિ. ૪.

ભક્તિરૂપી રત્નોથી જડિત મંગળ સિંહાસન છે. ભેદજ્ઞાનરૂપી જળથી શુદ્ધ કરેલ ભાવોનું આસન છે. હે જિનરાજ! સિંહાસન પર આપનું સ્વાગત કરું છું. હે, જિનદેવ! શ્રદ્ધારૂપી આસન પર પધારો.

(ચોકીમાં જિનબિંબ બિરાજમાન કરવું) ૫.

ક્ષીરસાગરના જળભરીને કળશ લાવ્યો છું. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય સ્વરૂપ આત્માની મને પ્રાપ્તિ થઈ છે. હે, જિનરાજ! આ મંગળ કળશોની સ્થાપના કરી, ભાવના કરું છું કે મારા પરિણામોની પણ વિશુદ્ધિ થાય જેથી મારા કાર્ય સફળ થાય.

(ચાર દિશામાં નિર્મળજળ ભરેલ કળશ સ્થાપન કરવાં.) ૬.

જલાદિક આઠેય દ્રવ્ય લઈને એવો અર્ઘ બનાવ્યો છે કે જાણે આઠ અંગયુત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ગઈ. શ્રી જિનવરના ચરણોમાં આ અર્ઘ સમર્પણ કરી, મારા રાગાદિ વિકારી ભાવો વિસર્જિત (નાશ) થાય એવી ભાવના કરું છું.

(ચોકીમાં બિરાજમાન કરેલ જિનપ્રતિમાને અર્ઘ ચડાવવો) ૭.

હે જિનવર! હું રાગાદિ વિભાવોથી કલુષિત છું અને આપ પ્રભુવર પરિપૂર્ણ વીતરાગી છો. આપ જગતના દોષહારક છો. જેના ભક્તિ ભાવરૂપી નિર્મળ જળથી પાપમળ ધોવાય છે, એવા આપને હું શું પ્રક્ષાલ કરું? કોનો અભિષેક કરું? આવા ત્રણ ભુવનના પાલક શું દરિદ્રી હોય શકે? આવી ભ્રાન્તિથી મારું મન ક્ષુબ્ધ છે. હે નાથ, આપની ભક્તિવશ જિનપ્રતિમાનો અભિષેક કરી, જાણે સાક્ષાત જિનવરનું સ્પર્શન કરું છું.

(ચારેય કળશથી અભિષેક કરવો, વાજિંત્ર નાદ કરવો અને જય–જય ઘોષ કરવો) ૮-૯.



(રોલા)

ભક્તિ રત્ન સે જડિત આજ મંગલ સિંહાસન,
ભેદજ્ઞાન જલ સે ક્ષાલિત ભાવોં કા આસન;
સ્વાગત હૈ જિનરાજ! તુમ્હારા સિંહાસન પર,
હે જિનદેવ પધારો શ્રદ્ધા કે આસન પર.

ૐ હ્રીં શ્રી .......... ધર્મતીર્થાધિનાથ ભગવન્નિહ સિંહાસને તિષ્ઠ તિષ્ઠ. ૫.

ક્ષીરોદધિ કે જલ સે ભરે કલશ લે આયા,
દૃગ–સુખ–વીરજ જ્ઞાનસ્વરૂપી આતમ પાયા;
મંગલ કલશ વિરાજિત કરતા હૂં જિનરાજા,
પરિણામોં કે પ્રક્ષાલન સે સુધરેં કાજા.

ૐ હ્રીં અર્હં કલશસ્થાપનં કરોમિ. ૬.

જલ–ફલ આઠોં દ્રવ્ય મિલાકર અર્ઘ્ય બનાયા,
અષ્ટ અંગ યુત માનો સમ્યગ્દર્શન પાયા;
શ્રી જિનવર કે ચરણોં મેં યહ અર્ઘ્ય સમર્પિત,
કરું આજ રાગાદિ વિકારી ભાવ વિસર્જિત.

ૐ હ્રીં શ્રી સ્નપનપીઠસ્થિતાય ......... જિનાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૭.

મૈં રાગાદિ વિભાવોં સે કલુષિત હે જિનવર,
ઔર આપ પરિપૂર્ણ વીતરાગી હો પ્રભુવર;
કૈસે હો પ્રક્ષાલ, જગત કે અઘ–ક્ષાલક કા,
ક્યા દરિદ્ર હોગા પાલક? ત્રિભુવન પાલક કા. ૮.

ભક્તિ ભાવ કે નિર્મલ જલ સે અઘ–મલ ધોતા,
હૈ કિસકા અભિષેક ભ્રાન્ત ચિત ખાતા ગોતા;
નાથ! ભક્તિવશ જિન બિમ્બોં કા કરું ન્હવન મૈં,
આજ કરું સાક્ષાત્ જિનેશ્વર કા પર્શન મૈં.

ૐ હ્રીં શ્રીમન્તં ભગવન્તં કૃપાલસન્તં વૃષભાદિમહાવીરપર્યન્તં ચતુર્વિંશતિતીર્થંકરપરમદેવમાદ્યાનામાદ્યે જમ્બૂદ્વીપે ભરતક્ષેત્રે આર્યખંડે......, નામ્નિનગરે માસાનામુત્તમે.......... માસે.......... પક્ષે............ દિને-મુન્યાર્યિકાશ્રાવકશ્રાવિકાણાંસકલકર્મક્ષયાર્થં પવિત્રતરજલેન જિનમભિષેચયામિ. ૯.

ક્ષીરસમુદ્રસમ જળથી આપના બિંબનો અભિષેક કરું છું. આપ જિનવરની ભક્તિથી સ્વપરનો ભેદ જાણું. સૌધર્મ ઈન્દ્ર દ્વારા કરાતા આપના મહાન શુભ અભિષેકથી પંચમેરુ પણ સુખદાયી મહાતીર્થ બન્યા છે.

શુભભાવપૂર્વક આપનો અભિષેક કરી, હું શુભાશુભ ભાવોથી બચું એવી એક જ કામના (ભાવના) છે.

બિંબ અભિષેક પછી હવે જલફલાદિ અષ્ટદ્રવ્યથી જિનરાજની પૂજા કરું છું (જેથી) મને નિજપદની પ્રાપ્તિ હો.

(જિન પ્રતિમાને અર્ઘ ચડાવવો.) ૧૦.

શ્રી જિનેશ્વરનો ઉજ્જ્વળ યશ, ત્રણેય લોકમાં વ્યાપ્ત છે. હે હિતકારી પરમેશ્વર, મારા ચિત્તમાં શાંતિ કરો.

(પુષ્પાંજલિ ક્ષેપણ કરવી) ૧૧.

જેમ આત્મગગનમાં અનંતગુણરૂપી તારા ભવિકને મોહિત કરે છે તેમ જિનપ્રતિમા પર જલકણ અમૃતસમ શોભી રહ્યાં છે. શુદ્ધ વસ્ત્રથી જળકણોનું પરિમાર્જન કરતાં હું પણ ભેદને છોડીને અભેદનું લક્ષ કરું છું.

(પ્રતિમાજીને શુદ્ધ વસ્ત્રથી લૂંછવા.) ૧૨.

હે પ્રિય ચૈતન્યકુમાર! શ્રી જિનવરને ભક્તિથી હૃદય સિંહાસન પર બિરાજમાન કરો કે જેથી ભવરૂપી ભાર દૂર થઈ જાય.

(જિન પ્રતિમાને સિંહાસન પર બિરાજમાન કરી નીચેનો છંદ બોલી અર્ઘ ચડાવવો.) ૧૩.

જલ-ગન્ધાદિક દ્રવ્યથી પૂર્ણ અર્ઘ અર્પિત કરી જિનરાજની પૂજા કરું છું કે જેથી મને ચેતનરાજની પ્રાપ્તિ થાય.

ૐ હ્રીં પીઠસ્થિત જિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ હેતુ અર્ઘ સમર્પિત કરું છું. ૧૪.

જિન સ્પર્શિત, ગુણોની ખાણ સમ આ ગંધોદક નીરને મસ્તક પર સદા ધારણ કરી હું સ્વયં ભગવાન બનું (એવી ભાવના ભાવું છું.)

(મસ્તક પર ગંધોદક ચડાવવું. બીજા કોઈ અંગ પર ગંધોદકનો સ્પર્શ ન કરવો) ૧૫.



(અભિષેક કરવો તથા વાજીંત્રપૂર્વક જય-જયકાર કરવો.)

**(દોહા)**
ક્ષીરોદધિ-સમ નીર સે, કરું બિમ્બ પ્રક્ષાલ;
શ્રી જિનવર કી ભક્તિ સે, જાનૂં નિજ પર ચાલ;
તીર્થંકરકા ન્હવન શુભ, સુરપતિ કરેં મહાન;
પંચમેરુ ભી હો ગયે, મહાતીર્થ સુખદાન.
કરતા હૂં શુભ ભાવ સે, પ્રતિમા કા અભિષેક;
બચૂં શુભાશુભ ભાવ સે, યહી કામના એક;
જલ-ફલાદિ વસુ દ્રવ્ય લે, મૈં પૂજૂં જિનરાજ;
હુઆ બિમ્બ અભિષેક અબ, પાઊઁ નિજ પદરાજ.

ૐ હ્રીં અભિષેકાન્તે વૃષભાદિવીરાન્તેભ્યોઽર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

શ્રી જિનવર કા ધવલ યશ, ત્રિભુવન મેં હૈ વ્યાપ્ત;
શાન્તિ કરેં મમ ચિત્ત મેં, હે પરમેશ્વર આપ્ત.

પુષ્પાંજલિ ક્ષિપેત્. ૧૧.

**(રોલા)**
જિન પ્રતિમા પર અમૃતસમ જલ-કણ અતિ શોભિત,
આત્મ-ગગન મેં ગુણ અનન્ત તારે ભવિ મોહિત;
હો અભેદ કા લક્ષ્ય ભેદ કા કરતા વર્જન,
શુદ્ધ વસ્ત્ર સે જલ-કણ કા કરતા પરિમાર્જન. ૧૨

(પ્રતિમાને શુદ્ધ વસ્ત્રથી સાફ કરો.)

**(દોહા)**
શ્રી જિનવર કી ભક્તિ સે, દૂર હોય ભવ-ભાર;
ઉર-સિંહાસન થાપિયે, પ્રિય ચૈતન્ય કુમાર. ૧૩.

(જિનપ્રતિમાને સિંહાસન ઉપર વિરાજમાન કરો.)

જલ-ગન્ધાદિક દ્રવ્ય સે, પૂજૂં શ્રી જિનરાજ;
પૂર્ણ અર્ધ્ય અર્પિત કરું, પાઊઁ ચેતનરાજ.

ૐ હ્રીં શ્રી પીઠસ્થિત .......જિનાય અનર્ધ્યપદપ્રાપ્તયે અર્ધ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૪.

**(દોહા)**
જિન સંસ્પર્શિત નીર યહ, ગન્ધોદક ગુણ ખાન;
મસ્તક પર ધારું સદા, બનૂં સ્વયં ભગવાન. ૧૫

(મસ્તક ઉપર ગન્ધોદક લગાવો.
અન્ય કોઈપણ અંગ ઉપર ગન્ધોદક લગાવવું નહીં.) *

## (૧૧) વિનયપાઠ

આગમમાં કહેલ વિધિ અનુસાર ઊભા થઈને સર્વપ્રથમ ભગવાનના વિનય હેતુ વિનયપાઠ કરું છું. હે જિનેન્દ્રદેવ, આપે આઠ કર્મોનો નાશ કર્યો છે (તેથી) આપ ધન્ય છો. ૧.

આપ અનંત ચતુષ્ટય (અનંત–દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય)ના સ્વામી છો, આપ જ સર્વશ્રેષ્ઠ છો, આપ જ મોક્ષરૂપી સ્ત્રીના પતિ છો અને આપ જ ત્રણ લોકના નાથ છો. ૨.

આપ ત્રણે લોકના જીવોના દુઃખને દૂર કરવાવાળા છો, સંસારરૂપી સમુદ્રને શોષણ કરનાર છો, વિશ્વના જાણનહાર છો અને મોક્ષસુખને (પ્રાપ્ત) કરવાવાળા છો. ૩

આપ પાપરૂપી અંધકારનો નાશ કરનાર, ધર્મનો પ્રકાશ ફેલાવનાર, સ્થિર એવું મોક્ષપદ દેનાર અને અનંત નિજગુણોને ધારણ કરનાર છો. ૪.

આપનું હૃદય ધર્મરૂપી અમૃતથી ભરેલ સમુદ્ર સમાન છે, આપનું સ્વરૂપ જ્ઞાનરૂપી સૂર્યસમાન છે અને આપના ચરણકમળને ઈન્દ્ર નમન કરે છે. ૫.

હે જિનેન્દ્રદેવ ! હું આપને અત્યંત નિર્મળભાવથી વંદન કરું છું કેમ કે કર્મબંધનનો નાશ કરવા આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. ૬.

આપ ભવ્યજીવોને સંસારરૂપી કૂવામાંથી બહાર કાઢનાર, ગરીબ પર દયા કરનાર, અનાથના નાથ અને આત્મિક ગુણોના ભંડાર છો. ૭.

ચિદાનંદી આત્મા પર લાગેલી કર્મરૂપી રજ (ધૂળ)ને સાફ કરી, આપે આત્માને નિર્મળ (શુદ્ધ) કર્યો છે અને આ સંસારના ભવ્યજીવો માટે મોક્ષમાર્ગ સરળ કર્યો છે. ૮.

આપના ચરણકમળની પૂજા કરવાથી સર્વ બાધાઓ તથા રોગ દૂર થાય છે, શત્રુ મિત્ર બની જાય છે અને વિષ પણ નિર્વિષ બને છે. ૯.

આપની પૂજા કરવાથી ચક્રવર્તીપદ, વિદ્યાધરપદ કે ઈન્દ્રપદ આપોઆપ પ્રાપ્ત થાય છે અને નિયમથી સર્વ પાપ નાશ થઈને, ક્રમથી મોક્ષપદ પ્રાપ્ત થાય છે. ૧૦.

જેમ પાણી વગર માછલી વ્યાકુળ થાય છે તેમ આપના વિરહમાં હું પણ અત્યંત વ્યાકુળતા પામું છું. આપ મારો જન્મરોગ મટાડી મને (કર્મથી રહિત) સ્વાધીન કરો. ૧૧.



## (૧૧) વિનયપાઠ

(દોહા)

ઈહિ વિધિ ઠાડો હોય કે, પ્રથમ પઢૈ જો પાઠ;
ધન્ય જિનેશ્વર દેવ તુમ, નાશે કર્મ જુ આઠ. ૧

અનંત ચતુષ્ટયકે ધની, તુમ હી હો સિરતાજ;
મુક્તિ વધૂકે કંથ તુમ, તીન ભુવનકે રાજ. ૨

તિહું જગકી પીડા હરન, ભવદધિ શોષણહાર;
જ્ઞાયક હો તુમ વિશ્વકે, શિવસુખકે કરતાર. ૩

હરતા અઘઅંધિયારકે, કરતા ધર્મપ્રકાશ;
થિરતાપદ દાતાર હો, ધરતા નિજગુણરાશ. ૪

ધર્મામૃત ઉર જલધિસોં, જ્ઞાન ભાનુ તુમ રૂપ;
તુમરે ચરણસરોજકો, નાવત તિહું જગભૂપ. ૫

મેં વંદૌં જિનદેવકો, કર અતિ નિરમલ ભાવ;
કર્મબંધકે છેદને, ઔર ન કછુ ઉપાવ. ૬

ભવિજનકો ભવકૂપતૈં, તુમ હી કાઢનહાર;
દીનદયાલ અનાથપતિ, આતમ ગુણ ભંડાર. ૭

ચિદાનંદ નિર્મલ કિયો, ધોય કર્મરજ મૈલ;
સરલ કરી યા જગતમેં ભવિજનકો શિવ ગૈલ. ૮

તુમ પદપંકજ પૂજતૈં, વિઘ્ન રોગ ટર જાય;
શત્રુ મિત્રતાકો ધરૈ, વિષ નિરવિષતા થાય. ૯

ચક્રી ખગધર ઈન્દ્ર પદ, મિલૈં આપતેં આપ;
અનુક્રમ કર શિવપદ લહૈં, નેમ સકલ હનિ પાપ. ૧૦

તુમ વિન મૈં વ્યાકુલ ભયો, જૈસે જલ વિન મીન;
જન્મ જરા મેરી હરો, કરો મોહિ સ્વાધીન. ૧૧

આપે અગણિત પાપીઓનો ઉદ્ધાર કર્યો છે. આપે કુબુદ્ધિવાળા અંજનચોરને (સંસારથી) તાર્યો. હે જિનેન્દ્ર! આપનો જય હો, જય હો, જય હો. ૧૨

આ સંસારરૂપી સમુદ્રમાં નૌકાસહિત હું પરિભ્રમણ કરતાં થાકી ગયો છું. આપ નાવિક છો તો મારી નૌકાને પાર લગાવો. હે જિનેન્દ્ર ! આપનો જય હો, જય હો, જય હો. ૧૩.

અત્યાર સુધી સરાગી દેવ મળવાથી હું પણ રાગી બની આ જગતમાં ભટકતો રહ્યો, પણ હવે મને આપ વીતરાગી દેવ મળ્યા છો તો મારી આ રાગ કરવાની કુટેવ મટાડો. ૧૪.

હું અજ્ઞાનવશ નરક, નિગોદ અને તિર્યંચની કેટલીય પર્યાય પામ્યો પરંતુ આજે જિનેન્દ્રભગવાનનું શરણ મળતાં મારી મનુષ્યપર્યાય ધન્ય થઈ ગઈ. ૧૫.

આપની પૂજા ઈન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી અને દેવતા કરે છે, (પણ) આજે મને આપની સેવા–પૂજાનો સુઅવસર મળવાથી મારું ભાગ્ય ધન્ય બન્યું. ૧૬.

આપ અશરણને શરણ દેનાર છો, નિરાધારના આધાર છો. ભવસાગરમાં ડૂબતી મારી નૌકાને પણ પ્રભુ પાર લગાવો! ૧૭.

ઈંદ્રાદિક, ગણધરો પણ આપના ગુણગાન કરતાં થાકે છે અને આપની કીર્તિ જોઈ આપ સમાન બનાવવા વિનંતી કરે છે. ૧૮.

આપની થોડી પણ કૃપાદષ્ટિથી જગતના જીવો સંસાર સમુદ્ર તરી જાય છે, પણ અરેરે! હું તો તેમાં ડૂબતો જાઉં છું, તો હે પ્રભુ! કૃપા કરી મને તારો. ૧૯.

હે પ્રભુ! કોઈ બીજાને કહેવાથી મારી વેદના દૂર થવાની નથી. પણ આપ પર મારી અતૂટ શ્રદ્ધા છે, તેથી આપની સન્મુખ પ્રાર્થના કરું છું. ૨૦.

ઈન્દ્ર પણ જેના ગુણગાન કરે છે એવા સકલ વિઘ્નહર્તા, મંગળકર્તા, પૂર્ણ ઉત્કૃષ્ટ જ્ઞાનધારક પંચ પરમેષ્ઠી પ્રભુને હું વંદન કરું છું. ૨૧.

ચોવીસ તીર્થંકર, જિનવાણી માતા અને મોક્ષના સાધક એવા સાધુ ભગવંતોને નમન કરી સુખપ્રાપ્તિ અર્થે આ પાઠની રચના કરી છે. ૨૨.



પતિત બહુત પાવન કિયે, ગિનતી કૌન કરેય;
અંજનસે તારે કુધી, જય જય જય જિનદેવ. ૧૨

થકી નાવ ભવદધિ વિષે, તુમ પ્રભુ પાર કરેય;
ખેવટિયા તુમ હો પ્રભુ, જય જય જય જિનદેવ. ૧૩

રાગ સહિત જગમેં રુલ્યો, મિલે સરાગી દેવ;
વીતરાગ ભેટયો અબૈ, મેટો રાગ કુટેવ. ૧૪

કિત નિગોદ, કિત નારકી, કિત તિર્યંચ અજ્ઞાન;
આજ ધન્ય માનુષ ભયો, પાયો જિનવર થાન. ૧૫

તુમકો પૂજેં સુરપતિ, અહિપતિ નરપતિ દેવ;
ધન્ય ભાગ્ય મેરો ભયો, કરન લગ્યો તુમ સેવ. ૧૬

અશરણકે તુમ શરણ હો, નિરાધાર આધાર;
મૈં ડૂબત ભવસિંધુમેં, ખેઓ લગાઓ પાર. ૧૭

ઈન્દ્રાદિક ગણપતિ થકે, કર વિનતી ભગવાન;
અપનો વિરદ નિહારિકૈં, કીજે આપ સમાન. ૧૮

તુમરી નેક સુદૃષ્ટિતૈં, જગ ઉતરત હૈ પાર;
હા હા ડૂબ્યો જાત હોં, નેક નિહાર નિકાર. ૧૯

જો મૈં કહહૂં ઔરસોં, તો ન મિટૈ ઉરઝાર;
મેરી તો તોસોં બની, તાતૈં કરોં પુકાર. ૨૦

વંદો પાંચૌં પરમગુરુ, સુરગુરુ વંદત જાસ;
વિઘન હરન મંગલ કરન, પૂરન પરમ પ્રકાશ. ૨૧

ચૌવીસૌં જિનપદ નમોં, નમો શારદા માય;
શિવમગ સાધક સાધુ નમિ, રચ્યો પાઠ સુખદાય. ૨૨

*

# (૧૨) શ્રી પૂજા પીઠિકા

હે જિનેન્દ્ર ભગવાન! આપનો જય હો, જય હો, જય હો. આપને અમારા નમસ્કાર હો.

અરહન્તોને નમસ્કાર હો, સિદ્ધોને નમસ્કાર હો, આચાર્યોને નમસ્કાર હો, ઉપાધ્યાયોને નમસ્કાર હો અને લોકવર્તી સર્વે સાધુઓને નમસ્કાર હો.

ૐ હ્રીં અનાદિમૂલમંત્રને પુષ્પાંજલિ અર્પણ કરું છું.

(ઉપર મુજબ પાઠ ભણી પુષ્પ એટલે ચંદન મિશ્રિત ચોખા ખૂમચામાં કરેલા સાથિયા ઉપર ચડાવવા.)

લોકમાં મંગલ ચાર છે—(૧) અરહંત ભગવાન (૨) સિદ્ધ ભગવાન (૩) સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) તથા (૪) કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મ.

જે રાગ-દ્વેષ-મોહરૂપી પાપને ગાળે અને સાચું સુખ ઉત્પન્ન કરે તેને મંગળ કહે છે. અરહંતાદિક સ્વયં મંગળમય છે અને તેમના પ્રત્યે ભક્તિભાવથી પરમ મંગળ થાય છે.

લોકમાં ઉત્તમ ચાર છે-(૧) અરહંત ભગવાન, (૨) સિદ્ધ ભગવાન, (૩) સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) તથા (૪) કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મ.

લોકમાં જે સૌથી મહાન હોય તેને ઉત્તમ કહે છે. લોકમાં આ ચારેય સૌથી મહાન છે, તેથી ઉત્તમ છે.

હું ચારના શરણે જાઉં છું-(૧) અરહંત ભગવાનના (૨) સિદ્ધ ભગવાનના (૩) સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ)ના અને (૪) કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મના.

આરાધનને શરણ કહેવામાં આવે છે. પંચપરમેષ્ઠીએ બતાવેલ માર્ગે ચાલીને પોતાના આત્માનું શરણ લેવું તે જ પંચપરમેષ્ઠીનું શરણ છે.

ૐ હ્રીં અર્હન્તાદિને પુષ્પાંજલિ ક્ષેપણ કરું છું.

હું મંગલ ગાન (માંગલિક, જિનેન્દ્ર સ્વતન, પૂજનાદિ) વડે ગૂંજાયમાન આ શ્વેત-સુંદર જિનમંદિરમાં જિનેન્દ્રદેવનું જલ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફલ તથા અર્ઘ દ્વારા પૂજન કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધર તીર્થંકરને અર્ઘ અર્પણ કરું છું.

ૐ હ્રીં શ્રી ચોવીસ તીર્થંકરોને અર્ઘ અર્પણ કરું છું.

ૐ હ્રીં શ્રી ૧૦૦૮ નામધારી જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું.



# (૧૨) શ્રી પૂજા પીઠિકા

ૐ જય જય જય, નમોસ્તુ, નમોસ્તુ, નમોસ્તુ.

ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં,

ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં.

ૐ હ્રીં અનાદિમૂલમંત્રેભ્યો નમઃ

(ઉપર મુજબ પાઠ ભણી પુષ્પ એટલે ચંદનમિશ્રિત ચોખા થાળીમાં કરેલા સાથિયા ઉપર ચડાવવા.)

## મંગલ

ચત્તારિ મંગલં—અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપણત્તો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા—અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપણત્તો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ સરણં પવ્વજ્જામિ—અરહંતે સરણં પવ્વજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ, કેવલિપણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.

ૐ નમોઽર્હતે સ્વાહા. (પુષ્પાંજલિ ચડાવવી)

ઉદકચન્દનતન્દુલપુષ્પકૈશ્ચરુસુદીપસુધૂપફલાર્ઘકૈઃ
ધવલમંગલગાનરવાકુલે જિનગ્રહે જિનનાથમહં યજે.

ૐ હ્રીં શ્રીસીમંધરતીર્થંકરાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી ચતુર્વિંશતિતીર્થંકરેભ્યઃ અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી ભગવજ્જિનસહસ્રનામેભ્યઃ અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(આ સિવાય બીજા જે ભગવંતો બિરાજમાન હોય તે ભગવંતોનું નામ લઈને અર્ઘ ચડાવવો.)

*

# (૧૩) મંગલ વિધાન

મનુષ્ય પવિત્ર કે અપવિત્ર હોય, યોગ્ય કે અયોગ્ય સ્થાન હોય તો પણ, પંચપરમેષ્ઠીના નમસ્કાર મંત્રનો જાપ કરવાથી બધાં જ પાપોથી છૂટી જાય છે. ૧.

શુભ કે અશુભ અથવા અન્ય સર્વ અવસ્થાઓમાં રહીને જે પુરુષ પરમાત્માનું સ્મરણ કરે છે, તે અંતરંગ અને બહિરંગ બધી રીતે પવિત્ર છે. ૨.

અજેય એવો આ નમસ્કાર મંત્ર બધાં જ વિઘ્નોનો વિનાશ કરવાવાળો છે અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ માનવામાં આવ્યો છે. ૩.

આ નમસ્કાર મંત્ર બધાં જ પાપોનો નાશ કરવાવાળો અને બધાં જ મંગળોમાં મુખ્ય મંગળ છે. તેનું સ્મરણ પણ મંગળરૂપ છે. ૪.

'અર્હમ્'એ અક્ષર પરબ્રહ્મ–પરમેષ્ઠિનો વાચક છે અને સિદ્ધ–સમૂહનો સત્ બીજાક્ષર છે. હું તેને મન–વચન–કાયાથી નમસ્કાર કરું છું. ૫.

આઠ કર્મોથી રહિત, મુક્તિરૂપી લક્ષ્મીનું મંદિર અને સમ્યક્ત્વાદિ ગુણોથી યુક્ત સિદ્ધસમૂહને હું નમસ્કાર કરું છું. ૬.

ભગવાન જિનેન્દ્રની સ્તુતિ કરવાથી વિઘ્નોનો નાશ થાય છે, શાકિની, ભૂત અને સર્પોનો ભય રહેતો નથી અને વિષ (ઝેર) નિર્વિષ થઈ જાય છે. ૭.

(પુષ્પાંજલિ ક્ષેપણ કરવી.)





# (૧૩) મંગલ વિધાન

અપવિત્રઃ પવિત્રો વા સુસ્થિતો દુઃસ્થિતોઽપિ વા,
ધ્યાયેત્પંચનમસ્કારં સર્વપાપૈઃ પ્રમુચ્યતે. ૧

અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોઽપિ વા,
યઃ સ્મરેત્પરમાત્માનં સ બાહ્યાભ્યંતરે શુચિઃ. ૨

અપરાજિતમંત્રોઽયં સર્વ વિઘ્નવિનાશનઃ,
મંગલેષુ ચ સર્વેષુ પ્રથમં મંગલં મતઃ. ૩

એસો પંચણમોયારો સવ્વપાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં પઢમં હોઇ મંગલં. ૪

અર્હમિત્યક્ષરં બ્રહ્મવાચકં પરમેષ્ઠિનઃ,
સિદ્ધચક્રસ્ય સદ્‌બીજં સર્વતઃ પ્રણમામ્યહમ્. ૫

કર્માષ્ટકવિનિર્મુક્તં મોક્ષલક્ષ્મીનિકેતનમ્,
સમ્યક્ત્વાદિગુણોપેતં સિદ્ધચક્રં નમામ્યહમ્. ૬

વિઘ્નૌઘાઃ પ્રલયં યાન્તિ શાકિનીભૂતપન્નગાઃ,
વિષં નિર્વિષતાં યાતિ સ્તૂયમાને જિનેશ્વરે. ૭

(અહીં પુષ્પાંજલિનું ક્ષેપણ કરવું)



# (૧૪) પૂજા પ્રતિજ્ઞા પાઠ

હું ત્રણલોકના સ્વામી, સ્યાદ્વાદ વિદ્યાના નાયક, અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્યના ધારક જિનેન્દ્રદેવને નમસ્કાર કરીને જિનેન્દ્રદેવની પૂજાની વિધિ કહું છું કે જે પૂજન મૂલસંઘના સમ્યક્દૃષ્ટિ પુરુષો માટે પુણ્યબંધનું મુખ્ય કારણ છે. ૧.

ત્રણલોકના ગુરુ તથા જિનપ્રધાન (કષાયોને જીતવાવાળા મુનિશ્વરોના સ્વામી), સ્વભાવના મહિમાનો ઉદય થવાથી ભલા પ્રકારે સ્થિત રહેલા, કેવલદર્શન–જ્ઞાનપ્રકાશથી યુક્ત તેમ જ આનંદદાયક, સુંદર અને અદ્‌ભુત (સમવસરણાદિ) વૈભવવાળા હે જિનેન્દ્ર ભગવાન! આપ કલ્યાણરૂપ થાઓ. (–અમારું કલ્યાણ કરો.) ૨.

ભાવતરંગરૂપ અને નિર્મળ કેવળજ્ઞાનરૂપી અમૃતમાં ડૂબકી મારવાવાળા, સ્વભાવ અને પરભાવના પ્રકાશક, ત્રણલોકમાં વ્યાપ્ત એકમાત્ર જ્ઞાનને પ્રગટ કરવાવાળા અને ત્રણકાળવર્તી સર્વ પદાર્થોમાં જ્ઞાન દ્વારા વ્યાપ્ત જિનેન્દ્ર ભગવાન કલ્યાણરૂપ થાઓ. ૩.

મારા ભાવોની પરમશુદ્ધતા પામવાનો અભિલાષી એવો હું, જલ, ચંદનાદિ દ્રવ્યોને લઈને જિનસ્તવન, જિનબિમ્બદર્શન આદિ અનેક અવલમ્બનોનો આશ્રય લઈને ભૂતાર્થને જાણનારા પૂજ્ય અરહંતાદિનું પૂજન કરું છું. ૪.

હે અરહંત દેવ! હે પુરાણપુરુષ! હે પુરુષોત્તમ! નિર્બળ એવો હું બધાં જ જલાદિ પવિત્ર (અષ્ટ) દ્રવ્યોનું આલંબન લઈને મારા સમસ્ત પુણ્યને આ દેદીપ્યમાન નિર્મલ કેવલજ્ઞાનરૂપી અગ્નિમાં એકાગ્રચિત્તે હવન કરું છું. ૫.

(પુષ્પાંજલિ ક્ષેપણ કરું છું)



# (૧૪) પૂજા પ્રતિજ્ઞા પાઠ

(વસંતતિલકા)

શ્રીમજ્જિનેન્દ્રમભિવંદ્ય જગત્ત્રયેશં,
સ્યાદ્વાદનાયકમનન્તચતુષ્ટયાર્હમ્;
શ્રીમૂલસંઘસુદૃશાં સુકૃતૈકહેતુઃ,
જૈનેન્દ્રયજ્ઞવિધિરેષ મયાઽભ્યધાયિ. ૧

સ્વસ્તિ ત્રિલોકગુરવે જિનપુંગવાય,
સ્વસ્તિ સ્વભાવમહિમોદયસુસ્થિતાય;
સ્વસ્તિ પ્રકાશસહજોર્જિતદૃઙ્મયાય,
સ્વસ્તિ પ્રસન્નલલિતાદ્‌ભુતવૈભવાય. ૨

સ્વસ્ત્યુચ્છલદ્વિમલબોધસુધાપ્લવાય,
સ્વસ્તિ સ્વભાવપરભાવવિભાસકાય;
સ્વસ્તિ ત્રિલોકવિતતૈકચિદુદ્‌ગમાય,
સ્વસ્તિ ત્રિકાલસકલાયતવિસ્તૃતાય. ૩

દ્રવ્યસ્ય શુદ્ધિમધિગમ્ય યથાનુરૂપં,
ભાવસ્ય શુદ્ધિમધિકામધિગન્તુકામઃ;
આલંબનાનિ વિવિધાન્યવલમ્બ્ય વલ્ગન્,
ભૂતાર્થયજ્ઞપુરુષસ્ય કરોમિ યજ્ઞમ્. ૪

અર્હત્પુરાણપુરુષોત્તમપાવનાનિ,
વસ્તૂન્યનૂનમખિલાન્યયમેક એવ;
અસ્મિન્ જ્વલદ્વિમલકેવલબોધવહ્નૌ,
પુણ્યં સમગ્રમહમેકમના જુહોમિ. ૫

(પુષ્પાંજલિ ચઢાવવી)

## (૧૫) શ્રી જિનેન્દ્ર સ્વસ્તિ મંગલ પાઠ

શ્રી ઋષભ જિન અમને મંગળરૂપ હો.
શ્રી અજિત જિન અમને મંગળરૂપ હો.
શ્રી સંભવ જિન અમને મંગળરૂપ હો.
શ્રી અભિનંદન જિન અમને મંગળરૂપ હો.
શ્રી સુમતિ જિન અમને મંગળરૂપ હો.
શ્રી પદ્મપ્રભ જિન અમને મંગળરૂપ હો.
શ્રી સુપાર્શ્વ જિન અમને મંગળરૂપ હો.
શ્રી ચંદ્રપ્રભ જિન અમને મંગળરૂપ હો.
શ્રી પુષ્પદંત જિન અમને મંગળરૂપ હો.
શ્રી શીતલ જિન અમને મંગળરૂપ હો.
શ્રી શ્રેયાંસ જિન અમને મંગળરૂપ હો.
શ્રી વાસુપૂજ્ય જિન અમને મંગળરૂપ હો.
શ્રી વિમલ જિન અમને મંગળરૂપ હો.
શ્રી અનંત જિન અમને મંગળરૂપ હો.
શ્રી ધર્મ જિન અમને મંગળરૂપ હો.
શ્રી શાંતિ જિન અમને મંગળરૂપ હો.
શ્રી કુંથુ જિન અમને મંગળરૂપ હો.
શ્રી અરહ જિન અમને મંગળરૂપ હો.
શ્રી મલ્લિનાથ જિન અમને મંગળરૂપ હો.
શ્રી મુનિસુવ્રત જિન અમને મંગળરૂપ હો.
શ્રી નમિનાથ જિન અમને મંગળરૂપ હો.
શ્રી નેમિનાથ જિન અમને મંગળરૂપ હો.
શ્રી પાર્શ્વનાથ જિન અમને મંગળરૂપ હો.
શ્રી મહાવીર જિન અમને મંગળરૂપ હો.

(પુષ્પાંજલિ ક્ષેપણ કરું છું.)



## (૧૫) શ્રી જિનેન્દ્ર સ્વસ્તિ મંગલ પાઠ

શ્રીવૃષભો નઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅજિતઃ;
શ્રીસંભવઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅભિનંદનઃ

શ્રીસુમતિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીપદ્મપ્રભઃ;
શ્રી સુપાર્શ્વઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીચન્દ્રપ્રભઃ.

શ્રીપુષ્પદન્તઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીશીતલઃ;
શ્રીશ્રેયાન્ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીવાસુપૂજ્યઃ.

શ્રીવિમલઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅનન્તઃ;
શ્રીધર્મઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીશાન્તિઃ.

શ્રીકુંથુઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅરનાથઃ;
શ્રીમલ્લિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીમુનિસુવ્રતઃ.

શ્રીનમિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીનેમિનાથઃ;
શ્રીપાર્શ્વઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીવર્ધમાનઃ.

(પુષ્પાંજલિ ચઢાવવી)



## (૧૬) પરમ ઋષિ સ્વસ્તિ મંગલ પાઠ

**બુદ્ધિ–ઋદ્ધિધારક ઋષિ (૧૮)**

**અર્થ :** (૧) અવિનાશી અચલ અને અદ્‌ભુત કેવળજ્ઞાનના ધારક, (૨) દેદીપ્યમાન મનઃપર્યયજ્ઞાનરૂપ શુદ્ધજ્ઞાનવાળા તથા (૩) દિવ્ય અવધિજ્ઞાનધારી પ્રબુદ્ધ મહાઋષિ અમારું કલ્યાણ કરો. ૧.

**અર્થ :** (૪) કોષ્ઠસ્થ ધાન્યોપમ (કોઠીના ધાન્યની જેમ બુદ્ધિમાં જ્ઞાનને ધારી રાખનાર) (૫) બીજબુદ્ધિ (સંપૂર્ણ શાસ્ત્રને વિચારીને ગ્રહણ કરી લે) (૬) સંભિન્ન શ્રોતૃત્વ (ચક્રવર્તીની સેનાના બધા શબ્દો એકીસાથે ગ્રહણ થઈ જાય) (૭) પદાનુસારી (શાસ્ત્રનો કોઈ ભાગ સાંભળી આગળનો ભાગ ગ્રહણ કરી લે) આ ચાર પ્રકારની બુદ્ધિ–ઋદ્ધિને ધારણ કરવાવાળા ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૨.

**અર્થ :** (૮) સંસ્પર્શન (સ્પર્શેન્દ્રિયનાં ઉત્કૃષ્ટ વિષયક્ષેત્રની બહારનાં સંખ્યાત યોજન સુધીનાં સ્પર્શને જાણી લેવું.) (૯) સંશ્રવણ (કર્ણેન્દ્રિયના ઉત્કૃષ્ટ વિષયક્ષેત્રની બહારના સંખ્યાત યોજન સુધીનાં શબ્દોને સાંભળી લેવા.) (૧૦) દૂરાસ્વાદન (રસેન્દ્રિયના ઉત્કૃષ્ટ વિષયક્ષેત્રની બહારના સંખ્યાત યોજન સુધીના સ્વાદને જાણી લેવા.) (૧૧) દૂરઘ્રાણ (ઘ્રાણેન્દ્રિય–ગંધના ઉત્કૃષ્ટ વિષય ક્ષેત્રની બહારના સંખ્યાત યોજન સુધીની અનેક પ્રકારની ગંધને જાણી લે.) (૧૨) દૂરાવલોકન (ચક્ષુઇન્દ્રિયના ઉત્કૃષ્ટ વિષય ક્ષેત્રની બહારના સંખ્યાત યોજન સુધીના અનેક પ્રકારના વિષયને દેખે)–એ પાંચ ઈન્દ્રિયોના વિષયોને ધારણ કરવાવાળા બુદ્ધિ–ઋદ્ધિ ધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૩.

**અર્થ :** (૧૩) પ્રજ્ઞાશ્રવણ ઋદ્ધિ (અભ્યાસ કર્યા વિના ચૌદ પૂર્વનું જ્ઞાન થાય) (૧૪) પ્રત્યેક બુદ્ધિઋદ્ધિ (ગુરુના ઉપદેશ વિના સમ્યક્જ્ઞાન તથા તપની પ્રાપ્તિ થાય.) (૧૫) અભિન્ન દશપૂર્વી ઋદ્ધિ (દશપૂર્વના ધારક). (૧૬) ચતુર્દશપૂર્વી (શ્રુત–કેવળી ચૌદ પૂર્વના ધારક) (૧૭) વાદીત્વ બુદ્ધિઋદ્ધિ (જેના દ્વારા અન્યમતીને વિવાદમાં હરાવી દે) અને (૧૮) અષ્ટાંગ મહાનિમિત્ત બુદ્ધિ ઋદ્ધિ (આકાશ, જમીન, અંગ, સ્વર, વ્યંજન, લક્ષણ, ચિહ્ન, સ્વપ્ન એ આઠ પ્રકારના નિમિત્તમાં થતા ફેરફાર પરથી ત્રણ કાળમાં થવાવાળા સુખ–દુઃખને જાણી લે)–એ બુદ્ધિ ઋદ્ધિધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૪.



## (૧૬) પરમ ઋષિ સ્વસ્તિ મંગલ પાઠ

(ઉપજાતિ)

નિત્યાપ્રકમ્પાદ્‌ભુતકેવલૌઘાઃ　સ્ફુરન્મનઃપર્યયશુદ્ધબોધાઃ,
દિવ્યાવધિજ્ઞાનબલપ્રબોધાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ. ૧

(અહીં તથા આગળના પ્રત્યેક શ્લોકનાં અંતે પુષ્પાંજલિ ચઢાવવી.)

કોષ્ઠસ્થધાન્યોપમમેકબીજં,　સંભિન્નસંશ્રોતૃપદાનુસારિ,
ચતુર્વિધં બુદ્ધિબલં દધાનાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ. ૨

સંસ્પર્શનં સંશ્રવણં ચ દૂરાદાસ્વાદનઘ્રાણવિલોકનાનિ,
દિવ્યાન્મતિજ્ઞાનબલાદ્ વહંતઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ. ૩

પ્રજ્ઞાપ્રધાનાઃ શ્રમણાઃ સમૃદ્ધાઃ પ્રત્યેકબુદ્ધાઃ દશસર્વપૂર્વૈઃ,
પ્રવાદિનોઽષ્ટાંગનિમિત્તવિજ્ઞાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ. ૪



**ચારણઋદ્ધિધારક ઋષિ (૯)**

(૧૯) જંઘાચારણ ઋદ્ધિ (જમીનથી ચાર આંગળ ઊંચે ચાલે). (૨૦) અગ્નિશિખા ચારણઋદ્ધિ –(અગ્નિ ઉપર ચાલે) (૨૧) શ્રેણી ચારણ ઋદ્ધિ (પ્રકાશ અને પવન સાથે શ્રેણીવત ગમન કરે) (૨૨–૨૭) ફળ, જળ, તન્તુ, પુષ્પ, બીજ, અંકુર ચારણઋદ્ધિધારી મુનિ–ફળ, પાણી, કરોળિયાના જાળા, ફૂલ, બીજ કે અંકુર ઉપરથી ચાલ્યા જાય. (ચારણઋદ્ધિધારી મુનિઓ ઉપર મુજબ ચાલે ત્યારે તેમનાથી કોઈ પ્રકારના જીવને બાધા આવે નહીં)–એ ચારણ ઋદ્ધિધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૫.

**વિક્રિયાઋદ્ધિધારક ઋષિ (૧૧) અને બળ ઋદ્ધિધારક ઋષિ (૩)**

**અર્થ :** (૨૮) અણિમા ઋદ્ધિ (આ ઋદ્ધિધારી મુનિ અણુ જેટલા છિદ્રમાં પ્રવેશી શકે અને પછી વિક્રિયા કરે તો ચક્રવર્તીની આખી સેના સમાઈ જાય). (૨૯) મહિમા ઋદ્ધિ (શરીર મેરુ સમાન એક લાખ યોજન થઈ જાય) (૩૦) લઘિમા ઋદ્ધિ (પવન અને પ્રકાશ કરતાં પણ શરીર હલકું થઈ જાય). (૩૧) ગરિમા ઋદ્ધિ (વજ્ર કરતાં પણ અધિક ઘનરૂપ શરીર થાય) (૩૨) મનોબળ ઋદ્ધિ (એક અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ શ્રુતનું ચિંતવન કરે). (૩૩) વચનબળ ઋદ્ધિ (એક અંતર્મુહૂર્તમાં ભૂલ કે થાક વગર બાર અંગ બોલી જાય) અને (૩૪) કાયબળ ઋદ્ધિ (એક વર્ષ સ્થિર ઊભા રહે અને આંગળીથી ત્રણ લોકને ઊંચા કરે એવી શક્તિ)–એ ચારણ–બળઋદ્ધિધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૬


**અર્થ :** (૩૫) કામરુપિત્વ ઋદ્ધિ (મુનિ એક જ સમયમાં અનેક પ્રકારના રૂપ ધારણ કરે), (૩૬) વશિત્વ ઋદ્ધિ (ત્રણ લોકના જીવો વશ થઈ જાય). (૩૭) ઈશિત્વ ઋદ્ધિ (ત્રણ લોકના જીવો પર પ્રભુત્વ પ્રાપ્ત થાય), (૩૮) પ્રાકામ્ય ઋદ્ધિ (પાણીની જેમ જમીનમાં અંદર જઈ શકે). (૩૮) અંતર્ધાન ઋદ્ધિ (અદ્રશ્ય થઈ જાય) (૪૦) આપ્તિ ઋદ્ધિ (પૃથ્વી પરથી ચંદ્ર, સૂર્યને સ્પર્શે અને ફેરવે) અને (૪૧) અપ્રતિઘાત ઋદ્ધિ (છિદ્ર પાડ્યા વગર વૃક્ષ અને પર્વતની આરપાર નીકળી જાય)–એ ચારણઋદ્ધિધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૭.



જંઘાવલિશ્રેણિફલામ્બુતન્તુપ્રસૂનબીજાંકુર ચારણાહ્વા:,
નભોગણસ્વૈરવિહારિણશ્ચ સ્વસ્તિ ક્રિયાસુ: પરમર્ષયો ન:. ૫

અણિમ્નિદક્ષા: કુશલા મહિમ્નિ લઘિમ્નિ શકતા: કૃતિનો ગરિમ્નિ,
મનોવપુર્વાગ્બલિનશ્ચ નિત્યં સ્વસ્તિ ક્રિયાસુ: પરમર્ષયો ન:. ૬

સકામરૂપિત્વવશિત્વમૈશ્યં પ્રાકામ્યમન્તર્દ્ધિમથાપ્તિમાપ્તા:,
તથાડપ્રતિઘાતગુણપ્રધાના: સ્વસ્તિ ક્રિયાસુ: પરમર્ષયો ન:. ૭




(૧) અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિવરોના ઉપસર્ગના પ્રસંગે ક્ષુલ્લકજી ઋદ્ધિધારક વિષ્ણુકુમાર મુનિ પાસે આવીને તેમને પ્રગટેલ ઋદ્ધિના બળે મુનિઓનો ઉપસર્ગ દૂર કરવા વિનંતી કરે છે.

(૨) મુનિરાજ પોતાની ઋદ્ધિનું પારખું કરવા, હાથને લંબાવતા હાથ પહાડની આરપાર નીકળી જાય છે.

### તપોતિશય ઋદ્ધિધારક ઋષિ (૭)

**અર્થ :** (૪૨) દિપ્ત તપોતિશય ઋદ્ધિ (અનેક પ્રકારના તપ કરે તો પણ શરીરની કાંતિ વધે). (૪૩) તપ્ત તપોતિશય ઋદ્ધિ (આહાર કરે તે ક્ષીણ થઈ જાય, મળમૂત્ર ન બને) (૪૪) મહાતપોતિશય ઋદ્ધિ (મતિ, શ્રુત, અવધિજ્ઞાનથી ત્રસ નાડીની અંદરના બધા ભાવોને જાણી લે). (૪૫) ઉગ્ર તપોતિશય ઋદ્ધિ (એક ઉપવાસ કરી અને પછી એક ઉમેરતા જતાં આમરણાંત ઉપવાસ કરે). (૪૬) ઘોર તપોતિશય ઋદ્ધિ (શરીરમાં રોગ આવે તો ચલિત ન થાય અને ઉપવાસ કરે). (૪૭) ઘોર પરાક્રમ તપોતિશય ઋદ્ધિ (ઉપવાસાદિ કાયા ક્લેશ વધારતાં ત્રણ લોકમાં સંહારની શક્તિ આવી જાય) અને (૪૮) ઘોર બ્રહ્મચર્ય તપોતિશય ઋદ્ધિ (ઉગ્રતપ સાથે બ્રહ્મચર્યનું પાલન કરતા આવા મુનિરાજ હોય ત્યાં મરી વગેરે રોગ મટી જાય) એ તપોતિશય ઋદ્ધિધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૮.

### ઔષધઋદ્ધિધારક ઋષિ (૮)

**અર્થ :** (૪૯) આમર્ષ ઔષધ ઋદ્ધિ (મુનિરાજના હાથ પગને અડવાથી રોગ મટી જાય). (૫૦) સર્વૌષધ ઋદ્ધિ (મુનિરાજના શરીરને અડીને આવતા પવન કે પાણીથી રોગ મટી જાય). (૫૧) આસ્ય વિષૌષધ ઋદ્ધિ (ઝેર અમૃત થઈ જાય) (૫૨) દૃષ્ટિ વિષ ઔષધઋદ્ધિ (મુનિરાજની દૃષ્ટિ પડતાં ઝેર ઉતરી જાય કે રોગ મટી જાય). (૫૩) ક્ષ્વેલ ઔષધિ ઋદ્ધિ (મુનિરાજના થૂંકથી રોગ મટી જાય) (૫૪) વિડૌષધિ ઋદ્ધિ–મુનિરાજના મળમૂત્ર વીર્ય વગેરેથી રોગ મટી જાય, (૫૫) જલૌષધિ ઋદ્ધિ–મુનિરાજના પરસેવા ઉપર લાગેલી રજથી રોગ મટી જાય અને (૫૬) મલોષધિઋદ્ધિ–મુનિરાજના દાંત તથા નાકના મેલથી રોગ મટી જાય–એ ઔષધ ઋદ્ધિધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૯.

### રસઋદ્ધિધારક ઋષિ (૬) અને અક્ષીણઋદ્ધિધારક ઋષિ (૨)

**અર્થ :** (૫૭) ક્ષીરસ્ત્રાવી ઋદ્ધિ (મુનિરાજના હાથમાં રહેલ સૂકો ખોરાક દૂધવાળો થઈ જાય. (૫૮) ઘૃતસ્ત્રાવી ઋદ્ધિ (મુનિરાજના હાથમાં રહેલ સૂકો ખોરાક ઘીવાળો થઈ જાય.) (૫૯) મધુસ્ત્રાવી ઋદ્ધિ (મુનિરાજના હાથમાં આવેલો સૂકો ખોરાક મધુર–મિષ્ટ થઈ જાય) (૬૦)




દીપ્તં ચ તપ્તં ચ તથા મહોગ્રં ઘોરં તપો ઘોરપરાક્રમસ્થાઃ,
બ્રહ્માપરં ઘોરગુણાશ્ચરન્તઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ. ૮

આમર્ષર્વૌષધયસ્તથાશીર્વિષંવિષા દૃષ્ટિવિષંવિષાશ્ચ,
સખિલ્લવિડ્જલ્લમલૌષધીશાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ. ૯

ક્ષીરંસ્રવન્તોઽત્ર ઘૃતં સ્રવન્તો મધુ સ્રવન્તોઽપ્યમૃતં સ્રવન્તઃ,
અક્ષીણસંવાસમહાનસાશ્ચ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ. ૧૦

(ઈતિ સ્વસ્તિમંગલવિધાનમ્. પુષ્પાંજલિં.)

*



(૧) ઋદ્ધિના બળે કુષ્ટરોગ દૂર કરનાર શ્રી વાદિરાજ મુનિરાજ


અમૃતસ્ત્રાવી ઋદ્ધિ (મુનિરાજના હાથમાં રહેલું વિષવાળું ભોજન પણ અમૃત થઈ જાય). (૬૧) આશીર્વિષ ઋદ્ધિ (કોઈ તપસ્વી મુનિ દ્વારા કોઈ કર્મના ઉદયે 'મર' એમ વચન નીકળતા તે વ્યક્તિ મરી જાય) (૬૨) દૃષ્ટિ વિષ ઋદ્ધિ (કોઈ કર્મના ઉદયવશ મુનિની કોઈ ઉપર ક્રોધ દૃષ્ટિ થાય તો તે વ્યક્તિ મરી જાય). (૬૩) અક્ષીણ મહાનસ ઋદ્ધિ (મુનિરાજ જેના ઘરે આહાર કરે તેના ઘરમાં બનાવેલી વસ્તુ ચક્રવર્તીની આખી સેના જમે તો પણ ખૂટે નહીં) અને (૬૪) અક્ષીણ સંવાસ ઋદ્ધિ (આ ઋદ્ધિરાજ મુનિ ચાર હાથ જગ્યામાં બેઠા હોય તો તેટલી જગ્યામાં ચક્રવર્તીની આખી સેના સમાઈ જાય)—એ રસઋદ્ધિધારક ઋષિરાજ અને અક્ષીણ ઋદ્ધિધારક ઋષિરાજ અમારું કલ્યાણ કરો. ૧૦

(પુષ્પાંજલિ ક્ષેપણ કરું છું.)



(૧) ઋદ્ધિધારક સપ્ત ઋષિરાજના આગમનથી મરી આદિ રોગ દૂર થાય છે.





(૧) શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રે ધ્યાનસ્થ પાંચ પાંડવ મુનિરાજ

# (૧૭) શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ-પૂજન

**સ્થાપના :** હે જિનરાજ! આપ સત્યમાર્ગ દેખાડનાર, જ્ઞાન દાન આપનારા, અમારા આશ્રયદાતા, અમારા ઉપર કરૂણા કરનાર, અમારા જેવા રંકનો ઉદ્ધાર કરનાર, વિમળજ્ઞાની, શાંતમૂર્તિ, દિવ્યગુણોથી શોભાયમાન છો, પૂર્ણ સુખના દાતાર, પાપ અને ભયને દૂર કરવાવાળા વિમળ લક્ષણયુક્ત અને અનંતગુણોને ધારી રાખવાવાળા છો, ધૈર્યમાં મેરુ સમાન છો, અજર (જન્મ રહિત) છો, અમર (મરણરહિત) છો, અને ચક્રવર્તી આદિ દ્વારા વંદિત છો. હે સીમંધર ભગવાન! મેઘ ગર્જના કરવાવાળી આપની દિવ્યધ્વનિથી આપે અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે એટલા માટે ભક્તજન એવો હું, આપના ચરણોનો સેવક છું.

હે સીમંધર પ્રભુ! જય કરો.

હે કુંદકુંદ પ્રભુ! જય કરો.

હે સદ્‌ગુરુ પ્રભુ! જય કરો.

હું અરિહંત ભગવાનના ચરણ પૂજું છું; તથા જિનવાણીને ગુરુપદ (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)ને નિત્ય અષ્ટપ્રકારી પૂજા વડે પૂજું છું.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ સમૂહ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ સમૂહ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ સમૂહ મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** પૂજા બે પ્રકારની હોય છે. (૧) દ્રવ્યપૂજા, (૨) ભાવપૂજા અને તે ગુણોનું (પુણ્યોનું) કારણ છે. જન્મ મરણના અભાવ માટે ભાવરૂપી જળથી સિંચન કરું છું. હે અરિહંત ભગવાન આપ અવિનાશી, એક અખંડ છો, માનરહિત છો, જન્મ–જરા–મરણથી રહિત છો અને ભયને દૂર કરવાવાળા ભગવાન છો. હું કર્મોથી મુક્ત છું, બધા (સંસારિક) કાર્યથી નિવૃત્ત છું, સિદ્ધ છું, જ્ઞાનસ્વરૂપ છું, અનાદિનો છું, તેથી અજન્મા છું. સુખથી ભરપૂર છું. કલ્યાણ સ્વરૂપ છું, જ્ઞાન–દર્શનથી એકમેક છું આવા આત્માને જે ધ્યાવે છે, એ જ અલ્પકાળમાં બધા કર્મોથી મુક્ત આત્માને પ્રાપ્ત કરે છે.



# (૧૭) શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા

(હરિગીત)

સન્માર્ગદર્શી, બોધિદાતા, કૃપા અતિ વર્ષાવતા,
આશ્રય અને કરુણા થકી, અમ રંકને ઉદ્ધારતા;
વિમળજ્ઞાની શાંતમૂર્તિ, દિવ્ય ગુણે દીપતા,
જિનરાજજી તુમ ચરણમાં, દીન ભાવથી હો વંદના.
ઈમ સકલ સુખકર, દુરિત ભયહર, વિમલ લક્ષણ ગુણધરો,
પ્રભુ અજર, અમર, નરેન્દ્રવંદિત, વિનવ્યો સીમંધરો;
નિજ નાદતર્જિત, મેઘગર્જિત, ધૈર્યનિર્જિત મંદરો,
રે ભક્તજન હું ચરણસેવક, સીમંધરપ્રભુ જય કરો.
શ્રી કુંદકુંદપ્રભુ જય કરો.
શ્રી સદ્‌ગુરુપ્રભુ જય કરો.

(દોહરો)

પૂજું પદ અરહંતના, પૂજું ગુરુપદ સાર;
પૂજું દેવી સરસ્વતી, નિત પ્રતિ અષ્ટ પ્રકાર.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

(દોહરો)

પૂજા પ્રકાર દોય છે, દ્રવ્ય ભાવ ગુણધામ;
સીંચું ભાવજળે કરી, જન્મમરણ ક્ષયઠામ.
અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન.

(હરિગીત)

વિમુક્ત છું, નિવૃત્ત છું, હું સિદ્ધ છું ને બ્રહ્મ છું,
હું જન્મને જાણું નહિ, સુખથી ભરેલો શિવ છું,
તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે;
બસ અલ્પકાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેશ્વરના ચરણકમળની પૂજા અર્થે અને દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા અર્થે જન્મ-જરા-મરણના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** જેમાં શીતલ ગુણો છે. આવા ધનસાર ચંદન ઘસીને લગાડવાથી શીતલતા મળે છે એ પ્રકારે જિનેશ્વર ભગવાનની સંગતિ શીતલતા અને સુખ દેવાવાળી છે.

વીતરાગ ભગવાનના વચનામૃત પરમ શાંતરસના મૂળ છે અને ભવરોગ મટાડવાને ઔષધ સમાન છે પણ તે કાયર (પુરુષાર્થહીન)ને માટે પ્રતિકૂળ ભાસે છે.

જિનભક્તિ કલ્પતરુ સમાન છે. જેની છાંયા શીતલતા પ્રદાન કરે છે મન વાંછિત ફળની જ્યાં પ્રાપ્તિ થાય છે, એવી ફળદાયક પ્રભુભક્તિને તમે ધારણ કરો અને ભગવાનને ભજીને દુ:ખમય ભવભ્રમણનો અંત લાવો.

પુણ્ય–પાપરૂપ પરિણમતાં, મન વચન અને કાયાના યોગને પોતાના આત્મા વડે રોકીને, દર્શન જ્ઞાનમાં સ્થિર થઈ, પરદ્રવ્યની ઇચ્છા પરિહરો–છોડો.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેશ્વરના ચરણકમળની પૂજા અર્થે અને દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા અર્થે સંસારતાપના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** અવિનાશીપદ (મોક્ષપદ)ની પ્રાપ્તિ માટે, અખંડ અક્ષતની પૂજા સારરૂપ છે. અખંડ અવિનાશી એવા જિનપ્રભુને પૂજતાં, જયકાર એવા અમૂલ્ય મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

વિભાવ પરિણતિના આલંબનરૂપ સાધનોને ત્યાગીને તેનાથી મન હટાવીને, અક્ષય જ્ઞાન–દર્શન–વૈરાગ્ય જાગૃત થતાં, જાણે આનંદઘન પ્રભુ જાગૃત થાય છે.

દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમેલ આત્મા એવું જાણે છે કે નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, સદા અરૂપી છું, ખરેખર જ્ઞાનદર્શનમય જ મારું સ્વરૂપ છે. અન્ય પરદ્રવ્ય, પરમાણું માત્ર પણ મારું નથી.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેશ્વરના ચરણકમળની પૂજા અર્થે અને દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા અર્થે અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.



ૐ હ્રીં શ્રીસીમંધરજિનેશ્વરચરણકમલપૂજનાર્થે દેવશાસ્ત્રગુરુપૂજાર્થે જન્મજરામરણવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

(દોહરો)

શીતલ ગુણ જેમાં રહ્યો, શીતળ જિન સુખ સંગ;
ચંદન ઘસી ઘનસારસું, પૂજીજે મનરંગ.
વચનામૃત વીતરાગનાં, પરમશાંતરસમૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

(ત્રોટક)

શુભ શીતળતામય છાંય રહી,
મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુકલ્પ અહો,
ભજીને ભગવંત ભવંત લહો.

(હરિગીત)

પુણ્ય-પાપ યોગથી રોકીને, નિજ આત્મને આત્મા થકી;
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્ય ઇચ્છા પરિહરી.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેશ્વરચરણકમલપૂજનાર્થે દેવશાસ્ત્રગુરુપૂજાર્થે સંસારતાપ-વિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

(દોહરો)

અક્ષત પદ લેવા ભણી, અક્ષતપૂજા સાર;
અખંડાક્ષત જિન પૂજીએ, તો લહીએ જયકાર.

(ધનાશ્રી)

આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે.

(હરિગીત)

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી અરે.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેશ્વરચરણકમલપૂજનાર્થે દેવશાસ્ત્રગુરુપૂજાર્થે અક્ષયપદ-પ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

**પુષ્પ :** જગતના સર્વ જીવોનું હિત કરવાવાળા હે જિનવર! હું મારા સર્વોત્કૃષ્ટ ભાવથી આ પુષ્પ દ્વારા આપની પૂજા કરું છું. હે પ્રભુ! મારી કામભાવનાને તુરંત નાશ કરો.

જ્યાં અનંત સુખ છે અને કહેવા માત્ર દુઃખ છે ત્યાં જીવ મિત્રતા કરતો નથી અને જ્યાં અનંત દુઃખ છે અને કહેવા માત્ર (ઇન્દ્રિય) સુખ છે, તેમાં આ જીવ પ્રીતિ કરે છે. આ કેવી વિચિત્રતા છે! હવે તારા ન્યાયનેત્રને ઉઘાડ. તારા સાચા સ્વરૂપને નિહાળ! નિહાળ! શીઘ્ર નિવૃત્તિ લઈને તારી પરિણતિને પોતા તરફ વાળ. તારી મિથ્યા પ્રવૃત્તિને બાળી નાખ.

જે ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવદ્વારા, અન્ય દ્રવ્યોથી નિજ આત્માને અધિક (જુદો) જાણે છે તેને નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ ખરેખર 'જિતેન્દ્રિય' કહે છે.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેશ્વરના ચરણકમળની પૂજા અર્થે અને દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા અર્થે કામબાણના વિનાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** અણાહારી પદ પ્રાપ્ત કરવા અનેક પ્રકારના પક્વાન બનાવી આપના ચરણમાં ચઢાવું છું, વારંવાર વિનવું છું.

આ મારો આત્મા રસથી, રૂપથી, ગંધથી સદાય ભિન્ન છે, એમાં જરાયે મોહમાયાના ભાવ નથી. આવું સાચું તત્ત્વ સમજીને હું ચૈતન્યરસમાં રહું અને મારા અંતરમાં મારૂં ચિદાનંદ સ્વરૂપ નિરખું, એ જ એક ભાવના છે.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેશ્વરના ચરણકમળની પૂજા અર્થે અને દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા અર્થે ક્ષુધારોગના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** કેવળજ્ઞાનરૂપી પવિત્ર ઉત્કૃષ્ટ દીપ જે જગતના બધા પદાર્થોના ભાવોને પ્રકાશિત કરે છે. એવી આપની જ્ઞાનશક્તિ સર્વમાં છે, તેવી શક્તિ હું પણ પ્રગટ કરું. હે પ્રભુ! આપ જળહળ જ્યોતિ સ્વરૂપ છો. કેવળ કૃપાના નિધાન છો. હે ભયભંજન ભગવાન! આપના દર્શાવેલ માર્ગ પર આગળ વધવા પ્રેમપૂર્વક ફરી ફરી પ્રેરણા આપતા રહેજો.



(દોહરો)

જિનવર હિતજનતા કરી, પૂજો ભાવ અમાપ;
પુષ્પતણી પૂજા રચી, કામ હરો તત્કાળ.
અનંત સૌખ્ય, નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં વિચિત્રતા!
ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

(હરિગીત)

જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને;
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેશ્વરચરણકમલપૂજનાર્થે દેવશાસ્ત્રગુરુપૂજાર્થે કામબાણ-વિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

(દોહરો)

વિવિધ યુક્તિ પકવાનશું, લેઈ ચિત્ત ઉદાર;
અણાહારી પદ પામવા, વિનવું વારંવાર.

(ગઝલ)

રસે, રૂપે અને ગંધે, સદા છે ભિન્ન આ આત્મા,
જરાયે મોહ માયાના, નહીં છે ભાવ કંઈ એમાં;
ખરું હું તત્ત્વ સમજીને, રહું ચેતન તણા રસમાં,
ચિદાનંદી સ્વરૂપ મારું, નિહાળું આજ ભીતરમાં.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેશ્વરચરણકમલપૂજનાર્થે દેવશાસ્ત્રગુરુપૂજાર્થે ક્ષુધારોગ-વિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

(દોહરો)

જગપ્રદીપ દીપ શુભ, કરતાં ભાવો તેહ;
જ્ઞાનશક્તિમાં જે રહ્યું, પ્રગટ લહું નિજ તેહ.
જળહળ જ્યોતિસ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન.

સ્વયંભૂરમણ સમુદ્રને તરીને પાર થવું જેટલું કઠીન છે એમ મોહને જીતવો અતિ કઠીન છે. આ મોહનો સંપૂર્ણ ક્ષય કરતાં ક્ષીણમોહ ગુણસ્થાનમાં, સ્થિત થાય છે. આ ગુણસ્થાનના અંત સમયે પૂર્ણ સ્વરૂપ વીતરાગતાને પ્રાપ્ત કરીને હું નિજનિધાન કેવળજ્ઞાનને પ્રગટાવું એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?

મિથ્યાતમ કે કારણ મૈંને, નિજ આત્મસ્વરૂપ ન પહિચાના.
મૈં દીપ સમર્પણ કરતા હૂઁ, મોહાન્ધકાર ક્ષય હો સ્વામી;
હે પંચ પરમ પરમેષ્ઠી પ્રભુ, ભવ–દુઃખ મેટો અન્તર્યામી.

ૐ હ્રીં શ્રીપંચપરમેષ્ઠિભ્યઃ મોહાન્ધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭,

કર્મોં કી જ્વાલા ધધક રહી, સંસાર બઢ રહા હૈ પ્રતિપલ;
સંસાર સે આસ્રવ કો રોકૂઁ, નિર્જરા સુરભિ મહકે પલ પલ.
યહ ધૂપ ચઢાકર અબ આઠોં કર્મોં કા હનન કરૂઁ સ્વામી;
હે પંચ પરમ પરમેષ્ઠી પ્રભુ, ભવ દુઃખ મેટો અન્તર્યામી.

ૐ હ્રીં શ્રી પંચપરમેષ્ઠિભ્યઃ અષ્ટકર્મવિનાશનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

નિજ આત્મતત્ત્વ કા મનન કરૂઁ, ચિંતવન કરૂઁ નિજ ચેતન કા;
દો શ્રદ્ધા-જ્ઞાન-ચરિત્ર શ્રેષ્ઠ, સચ્ચા પથ મોક્ષ નિકેતન કા.
ઉત્તમ ફલ ચરણ ચઢાતા હૂઁ, નિર્વાણ મહાફલ હો સ્વામી;
હે પંચ પરમ પરમેષ્ઠી પ્રભુ, ભવ-દુઃખ મેટો અન્તર્યામી.

ૐ હ્રીં શ્રી પંચપરમેષ્ઠિભ્યઃ મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

જલ ચન્દન અક્ષત પુષ્પ દીપ, નૈવેદ્ય ધૂપ ફલ લાયા હૂઁ;
અબતક કે સંચિત કર્મોં કા, મૈં પુંજ જલાને આયા હૂઁ.
યહ અર્ઘ્ય સમર્પિત કરતા હૂઁ, અવિચલ અનર્ઘ્ય પદ દો સ્વામી;
હે પંચ પરમ પરમેષ્ઠી પ્રભુ, ભવ દુઃખ મેટો અન્તર્યામી.

ૐ હ્રીં શ્રીપંચપરમેષ્ઠિભ્યઃ અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(પદ્ધરિ)

જય વીતરાગ સર્વજ્ઞ પ્રભો, નિજ ધ્યાન લીન ગુણમય અપાર;
અષ્ટાદશ દોષ રહિત જિનવર, અરહન્ત દેવ કો નમસ્કાર. ૧.

અવિકલ અવિકારી અવિનાશી, નિજરૂપ નિરંજન નિરાકાર;
જય અજર અમર હે મુક્તિકંત, ભગવંત સિદ્ધ કો નમસ્કાર. ૨.

છત્રીસ સુગુણથી શોભિત, નિશ્ચય રત્નત્રયને હૃદયમાં ધારણ કરવાવાળા, અને મુક્તિવધુને વરવા માટે અનુરાગી એવા આચાર્ય સુગુરુને મારા નમસ્કાર. ૩.

અગિયાર અંગ અને ચૌદ પૂર્વ સહિત પચીસ ગુણોના ધારી, બાહ્ય–અભ્યંતર મુનિ મુદ્રાના ધારક એવા ઉપાધ્યાયને નમસ્કાર હો. ૪.

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સહિત ચારિત્રધર્મ, વૈરાગ્ય ભાવનાને હૃદયે ધરનાર અને દ્રવ્યભાવરૂપ, સંયમધરનાર સર્વ સાધુને નમસ્કાર હો. ૫.

ઘણા પુણ્યના સંયોગથી આ નરતન, જિનવાણી અને જિનદેવના ચરણના દર્શન મળ્યા છે. હવે મને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તો આ મારો મનુષ્યભવ સફળ થાય. ૬.

સ્વપરનો ભેદ જાણીને હું મારા આત્મામાં લીન રહું અને ભેદજ્ઞાન દ્વારા મારા આત્માને સ્વાધીન કરું. ૭.

નિજમાં રત્નત્રય ધારણ કરી, મારી સ્વ પરિણતિને ઓળખી અને પર પરિણતિથી વિમુખ થઈ સદા મારા સ્વજ્ઞાન તત્ત્વને જ જાણ્યા કરું. ૮.

જ્યારે હું જ્ઞાન–જ્ઞેય–જ્ઞાતાના પણ વિકલ્પ છોડી શુક્લધ્યાનને ધ્યાવીશ, ત્યારે ચાર ઘાતિ કર્મનો નાશ કરી, અરિહંત–મહાપદની પ્રાપ્તિ કરીશ. ૯.

હે પ્રભુ! નિશ્ચયથી તો મારું સ્વપદ સિદ્ધસમાન છે, તેને ક્યારે હું પ્રાપ્ત કરીશ? આપની સમ્યક્ પૂજાના ફળ સ્વરૂપ હવે હું મારા નિજસ્વરૂપને ઓળખીશ. ૧૦.

મારા નિજસ્વરૂપની પ્રાપ્તિ હેતુ મેં આપનું પૂજન કર્યું છે તો હે પ્રભુ, જ્યાં સુધી મને સિદ્ધધામની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આપના ચરણોમાં જ મારું ધ્યાન હોજો.

ૐ હ્રીં શ્રી અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સર્વ સાધુ પરમેષ્ઠીને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે જયમાલા મહા-અર્ઘ અર્પણ કરું છું. ૧૧.

નવકારમંત્ર મંગળરૂપ, અમંગળ હરનાર, સર્વ મંગળમાં પ્રથમ શ્રેષ્ઠ મંગળ છે. તે મંગળમય મંત્રનું ગાન–સ્તુતિ કરું છું. ૧૨.

પુષ્પાંજલી ક્ષિપેત્



છત્તીસ સુગુણ સે તુમ મંડિત, નિશ્ચય રત્નત્રય હૃદય ધાર;
હે મુક્તિવધૂ કે અનુરાગી, આચાર્ય સુગુરુ કો નમસ્કાર. ૩.

એકાદશ અંગ પૂર્વ ચૌદહ કે, પાઠી ગુણ પચ્ચીસ ધાર;
બાહ્યાન્તર મુનિ મુદ્રા મહાન, શ્રી ઉપાધ્યાય કો નમસ્કાર. ૪.

વ્રત સમિતિ ગુપ્તિ ચારિત્ર ધર્મ, વૈરાગ્ય ભાવના હૃદય ધાર;
હે દ્રવ્ય-ભાવ સંયમમય મુનિવર, સર્વ સાધુ કો નમસ્કાર. ૫.

બહુ પુણ્યસંયોગ મિલા નરતન, જિનશ્રુત જિનદેવ ચરણ દર્શન;
હો સમ્યગ્દર્શન પ્રાપ્ત મુઝે, તો સફલ બને માનવ જીવન. ૬.

નિજ-પર કા ભેદ જાનકર મૈં, નિજ કો હી નિજ મેં લીન કરૂઁ;
અબ ભેદજ્ઞાન કે દ્વારા મૈં, નિજ આત્મ સ્વયં સ્વાધીન કરૂઁ. ૭.

નિજ મેં રત્નત્રય ધારણ કર, નિજ પરિણતિ કો હી પહચાનૂઁ;
પર-પરિણતિ સે હો વિમુખ સદા, નિજ જ્ઞાનતત્ત્વ કો હી જાનૂઁ. ૮.

જબ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા વિકલ્પ તજ, શુક્લધ્યાન મૈં ધ્યાઊઁગા;
તબ ચાર ઘાતિયા ક્ષય કરકે, અરહન્ત મહાપદ પાઊઁગા. ૯.

હૈ નિશ્ચિત સિદ્ધ સ્વપદ મેરા, હે પ્રભુ ! કબ ઈસકો પાઊઁગા;
સમ્યક્ પૂજા ફલ પાને કો, અબ નિજસ્વભાવ મેં આઊઁગા. ૧૦.

અપને સ્વરૂપ કી પ્રાપ્તિ હેતુ, હે પ્રભુ ! મૈંને કી હૈ પૂજન;
તબતક ચરણોં મેં ધ્યાન રહે, જબતક ન પ્રાપ્ત હો મુક્તિ સદન. ૧૧.

ૐ હ્રીં શ્રીઅરહન્ત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સર્વસાધુપંચપરમેષ્ઠિભ્યઃ અનર્ઘ્યપદપ્રાપ્તયે જયમાલા મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

હે મંગલ રૂપ અમંગલ હર, મંગલમય મંગલ ગાન કરૂઁ;
મંગલ મેં પ્રથમ શ્રેષ્ઠ મંગલ, નવકાર મંત્ર કા ધ્યાન કરૂઁ. ૧૨.

(ઇતિ પુષ્પાંજલિં ક્ષિપેત્)

## (૨૨) શ્રી સિદ્ધ પૂજા (દ્રવ્યાષ્ટક)

ઉપર અને નીચે રેફથી યુક્ત બિન્દુ સહિત હકાર છે (ર્હૂં) આઠ દિશાઓમાં ફેલાયેલી આઠ પાંખડી પર વર્ગ અર્થાત્ પહેલી પાંખડી પર અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ ઐ, ઋ ૠ, લૃ, લૄ, ઓ, ઔ, અં, અઃ. બીજી પાંખડી ક ખ ગ ઘ ઙ, ત્રીજી પાંખડી પર ચ છ જ ઝ ઞ, ચોથી પાંખડી પર ટ ઠ ડ ઢ ણ, પાંચમી પાંખડી પર ત થ દ ધ ન, છઠ્ઠી પાંખડી પર પ ફ બ ભ મ, સાતમી પાંખડી પર ય ર લ વ આઠમી પાંખડી પર શ ષ સ હ આ આઠ વર્ગથી રચિત છે. પાંખડીઓના (સંધિ) જોડાણ પર ણમો અરિહંતાણં છે, પાંખડીની અંદરની કિનારીઓ હ્રીંથી સહિત છે. આવા અક્ષરાત્મક સિદ્ધ પરમેષ્ઠીનું જે પુરુષ ધ્યાન કરે છે તે મુક્તિરૂપી સુંદર સ્ત્રીનો પતિ તથા કર્મરૂપી હાથીને નષ્ટ કરનાર સિંહ સમાન થાય છે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી, હે સિદ્ધ પરમેષ્ઠી અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી, હે સિદ્ધ પરમેષ્ઠી સમૂહ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી, હે સિદ્ધ પરમેષ્ઠી મારી નિકટ બિરાજો. ૧.

(સિદ્ધયંત્રની સ્થાપના)

કર્મબંધનથી રહિત અશરીરી હોવાના કારણે સૂક્ષ્મ, જન્મ–મરણાદિ રહિત હોવાથી નિત્ય, શારીરિક તથા માનસિક આધિ–વ્યાધિથી રહિત હોવાને કારણે નિરામયી, નિરોગી, પુદ્‌ગલનો સંબંધ ન હોવાને લીધે અમૂર્ત તથા સાંસારિક સંબંધ ન હોવાથી ઉપદ્રવ રહિત, સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરું છું. (સિદ્ધ યંત્ર સ્થાપના) ૨.

**જળ :** લોકના અંતભાગમાં વિરાજમાન એવા સર્વજ્ઞદેવના જ્ઞાનના (વિષયભૂત), શરીરની હાનિ વૃદ્ધિ અથવા આત્માની હાનિવૃદ્ધિ આદિ વિકારોથી રહિત, જન્મમરણથી રહિત અથવા સંસારાતીત સિદ્ધોના સમૂહને, હું રેવા નદી, યમુના નદી તથા સ્વચ્છ સરોવરના જળથી ભરેલ કળશો વડે પૂજું છું.

ૐ હ્રીં સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને જન્મ-જરા-મૃત્યુ નાશ કરવા માટે જળ અર્પણ કરું છું. ૩.



## (૨૨) શ્રી સિદ્ધ પૂજા

(આચાર્ય શ્રી પદ્મનંદી કૃત)

ઊર્ધ્વાધોરયુતં સબિન્દુ સપરં બ્રહ્મસ્વરાવેષ્ટિતં,
વર્ગાપૂરિત–દિગ્ગતામ્બુજદલં તત્સંધિતત્ત્વાન્વિતમ્;
અંતઃપત્રતટેષ્વનાહતયુતં હ્રીંકારસંવેષ્ટિતં,
દેવં ધ્યાયતિ યઃ સ મુક્તિસુભગો વૈરીભકણ્ઠીરવઃ.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે ! સિદ્ધપરમેષ્ઠિન્ ! અત્ર અવતર અવતર સંવોષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે ! સિદ્ધપરમેષ્ઠિન્ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે ! સિદ્ધપરમેષ્ઠિન્ ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ સન્નિધિકરણં. ૧.

નિરસ્ત–કર્મ–સમ્બન્ધં સૂક્ષ્મં નિત્યં નિરામયમ્;
વન્દેઽહં પરમાત્માનમમૂર્ત્તમનુપદ્રવમ્.

(સિદ્ધયંત્ર સ્થાપના) ૨.

સિદ્ધૌ નિવાસમનુગં પરમાત્મ–ગમ્યં,
હાન્યાદિ ભાવરહિતં ભવ–વીત–કાયમ્;
રેવાપગા–વર–સરો–યમુનોદ્‌ભવાનાં,
નીરૈર્યજે કલશગૈર્–વરસિદ્ધ–ચક્રમ્.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૩.

**ચંદન :** આનંદના અંકુરને ઉત્પન્ન કરવાવાળા, કર્મમળથી રહિત, ક્ષાયિક સમ્યક્ત્વ તથા અનંત સુખધારી હોવાથી પરમ ગૌરવશાળી, જન્મની પીડાથી રહિત, નિર્મળ કીર્તિરૂપી સુગંધનું નિવાસસ્થાન એવા સર્વોત્તમ સિદ્ધ સમૂહની મલયાગીરીના ચંદનની મનોહર સુગંધથી પૂજન કરું છું.

ૐ હ્રીં સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને સંસારતાપનો નાશ કરવા માટે ચંદન અર્પણ કરું છું. ૪.

**અક્ષત :** આયુકર્મનો નાશ થઈ જવાથી અવગાહન ગુણના ધારક આત્મીક અનંતગુણોમાં મગ્ન, સંપૂર્ણ જગમાં પ્રસિદ્ધ પોતાના વાસ્તવિક નિષ્કલંક સ્વરૂપને પ્રાપ્ત, પરબ્રહ્મ અને જ્ઞાનથી સર્વલોકમાં વ્યાપ્ત સિદ્ધ ભગવાનનું સુગંધિત શ્રેષ્ઠ ચંદ્રમા સમાન નિર્મળ અક્ષતના પુંજથી હું પૂજન કરું છું.

ૐ હ્રીં સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અક્ષયપદની પ્રાપ્તિ હેતુ અક્ષત અર્પણ કરું છું. ૫.

**પુષ્પ :** કર્મો દ્વારા થતી જન્મ-મરણાદિ અનેક અનિત્ય પર્યાયોથી રહિત હોવાના કારણે નિત્ય, ચરમશરીરથી કંઈક ન્યૂન પોતાના શરીરની પ્રમાણે અવસ્થિત, અનાદિકાળના પુદ્‌ગલાદિક અન્ય દ્રવ્યોથી નિરપેક્ષ પોતાની સિદ્ધ પર્યાયથી અચ્યુત (અવિચળ) અને જે જીવો (તેમનું) ધ્યાન કરે છે તેમને અમૃત સમાન સુખ દેવાવાળા, મરણ, શોક, રોગાદિકથી રહિત સિદ્ધસમૂહની મંદાર, કુંદકમળ આદિ વૃક્ષોના અત્યંત સુંદર ફૂલોથી હું પૂજન કરું છું.

ૐ હ્રીં સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને કામબાણના નાશ હેતુ પુષ્પ સમર્પણ કરું છું. ૬.

**નૈવેદ્ય :** કર્મબંધન નષ્ટ થઈ જવાના કારણથી સ્વભાવથી જ ઉર્ધ્વ-ગમન કરવાવાળા, જે ઇન્દ્રિય મતિ જ્ઞાનાવરણના ક્ષયોપશમથી થવાવાળી, દ્રવ્યમન અને ભાવમનથી રહિત, જેનું મૂળ કારણ અર્હંતદશા છે. તથા આકાશ સમાન જે અમૂર્તિક છે, નિર્મળ છે, આકાશ સમાન જેનું જ્ઞાન વ્યાપક છે એવા પરમ પૂજ્ય સિદ્ધસમૂહનું દૂધ, અનાજ તથા ઘીથી બનેલી રસપૂર્ણ વિવિધ વ્યંજનોથી સર્વદા પૂજન કરું છું.

ૐ હ્રીં સિદ્ધચક્રના સ્વામી સિદ્ધપરમેષ્ઠીને ક્ષુધારોગના નિવારણ હેતુ નૈવેદ્ય સમર્પણ કરું છું. ૭.



આનન્દ-કન્દ-જનકં ઘન-કર્મ-મુક્તં,
સમ્યક્ત્વ-શર્મ-ગરિમં જનનાર્તિ વીતમ્;
સૌરભ્ય-વાસિત-ભુવં હરિ-ચન્દાનાનાં,
ગન્ધૈર્યજે પરિમલૈર્વર-સિદ્ધ-ચક્રમ્.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૪.

સર્વાવગાહન-ગુણં સુસમાધિ-નિષ્ઠં,
સિધ્ધં સ્વરૂપ-નિપુણં કમલં વિશાલમ્;
સૌગન્ધ્ય-શાલિ-વનશાલિ-વરાક્ષતાનાં,
પુંજૈર્યજે-શશિનિભૈર્વર સિદ્ધચક્રમ્.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૫.

નિત્યં સ્વદેહ-પરિમાણમનાદિસંજ્ઞં,
દ્રવ્યાનપેક્ષમમૃતં મરણાદ્યતીતમ્;
મન્દાર-કુન્દ-કમલાદિ-વનસ્પતીનાં,
પુષ્પૈર્યજે શુભતમૈ-ર્વર સિદ્ધચક્રમ્.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૬.

ઉર્દ્ધ-સ્વભાવ-ગમનં સુમનો-વ્યપેતં,
બ્રહ્માદિ-બીજ-સહિતં ગગનાવભાસમ્;
ક્ષીરાન્ન-સાજ્ય-વટકૈ રસપૂર્ણગર્ભૈ-
નિત્યં યજે ચરુવરૈર્વરસિદ્ધચક્રમ્.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૭.

**દીપ :** સંતાપ અથવા ઉદાસી, શોક, ભય, રોગ, માનથી રહિત, રાગ–દ્વેષ આદિ દ્વંદોથી રહિત નિર્દ્વંદતાના ધારક, કલહકારી (ક્લેશકારી) પરિણામોથી રહિત, દુવિધાથી રહિત નિશ્ચળ તથા સર્વોત્તમ મહિમાના નિવાસ સ્વરૂપ સિદ્ધસમૂહને હું સ્વર્ગીય અનેક કપૂરની જ્યોતિથી દૈદીપ્યમાન દીપ દ્વારા અર્ચના કરું છું.

ૐ હ્રીઁ સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને મોહરૂપી અંધકારનો વિનાશ કરવા માટે દીપક સમર્પણ કરું છું. ૮.

**ધૂપ :** કેવળજ્ઞાન દ્વારા સમસ્ત સંસારને સ્પષ્ટપણે એકી સાથે દેખવાવાળા તથા ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળવર્તી પદાર્થોને તથા તેની પર્યાયોને પ્રકાશિત કરવા માટે દૈદીપ્યમાન દીપક સમાન સર્વોત્તમ સિદ્ધ સમૂહને હું પ્રકાશિત કપૂર સહિત ચંદન, અગર આદિ ઉત્તમ અને સુવાસિત પદાર્થોની સુગંધિત ધૂપ દ્વારા પૂજા કરું છું.

ૐ હ્રીઁ સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને આઠ કર્મોના નાશ કરવા માટે ધૂપ અર્પણ કરું છું. ૯.

**ફળ :** વ્યંતરદેવ, અસુરકુમાર આદિ દેવોના ઇંદ્રો દ્વારા અને યક્ષ નરપતિઓ દ્વારા જે ધ્યાન કરવાયોગ્ય, કલ્યાણ સ્વરૂપ તથા સમસ્ત ભવ્ય પુરુષો દ્વારા વંદનીય છે, તે સિદ્ધોના સમૂહની નારંગી, સોપારી, કેળા, નારિયેળ આદિ ઉત્તમ ફળો દ્વારા પૂજન કરું છું.

ૐ હ્રીઁ સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરવા માટે ફળ સમર્પિત કરું છું. ૧૦.

**અર્ઘ :** સુગંધિત નિર્મળ જળ, જેની સુગંધથી ભમરા આવે છે એવું ચંદન, ઉજ્જ્વળ અક્ષતનો પુંજ, પુષ્પ, મનોહર નૈવેદ્ય, દીપક, સુગંધિત ધૂપ અને ઉત્તમ ફળોને એક સાથે મિશ્રિત કરી તેનો અર્ધ્ય બનાવી, જન્મ–મરણ, રાગદ્વેષાદિ દોષોથી રહિત નિર્મળ, કર્મોના બંધનથી રહિત અને ચક્રવર્તી, ઈન્દ્રાદિપદથી પણ ઉત્તમ, મનોવાંછિત ફળ પ્રાપ્તિ માટે સિદ્ધોના ચરણોમાં સમર્પિત કરું છું.

ૐ હ્રીઁ સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અનર્ધ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ અર્પણ કરું છું. ૧૧.



આતંક–શોક–ભયરોગ–મદ પ્રશાન્ત,
નિર્દ્વંદ્વ–ભાવ–ધરણં મહિમા–નિવેશમ્;
કર્પૂર–વર્તિ–બહુભિઃ કનકાવદાતૈ–
ર્દીપૈર્યજે રુચિવરૈર્વર સિદ્ધચક્રમ્.

ૐ હ્રીઁ શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને મોહાન્ધકાર વિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

પશ્યન્સમસ્ત–ભુવનં યુગપન્નિતાન્તં,
ત્રૈકાલ્ય–વસ્તુ–વિષયે નિવિડ–પ્રદીપમ્;
સદ્દ્રવ્યગન્ધ–ઘનસાર–વિમિશ્રિતાનાં,
ધૂપૈર્યજે પરિમલૈર્વર–સિદ્ધચક્રમ્.

ૐ હ્રીઁ શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૯.

સિદ્ધાસુરાધિપતિ–યક્ષ–નરેન્દ્રચક્રૈ–
ર્ધ્યેયં શિવં સકલ–ભવ્ય–જનૈઃ સુવન્દ્યમ્;
નારંગી–પૂગ–કદલી–ફલનારિકેલૈઃ,
સોડહં યજે વરફલૈર્વરસિદ્ધ ચક્રમ્.

ૐ હ્રીઁ શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

ગન્ધાઢ્યં સુપયો મધુવ્રત–ગણૈઃ સંગં વરં ચન્દનં,
પુષ્પૌઘં વિમલં સદક્ષત–ચયં રમ્યં ચરું દીપકમ્;
ધૂપં ગન્ધયુતં દદામિ વિવિધં શ્રેષ્ઠં ફલં લબ્ધ્યે,
સિદ્ધાનાં યુગપત્ક્રમાય વિમલં સેનોત્તરં વાંછિતમ્.

ૐ હ્રીઁ શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને અનર્ધ્યપદપ્રાપ્તયે અર્ધ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૧

**મહાર્ઘ :** કષાયોનો ક્ષય થવાથી જેમનો જ્ઞાન ઉપયોગ નિર્મળ છે. સમસ્ત કર્મોનો ક્ષય થવાથી જેમનું આત્મસ્વરૂપ પરમ નિર્મળ છે, જે ઔદારિક, કાર્માણાદિ શરીરોથી રહિત હોવાના કારણે પરમ સૂક્ષ્મ છે, વીર્યગુણ ઘાતક અંતરાય કર્મનો નાશ થયો હોવાથી અનંતબળના ધારક છે, કર્મસમૂહને બાળી નાખનાર અને સુખરૂપ ધાન્ય ઉત્પન્ન કરવા માટે જે બીજ સમાન છે, એવા અનુપમ ગુણધારી સિદ્ધોના સમૂહને હું સર્વદા નમસ્કાર કરું છું.

ૐ હ્રીં સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે મહાર્ઘ્ય સમર્પણ કરું છું. ૧૨.

દેવેન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી આદિથી જેમના ચરણ પૂજનીય છે. પ્રચંડ મનને રોકવાવાળા (જીતવાવાળા) તીર્થંકર પણ જેમની આરાધના કરી શાશ્વત લક્ષ્મીને પ્રાપ્ત કરી ચૂક્યા છે અને જે ક્ષાયિક સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંતવીર્ય, અવ્યાબાધ આદિ અનંતગુણોથી વિભૂષિત છે અને જેમનામાં પરમવિશુદ્ધિનો ઉદય થઈ ગયો છે, એવા સિદ્ધોને હું વારંવાર સર્વદા સ્તવન કરું છું. ૧૩.

(પુષ્પાંજલિ અર્પણ કરવી)

## જયમાલા

હે રાગરહિત વીતરાગ, સનાતન, ઉદ્વેગ, દ્વેષ, ક્રોધાદિ રહિત હોવાથી વાસ્તવિક શાંતિને પ્રાપ્ત કરવાવાળા શાન્ત, અંશ કલ્પનાથી રહિત હોવાને કારણે નિરંશ, શારીરિક, માનસિક રોગોથી રહિત નિરામય મરણાદિ ભયોથી રહિત હોવાથી નિર્ભય, નિર્મળ, પ્રકાશનું નિવાસસ્થાન, નિર્મળ જ્ઞાનના ધારક મોહરહિત હોવાથી વિમોહ એવા પરમ સિદ્ધોના સમૂહ મારા પર પ્રસન્ન થાઓ. ૧.

હે સાંસારિક ભાવોને દૂર કરવાવાળા, અશરીરી, સમતારૂપી અમૃતથી પરિપૂર્ણ દેવ, અંતરંગ, બહિરંગ સંગરહિત વિસંગ, કર્મબંધનથી વિહિન કષાય રહિત, મોહરહિત વિશુદ્ધ સિદ્ધોના સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૨.

હે દુષ્ટકર્મના નાશક, કર્મજંજાલથી રહિત, નિર્મળ કેવળજ્ઞાનના ક્રીડાંગણ, સંસારના પારગામી, પરમ શાંત, નિર્મોહ પવિત્ર સિદ્ધોનો સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૩



જ્ઞાનોપયોગવિમલં વિશદાત્મરૂપં,
સૂક્ષ્મ–સ્વભાવ–પરમં યદનન્તવીર્યમ્;
કર્મૌઘ–કક્ષ–દહનં સુખ–શસ્યબીજં,
વન્દે સદા નિરુપમં વર–સિદ્ધચક્રમ્.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૨.

(શાર્દુલવિક્રીડિત)

ત્રૈલોક્યેશ્વર–વન્દનીય–ચરણાઃ પ્રાપુઃ શ્રિયં શાશ્વતીં,
યા નારાધ્ય નિરુદ્ધ–ચણ્ડ–મનસઃ સન્તોઽપિ તીર્થંકરા;
સત્સમ્યક્ત્વ-વિબોધ-વીર્ય-વિશદાઽવ્યાબાધતાદ્યૈર્ગુણૈ–
ર્યુક્તાંસ્તાનિહ તોષ્ટવીમિ સતતં સિદ્ધાન્ વિશુદ્ધોદયાન્.૧૩

(પુષ્પાંજલિ ક્ષિપેત્)

## જયમાલા

વિરાગ સનાતન શાંત નિરંશ, નિરામય નિર્ભય નિર્મલ હંસ;
સુધામ વિબોધ–નિધાન વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ–સમૂહ. ૧.

વિદૂરિત–સંસૃતિ–ભાવ નિરંગ, સમામૃત–પૂરિત દેવ વિસંગ;
અબંધ કષાય–વિહીન વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ–સમૂહ. ૨.

નિવારિત–દુષ્કૃતકર્મ–વિપાશ, સદામલ–કેવલ–કેલિ–નિવાસ;
ભવોદધિ–પારગ શાંત વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૩.

હે અનંત સુખરૂપી અમૃતના સમુદ્ર, ધીર, કલંકરૂપી ધૂળને ઉડાવવા માટે પ્રબળ વાયુ, કામ વિકારને ખંડિત કરવાવાળા, કર્મોના વિરામસ્થળ, નિર્મોહ પવિત્ર સિદ્ધોના સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૪

હે કર્મજન્ય શુભ અને અશુભ વિકારોથી રહિત, શોક રહિત, કેવળજ્ઞાનરૂપી નેત્રથી સંપૂર્ણ લોકને દેખવાવાળા, કર્માદિક દ્વારા અપરાજિત, શબ્દરહિત, રંગરહિત અને મોહરહિત એવા પરમ સિદ્ધોના સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૫.

હે દોષ આવરણ તથા ખેદ રહિત અશરીરિ, નિરંતર, નિત્ય સુખરૂપી અમૃતના પાત્ર, કેવળદર્શનથી શોભાયમાન સંસારના સ્વામી અને મોહરહિત પરમ પવિત્રતાયુક્ત એવા પરમસિદ્ધોના સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૬.

હે મનુષ્ય અને દેવોથી પૂજનીય, સમસ્ત દોષોથી મુક્ત હોવાને કારણે નિર્મળ ભાવવાળા અનંત મુનીશ્વરો દ્વારા પૂજ્ય, વિકાર રહિત, સર્વદા ઉદયસ્વરૂપ, સમસ્ત સંસારના મહાસ્વામી અને મોહરહિત એવા પરમ સિદ્ધોના સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૭.

હે કપટરહિત, તૃષ્ણારહિત, દ્વેષાદિક દોષરહિત, નિદ્રારહિત શંકર અર્થાત્ મહા અશાંતિના કારણ અધર્મનો નાશ કરી ધર્મરૂપી શાંતિના કરનાર, આળસ રહિત, ક્રોધરહિત, રૂપ રહિત, શંકારહિત અને મોહરહિત એવા પરમ સિદ્ધોના સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૮.

હે વૃદ્ધાવસ્થા તથા મરણદશાને નાશ કરવાવાળા, ગમન રહિત, ચિંતા રહિત, અજ્ઞાનાદિક મેલથી રહિત, અહંકાર રહિત, અચિંત્ય ચારિત્રના ધારક અને મોહરહિત એવા પરમ સિદ્ધોના સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૯

હું શ્વેત, પીળા, આદિ વર્ણ રહિત, ગંધરહિત, નાના, મોટા, હલ્કુ ભારે આદિ માપથી રહિત, લોભરહિત, માયા રહિત, શરીર રહિત, શબ્દરહિત, કૃત્રિમતા રહિત, આકુળતા રહિત, બધાનું હિત કરવાવાળા, મોહ રહિત પરમ પવિત્ર સિદ્ધોનો સમૂહ અમારા પર પ્રસન્ન થાઓ. ૧૦.



અનંત–સુખામૃત–સાગર–ધીર, કલંક–રજો–મલ–ભૂરિ–સમીર;
વિખંડિત–કામવિરામ–વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૪.

વિકાર વિવર્જિત તર્જિતશોક, વિબોધ–સુનેત્ર–વિલોકિત–લોક;
વિહાર વિરાવ વિરંગ વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૫.


રજોમલ–ખેદ વિમુક્ત વિગાત્ર, નિરંતર નિત્ય સુખામૃત–પાત્ર;
સુદર્શન રાજિત નાથ વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૬.

નરામર–વંદિત નિર્મલ–ભાવ, અનંત–મુનીશ્વર પૂજ્ય વિહાવ;
સદોદય વિશ્વ મહેશ વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૭.

વિદંભ વિતૃષ્ણ વિદોષ વિનિદ્ર, પરાત્પશંકર સાર વિતંદ્ર;
વિકોપ વિરૂપ વિશંક વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૮.

જરા–મરણોજ્જિત–વીત–વિહાર, વિચિંતિત નિર્મલ નિરહંકાર;
અચિન્ત્ય–ચરિત્ર વિદર્પ વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૯.

વિવર્ણ વિગંધ વિમાન વિલોભ, વિમાય વિકાય વિશબ્દ વિશોભ;
અનાકુલ કેવલ સર્વ વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. ૧૦.



આ રીતે જે મનુષ્ય, સંસારી આત્માથી ભિન્ન અનુપમ, સમયસાર સ્વરૂપ, સુંદર, નિર્મળ ચેતના જેમનું ચિહ્ન છે, જડ દ્રવ્યના પરિણમનથી રહિત અને પદ્મનંદી મુનિ દ્વારા વંદનીય અને સમસ્ત ગુણોના નિવાસસ્થાનરૂપ સિદ્ધચક્રને જે પુરુષ સ્મરણ કરે છે, નમસ્કાર કરે છે તથા તેમનું સ્તવન કરે છે તે પુરુષ મોક્ષની પ્રાપ્તિ કરે છે.

ૐ હ્રીં સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ્ય સમર્પણ કરું છું. ૧૧

હે ભગવાન આપ અવિનાશી, અવિકાર, અનુપમ સુખનું સ્થાન એવા મોક્ષસ્થાને રહેવાવાળા સર્વજ્ઞ તથા સ્વભાવિક ગુણોમાં રમણ કરવાવાળા છો અને નિર્મળ જ્ઞાનધારી આત્મિક ગુણોને અનુકૂળ તથા અનાદિ અને અનંત છો. હે સંસારના શિરોમણિ સિદ્ધ ભગવાન! આપની સદા જય થજો. ૧૨.

જેમણે શુક્લધ્યાનરૂપી અગ્નિમાં સમસ્ત કર્મરૂપી કલંકને બાળી નાખ્યા તથા જે નિત્ય, નિર્દોષ દેવરૂપે છે અને જેણે મોહભાવનો ત્યાગ કરી જ્ઞાનસ્વરૂપે છે તે સિદ્ધ પરમાત્માને શીશ નમાવી નમસ્કાર કરું છું. ૧૩.

જે નિશ્ચલ એવા કેવળજ્ઞાનથી પ્રકાશમાન છે તથા અનંતગુણોની ખાણ સ્વરૂપ છે એવા પૂજનીય એવા સિદ્ધ ભગવાનને ફક્ત ધ્યાન દ્વારા જ પ્રાપ્તિ કરી શકાય છે. અવિનાશી આનંદ સ્વરૂપ પૂર્ણ ગુણોના સ્વરૂપી એવા પરમાત્મા સર્વ પદાર્થોને જાણવાની શક્તિ ધરાવે છે. ૧૪.

(પુષ્પાંજલિનું ક્ષેપણ કરું છું.)

ૐ સહજાત્મસ્વરૂપ અનંત શક્તિ સંપન્ન
ચૈતન્ય ચિત્ ચમત્કાર ચિંતામણી
ભગવાન કિ જય.



(માલિની)

અસમ–સમયસારં ચારુ–ચૈતન્ય ચિન્હં,
પર–પરિણતિ–મુક્તં પદ્મનંદીન્દ્ર–વન્દ્યમ્;
નિખિલ–ગુણ–નિકેતં સિદ્ધચક્રં વિશુદ્ધં,
સ્મરતિ નમતિ યો વા સ્તૌતિ સોઽભ્યેતિ મુક્તિમ્. ૧૧.

ૐ હ્રીં સિદ્ધચક્રાધિપતયે શ્રીસિદ્ધપરમેષ્ઠિભ્યો જયમાલા મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

(અડિલ્લ છંદ)

અવિનાશી અવિકાર પરમ–રસ–ધામ હો,
સમાધાન સર્વજ્ઞ સહજ અભિરામ હો;
શુદ્ધબુદ્ધ અવિરુદ્ધ અનાદિ અનંત હો,
જગત–શિરોમણિ સિદ્ધ સદા જયવંત હો. ૧૨.

ધ્યાન અગ્નિકર કર્મ કલંક સબૈ દહે,
નિત્ય નિરંજનદેવ સરૂપી હ્વૈ રહે;
જ્ઞાયક જ્ઞેયાકાર મમત્વ નિવારકૈં,
સો પરમાતમ સિદ્ધ નમૂઁ સિર નાયકૈં. ૧૩.

(દોહા)

અવિચલ જ્ઞાન પ્રકાશમય, ગુણ અનન્ત કી ખાન;
ધ્યાન ધરૈં સો પાઈએ, પરમ સિદ્ધ ભગવાન.
અવિનાશી આનન્દ મય, ગુણ પૂરણ ભગવાન;
શક્તિ હિયે પરમાત્મા, સકલ પદારથ જ્ઞાન. ૧૪.

(ઇતિ પુષ્પાંજલિં ક્ષિપેત)



# (૨૩) શ્રી સિદ્ધ પૂજન

સ્થાપના–હે પ્રભુ! આપે આપના પ્રબળ પુરુષાર્થ વડે આત્માના સમસ્ત વિકારી ભાવોને નષ્ટ કર્યા છે. તેથી આપનો પ્રત્યેક પ્રદેશ શુદ્ધ થઈ ગયો છે અને તેમાં અમૃતના ઝરણા ઝરી રહ્યાં છે. આપે સર્વોચ્ચ પદ પ્રાપ્ત કરી લીધું છે. તેથી આપ લોકના શિખર અર્થાત્ સિદ્ધશિલામાં નિવાસ કરી રહ્યા છો. હે પ્રભુ! હું આપને મારા હૃદયમાં સ્થાપિત કરીને, આ મણિમાળા આપના ચરણોમાં સમર્પિત કરું છું.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી, હે સિદ્ધ પરમેષ્ઠી અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી, હે સિદ્ધ પરમેષ્ઠી સમૂહ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી, હે સિદ્ધ પરમેષ્ઠી મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** હે પ્રભુ! હું શુદ્ધાત્મા સમાન પરિપૂર્ણ નિર્મળ જળ લઈને આપના ચરણોમાં આવ્યો છું. પરદ્રવ્યોમાં મમત્વ બુદ્ધિરૂપી મમતાએ અત્યંત નિર્મમપણે અનાદિથી મને અત્યંત કષ્ટ (દુઃખ) આપ્યાં છે, પરંતુ હવે તેમનો અંતિમ દિવસ આવી ગયો છે, અર્થાત્ આજે તે અવશ્ય નષ્ટ થશે જ. હે પ્રભુ! આપ તો પરપદાર્થો સાથેના સર્વ કૃત્રિમ સંબંધોને તોડીને આત્મામાં લીન થઈ ગયા છો. આપ મારા જીવનની અમૂલ્ય સંપત્તિ છો. આપને પામીને મારી પ્રથમ આત્માનુભૂતિ પ્રગટ થઈ છે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને જન્મ-જરા-મરણના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** હે પ્રભુ! મારા ચૈતન્યરૂપી નિવાસમાં અતિ પ્રબળ ક્રોધરૂપી અગ્નિ ધૂ-ધૂ કરતી બળી રહી છે, જે અજ્ઞાનરૂપી અમાવસ્યાના અંધકારમાં છૂપાઈને પ્રતિપળ વધી રહી છે. પરંતુ આપ તો ચંદન સમાન સુગંધિત નિજ શુદ્ધાત્મામાં વસી રહ્યા છો, જેથી ક્રોધ આપને અડી શક્તો નથી. તેથી હું આપના ચરણોમાં આ ચંદન લાવ્યો છું કે જેથી મારો ક્રોધરૂપી રાક્ષસ ક્ષણવારમાં ભાગી જાય અર્થાત્ તેનો અભાવ થાય.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને સંસારતાપના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.



# (૨૩) શ્રી સિદ્ધ પૂજન

(શ્રી યુગલકિશોરજી કૃત)

(હરિગીતિકા)

નિજ વજ્ર પૌરુષ સે પ્રભો ! અન્તર–કલુષ સબ હર લિયે,
પ્રાંજલ[1] પ્રદેશ–પ્રદેશ મેં, પીયૂષ નિર્ઝર ઝર ગયે;
સર્વોચ્ચ હો અતએવ બસતે, લોક કે ઉસ શિખર રે !
તુમ કો હૃદય મેં સ્થાપ, મણિ–મુક્તા ચરણ કો ચૂમતે.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિન્ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિન્ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિન્ ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

(વીરછન્દ)

શુદ્ધાતમ–સા પરિશુદ્ધ પ્રભો ! યહ નિર્મલ નીર ચરણ લાયા,
મૈં પીડિત નિર્મમ મમતા સે, અબ ઈસકા અંતિમ દિન આયા;
તુમ તો પ્રભુ અંતર્લીન હુએ, તોડે કૃત્રિમ સંબંધ સભી,
મેરે જીવન–ધન તુમકો પા, મેરી પહલી અનુભૂતિ જગી.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને જન્મજરામૃત્યુવિનાશનાય જલમ્ નિર્વપામીતિ સ્વાહા. ૨.

મેરે ચૈતન્ય–સદન મેં પ્રભુ ! ધૂ–ધૂ ક્રોધાનલ જલતા હૈ,
અજ્ઞાન–અમા[2] કે અંચલ મેં, જો છિપકર પલ–પલ પલતા હૈ;
પ્રભુ ! જહાઁ ક્રોધ કા સ્પર્શ નહીં, તુમ બસો મલય કી મહકોં મેં,
મૈં ઈસીલિએ મલયજ લાયા, ક્રોધાસુર ભાગે પલકોં મેં.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને સંસારતાપવિનાશનાય ચન્દનમ્ નિર્વપામીતિ સ્વાહા. ૩.

---

૧. શુદ્ધ ૨. અમાવસ્યા

**અક્ષત :** હે ભગવાન! આપ સિદ્ધાલયરૂપી શ્વેતમહેલના સ્વામી છો અને આપનો શુદ્ધાત્મા પણ નિર્મળ છે. આપે આત્માના સંપૂર્ણ વિકારીભાવોને નષ્ટ કર્યા છે, જેથી આપને સુવર્ણ સમાન નિર્મળ સૌંદર્ય પ્રગટ થઈ ગયું છે. પરંતુ હે પ્રભુ! હું માન કષાયથી ખંડિત થઈ રહ્યો છું. તેથી આપ મારા માટી સમાન તુચ્છ જીવનમાં અખંડ દ્રવ્ય સ્વભાવની ગરિમા લાવી દો, અર્થાત્ મારી પરિણતિ અખંડ દ્રવ્યને અનુભવે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** હે પ્રભુ! આપ ચૈતન્યની સુગંધથી મહેંકતી પુષ્પવાટિકારૂપી શુદ્ધાત્મામાં સદા વિહાર કરો છો. આપની પરિણતિમાં લેશમાત્ર પણ માયા–કષાય નથી. આપ પરિપૂર્ણ અતીન્દ્રિય આનંદરસનું પાન કરો છો. આપની પ્રત્યેક પરિણતી વિષયોની કામનાથી રહિત છે. તેથી તેમાં કામ–દાહ ઉત્પન્ન થવાનો અવકાશ બિલકુલ નથી. અતઃ આત્માના આનંદરસનું પાન કરવાથી આપનો પ્રત્યેક પ્રદેશ આહ્લાદિત થઈ રહ્યો છે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને કામબાણના વિનાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** હે પ્રભુ! મેં આજ સુધી જાણ્યું નહોતું કે આ ક્ષુધા શરીરનો સ્વભાવ છે, આત્માનો નહીં. અતઃ હું પ્રતિક્ષણ શરીરમાં જ એકત્વબુદ્ધિ કરી રહ્યો છું. હવે મારાથી ક્ષુધાની વેદના સહન થતી નથી, તેથી આ વ્યંજનો લઈને આપના ચરણોમાં આવ્યો છું. હવે હું શીઘ્ર જ વિષયોની તૃષ્ણાનો નાશ કરી, આનંદભવન અર્થાત્ શુદ્ધાત્મામાં વાસ કરીશ.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને ક્ષુધારોગના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** જ્ઞાનસ્વભાવી આત્મરૂપી વિજ્ઞાનનગરના રહેવાસી હે વૈજ્ઞાનિક! આપની પ્રયોગશાળા અર્થાત્ કેવળજ્ઞાન પરિણતિને જોઈ મને અત્યંત આશ્ચર્ય થઈ રહ્યું છે. કેમકે આપની એ કેવળજ્ઞાન કળામાત્રમાં સંપૂર્ણ લોકાલોક એકીસાથે ઝળકી ઉઠે છે. પરંતુ આપ તેનાથી બિલકુલ અપ્રભાવિત રહીને નિરંતર નિજાત્મનિધિઓને નિરખ્યા કરો છો. તેથી હું કેવળજ્ઞાનના પ્રતિક સમાન આ દીપક લઈને દીપાવલી અર્થાત્ આનંદનો ઉત્સવ મનાવી રહ્યો છું.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને મોહ અંધકારના વિનાશ અર્થે દીપ અર્પણ કરું છું. ૭.



અધિપતિ પ્રભુ ! ધવલ ભવન[1] કે હો, ઔર ધવલ તુમ્હારા અન્તસ્તલ,
અંતર કે ક્ષત સબ વિક્ષત કર, ઉભરા સ્વર્ણિમ સૌંદર્ય વિમલ;
મૈં મહામાન સે ક્ષત–વિક્ષત, હૂઁ ખંડ–ખંડ લોકાંત–વિભો !
મેરે મિટ્ટી કે જીવન મેં પ્રભુ ! અક્ષત કી ગરિમા ભર દો.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

ચૈતન્ય–સુરભિ કી પુષ્પવાટિકા, મેં વિહાર નિત કરતે હો,
માયા કી છાયા રંચ નહીં, હર બિન્દુ સુધા કી પીતે હો;
નિષ્કામ પ્રવાહિત હર હિલોર, ક્યા કામ કામ કી જ્વાલા સે,
પ્રત્યેક પ્રદેશ પ્રમત્ત હુઆ, પાતાલ–મધુ–મધુશાલા[2] સે.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને કામબાણવિધ્વંસનાય પુષ્પમ્ નિર્વપામીતિ સ્વાહા. ૫.

યહ ક્ષુધા દેહ કા ધર્મ પ્રભો ! ઈસકી પહિચાન કભી ન હુઈ,
હર પલ તન મેં હી તન્મયતા, ક્ષુત્–તૃષ્ણા અવિરલ પીન[3] હુઈ;
આક્રમણ ક્ષુધા કા સહ્ય નહીં, અતએવ લિયે હૈં વ્યંજન યે,
સત્વર[4] તૃષ્ણા કો તોડ પ્રભો ! લો, હમ આનંદ–ભવન પહુઁચે.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યમ્ નિર્વપામીતિ સ્વાહા. ૬.

વિજ્ઞાનનગર કે વૈજ્ઞાનિક, તેરી પ્રયોગશાલા વિસ્મય,
કૈવલ્ય–કલા મેં ઉમડ પડા, સમ્પૂર્ણ વિશ્વ કા હી વૈભવ;
પર તુમ તો ઉસસે અતિ વિરક્ત, નિત નિરખા કરતે નિજ નિધિયાઁ,
અતએવ પ્રતીક પ્રદીપ લિયે, મૈં મના રહા દીપાવલિયાઁ[5].

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને મોહાન્ધકારવિનાશનાય દીપમ્ નિર્વપામીતિ સ્વાહા. ૭.

---

૧. સિદ્ધશિલા ૨. શુદ્ધ અન્તસ્તત્ત્વનું આનંદભવન ૩. પુષ્ટ ૪. અવિલમ્બ
૫. દીપ–મહોત્સવ

**ધૂપ :** હે પ્રભુ! આપનો શુદ્ધાત્મરૂપી મહેલ નિરંતર ક્ષમાદિ દશધર્મરૂપ ધૂપથી મહેંકી રહ્યો છે, અતઃ કર્મરૂપી કીડા–મકોડા આપની પાસે ફરકતા નથી. આ દશધર્મરૂપી ધર્મથી સુગંધનાં ઝરણાં ઝરી રહ્યા છે, જેનાથી મારી પર્યાયમાં વિકાર (મોહ–રાગાદિ)નું પ્રદુષણ નષ્ટ થઈ ગયું છે. તેથી હું અતીન્દ્રિય આનંદરૂપ સમાધિમાં તૃપ્ત થઈ ગયો છું અને મારા સંપૂર્ણ પ્રદેશોમાં આનંદનું અમૃત વહી રહ્યું છે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અષ્ટકર્મના દહન અર્થે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** હે સિદ્ધ ભગવાન! આપ સદૈવ નિજાત્મામાં લીન થઈ, પરમ સ્વાધીનતાપૂર્વક અત્યંત રમણીય મુક્તિપુરીમાં વાસ કરો છો. આકાશ સમાન રાગાદિથી શૂન્ય શુદ્ધ ચૈતન્યથી પ્રત્યેક ક્ષણ આનંદરસની વર્ષા થઈ રહી છે, જેનાથી શિવનગરી (સિદ્ધ–પર્યાય)માં ખોબેખોબે તેનું રસપાન કરી રહ્યાં છો. હે પ્રભુ! આ કલ્પવૃક્ષના ફળ એ વાતની સાક્ષી છે કે આ મારી જન્મ–મરણની સંતતિની અંતિમ ક્ષણ છે. તેથી મારી મુક્તિનું ઉદ્‌ઘાટન કરવા અર્થે મારા પર્યાયરૂપી મંડપમાં પધારો!

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને મોક્ષફળની પ્રાપ્તિ અર્થે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** હે પ્રભુ! આપના વિખરાયેલાં સર્વગુણો મોતીચુરના લાડુની જેમ ઘનરૂપ થઈ ગયાં છે, અર્થાત્ સર્વગુણોની પર્યાયો વડે આત્માનો આશ્રય કરીને અખંડ અનુભૂતિનો રસાસ્વાદન કરો છો. હે નાથ! હવે હું પ્રતિસમય મારા અંતર્વૈભવમાં રમી રહ્યો છું તથા આપ સમાન (સિદ્ધ સમાન) શુદ્ધાત્મામાં મારો વાસ હો અને ત્યારે જ આ અર્ઘ સાર્થક થશે.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

હે ભગવંત! આપ ચૈતન્ય સ્વરૂપ છો, ચૈતન્યનાં સ્વામી છો અને માત્ર જ્ઞાતા છો. આત્મશુદ્ધિ વિધાનના સંશોધક અને રચયિતા એક માત્ર આપ જ છો.



તેરા પ્રાસાદ મહકતા પ્રભુ ! અતિ દિવ્ય દશાંગી[1] ધૂપોં સે,
અતએવ નિકટ નહિં આ પાતે, કર્મોં કે કીટ–પતંગ અરે !
યહ ધૂપ સુરભિ–નિર્ઝરણી, મેરા પર્યાવરણ[2] વિશુદ્ધ હુઆ,
છક ગયા યોગ–નિદ્રા[3] મેં પ્રભુ ! સર્વાંગ અમી[4] હૈ બરસ રહા.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને અષ્ટકર્મદહનાય ધૂપમ્ નિર્વપામીતિ સ્વાહા. ૮.

નિજ લીન પરમ સ્વાધીન બસો, પ્રભુ ! તુમ સુરમ્ય શિવ–નગરી મેં,
પ્રતિપલ બરસાત ગગન સે હો, રસપાન કરો શિવ–ગગરી મેં;
યે સુરતરુઓં કે ફલ સાક્ષી, યહ ભવ–સંતતિ કા અંતિમ ક્ષણ,
પ્રભુ ! મેરે મંડપ મેં આઓ, હૈ આજ મુક્તિ કા ઉદ્‌ઘાટન.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને મોક્ષફલપ્રાપ્તયે ફલમ્ નિર્વપામીતિ સ્વાહા. ૯.

તેરે વિકીર્ણ[5] ગુણ સારે પ્રભુ ! મુક્તા–મોદક સે સઘન હુએ,
અતએવ રસાસ્વાદન કરતે રે ! ઘનીભૂત અનુભૂતિ લિયે;
હે નાથ ! મુઝે ભી અબ પ્રતિક્ષણ, નિજ અંતર–વૈભવ કી મસ્તી,
હૈ આજ અર્ઘ્ય કી સાર્થકતા, તેરી અસ્તિ મેરી બસ્તી.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્ય નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(દોહા)

ચિન્મય હો, ચિદ્રૂપ પ્રભુ ! જ્ઞાતા માત્ર ચિદેશ;
શોધ–પ્રબંધ ચિદાત્મ[6] કે, સ્રષ્ટા તુમ હી એક.

---

૧. દશધર્મોરૂપી, ૨. અંતરંગ પ્રદૂષણ, ૩. આનન્દ–સમાધિ, ૪. અમૃત
૫. વિખરાયેલા ૬. આત્માના શુદ્ધિ–વિધાનની શોધ

હે પ્રભુ! આપે મને મોહનિદ્રાથી ઘણીવાર જગાડ્યો, પરંતુ મારી અનાદિની મોહનિંદ્રા ક્યારેય તૂટી નહીં. પરદાર્થમાં એકત્વબુદ્ધિરૂપ માદક સંમોહનમાં હું બેહોશ પડ્યો છું. મારી ચારે તરફ અજ્ઞાન અંધકાર છવાયેલો હોવાથી મને નિજસ્વરૂપની ઓળખ થઈ નથી. સમસ્ત જડ પદાર્થો મને પ્રાણવંત દેખાય છે, અર્થાત્ તેમાં જ્ઞાનની ઉત્પત્તિ ભાસે છે. પરંતુ મારું જ્ઞાન મારાથી જ અજાણ રહી ગયું!

હે પ્રભુ! મારી પરિણતિમાં પ્રતિક્ષણ ઉઠતાં જ્ઞાન–તરંગોમાં મારો આત્મા જ ઉછળી રહ્યો છે. જ્ઞાન પર્યાયમાં આબાળ–ગોપાળ સૌને ચૈતન્યસ્વરૂપ મોજુદ છે, પરંતુ પરપદાર્થમાં એકત્વબુદ્ધિને કારણે પોપટ અને વાનરની જેમ અજ્ઞાનમાં મૂર્છાઈ રહ્યો છું. (પોપટ પિંજરાની ભુંગળી પકડીને સ્વયં ઉંધો થાય છે અને માને છે કે ભુંગળીએ મને પકડ્યો છે તથા વાનર પોતાની છાયાને પોતારૂપ માને છે. સિંહ છાયાને થપાટ મારે છે ત્યારે વાનર ગભરાઈને નીચે પડી જાય છે અને સિંહનું ભક્ષણ બની જાય છે.) આ પ્રકારે મેં મારી જ્ઞાન પરિણતિમાં ભગવાન આત્મા હાજરાહજૂર હોવા છતાં, તેની ઓળખ ન થવાથી તેને ગુમાવી દીધો છે અને તેથી મારા જીવનમાં આજ સુધી ક્યારેય સ્વાનુભૂતિરૂપી વસંત ખીલી નથી.

મેં મારા શાશ્વત સ્વભાવને આજ સુધી નીરખ્યો નહીં અને ક્ષણિક પર્યાય સાથે જ એકત્વ કરતો રહ્યો, અર્થાત્ તેને જ મારી માનતો રહ્યો. મારો આ અપરાધ કઈ રીતે ક્ષમ્ય થશે? કેમકે અપરાધનું ફળ તો ભોગવવું જ પડે તેવો કુદરતનો સનાતન નિયમ છે. અતઃ મારા સર્વપ્રદેશોમાં જડ કર્મોની બેડી બંધાઈ ગઈ અને નરક તથા નિગોદની પ્રાપ્તિ થતાં તે અપરાધોના ફળ મળે જ છે, તેનો નિર્ણય થયો.

નરક અને નિગોદમાં મારી ઉપર વિપત્તિઓના ઘનઘોર વાદળ વરસ્યા, જાણે કે મારા શિર પર વિજળી પડી રહી હોય! નરકમાં પારાની જેમ શરીરનાં ટુકડે ટુકડાં થયા તથા નિગોદમાં અનંતવાર જન્મ–મરણનાં દુઃખો ભોગવ્યા. સ્વર્ગના સુખોની શું વાત કરવી કે જ્યાં સુધી એવી વિચિત્ર પરંપરા છે કે આયુષ્યના અંતમાં છ–છ માસ સુધી (માળા કરમાતી જોતાં) દેવો વલખાં મારે છે. તેઓને આપણે કઈ રીતે દેવ કહી શકીએ અર્થાત્ સ્વર્ગમાં સુખ છે તેમ કઈ રીતે કહી શકાય?



(માનવ)

જગાયા તુમને કિતની બાર ! હુઆ નહિં ચિર–નિદ્રા કા અન્ત;
મદિર[1] સમ્મોહન મમતા કા, અરે ! બેચેત પડા મૈં સન્ત.

ઘોર તમ છાયા ચારોં ઓર, નહીં નિજ સત્તા કી પહિચાન;
નિખિલ જડતા દિખતી સપ્રાણ, ચેતના અપને સે અનજાન.

જ્ઞાન કી પ્રતિપલ ઉઠે તરંગ, ઝાઁકતા ઉસમેં આતમરામ;
અરે ! આબાલ સભી ગોપાલ, સુલભ સબકો ચિન્મય અભિરામ.

કિન્તુ પર સત્તા મેં પ્રતિબદ્ધ, કીર–મર્કટ–સી[2] ગહલ અનન્ત;
અરે ! પાકર ખોયા ભગવાન, ન દેખા મૈંને કભી બસંત.

નહીં દેખા નિજ શાશ્વત દેવ, રહી ક્ષણિકા પર્યય કી પ્રીતિ;
ક્ષમ્ય કૈસે હોં યે અપરાધ ? પ્રકૃતિ કી યહી સનાતન રીતિ.

અતઃ જડ–કર્મોં કી જંજીર, પડી મેરે સર્વાત્મ પ્રદેશ;
ઔર ફિર નરક–નિગોદોં બીચ, હુએ સબ નિર્ણય હે સર્વેશ !

ઘટા ઘન વિપદા કી બરસી, કિ ટૂટી શંપા[3] મેંરે શીશ;
નરક મેં પારદ–સા તન ટૂક, નિગોદોં મધ્ય અનંતી મીચ[4].

કરેં ક્યા સ્વર્ગ સુખોં કી બાત, વહાઁ કી કૈસી અદ્‌ભુત ટેવ !
અંત મેં બિલખે છહ–છહ માસ, કહેં હમ કૈસે ઉસકો દેવ !

---

૧. માદક ૨. પોપટ અને વાનર જૈસી ૩. વીજળી ૪. મૃત્યુ

આ રીતે ચારેય ગતિઓની દશા અત્યંત દયનીય હોવા છતાં પણ કુદરતમાં દયા માટે કોઈ જ વ્યવસ્થા નથી, કેમકે જો અપરાધી ઉપર દયા કરીને તેમને શરણ આપે તો તે સ્વયં જ અપરાધી ઠરે! જો કોઈ કહેવાતા ભગવાન પણ અપરાધીને શરણ આપવાની વાત કરે તો તે પણ અપરાધી જ બને.

હે પ્રભુ! આ માટીની કાયામાં ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા ભિન્નપણે મહેંકી રહ્યો છે કે જે શુભાશુભ ભાવોની જડતાથી તો જુદો જ છે, પરંતુ પરલક્ષી જ્ઞાન પણ તેનું સ્વરૂપ નથી.

અહો! તે ચૈતન્ય સ્વભાવ પરમ અકર્તા છે. નિષ્ક્રિય તત્ત્વ છે, અનંત વૈભવનો અક્ષય ખજાનો છે અને જ્ઞાનીઓને અનુભૂતિનો વિષય છે. હે વિદેહીનાથ! આપના સિવાય આવો મર્મ કોણ બતાવી શકે? આપ જ એક મોક્ષમાર્ગના વિધાતા છો અને હું કર્મરૂપી લુંટેરાઓના હાથમાં આવી ચડ્યો છું.

આપે આપના જીવનની રચના એ પ્રકારે કરી છે કે જેનાથી દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ખરી ગયા છે. આપના પ્રબળ પુરુષાર્થને કારણે સહુ કર્તારૂપી પાંદડાઓ પીળા પડીને ખરી પડ્યા છે અર્થાત્ વિકાર નષ્ટ થઈ ગયો છે. હવે આપના ઉપયોગમાં જ્ઞપ્તિ પરિવર્તન પણ થતું નથી. સંપૂર્ણ આવાગમન (જન્મ-મરણ) ટળી ગયું છે. ચિર-સમાધિમાં લીન એવા હે પ્રભુ! આપના પ્રદેશોમાં અનંત સિદ્ધોના પ્રદેશ રહેલા છે. અર્થાત્ એકમાં અનંત સિદ્ધ બિરાજમાન રહે છે, છતાં પણ કોઈ એકબીજાને બાધારૂપ થતાં નથી.

કેવળજ્ઞાનરૂપી ચૈતન્યપ્રકાશમાં આપ લોકાલોકના જ્ઞાતા કહેવાઓ છો. પરંતુ જ્ઞાન જેમાં લીન થાય છે, પરમાર્થથી તે જ જ્ઞેય છે અને તે જ ભોગ છે. આપના યોગોમાં ચંચળતા દૂર થતાં સંપૂર્ણ ચૈતન્ય અકંપ, અડોલ, સ્થિર થઈ ગયું છે. હે યોગરહિત યોગેશ! આપ અનંતાનંતકાળ સુધી આ જ રીતે નિષ્કંપ રહેશો.

આત્મા ત્રૈકાલિક કારણ પરમાત્મા છે અને અખંડ અંતઃતત્ત્વ છે. હે પ્રભુ! આપ તેના જ અવલંબનથી પૂર્ણ મુક્ત કાર્યપરમાત્મા થઈ ગયા છો. અહો! આપનો નિર્મળ ચૈતન્ય સ્વભાવ ખીલી ઉઠ્યો છે અને આપના આઠેય ગુણો પવિત્રપણે પ્રગટ થઈ ગયા છે. આપ સિદ્ધશીલા પર



દશા ચારોં ગતિ કી દયનીય, દયા કા કિન્તુ ન યહાઁ વિધાન;
શરણ જો અપરાધી કો દે, અરે! અપરાધી વહ ભગવાન.

અરે! મિટ્ટી કી કાયા બીચ, મહકતા ચિન્મય ભિન્ન અતીવ;
શુભાશુભ કી જડતા તો દૂર, પરાયા જ્ઞાન વહાઁ પરકીય.

અહો 'ચિત્' પરમ અકર્તાનાથ, અરે ! વહ નિષ્ક્રિય તત્ત્વ વિશેષ;
અપરિમિત અક્ષય વૈભવ–કોષ, સભી જ્ઞાની કા યહ પરિવેશ[૧].

બતાયે મર્મ અરે! યહ કૌન, તુમ્હારે બિન વૈદેહી નાથ?
વિધાતા શિવ–પથ કે તુમ એક, પડા મૈં તસ્કર દલ કે હાથ.

કિયા તુમને જીવન કા શિલ્પ[૨], ખિરે સબ મોહ કર્મ ઔર ગાત[૩];
તુમ્હારા પૌરુષ ઝંઝાવાત[૪], ઝડ ગયે પીલે–પીલે પાત.

નહીં પ્રજ્ઞા–આવર્ત્તન[૫] શેષ, હુએ સબ આવાગમન અશેષ;
અરે પ્રભુ! ચિર–સમાધિ મેં લીન, એક મેં બસતે આપ અનેક.

તુમ્હારા ચિત્–પ્રકાશ કૈવલ્ય, કહેં તુમ જ્ઞાયક લોકાલોક;
અહો ! બસ જ્ઞાન જહાઁ હો લીન, વહીં હૈ જ્ઞેય, વહીં હૈ ભોગ.

યોગ–ચાંચલ્ય[૬] હુઆ અવરુદ્ધ, સકલ ચૈતન્ય નિકલ નિષ્કંપ;
અરે ! ઓ યોગ રહિત યોગીશ ! રહો યોં કાલ અનંતાનંત.

જીવ કારણ–પરમાત્મ ત્રિકાલ, વહી હૈ અંતસ્તત્ત્વ અખંડ;
તુમ્હેં પ્રભુ! રહા વહી અવલંબ, કાર્ય પરમાત્મ હુએ નિર્બન્ધ.

અહો! નિખરા કાંચન ચૈતન્ય, ખિલે સબ આઠોં કમલ[૭] પુનીત;
અતીન્દ્રિય સૌખ્ય ચિરંતન ભોગ, કરો તુમ ધવલ મહલ કે બીચ.

---

૧. અનુભૂતિ ૨. સુન્દર રચના ૩. શરીર ૪. તૂફાન
૫. જ્ઞપ્તિ પરિવર્તન ૬. આત્મપ્રદેશોંનું કમ્પન ૭. આઠ ગુણ

અતીન્દ્રિયસુખને શાશ્વત ભોગવી રહ્યા છો.

આજ મારો પુરુષાર્થ પણ એવો ઉછળી રહ્યો છે કે મારા બંધન પણ શીઘ્ર તૂટી જશે. હે પ્રભુ! આપ સમાન અતીન્દ્રિય સુખની શૈયામાં જ મારા ભેદજ્ઞાનના કિરણો ફૂટી નીકળશે. હે પ્રભુ! હવે મારી મોહ નિશા વ્યતીત થઈ ગઈ છે, તથા સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય થયો છે, જેની શીતળ છાયામાં શાંતિરૂપી લતાવન ઝૂમી રહ્યું છે. અતઃ હવે આપણે શુદ્ધાત્મરૂપી સ્વદેશ તરફ પ્રયાણ કરીએ.

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રના સ્વામી સિદ્ધ પરમેષ્ઠીને અનર્ઘ્યપદની પ્રાપ્તિ અર્થે મહા-અર્ઘ અર્પણ કરું છું.

ચૈતન્યબ્રહ્મમાં લીન થઈને શાશ્વત વિલાસ કરતાં હે સિદ્ધભગવાન! હું આપને દ્રવ્ય તેમજ ભાવથી અનંત વંદન કરું છું.

પુષ્પાંજલીનું ક્ષેપણ કરું છું.

## (૨૪) શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ, વિદેહક્ષેત્ર વિદ્યમાન વીસ તીર્થંકર તથા શ્રી સિદ્ધ પૂજા

**સ્થાપના :** શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુને નમસ્કાર કરું છું. શ્રી વિદેહક્ષેત્રમાં સ્થિત વીસ તીર્થંકર ભગવંતોનું ધ્યાન કરું છું, જે શાશ્વત શુદ્ધપણે સદા બિરાજમાન છે એવા અનંતાનંત સિદ્ધ ભગવાનોને મનમાં ઉત્સાહ ધારણ કરી નમસ્કાર કરું છું.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ સમૂહ, શ્રી વિદ્યમાન વીસ તીર્થંકર સમૂહ તથા શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠી સમૂહ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ સમૂહ, શ્રી વિદ્યમાન વીસ તીર્થંકર સમૂહ તથા શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠી સમૂહ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ સમૂહ, શ્રી વિદ્યમાન વીસ તીર્થંકર સમૂહ તથા શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠી સમૂહ મારી નિકટ બિરાજો. ૧.



ઉછલતા મેરા પૌરુષ આજ, ત્વરિત ટૂટેંગે બંધન નાથ!
અરે! તેરી સુખ–શય્યા બીચ, હોગા મેરા પ્રથમ પ્રભાત.

પ્રભો! બીતી વિભાવરી[1] આજ, હુઆ અરુણોદય શીતલ છાઁવ;
ઝૂમતે શાંતિ–લતા કે કુંજ, ચલેં પ્રભુ! અબ અપને ઉસ ગાઁવ.

ૐ હ્રીં શ્રીસિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠિને અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

(દોહા)

ચિર–વિલાસ ચિદ્બ્રહ્મ મેં, ચિર–નિમગ્ન ભગવંત;
દ્રવ્ય[2]–ભાવ[3] સ્તુતિ સે પ્રભો! વંદન તુમ્હેં અનંત.

(ઈતિ પુષ્પાંજલિ ક્ષિપેત્)

## (૨૪) શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ, વિદેહક્ષેત્ર વિદ્યમાન વીસ તીર્થંકર તથા શ્રી સિદ્ધ પૂજા

(દોહા)

દેવ શાસ્ત્ર ગુરુ નમન કરિ, બીસ તીર્થંકર ધ્યાય;
સિદ્ધ શુદ્ધ રાજત સદા, નમૂં ચિત્ત હુલસાય.

ૐ હ્રીં શ્રીદેવશાસ્ત્રગુરુસમૂહ! શ્રી વિદ્યમાન વિંશતિ તીર્થંકર સમૂહ! શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠીસમૂહ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીદેવશાસ્ત્રગુરુસમૂહ! શ્રી વિદ્યમાન વિંશતિ તીર્થંકર સમૂહ! શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠીસમૂહ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીદેવશાસ્ત્રગુરુસમૂહ! શ્રી વિદ્યમાન વિંશતિ તીર્થંકર સમૂહ! શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠીસમૂહ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

૧. રાત ૨. ઉત્કૃષ્ટ ભક્તિ પરિણામ ૩. નિજ શુદ્ધાત્મ–સંવેદન.

**જળ :** હે ભગવાન, અનાદિકાળથી મેં જળથી જ પવિત્રતા માની હતી. આત્માના શુદ્ધ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ નિજ સ્વભાવની ઓળખાણ કરી ન હતી. હવે આ મિથ્યાત્વરૂપી મેલને ધોવા માટે સમ્યક્ત્વરૂપી જળ લઈ શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ, વિદેહક્ષેત્ર સ્થિત વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનનું ધ્યાન અને ગુણસ્તવન કરી પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રીદેવ–શાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનને જન્મ-જરા-મૃત્યુના નાશ કરવા હેતુ જળ સમર્પિત કરું છું. ૨.

**ચંદન :** અત્યાર સુધી અજ્ઞાનતાને વશ મેં પર પદાર્થને સુખના કારણ માની તેમાં જૂઠું મમત્વ કર્યું અને સંસાર તાપ સહન કર્યા છે. એ ભવાતાપ મટાડવા માટેની સમતારૂપ શક્તિ મારામાં જ છે. તે ચંદન સમાન શીતળતા પ્રાપ્ત કરવા શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધભગવાનનું ધ્યાન અને ગુણસ્તવન કરી પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રીદેવ–શાસ્ત્ર–ગુરુ, વિદેહક્ષેત્ર સ્થિત વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠીને ભવાતાપ શાંત કરવા માટે ચંદન સમર્પિત કરું છું. ૩.

**અક્ષત :** જે પરમપદની પ્રાપ્તિ કર્યા પછી આ સંસારનું આવાગમન નથી થતું, દુઃખ કદી નથી થતું એવા અક્ષયપદની પ્રાપ્તિ કર્યા વિના આ સંસારની ચોર્યાસી લાખ યોનિમાં મેં ભ્રમણ કર્યું અને અનાદિ કાળથી સંસારના જન્મ–મરણના દુઃખને ભોગવતો આવ્યો છું. તે આઠ કર્મો (જે દુઃખના મૂળ કારણ છે) તેનો નાશ કરવા અક્ષત આપના ચરણોમાં અર્પું છું. જન્મ–મરણથી છૂટવા અને મારી અક્ષયનિધિ (અનંત–ચતુષ્ટય) પ્રાપ્ત કરવા, અને આત્માનૂભૂતિરૂપ સુખ પ્રાપ્ત કરવા માટે શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ, વીસ તીર્થંકર તથા અનંતાનંત સિદ્ધભગવાનનું ધ્યાન અને તેમના ગુણસ્તવન કરું છું.

ૐ હ્રીં શ્રીદેવ–શાસ્ત્ર–ગુરુ, વિદેહક્ષેત્ર સ્થિત વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠીને અક્ષયપદની પ્રાપ્તિ હેતુ અક્ષત સમર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** ફૂલોની સુગંધ આદિ સાંસારિક સુંદરતાથી મોહિત થઈ મેં મારા આત્માની સ્વાભાવિક શીલાદિ ગુણોની સુંદરતાનો ઘાત કર્યો. કામ–ભોગમાં ફસાઈ, અનેક પ્રકારના કર્મબંધન કરી, અનંતકાળથી આ



અનાદિકાલ સે જગ મેં સ્વામિન્, જલ સે શુચિતા કો માના,
શુદ્ધ નિજાતમ સમ્યક્ રત્નત્રય, નિધિકો નહિં પહિચાના;
અબ નિર્મલ રત્નત્રય જલ લે, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, જન્મ-જરા-મૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

ભવ આતાપ મિટાવન કી, નિજ મેં હી ક્ષમતા સમતા હૈ,
અનજાને મેં અબ તક મૈંને, પર મેં કી ઝૂઠી મમતા હૈ;
ચન્દન સમેં શીતલતા પાને, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

અક્ષય પદકે બિન ફિરા જગત કી, લખ ચૌરાસી યોની મેં,
અષ્ટ કર્મ કે નાશ કરન કો, અક્ષત તુમ ઢિંગ લાયા મૈં;
અક્ષય નિધિ નિજ કી પાને અબ, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

પુષ્પ સુગંધી સે આતમ ને, શીલ સ્વભાવ નશાયા હૈ,
મન્મથ બાણોં સે બિંધ કરકે, ચહું ગતિ દુઃખ ઉપજાયા હૈ;

સંસારની ચાર ગતિઓના દુ:ખ ભોગવી રહ્યો છું. મારા નિજ સ્વભાવમાં (પરિણામની) સ્થિરતા કરવા માટે શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ, વિદેહક્ષેત્ર સ્થિત વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનનું ધ્યાન અને ગુણગાન કરું છું.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુ, વિદેહક્ષેત્ર સ્થિત વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિને મારા કામદાહને નષ્ટ કરવા હેતુ પુષ્પ ચડાવું છું. ૫.

**નૈવેદ્ય :** અનંતકાળથી હું ઉત્તમ છ રસ સંયુક્ત અનેક પ્રકારના મનમોહક વ્યંજનોનું ભક્ષણ કરતો રહ્યો છું, છતાં મારી ભૂખ મટી નથી. તથા પાંચ ઈન્દ્રિયોના વિષયોથી તૃપ્તિ ન થઈ. આપે, નિજ સ્વરૂપનું ચિંતન કરી સ્વાનુભૂતિ દ્વારા સ્વ–સ્વરૂપ રસને ચાખ્યો અને પાંચ ઇન્દ્રિયોનું શમન કર્યું છે. તેથી એ ભૂખને મૂળમાંથી નાશ કરવા માટે દેવ–શાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનનું ધ્યાન અને ગુણગાન કરું છું.

ૐ હ્રીં શ્રીદેવ–શાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિને ક્ષુધારોગનો નાશ કરવા માટે નૈવેદ્ય સમર્પિત કરું છું. ૬.

**દીપ :** અત્યાર સુધી જડ દીપક અને ઇન્દ્રિયો દ્વારા જ મને જ્ઞાન થાય છે તેના વડે જ હું બધું જાણી શકું છું, એમ અજ્ઞાનદશામાં માનતો હતો. પણ એ દીપક તો વિનશ્વર છે એમ જાણવાથી મારા નિજગુણોનું પ્રકાશન કરનાર તો મારો જ્ઞાનગુણરૂપી દીપક છે. મારા મોહરૂપી અંધકારનો નાશ કરનાર જ્ઞાનદીપ પ્રગટાવવા માટે આ દીપ સમર્પિત કરું છું. શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધભગવંતોનું ધ્યાન અને સ્તુતિગાન કરું છું.

ૐ હ્રીં શ્રીદેવ–શાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન શ્રી તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિને મહામોહઅંધકારના નાશ હેતુ દીપ સમર્પિત કરું છું. ૭.

**ધૂપ :** કર્મોનો આસ્રવ આત્માના વિકારી ભાવ (રાગ–દ્વેષ)ના કારણે થાય છે. જ્યાં સુધી નિજ આત્મસ્વભાવની સમજણ અને તેમાં આચરણ નહીં થાય ત્યાં સુધી કર્મોનો આસ્રવ–બંધ થયા કરશે. એટલે કે માત્ર ધૂપ અગ્નિમાં જલાવાથી કર્મ નથી બળતા. તેને માટે સમ્યક્ત્વ સહિત આત્મચિંતનપૂર્વક તપ અને ધ્યાનરૂપ જે અગ્નિ જ્વાલા જે પોતાની



સ્થિરતા નિજ મેં પાને કો, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

ષટ્ રસ મિશ્રિત ભોજન સે, યે ભૂખ ન મેરી શાંત હુઈ,
આતમ રસ અનુપમ ચખને સે, ઈન્દ્રિય મન ઈચ્છા શમન હુઈ;
સર્વથા ભૂખ કે મેટન કો, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

જડ દીપ વિનશ્વર કો અબ તક, સમઝા થા મૈંને ઉજિયારા,
નિજ ગુણ દરશાયક જ્ઞાન દીપ સે, મિટા મોહ કા અંધિયારા;
યે દીપ સમર્પિત કરકે મૈં, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં.
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

યે ધૂપ અનલ મેં ખેને સે, કર્મોં કો નહીં જલાયેગી,
નિજ મેં નિજ કી શક્તિ જ્વાલા, જો રાગ દ્વેષ નશાયેગી;
ઉસ શક્તિ દહન પ્રકટાને કો, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

શક્તિ અંદર પડી છે તે પ્રગટાવવાની છે. તે શક્તિ પ્રગટાવવા માટે હું દેવ–શાસ્ત્ર–ગુરુ–વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનનું ધ્યાન અને ગુણગાન કરું છું.

ૐ હ્રીં શ્રીદેવશાસ્ત્રગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનના ચરણોમાં આઠ કર્મોના નાશ હેતુ ધૂપ સમર્પિત કરું છું. ૮.

**ફળ :** હું આપના ચરણોમાં પીસ્તા, બદામ, શ્રીફળ, લવિંગ ચડાવવા લાવ્યો છું, પણ મારું મન હવે આત્મઅનુભવરસ ભરપૂર મારા નિજગુણરૂપી ફળના રસ (મોક્ષ) માટે લલચાઈ રહ્યું છે. તે મોક્ષમહાફળની પ્રાપ્તિ માટે હું દેવ–શાસ્ત્ર–ગુરુ–વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનનું ધ્યાન અને ગુણગાન કરું છું.

ૐ હ્રીં શ્રીદેવશાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનના ચરણોમાં મોક્ષ મહાફળની પ્રાપ્તિ હેતુ ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** સંસારની સાત ભૂમિ અનંતવાર મળી છે અને અપાર દુઃખ ભોગવ્યું છે. હવે આઠમી ભૂમિ અર્થાત્ મોક્ષભૂમિ પ્રાપ્ત કરવા આઠેય દ્રવ્ય મિશ્રિત અર્ઘ લઈ આપના ચરણોમાં આવ્યો છું. જેવું સહજ, શુદ્ધ અને સ્વાભાવિક મારું આત્મતત્ત્વ છે, એવાં જ મારા ગુણો છે તે સ્વાત્મમાં પ્રગટ કરવા માટે આ અર્ઘ સમર્પિત કરી શ્રી દેવશાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનનું ધ્યાન અને ગુણગાન કરું છું.

ૐ હ્રીં શ્રીદેવ–શાસ્ત્ર–ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિ ભગવાનના ચરણકમળમાં અનર્ઘપદની (મોક્ષપદ)ની પ્રાપ્તિ માટે અર્ઘ ચડાવુ છું. ૧૦.

## જયમાલા

હે અરિહંત ભગવાન! આપે ચાર ઘાતિ કર્મનો નાશ કર્યો છે, ચારે પ્રકારના દેવ, મનુષ્ય, મુનિ આપની નિત્ય ઉપાસના–સેવા કરે છે. આપ અનંત દર્શન, અનંતજ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્યના સ્વામી છો અને છેતાલીસ ગુણો સહિત મહાઈશ્વરત્વ પદ પ્રાપ્ત કરી જગપ્રસિદ્ધ થયા છો.



ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, અષ્ટકર્મ દહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

પિસ્તા બાદામ શ્રીફલ લવંગ, ચરણન તુમ ઢિંગ મૈં લે આયા,
આતમરસ ભીને નિજ ગુણ ફલ, મમ મન અબ ઉનમેં લલચાયા;
અબ મોક્ષ મહા ફલ પાને કો શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

અષ્ટમ વસુધા પાને કો, કર મેં યે આઠોં દ્રવ્ય લિયે,
સહજ શુદ્ધ સ્વાભાવિકતા સે, નિજ મેં નિજ ગુણ પ્રગટ કિયે;
યહ અર્ઘ સમર્પણ કરકે મૈં, શ્રી દેવ શાસ્ત્ર ગુરુ કો ધ્યાઉં,
વિદ્યમાન શ્રી બીસ તીર્થંકર, સિદ્ધ પ્રભુજી કે ગુણ ગાઉં.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યો, અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

નસે ઘાતિયા કર્મ અર્હંત દેવા, કરેં સુર અસુર નરમુનિ નિત્ય સેવા;
દરશ જ્ઞાન સુખ બલ અનંતકે સ્વામી, છિયાલીસ ગુણ યુક્ત મહાઈશ નામી.

મહાભયાનક મોહનો વિધ્વંશ (નાશ) કરનારી અને મોક્ષનું પ્રદાન કરવાવાળી એવી આપની દિવ્યધ્વનિ, ભવ્યજીવોને સદા હિતકારી છે. અનેકાન્ત મુદ્રાથી શોભિત બાર અંગોમાં નિબદ્ધ, ત્રણેય લોકના જીવોને માતા સમાન સુખ આપવાવાળી એવી શ્રી જિનવાણી માતાને વારંવાર નમસ્કાર કરું છું.

સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત ચિત્તવાળા ચતુર્વિધ સંઘના સંચાલક એવા શ્રી આચાર્ય પરમેષ્ઠી, શાસ્ત્રોના પઠન-પાઠન યોગ્ય એવા ઉપાધ્યાય પરમેષ્ઠી, આત્મચિંતનમાં લીન એવા સાધુ પરમેષ્ઠી સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રત્નોના ભંડાર, સમતાદિ છ આવશ્યક અને ચાર આરાધનાને ધારણ કરવાવાળા, નગ્ન દિગંબર, નિર્ગ્રંથ વેશધારી, આત્માનુભવના આનંદમાં એકલા વિચરવાવાળા અને મુક્તિ પથનો પ્રચાર કરવાવાળા છે.

અનંતકાળના સંચિત પાપોના ક્ષય અર્થે પંચમેરુ સંબંધી પાંચ વિદેહક્ષેત્રમાં નિત્ય વિદ્યમાન એવા વીસ તીર્થંકર ભગવંતોને વંદન કરું છું. ભયથી, ભવથી તથા રોગથી રહિત, ઉત્કૃષ્ટ સ્થાન એવા મોક્ષસ્થાને બિરાજમાન, સ્વયંમાં જ સહજ આનંદ-શાંતિનું પાન કરતા એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરું છું.

શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ, વિદેહક્ષેત્રસ્થિત વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધભગવાનને હૃદયમાં ધારણ કરી પૂજન, ધ્યાન, ગુણાનુવાદ કરી મંગળગાનપૂર્વક પૂજન કરી આ ભવસાગરને પાર પહોંચવાનો ઉપાય કરું છું.

ૐ હ્રીં શ્રીદેવશાસ્ત્ર-ગુરુ, વિદ્યમાન વીસ તીર્થંકર અને અનંતાનંત સિદ્ધ ભગવાનના ચરણોમાં અનર્ઘ્યપદની પ્રાપ્તિ હેતુ અર્ઘ સમર્પિત કરું છું.



તેરી દિવ્ય વાણી સદા ભવ્ય માની, મહા મોહ વિધ્વંસિની મોક્ષદાની;
અનેકાન્ત મય દ્વાદશાંગી બખાની, નમો લોક માતા શ્રી જૈન વાણી.

વિરાગી આચારજ ઉવજ્ઝાય સાધૂ, દરશ જ્ઞાન ભંડાર સમતા અરાધૂ;
નગન વેશધારી સુ એકા વિહારી, નિજાનંદ મંડિત મુકતિ પથ પ્રચારી.

વિદેહ ક્ષેત્ર મેં તીર્થંકર બીસ રાજે, વિહરમાન બંદૂં સભી પાપ ભાજે;
નમૂં સિદ્ધ નિર્ભય નિરામય સુધામી, અનાકુલ સમાધાન સહજાભિરામી.

(દોહા)

દેવ શાસ્ત્ર ગુરુ બીસ તીર્થંકર, સિદ્ધ હૃદય બિચ ધરલે રે;
પૂજન ધ્યાન ગાન ગુણ કરકે, ભવ સાગર જિય તર લે રે.

ૐ હ્રીં શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુભ્યઃ શ્રી વિદ્યમાન વિંશતિતીર્થંકરેભ્યઃ શ્રી અનંતાનંત સિદ્ધ પરમેષ્ઠિભ્યઃ અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.



# (૨૫) શ્રી સીમંધર જિનપૂજા

**સ્થાપના :** હે સીમંધર ભગવાન! આપ ભવસમુદ્રનો કિનારો લાવ્યા (સીમિત કર્યો). નિજજ્ઞાનને પોતામાં સીમિત કરી પૂર્ણજ્ઞાન પ્રગટાવ્યું. (જ્ઞાન) દર્શન, વીર્ય, અને સુખને પણ પૂર્ણ પ્રગટાવ્યાં અને સમયસાર અવિકાર ચૈતન્યના વિહારી થયા. પ્રબળ મોહરૂપી શત્રુનો અન્તર્બલથી પરાભવ કર્યો. હે ભવનો અંત કરનાર! મને પણ અભય કરી મારો ભવ પણ હરી લ્યો.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** હે પ્રભુવર! આપ જળથી પણ શીતળ નિર્મળ ને અવિકારી છો. હે જિનવર! મિથ્યાત્વરૂપી મેલને આપ જ દૂર કરનાર છો. સમ્યક્જ્ઞાનના સમુદ્રને આપ જ અમૃતરૂપી જળ વરસાવનારા છો. ભવ્ય જીવના મનરૂપી મીન (મચ્છ)ને પ્રાણદાયક છો, હૃદયકમળને વિકસિત કરનાર છો. હે જ્ઞાનભંડાર સીમંધરનાથ! મારું જ્ઞેયલુબ્ધ જ્ઞાન શાંત થાય તે અર્થે હું આપના ચરણકમળમાં પ્રતિકરૂપે જળ ચઢાવું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને જન્મ-જરા-મરણના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન** : હે જિનવર! ચંદ્રસમાન વદનધારી આપ, ચંદનસમાન શીતળ અને ચંદ્રકિરણ સમાન સુખકર છો. ભવતાપના નાશ કરનારા હે પ્રભુ! આપ જ ખરેખર ભવના તાપને દૂર કરનારા છો. અનેક પ્રકારની ઇચ્છાઓની જ્વાલાથી અમારું અંતઃકરણ બળી રહ્યું છે. તે વિષયોને પોષવાથી શાંત થવાના નથી. અનંતકાળના વિષયદાહને શાંત કરવા આપ જ મલયાગિરિ ચંદન સમાન છો. આપના ચરણોમાં ચંદન ચડાવું છું, કેમકે આપ જ ભવના આ તાપને હરનારા છો. આપને શતશત વંદન કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને સંસારતાપના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.



# (૨૫) શ્રી સીમંધર જિનપૂજા

(ડો. હુકમચન્દ ભારિલ્લ કૃત)

(કુંડલિયા)

ભવ સમુદ્ર સીમિત કિયો, સીમંધર ભગવાન;
કર સીમિત નિજજ્ઞાન કો, પ્રકટ્યો પૂરણ જ્ઞાન.
પ્રકટ્યો પૂરણ જ્ઞાન—વીર્ય—દર્શન સુખધારી,
સમયસાર અવિકાર વિમલ ચૈતન્ય—વિહારી;
અંતર્બલ સે કિયા પ્રબલ રિપુ—મોહ પરાભવ,
અરે ભવાન્તક! કરો અભય હર લો મેરા ભવ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિન ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીસીમંધરજિન ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીસીમંધરજિન ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્, ઈતિ સન્નિધિકરણમ્. ૧.

પ્રભુવર ! તુમ જલ સે શીતલ હો, જલ સે નિર્મલ અવિકારી હો;
મિથ્યામલ ધોને કો જિનવર, તુમ હી તો મલપરિહારી હો.
તુમ સમ્યગ્જ્ઞાન જલોદધિ હો, જલધર અમૃત બરસાતે હો;
ભવિજન મન મીન પ્રાણદાયક, ભવિજન મન—જલજ ખિલાતે હો.
હે જ્ઞાન પયોનિધિ સીમંધર ! યહ જ્ઞાન પ્રતીક સમર્પિત હૈ;
હો શાન્ત જ્ઞેયનિષ્ઠા મેરી, જલ સે ચરણામ્બુજ ચર્ચિત હૈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

ચંદન સમ ચન્દ્રવદન જિનવર, તુમ ચન્દ્રકિરણ—સે સુખકર હો;
ભવ તાપ નિકંદન હે પ્રભુવર ! સચમુચ તુમ હી ભવ—દુખ હર હો.
જલ રહા હમારા અન્તઃસ્તલ, પ્રભુ ઈચ્છાઓં કી જ્વાલા સે;
યહ શાન્ત ન હોગા હે જિનવર રે ! વિષયોં કી મધુશાલા સે.
ચિર—અંતર્દાહ મિટાને કો, તુમ હી મલયાગિરિ ચંદન હો;
ચંદન સે ચરચૂં ચરણાંબુજ, ભવ—તપ—હર ! શત—શત વંદન હો.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

**અક્ષત :** હે પ્રભુ ! આપ જેનો ખંડ ન થાય તેવા અક્ષયપુરના વાસી છો. મને પણ અક્ષયપુરમાં વાસ કરાવશો એમ મને વિશ્વાસ છે, જે ક્ષય થઈ જાય વિખેરાઈ જાય (તેવા ક્ષયોપશમ જ્ઞાન) એનો મને વિશ્વાસ નથી. આપના પદને પ્રાપ્ત કરવા જ આપને પંથે ચાલ્યો આવું છું. અક્ષતનું બળ લઈને આપે અક્ષત સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું. જગતને બ્રહ્માંડોનું વિજ્ઞાન આપ્યું પણ હું તો માત્ર ક્ષય ન થાય તેવા અક્ષયપદનો અભિલાષી છું. માટે હું આપના ચરણમાં અક્ષત લાવ્યો છું. અક્ષતપત્ર શ્વેત છે અને સિદ્ધશીલા સમાન ધવલ અક્ષત મને ગમી ગયાં છે.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** હે પ્રભુ! આપ પુષ્પ સમાન સુગંધિત છો. આપનામાં રાગ–દ્વેષની દુર્ગંધ નથી. આપ સર્વાંગ ચૈતન્યમય સુકોમળ જ્ઞાન–શરીરી છો, જગત સાથે કાંઈપણ સંબંધ નથી. નિજ અંતઃકરણ સુવાસિત હો અને માયા તો અંશમાત્ર પણ ન હો. ચૈતન્ય ઉદ્યાનના ચિત્તરંજક! જગતની છાયાથી આપ દૂર છો. પુષ્પથી મારા મનને રાહ મળી જેથી હું કલ્પવેલી લઈ આવ્યો છું અને એને પ્રાપ્ત કરીને મારો મનમયૂર આનંદિત થયો. માટે હું પુષ્પને આપના ચરણમાં લઈ આવ્યો છું.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને કામબાણના વિનાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** આપ નીરસ જડ નૈવેદ્યનું દાન દેતા નથી, કેમકે આપ અમૃતરસથી ભરેલા તળાવ છો. ક્ષુધાની વેદના પણ આપને નથી, માટે છ રસનું આપની પાસે નામ–નિશાન નથી. વિવિધ પ્રકારના વ્યંજનોથી હે પ્રભુ! મારી ભૂખ શાંત ન થઈ. આપ આનંદ સુધારસના ઝરણા છો, માટે મેં આપનું શરણ લીધું છે. અનાદિકાળથી જે વ્યંજન દ્વારા તૃપ્ત નથી થયો એવું ક્ષુધારુપી દુઃખ દૂર થાઓ. મેં આપ જેવા નિરંજનનાથને પ્રાપ્ત કર્યા પછી ક્ષુધાની પીડા કેવી રીતે રહેશે?

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને ક્ષુધારોગના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** હે પ્રભુ! આપ તો ચૈતન્યમય વિજ્ઞાન ભવનના આપ અધીપતી છો, લોકાલોક પ્રકાશક છો, કેવલજ્ઞાન જ્યોતિથી પ્રકાશિત છો, મોહ મહા અંધકારના નાશક છો, પ્રકાશના પૂંજ છો, કોઈપણ પ્રકારના આવરણની છાયા નથી, બધા જ્ઞેયો આપના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે,



પ્રભુ! અક્ષતપુર કે વાસી હો, મૈં ભી તેરા વિશ્વાસી હૂઁ;
ક્ષત–વિક્ષત મેં વિશ્વાસ નહીં, તેરે પદ કા પ્રત્યાશી હૂઁ.
અક્ષત કા અક્ષત–સંબલ લે, અક્ષત–સામ્રાજ્ય લિયા તુમને;
અક્ષત–વિજ્ઞાન દિયા જગ કો, અક્ષત–બ્રહ્માંડ કિયા તુમને.
મૈં કેવલ અક્ષત–અભિલાષી, અક્ષત અત એવ ચરણ લાયા;
નિર્વાણ–શિલા કે સંગમ–સા, ધવલાક્ષત મેરે મન ભાયા.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

તુમ સુરભિત જ્ઞાન–સુમન હો પ્રભુ, નહિં રાગ–દ્વેષ દુર્ગન્ધ કહીં;
સર્વાંગ સુકોમલ ચિન્મય તન, જગ સે કુછ ભી સંબંધ નહીં.
નિજ અંતર્વાસ સુવાસિત હો, શૂન્યાન્તર પર કી માયા સે;
ચૈતન્ય–વિપિન કે ચિતરંજન, હો દૂર જગત કી છાયા સે.
સુમનોં સે મન કો રાહ મિલી, પ્રભુ કલ્પબેલિ સે યહ લાયા;
ઈનકો પા ચહક ઉઠા મન–ખગ, ભરચોંચ ચરણ મેં લે લાયા.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

આનંદ–રસામૃત કે દ્રહ હો, નીરસ જડતા કા દાન નહીં;
તુમ મુક્ત–ક્ષુધા કે વેદન સે, ષટ્રસ કા નામ–નિશાન નહીં.
વિધ–વિધ વ્યંજન કે વિગ્રહ સે, પ્રભુ ભૂખ ન શાંત હુઈ મેરી;
આનંદ–સુધારસ–નિર્ઝર તુમ, અતએવ શરણ લી પ્રભુ તેરી.
ચિર–તૃપ્તિ–પ્રદાયી વ્યંજન સે, હો દૂર ક્ષુધા કે અંજન યે;
ક્ષુત્પીડા કૈસે રહ લેગી? જબ પાયે નાથ નિરંજન–સે.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

ચિન્મય–વિજ્ઞાન–ભવન અધિપતિ, તુમ લોકાલોક–પ્રકાશક હો;
કૈવલ્ય કિરણ સે જ્યોતિત પ્રભુ! તુમ મહામોહતમ નાશક હો.
તુમ હો પ્રકાશ કે પુંજ નાથ! આવરણોં કી પરછાહ નહીં;
પ્રતિબિંબિત પૂરી જ્ઞેયાવલિ પર ચિન્મયતા કો આંચ નહીં.

પણ ચૈતન્યને આનાથી કાંઈ આંચ આવતી નથી. હું આપના ચરણોમાં દીપ લાવ્યો છું. મારું અંતર આપ પ્રકાશિત કરી દો ને આપનાં અને મારામાં જે ભેદ છે તેને વિલંબ કર્યા વગર મિટાવી દો.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને મોહ અંધકારના વિનાશ અર્થે દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** હે પ્રભુ! પૃથ્વી પર જીવો દુઃખની જ્વાલાથી જલી રહ્યા છે. દેહને ધારણ કરનારા બધા બેચેન પડ્યા છે. નિરંતર રાગના ગાણા (ગીતો) ચાલે છે. આ ધૂપ ઘૂમરી ખાઈને બધે ફેલાઈ રહ્યો છે. તે અજ્ઞાન અંધકારમાં ચેતન ચૌરાસી લાખ યોનીમાં જ રમી રહ્યો છે. ધૂપનો તાત્ત્વિક સંદેશ તો એ છે કે હે પ્રભુ! તમે જગતથી ઉર્ધ્વગામી થયા. હે પ્રભુવર! અંતર દશાંગની સૌરભથી આપને દશાંગ પ્રગટ્યા છે.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને અષ્ટકર્મના દહન અર્થે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફલ :** શુભાશુભ ભાવની વૃત્તિ એકાન્ત દુ:ખ છે. અજ્ઞાનના કારણે મલિન એવા સંયોગ મળે છે. આ જે ચૈતન્ય સદનના આંગણામાં કાંટાની જેમ આ ઉત્પન્ન થાય છે. સંયોગો બધા ચંચળ છાયાની માયાની જેમ ક્ષણમાં વધે છે અને ક્ષણમાં ઘટે છે. હે પ્રભુ! આપની પૂજાનું ફળ એ ચાહું છું કે મારી શુભાશુભ જ્વાલા શાંત થાઓ મધુર ફળ સમાન મારા જીવનમાં શાંતિ લતા છવાઈ જાવ.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને મોક્ષફળની પ્રાપ્તિ અર્થે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** હે પ્રભુ! નિર્મલ જલ સમાન નિજ સ્વરૂપને ઓળખીને આપ એમાં લીન થઈ ગયા, ચંદનની શીતલ લહરો અંતરમાં ઉઠી તેથી ભવનો તાપ ઉતરવા લાગ્યો. પ્રભુના આનંદકારી અક્ષતના ભવનમાં શક્તિરૂપી પુષ્પો ખીલવા લાગ્યા. ક્ષુધા-તૃષા આદિ અઢાર દોષ ક્ષીણ થયા અને કેવલજ્ઞાનરૂપી દીપક પ્રગટ્યો. ત્રણ યોગોની ચપળતા મટી ગઈ ને કર્મોનું ઇંધન બળી ગયું. તેથી તેના મધુરમ ફળરૂપે તમે નિરંજન, ઉજ્જ્વલ સ્વભાવમાં સ્થિર થયા.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને અનર્ઘ્યપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.



લે આયા દીપક ચરણોં મેં રે! અન્તર આલોકિત કર દો;
પ્રભુ! તેરે મેરે અન્તર કો, અવિલંબ નિરન્તર સે ભર દો.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

ધૂ-ધૂ જલતી દુખ કી જ્વાલા, પ્રભુ ત્રસ્ત નિખિલ જગતીતલ હૈ;
બેચૈત પડે સબ દેહી હૈં, ચલતા ફિર રાગ પ્રભંજન હૈ.
યહ ધૂમ ઘૂમરી ખા-ખાકર, ઉડ રહા ગગન કી ગલિયોં મેં;
અજ્ઞાન-તમાવૃત ચેતન જ્યોં, ચૌરાસી કી રંગ-રલિયોં મેં.
સંદેશ ધૂપ કા તાત્ત્વિક પ્રભુ, તુમ હુએ ઊર્ધ્વગામી જગ સે;
પ્રકટે દશાંગ પ્રભુવર ! તુમ કો, અન્તઃદશાંગ કી સૌરભ સે.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

શુભ-અશુભ વૃત્તિ એકાંત દુ:ખ, અત્યંત મલિન સંયોગી હૈ;
અજ્ઞાન વિધાતા હૈ ઈનકા, નિશ્ચિત ચૈતન્ય વિરોધી હૈ.
કાંટોં-સી પૈદા હો જાતી, ચૈતન્ય-સદન કે આંગન મેં;
ચંચલ છાયા કી માયા-સી, ઘટતી ક્ષણ મેં બઢતી ક્ષણ મેં.
તેરી ફલ-પૂજા કા ફલ પ્રભુ! હોં શાંત શુભાશુભ જ્વાલાયેં;
મધુકલ્પ ફલોં-સી જીવન મેં, પ્રભુ! શાંતિ-લતાયેં છા જાયેં.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

નિર્મલ જલ-સા પ્રભુ નિજસ્વરૂપ, પહિચાન ઉસી મેં લીન હુએ;
ભવ-તાપ ઉતરને લગા તભી, ચંદન-સી ઉઠી હિલોર હિયે.
અભિરામ ભવન પ્રભુ અક્ષત કા, સબ શક્તિ પ્રસૂન લગે ખિલને;
ક્ષુત્ તૃષા અઠારહ દોષ ક્ષીણ, કૈવલ્ય પ્રદીપ લગા જલને.
મિટ ચલી ચપલતા યોગોં કી, કર્મોં કે ઈંધન ધ્વસ્ત હુએ;
ફલ હુઆ પ્રભો ! ઐસા મધુરિમ, તુમ ધવલ નિરંજન સ્વસ્થ હુએ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

હે વિદેહીનાથ! દેહમાં રહેવા છતાં આપ વિદેહી છો, તેથી આપ વિદેહીનાથ છો. શાશ્વત નિજ સીમામાં નિવાસ કરો છો માટે સીમંધર છો. આપ પૂર્વ વિદેહમાં શ્રી સાક્ષાત જીવંત અરહંત જિન છો, વીતરાગ–સર્વજ્ઞ, સીમંધર ભગવંત છો. ૧.

હે જ્ઞાન સ્વભાવી સીમંધર ભગવાન ! આપ અસીમ આનંદરૂપ છો. પોતાની સીમામાં સિમિત છો, છતાં પણ આપ ત્રણ લોકના રાજા છો. મોહરૂપી અંધકારના નાશ માટે આપ જ પ્રચંડ સૂર્ય છો. આપ સ્વયં અખંડિત છો, પણ કર્મ શત્રુને આપે ખંડ–ખંડ કર્યા છે. ગૃહવાસ રાગની આગનો ત્યાગ કરીને મહાન મુનિપદ અંગીકાર કર્યું છે. આત્મસ્વભાવની સાધના દ્વારા આપે પરિપૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત કર્યું છે. આપ દર્શન–જ્ઞાન સૂર્ય છો. વીર્યથી મંડિત આનંદના કંદ છો. આપ પોતે પોતામાં જ પૂર્ણ છો માટે આપ જ સાચા પૂર્ણચંદ્ર છો. હે જિનવર! આપ હાલ પણ પૂર્વવિદેહમાં વિદ્યમાન છો. આપના દિવ્ય ઉપદેશથી ભવ્ય જીવો નિરંતર અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે. ૨–૬.

શ્રી કુંદકુંદ આચાર્યદેવને આપના ઉપદેશથી દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું છે અને આત્માનુભૂતિથી પ્રમાણ કરીને મહાન આનંદ પ્રાપ્ત કર્યો, સમયસાર પ્રાપ્ત કર્યું, સમયસારને જ અપનાવ્યું. બધાને સમયસાર સમજાવ્યું અને સ્વયં સમયસાર રૂપ થઈ ગયા. આપણને સમયસાર આપી ગયા, આજે પણ આપણે સમયસારના ગાણાં ગાઈ રહ્યાં છીએ. સમયસાર એક જ સાર છે. સમયસાર વગર બધું અસાર છે. હું પોતે સ્વભાવથી સમયસાર છું. મારી પરિણતિ સમયસારરૂપ થઈ જાઓ એ જ ચાહના છે. હું સમયસારના પંથે ચાલુ અને મારું જીવન પણ સમયસારરૂપ થઈ જાય. ૭–૧૦.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે મહા-અર્ઘ અર્પણ કરું છું.

સમયસાર સાર છે, અન્ય કંઈ નહીં સાર,
સમયસારમય આત્મની, મહિમા અપરંપાર. ૧૧.

પુષ્પાંજલીનું ક્ષેપણ કરું છું.



## જયમાલા

(દોહા)
વૈદેહી હો દેહ મેં, અતઃ વિદેહી નાથ;
સીમંધર નિજ સીમ મેં, શાશ્વત કરો નિવાસ.
શ્રી જિન પૂર્વ વિદેહ મેં, વિદ્યમાન અરહંત;
વીતરાગ સર્વજ્ઞ શ્રી, સીમંધર ભગવંત. ૧

(પદ્ધરિ)

હે જ્ઞાનસ્વભાવી સીમંધર! તુમ હો અસીમ આનંદરૂપ;
અપની સીમા મેં સીમિત હો, ફિર ભી હો તુમ ત્રૈલોક્ય ભૂપ. ૨.
મોહન્ધકાર કે નાશ હેતુ, તુમ હી હો દિનકર અતિ પ્રચંડ;
હો સ્વયં અખંડિત કર્મ શત્રુ કો, કિયા આપને ખંડ–ખંડ. ૩.
ગૃહવાસ રાગ કી આગ ત્યાગ, ધારા તુમને મુનિપદ મહાન;
આતમસ્વભાવ સાધન દ્વારા, પાયા તુમને પરિપૂર્ણ જ્ઞાન. ૪.
તુમ દર્શન જ્ઞાન દિવાકર હો, વીરજ મંડિત આનંદકંદ;
તુમ હુએ સ્વયં મેં સ્વયં પૂર્ણ, તુમ હી હો સચ્ચે પૂર્ણચન્દ. ૫.
પૂરબ વિદેહ મેં હે જિનવર ! હો આપ આજ ભી વિદ્યમાન;
હો રહા દિવ્ય ઉપદેશ, ભવ્ય પા રહે નિત્ય અધ્યાત્મ જ્ઞાન. ૬.
શ્રી કુન્દકુન્દ આચાર્યદેવ કો, મિલા આપસે દિવ્ય જ્ઞાન;
આત્માનુભૂતિ સે કર પ્રમાણ, પાયા ઉનને આનંદ મહાન. ૭.
પાયા થા ઉનને સમયસાર, અપનાયા ઉનને સમયસાર;
સમઝાયા ઉનને સમયસાર, હો ગયે સ્વયં વે સમયસાર. ૮.
દે ગયે હમેં વે સમયસાર, ગા રહે આજ હમ સમયસાર;
હૈ સમયસાર બસ એક સાર, હૈ સમયસાર બિન સબ અસાર. ૯.
મૈં હૂં સ્વભાવ સે સમયસાર, પરિણતિ હો જાયે સમયસાર;
હૈ યહી ચાહ, હૈ યહી રાહ, જીવન હો જાયે સમયસાર. ૧૦.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે જયમાલામહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

(સોરઠા)

સમયસાર હૈ સાર, ઔર સાર કુછ હૈ નહીં;
મહિમા અપરંપાર, સમયસારમય આપકી. ૧૧.

(ઈતિ પુષ્પાંજલિં ક્ષિપેત્)

# (૨૬) શ્રી સીમંધર જિનપૂજા

**સ્થાપના :** શ્રેયાંસ રાજા અને સત્યદેવીના સુપુત્ર, હે સીમંધર સ્વામી! જ્યારે સ્વર્ગપુરીથી મધ્યલોકમાં આપે જન્મ લીધો ત્યારે સૌધર્મ ઈન્દ્રો–દેવો બધાએ મળી જન્મોત્સવ ઉજવ્યો. આહ્વાનન આદિ બધી વિધિપૂર્વક આજે હું આપના ચરણની પૂજા કરવા આવ્યો છું.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેન્દ્ર! અહીં પધારો, પધારો.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેન્દ્ર! અહીં બિરાજો, બિરાજો.

ૐ હ્રીં શ્રી સીમંધર જિનેન્દ્ર! નિકટ બિરાજો. ૧.

**જળ :** હું ક્ષીરસાગરનું પવિત્ર જળ ભરી શ્રી જિનવરજીના ચરણ પૂજવા જાઉં છું અને જન્મ–રોગનું દુઃખ દૂર કરવા જળ લઈ પ્રભુજીના ચરણ પૂજું છું. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન–વચન–કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુઃખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને જન્મ-જરા-મૃત્યુનો વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** અગ્નિને શીતળ કરનાર મલયાગિરિનું ચંદન સુવર્ણપાત્રમાં ભરી લાવ્યો છું. આપના ચરણ પર ચઢાવતા ભવિજનનો ભવ આતાપ તરત જ મટી જાય છે. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન–વચન–કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુઃખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને સંસારતાપનો નાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** ધવલ, અખંડ, સુગંધયુક્ત અક્ષત (ચોખા) શુદ્ધજળથી સ્વચ્છ કરી આપના ચરણોમાં અર્પણ કરવા લાવ્યો છું. અક્ષય એવા સિદ્ધપદની પ્રાપ્તિનો શીઘ્ર ઉપાય કરું છું. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન–વચન–કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુઃખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.



# (૨૬) શ્રી સીમંધર જિનપૂજા

(રાગ—મેરી ભાવના)

શ્રેયાંસરાય સત્યદેવીકે નંદન, સીમંધર સ્વામી મહારાજ;
સ્વર્ગપુરીતૈં આપ પધારે, મધ્યમ લોકમાંહિ જિનરાજ.
ઈન્દ્ર દેવ સબ મિલકર આયે, જન્મ—મહોત્સવ કરને કાજ;
આહ્વાનન સબ વિધિ મિલ કરકે, અપને કર પૂજૈં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્ર! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્ર! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્ર! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્.૧

ક્ષીરોદધિકો ઉજ્જ્વલ જલ લે, શ્રી જિનવર પદ પૂજન જાય;
જન્મ-જરા-દુઃખ મેટન કારન, લ્યાય ચઢાઊં પ્રભુજીકે પાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય;
હો કરુણાનિધિ ભવદુઃખ મેટો, યાતૈં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

મલયાગિરિ ચંદન દાહ નિકંદન, કંચન ઝારીમેં ભર લ્યાય;
શ્રીજીકે ચરણ ચઢાવો ભવિજન, ભવ આતાપ તુરત મિટિ જાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય;
હો કરુણાનિધિ ભવદુઃખ મેટો, યાતૈં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય ભવાતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

શુભ શાલિ અખંડિત સૌરભમંડિત, પ્રાસુક જલસોં ધોકર લ્યાય;
શ્રીજીકે ચરણ ચઢાવો ભવિજન, અક્ષય પદકો તુરત ઉપાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય;
હો કરુણાનિધિ ભવદુઃખ મેટો, યાતૈં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

**પુષ્પ :** કામરૂપીબાણને તુરત જ નષ્ટ કરવા કમળ, કેતકી, બેલ, ચમેલી, સુંદર ગુલાબના પુષ્પ મંગાવ્યા છે. આપના ચરણોમાં ચડાવી કામબાણનો નાશ ઇચ્છું છું. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન–વચન–કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુ:ખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને કામબાણના વિનાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** રસભરપૂર એવા તાજા વ્યંજનના થાળ ભરી લાવ્યો છું. મારો ક્ષુધારોગ મટી જાય તે માટે આપને ચડાવી હર્ષિત થઈ આપના જિનગુણ ગાઉં છું. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન–વચન–કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુ:ખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને ક્ષુધારોગના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** મંદિરમાં થયેલ જ્યોતિના પ્રકાશમાં દશેય દિશાઓમાં ઝગમગાટ થઈ રહ્યો છે. મારા અજ્ઞાન–મોહરૂપી અંધકારનો નાશ કરવા આપની સમક્ષ આરતી કરું છું. (દીપ ચડાઉં છું). હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન–વચન–કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુ:ખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને મોહ અંધકારના વિનાશ અર્થે દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** મનોહર સુગંધવાળાં અગર કપૂરમાં ચંદન કૂટીને મેળવી સુગંધિત કર્યું છે. ચારગતિમાં ભમાવનાર કર્મ બળી જાય તે હેતુથી આપની સમક્ષ ધૂપ જલાઉં છું. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન–વચન–કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુ:ખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને અષ્ટકર્મના દહન અર્થે ધૂપ અર્પણ કરું છું. ૮.



કમલ કેતુકી બેલ ચમેલી, શ્રી ગુલાબકે પુષ્પ મંગાય;
શ્રીજીકે ચરણ ચઢાવો ભવિજન, કામબાણ તુરતહિં નસિ જાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય;
હો કરુણાનિધિ ભવદુ:ખ મેટો, યાતેં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

નેવજ લીના તુરત રસભીના, શ્રી જિનવર આગે ધરવાય;
થાલ ભરાઊં ક્ષુધા નસાઊં, જિનગુણ ગાવત મન હરષાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય;
હો કરુણાનિધિ ભવદુ:ખ મેટો, યાતેં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

જગમગ જગમગ હોત દશોં દિશ, જ્યોતિ રહી મંદિરમેં છાય;
શ્રીજીકે સન્મુખ કરત આરતી, મોહતિમિર નાસૈ દુખદાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય,
હો કરુણાનિધિ ભવદુ:ખ મેટો, યાતેં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

અગર કપૂર સુગંધ મનોહર, ચંદન કૂટ સુગંધ મિલાય;
શ્રીજીકે સન્મુખ ખેય ધૂપાયન, કર્મ જરેં ચહુંગતિ મિટિ જાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય;
હો કરુણાનિધિ ભવદુ:ખ મેટો, યાતેં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

**ફળ :** શ્રીફળ, બદામ, સુપારી, કેળા, ખારેક આદિ ફળ લાવી આપને અર્પણ કરું છું. સૌથી ઉત્કૃષ્ટ એવા મોક્ષફળની પ્રાપ્તિ માટે આપને ચડાવું છું. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન-વચન-કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુ:ખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને મોક્ષફળની પ્રાપ્તિ અર્થે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** પવિત્ર, નિર્મલ નીર, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફળ એ આઠેય દ્રવ્યનો અર્ઘ બનાવી હર્ષિત ચિત્તથી તાલ સહિત નૃત્ય કરી મૃદંગ વગાડી આપને અર્ઘ અર્પું છું. હે સીમંધર જિન પ્રભુ! આપના ચરણકમળમાં મન-વચન-કાયપૂર્વક વારંવાર નમન કરું છું. આપ કરુણાનિધિ છો. મારું ભવદુ:ખ દૂર કરવા અર્થે હું આપની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

હે પ્રભો! આપ વીતરાગ છો, શાંતરૂપ અને જ્ઞાનના ભંડાર છો. માયાથી રહિત, સાત પ્રકારના ભયથી રહિત, અસંખ્ય અખંડ પ્રદેશી છો અને તેમાં જ નિવાસ કરો છો. હે સીમંધર ભગવાન ! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૧

આપ મોહથી રહિત, રાગ-દ્વેષના રંગથી રહિત નિરંગ, અમૂર્તિક, સમતાભાવરૂપ અને પૂર્ણજ્ઞાન સ્વરૂપી છો. હે સીમંધર ભગવાન ! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૨.

કર્મનું બંધન આપને બાંધી શક્યું નથી તેથી આપ અબંધ છો, કષાય રહિત છો, અસંગી છો, તેથી સંગનો પ્રસંગ ન હોવાથી આપ જ શુદ્ધરૂપ છો. હે સીમંધર ભગવાન ! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૩.

અનંત સુખના સમુદ્ર અને અનંત જ્ઞાન ગંભીર, દુષ્ટ કર્મોને નષ્ટ કરી, કામ વિકારને પણ ખંડ ખંડ કરનાર આપ વીર છો. હે સીમંધર ભગવાન! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૪.



શ્રીફલ ઔર બાદામ સુપારી, કેલા આદિ છુહારા લ્યાય;
મહા મોક્ષફલ પાવન કારન, લ્યાય ચઢાઊં પ્રભુજી કે પાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય,
હો કરુણાનિધિ ભવદુ:ખ મેટો, યાતૈં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

શુચિ નિરમલ નીરં ગંધ સુઅક્ષત, પુષ્પ ચરુ લે મન હરષાય;
દીપ ધૂપ ફલ અર્ઘ સુ લેકર, નાચત તાલ મૃદંગ બજાય.
સીમંધર જિન ચરણકમલપર, બલિ બલિ જાઊં મનવચકાય,
હો કરુણાનિધિ ભવદુ:ખ મેટો, યાતૈં મૈં પૂજૌં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(નારાચ છંદ)

સુવીતરાગ શાંતરૂપ બોધકે નિધાન હો,
નિરામયે સુનિર્ભયે નિરંશ હો સુધામ હો;
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૧

તુમ્હીં વિમોહ હો નિરંગ સામ્યભાવરૂપ હો,
અમૂર્તિક પૂર્ણબુદ્ધ આપ હી સ્વરૂપ હો;
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૨

અબંધ નિષ્કષાય હો જુ કર્મપાસ ના રહી,
જો સંગકો પ્રસંગ નાંહી શુદ્ધરૂપ આપ હી;
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૩

અનંત સૌખ્યકે સમુદ્ર અનંત જ્ઞાનધીર હો,
દુ:કર્મકો નિવારિ આપ કામ-ખંડ-વીર હો;
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૪

આપ કર્મકલંકરૂપ રજ (ધૂળ)ને ઉડાડવા માટે પવન સમાન છો. શોકથી રહિત, શબ્દથી રહિત અને માનથી રહિત છો. હે સીમંધર ભગવાન! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૫

કેવળજ્ઞાનરૂપી પ્રકાશિત નેત્રથી આપ લોકાલોક અને જીવાદિ છ દ્રવ્યોને ભિન્ન ભિન્ન જાણો છો. હે સીમંધર ભગવાન! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૬.

મુનિન્દ્ર, ઈન્દ્ર અને નરેન્દ્ર આપના ચરણોને પૂજે અને આપના સંપૂર્ણ શુદ્ધ સિદ્ધ સ્વરૂપનું જે ધ્યાન કરે છે તેના દુષ્ટ કર્મો નષ્ટ થવા લાગ્યા છે. હે સીમંધર ભગવાન! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૭.

જન્મ-મરણનો નાશ કરી આપ મહેશ છો. હે પ્રભુ! સર્વ પવિત્ર કાર્યમાં આપ જ એક સારરૂપ કારણ છો. હે સીમંધર ભગવાન! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો. ૮.

હે પ્રભો! એક સિદ્ધપદ સિવાય બીજી કોઈ ચાહ (ઇચ્છા) નથી, તે આપો. જેવા આપ કલ્યાણ સ્વરૂપ છો તો મારું પણ કલ્યાણ કરો. હે સીમંધર ભગવાન! અનંતજ્ઞાનથી પૂર્ણ આપ જ એક વિશુદ્ધ છો. મારા ઉપર પ્રસન્ન થઈ મને પણ વિશુદ્ધ કરો.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૯.



કલંક કર્મ ધૂલિકો સમીર કે સમાન હો,
નહીં જો શોક, ના વિકાર, શબ્દ ના, અમાન હો.
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૫

સુજ્ઞાન નેત્ર તેજ દેખ લોક વા અલોકકો,
જો ભિન્ન ભિન્ન જાન જીવ દ્રવ્ય આદિ થોકકો.
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૬

મુનીંદ્ર ઈન્દ્ર વા નરેંદ્ર પાદ વૃન્દ પૂજિ હૈ;
સુશુદ્ધ સિદ્ધ ધ્યાવતે જુ દુષ્ટ કર્મ ધૂજિ હૈ.
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૭

ભયે જુ જન્મ મરણ નાશિકૈ જુ ત્રિપુરારિ હો,
સુશુદ્ધ કાજ માંહિ પ્રભો! આપ હી સુસાર હો.
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૮

જુ ઔર ચાહ નાહિં મોહિ સિદ્ધ પદ દીજિયે,
જુ આપ હો કલ્યાણરૂપ મો કલ્યાણ કીજિયે.
પ્રસન્ન હો સીમંધરનાથ આપ હી વિશુદ્ધ હો,
કરો વિશુદ્ધ મોહી નાથ અનંતજ્ઞાન બુદ્ધ હો. ૯

ૐ હ્રીં શ્રીસીમંધરાદિજિનેન્દ્રદેવચરણકમલપૂજનાર્થે અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

# (૨૭) શ્રી સીમંધર જિનપૂજા

**સ્થાપના :** હે વીતરાગ દેવ! હું તમારા ચરણકમળમાં રહી, આપ જિનેન્દ્રના ગુણોનું પૂજન કરી અને અહોરાત્ર મારા હૃદયમાં આપની સ્થાપના કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** સહુના મનને મોહે તેવા હિમાચલના અતિ શુદ્ધ જળ વડે ઘડપણ–જન્મ અને મરણ જ ન રહે (એવી ભાવનાપૂર્વક) આ સંસારના ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રને જન્મ-જરા-મૃત્યુ વિનાશ હેતુ જલ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** કેસર અને કપૂર ભેગા કરી ચંદન સાથે ઘસું છું અને એ સુંદર મહેક્તું મિશ્રણ શ્રી જિન પ્રતિમા સમક્ષ અર્પું છું. આ સંસારના ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રને ભવતાપના વિનાશના હેતુ માટે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** મારો (અનંતકાળનો) ભવરોગ ટળે (અને હું પરમપદની પ્રાપ્તિ કરું) એ ભાવનાથી સુવર્ણના થાળમાં અત્યંત શુદ્ધ અખંડ ચોખાનો ઢગ ભરીને આપની પૂજા કરું છું. આ સંસારના ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રદેવને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત ચડાવું છું. ૪.



# (૨૭) શ્રી સીમંધર જિનપૂજા

(સોરઠા)

ઓ વીતરાગ દેવ, મૈં તુમ ચરણકમલ રહું;
પૂજહું તુમ જિન ગુન, અહનિશિ કરિ ઉર થાપના.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્ર! અત્ર અવતર અવતર સંવોષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્ર! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્ર! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧.

(નંદીશ્વર શ્રી જિનધામ - રાગ)

અતિ શુદ્ધ સુધા સમ તોય, હેમાચલ સોહે,
જર-જનમ-મરન નહીં હોય, સબહી મન મોહે;
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય જન્મ-જરા-મૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

કેસર કપૂર મિલાય, ચંદન ઘિસવાઈ,
અરચોં શ્રીજિન ઢિગ જાય, સુંદર મહકાઈ;
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

અતિ શુદ્ધ અખંડ વિશાલ, તંદુલ પુંજ ધરે,
ભરિ ભરિ કંચનમય થાલ, પૂજો રોગ ટરે;
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

**પુષ્પ :** મારો કામરૂપી અગ્નિ બુજાય જાય એ ભાવના અર્થે હું ગેંદા, ગુલાબ, કનેર આદિ અનેક (અકૃત્રિમ) ફૂલોનો ઢગ વીણી લાવી તેના વડે આપની પૂજા કરું છું. આ સંસારના ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રદેવને કામબાણ વિનાશ કરવા પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** અનંતકાળની મારી ક્ષુધા(ભૂખ) ટળી જાય એ ભાવના–પૂર્વક હું ઘણા સ્વાદિષ્ટ ઘેવર, ફેણી, નૈવેદ્ય વગેરેનો થાળ ભરી જિનપ્રતિમા સમક્ષ પૂજા કરું છું. આ સંસારના ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રદેવને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** મારા મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરવા હેતુ હું આપની સમીપ જગમગ જ્યોત ફેલાવતા સુવર્ણદીપ વડે આરતી કરું છું. આ સંસારના ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને અજ્ઞાનઅંધકારનો નાશ કરવા માટે દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** મારા કર્મકલંક બળીને ખાખ થઈ જાય એ હેતુએ હું અતિ સુગંધિત કપૂરમાં અગર–તગર મેળવી આપના ચરણોમાં ધૂપ ખેઉં છું. આ સંસારના ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને આઠકર્મના નાશ હેતુ ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફલ :** મનવાંછિત મોક્ષફળના દાતાર એવા જિનેશ્વરની હું સુંદર પિસ્તા, બદામ, સોપારી, શ્રીફળ વગેરે વડે પૂજા કરું છું. આ સંસારના



ગેંદા ગુલાબ કનેર, પુષ્પાદિક પ્યારે,
સો કરિ કરિ ઢેર સુઢેર, કામાનલ જારે;
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય કામબાણવિધ્વંશનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

અતિ ઘેવર ફેની તાપ, નૈવજ સ્વાદ ભરી,
સબ ભૂખ નિવારન કાજ, પ્રભુ ઢિગ જાય ધરી;
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

ઘૃતસે ભરિ સુવરણ દીપ, જગમગ જ્યોતિ થશે,
કરિ આરતી જાય સમીપ, મિથ્યા તિમિર નસે;
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

કપૂર સુગંધિત પૂર, અગર તગર ડારો,
શ્રી ચરનન ખેવો ધૂપ, કરમ કલંક જારો.
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

પિસ્તા બાદામ સુપારિ, શ્રીફળ સુખદાઈ;
મનવાંછિત ફલ દાતાર, ઐસે જિનરાઈ;

ભવતાપનો નાશ કરવા આનંદથી આપની પૂજા કરું છું કે જેથી મુજ સેવકને સુખની પ્રાપ્તિ થાય. બસ, આ જ શ્રી સીમંધર જિનેન્દ્રદેવની પૂજાનો સાર છે.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને મોક્ષફલ પ્રાપ્તિ હેતુ ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** અમ ભક્તોનું મંગળ થાય અને અમે શિવપદ–મોક્ષપદની પ્રાપ્તિ કરીએ એવી ભાવનાપૂર્વક પ્રભુજીની પ્રતિમા સમક્ષ હું પૂજાના આઠેય દ્રવ્યોના સમૂહને અર્પણ કરું છું.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવને દોષ રહિત અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ ચડાવું છું. ૧૦.

## જયમાલા

અહો સીમંધરનાથ! આપ જ્ઞાયક છો, અંતરયામી છો, આપ ત્રણ કાળ–ત્રણ લોકને એક સાથે જાણો છો, ગુણના ધામ છો અને લોકાલોકના ચરાચર અનંત પદાર્થોને તેમની ત્રણકાળ સંબંધી સમસ્ત પર્યાયો સહિત દેખો છો. આપથી કાંઈ છુપું નથી. ૧.

હે જિનેન્દ્રદેવ! હાથ અને હાથમાં રહેલી રેખા એક સાથે જણાય છે તેમ આપના જ્ઞાનમાં બધું યુગપદ્ જણાય છે. અવા અનંત જ્ઞાન અને દર્શનનો પ્રતાપ અન્ય પાસે હોય એવું સાંભળ્યું કે જાણ્યું નથી, એ ફક્ત આપની પાસે જ છે. ૨

દૂધ પીતાં (નાના) બાળકની સર્વ બાબત તેના માતા–પિતા સારી રીતે જાણે છે (તોપણ) માગ્યા વિના તેને ખાન–પાન મળતાં નથી. તેમ ચારેય ગતિમાં જે ઘણા ભયાનક દુ:ખ સહન કર્યા છે તે આપથી અજાણ્યા નથી, તેને આપ જિનેન્દ્રદેવ જાણો છો. હું શું બતાવું (કહું)? ૩.

કોઈ બાળ તપના ફળમાં પુણ્ય ઉદયે દેવ થયો તો ત્યાં અન્ય દેવોને સવારી કરાવવા હાથી , ઘોડો, બળદ, પાડાનું રૂપ ધારણ કર્યું. આયુષ્ય પૂર્ણ થતાં માળા મુરઝાતી જાણી ફૂલોમાં જન્મ થશે તેમ જાણી અજ્ઞાનદશામાં આર્તધ્યાન કરી પ્રાણ છોડ્યા. ૪.



જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

સબ અષ્ટ દ્રવ્ય કરી ત્યાગ, પ્રભુ ઢિગ જોરિ ધરોં;
ભક્તન પ્રતિ મંગલકાર, શિવપદ જાય વરોં;
જગકી ભવતાપ નિવાર, પૂજા સુખદાયી,
સીમંધર-પૂજા સાર, સેવક સુખ પાઈ.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય ચરણકમલપૂજનાર્થે અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(છપ્તા છંદ)

અહો સીમંધરનાથ, જ્ઞાયક અંતરયામી,
સકલ લોક તિરકાલ, લખે જુગપત ગુણધામી;
જે ચર અચર અપાર, અનાગત'તીત ઉપાયો,
લોકાલોક નિહારી, લખે કછુ નાહિં છિપાયો. ૧

ભાખ્યા જ્યોં કરમાંહિ, સિધારથ ધારિ નિહારે,
અથવા અંગુરિ રેખ, લખે કર જુત ઈકવારે;
ઐસો જ્ઞાન અપાર, ઔર કહું નાહિં સુન્યો હૈ,
દરશનકો પરતાપ, તુહી જિનમાંહિં ભન્યો હૈ. ૨

મેં દુ:ખ પાયે ઘોર, ચતુરગતિ માંહિં ઘનેરે,
તુમતેં છાને નાહિં, કહા ભાખું જિન મેરે;
પય શિશુકી સબ બાત, ખ્યાત પિતુ જનની જાને,
માંગ્યા વિન નહિ દેહિં, તોય પયધાન ન ખાને. ૩

કોઉ પુન્ય વસાય, બાલ તપતેં સુર થાયો,
હસ્તી ઘોટક બૈલ, મહિષ અસવારી ધાયો;
પૂરન આયુ જુ થાય, તબૈ માલા મુરઝાની,
અરતિ તેં તજિ પ્રાન, કુસુમ ભવ પાય અજ્ઞાની. ૪

આવા અપાર દુઃખ સહન કર્યા છે—ક્યાંય સ્થિરતા પ્રાપ્ત નથી થઈ. ક્રોધ, માન, માયા અને લોભની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ છે. હે જગતનાનાથ! જગતના તારણહાર! આપને કરુણાના નિધાન જાણી, તત્કાલ આપને શરણે આવ્યો છું, તો આ મારા દુઃખોનું નિવારણ કરો. ૫.

હે જગતના નાયક, આપની વાણી દ્વારા મેં નિશ્ચય કરી જાણ્યું છે કે આ શરીરની સંગતિનું કારણ પામી (જીવ) દુઃખો સહન કરે છે; તો હે જગદીશ! જગઉત્તમ એવા જિનેન્દ્રદેવ! મને આપનો સેવક જાણી, મારા પર કૃપા કરો અને આ શરીરથી સંબંધ છોડાવો. ૬.

કર્મ બિચારા કોણ? તે તો શક્તિહીન છે. જેમ અગ્નિ લોખંડની સંગતિ કરે છે, તો ઘણો માર સહન કરવો પડે છે, તેમ મેં શરીરની સંગતિ કરી છે, તો મારે દુઃખ સહન કર્યા સિવાય કોઈ ઉપાય નથી કેમ કે ભૂલ મારી જ છે, આપની આ ધન્ય વાણી મેં શ્રીગુરુ પાસેથી સાંભળી છે. ૭.

આપના અનુગ્રહ (કરુણા)થી મારા દુર્ધ્યાન અને વિકારો દૂર થયા અને મને વર્ણાદિથી ભિન્ન જ્ઞાનસ્વરૂપી આત્માની ઓળખાણ થઈ. જ્ઞાનજ્યોતિ સ્વરૂપી દેવ આ દેહમાં જ વસેલો છે, આપના ધ્યાન દ્વારા તે જ્ઞાન સ્વરૂપી આત્માનું સ્થાન શોધી લઉં એ જ ઉપાય છે. ૮.

આપના ધ્યાનના પ્રતાપે જીવોના અનંતા કર્મો ખરી જાય છે; આપનો સેવક પણ એ ધ્યાન ધરી સુખી થવા ઇચ્છે છે. આપનું ધ્યાન જે ધરે છે, તે ગુણવંતા પુરુષો આ ભવમાં અપાર સુખ ભોગવી, પછીના ભવમાં દેવ આદિ થઈ અનુક્રમે જે પદની ભક્તિ ઈન્દ્રો પણ ગાય છે, તેવા નિર્વાણપદને પામે છે. ૯.

હે જિનેન્દ્રદેવ! શુદ્ધ ભાવપૂર્વક આઠ દ્રવ્ય લઈ આપના ચરણે અર્પું છું. હે દેવ! મને પણ શિવપદની પ્રાપ્તિ શીઘ્ર થાય. ૧૦.

ૐ હ્રીં શ્રી સીમંધરનાથ જિનેન્દ્રદેવના ચરણકમળની પૂજા અર્થે, નિર્દોષપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ સમર્પિત કરું છું.



ઐસે દુઃખ અપાર, સહે થિરતા નહિં પાઈ,
ક્રોધ માન છલ લોભ, થકી દિન દિન અધિકાઈ;
તુમ કરુણાનિધિ લેખિ, શરન આયો તતકારી,
દુઃખકો કર નિરવાર, અહો જગપતિ જગતારી. ૫

જગનાયક જગદીશ, જગોત્તમ દૃષ્ટિ નિહારો,
મોકૂં દાસ વિચારિ, કરો વપુતેં નિરવારો;
યા વપુ સંગતિ પાય, સહે દુઃખ ઔર ન હેતી,
યહ નિશ્ચૈકરિ જાનિ, લખે તુમ વાની સેતી. ૬

કરમ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ,
અગનિ સહૈ ઘનઘાત, લોહકી સંગતિ પાઈ;
ઐસે યા વપુસંગ સહે, દુઃખ ઔર ન સેતી,
ધનિ વાની તુમ દેવ, સુની ગુરુ કે મુખ એતી. ૭

તુમ અનુકંપ પસાય, તજૂં દુરધ્યાન વિકારો,
વરનાદિકતેં ભિન્ન, લખૂં ચિદ્રૂપ હમારોં;
જ્યોતિ સ્વરૂપી દેવ, બસે યાહી ઘટમાંહીં,
ઢૂંઢૂં કૌન સુથાન, લખૂં તુમ ધ્યાન ઉપાહીં. ૮

તેરે ધ્યાન પ્રતાપ, કરમ ઝરિ જાય અનંતા,
તુમ સેવક કરિ ધ્યાન, લહે સુખ નર ગુણવંતા;
ઈહ ભવ સુખ અપાર, ઔર ભવ સુરપદ પાવૈ,
અનુક્રમતેં નિરવાન, જિનકે સુરધર કરિ ગાવૈ. ૯

(દોહા)

વસુ દ્રવ્ય લે શુદ્ધ ભાવતે, જજૂં તિહારે પાય;
દેહુ દેવ શિવ મુઝ અબૈ, અહો શ્રી જિનરાય.

ૐ હ્રીં શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય ચરણકમલપૂજનાર્થે અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

# (૨૮) શ્રી સીમંધર જિનપૂજા

**સ્થાપના :** હે સીમંધર પ્રભુ! આપ નિજ ચેતનદ્રવ્યને અનંતગુણના ઘનરૂપ દેખો છો; આપના ગુણો પૂર્ણપણે નિર્મળ વિકાસ થઇ ગયા છે; અનંત વીર્ય ગુણ પ્રગટતા વિકારરૂપી શત્રુઓને આપે ભયભીત કરી દીધા છે અને અનુપમ એવા અચલ આસનમાં બિરાજી રહ્યા છો. આપે પંચેન્દ્રિય પર વિજય મેળવી નિર્મળદશા પ્રાપ્ત કરી છે. જેણે આખા જગતને જીતી લીધું છે, એવા સુભટ મોહને આપે જીત્યો છે. તેથી તે જ મહાન વિજય છે. આપ સુખ દેનાર એવી મોક્ષરૂપી રમણીઓનો સાથ ક્યારે પણ છોડતા નથી. સુખસાગરમાં મગ્ન એવા હે સીમંધર પ્રભુ! આપે સંસાર અવસ્થાનો અંત કરી, હવે ચિરકાળ સુધી ભાવપ્રાણથી ચિરંજીવી રહેશો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે સ્થિત શ્રી સીમંધર જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે સ્થિત શ્રી સીમંધર જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે સ્થિત શ્રી સીમંધર જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** તૃષાનો નાશ કરનાર એવું શુદ્ધ જળ સ્વચ્છ પાત્રમાં ભરી લાવ્યો છું. અને પાપીનો ઉદ્ધાર કરનાર એવા આપના પાવન ચરણ પૂજી ભવભ્રમણનો નાશ કરવા ઇચ્છું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુ:ખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધર જિનેન્દ્રને જન્મ-જરા-મરણના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** હે જિનવર! અનેક પ્રકારના સુગંધી દ્રવ્યો જળ સાથે ઘસી આપના ચરણમાં સંસારતાપના નાશ માટે અર્પણ કરું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુ:ખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધર જિનેન્દ્રને સંસારતાપના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.



# (૨૮) શ્રી સીમંધર જિનપૂજા

(કવિ થાનજી કૃત)

(કવિત્ત છંદ)

ભાસ ઘન ચેતનકો વિશદ વિકાસ જાસ,
ત્રાસન અરીકી જાહિ વીરજ અમાનતેં;
આસન્ન કીન્હો હૈ અચલાસન અનૂપહીકૂં,
વિજય અનંગ કિયો અંગ અમલાનતેં;
વીર મોહ આદિ જગજીતતેં સુજીત લસેં,
રંચ ન અઘાત શિવશ્યામા સુખદાનતેં;
સીમંધરજિનેશ એમ મગન સુખોદધિમેં,
અંત કરિ અંતકો ચિરંજીભાવપ્રાનતેં

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્ર ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્ર ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્ર ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧.

(રાગ બરવા)

સલિલ સ્વચ્છ પ્રાસુક તૃટ ભંજન, ભરિ ભૃંગાર લહૂં જી,
પાવન પતિત પાંવ તવ પૂજૂં, ભવભ્રમનાશ ચહૂં જી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ, મેરે દરદકી મૈં કહૂઁ કહાજી,
તો ગુનમેં ઝલકંત સહી.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય જન્મજરામૃત્યુ વિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

હરિ બાવન કદલીસુત કુંકુમ, જલસંગ મેલિ ઘસૂંજી,
શ્રીપતિચરન ચઢાવત તેરે, આકુલતાપ કસૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ...

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

**અક્ષત :** ધવલ, શુદ્ધ, અખંડ અક્ષતને પવિત્રથાળમાં ભરી આપના ચરણોમાં અર્પણ કરું છું જેથી મને અક્ષયપદની પ્રાપ્તિ થાય. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુઃખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધર જિનેન્દ્રને અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** સેવંતી, રેણી આદિ સુગંધિત ફૂલોને આપના ચરણોમાં ઇચ્છા પર વિજય પામવા અને મોક્ષરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરવા અર્થે અર્પણ કરું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુઃખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધરજિનેન્દ્રને કામબાણના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** ફેણી આદિ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ મિષ્ટાન્નના થાળ ભરી આપના ચરણોમાં ક્ષુધારોગના નાશ અર્થે અર્પણ કરું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુઃખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધરજિનેન્દ્રને ક્ષુધારોગના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** મિથ્યાત્વ અને અજ્ઞાનનો સર્વપ્રકારે નાશ કરવા માટે આપના ચરણોમાં અંધકારના નાશનું પ્રતિક એવી સુંદર જ્યોતિનો દીપક પ્રગટાવી, આરતી કરી મારા સકળ મોહભાવનો નાશ કરવા ચાહું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુઃખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધરજિનેન્દ્રને મોહ અંધકારના વિનાશ અર્થે દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** કૃષ્ણાગરુનો ધૂપ સાથે શિલારસ, કપૂર અને મલયજ મેળવીને ધૂપ તૈયાર કરી છે. આ દશ પ્રકારના બંધથી હું મુક્ત થાઉં એ ભાવનાથી ધૂપને અગ્નિસંગ જારું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુઃખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધરજિનેન્દ્રને અષ્ટકર્મના દહન અર્થે ધૂપ અર્પણ કરું છું. ૮.



અક્ષત શ્વેત અમલ અનિયારે, કરિ શુચિ થાલ ભરૂંજી,
ક્ષિતિ દશમી પાવન મનભાવન, તવ પદ પુંજ કરૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ, મેરે દરદકી મૈં કહૂઁ કહાજી.
તો ગુનમેં ઝલકંત સહી.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

સુમન સેવતી રૈણ સુગંધાદિક, બહુ ભેટ ધરૂંજી,
ઉદ્દીપન શિવતિયકો કરિકૈં, વિજય મનોજ કરૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

ફૈની સુખદૈની ક્ષુતખૈની ચરુ, બહુ ભાંતિ ધરૂંજી,
ભરિ વર થાર વારિ તવ પદપૈ, ક્ષુત પરચાહિ હરૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

પ્રજ્વલિત લલિત ગલત તમભર વર, દીપ ઉદ્યોત કરૂંજી,
ભારતીશ! તુવ કરત આરતી, આરતિ સકલ હરૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

કૃષ્ણાગર કર્પૂર શિલારસ, મલયજ ચૂર કરૂંજી,
દશવિધ બંધક ફંદ પ્રજારન, દાહકસંગ ધરૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

**ફળ** પવિત્ર અને સુગંધિત એવા દાડમ, નારંગી, લીંબુનો થાળ ભરી મોક્ષરૂપી મહા શ્રેષ્ઠફળની પ્રાપ્તિ માટે એ ફળોની આપને ભેટ ચઢાવું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુઃખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધરજિનેન્દ્રને મોક્ષફળની પ્રાપ્તિ અર્થે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ** જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ પ્રગટાવીને દશાંગ ધૂપ અને રસપૂર્ણ ફળોનો આઠ પ્રકારના દ્રવ્યોનો અર્ઘ જિનેન્દ્રદેવને અર્પણ કરું છું. હે પ્રભુ! આપ તો જ્ઞાની છો મારા દુઃખને જાણો છો. આપને હું શું કહું? આપના જ્ઞાનમાં તો બધું ઝળકી રહ્યું છે.

ૐ હ્રીં વિદેહક્ષેત્રના શ્રી સીમંધરજિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

હે સીમંધર જિનદેવ આપના ચરણમાં મસ્તક ઝુકાવીને નમસ્કાર કરું છું અને ધીરજપૂર્વક સુખકારી જયમાલાનું વર્ણન કરું છું. ૧.

અનંતવીર્યધારી સીમંધર ભગવાન! આપને મારા વારંવાર પ્રણામ હો. હે જિનેન્દ્ર ભગવાન ભવોભવમાં રખડીને મેં અનંત દુઃખ ભોગવ્યા છે, હવે સુખની આશાથી આપનું ધ્યાન કરું છું. સુખનું લક્ષણ નિરાકુળતા છે તે ન જાણીને, જડ દ્રવ્યોની સંગતિ કરી મેં મારી શક્તિ ગુમાવી, ગુરૂના ઉપદેશથી હવે એ જ્ઞાન થયું કે આપનું ને મારું રૂપ એક સમાન છે. ૨–૩.

ચાર જ્ઞાનના ધારી પણ સમવસરણનું વર્ણન કરી શકતા નથી, હું મારા મનુષ્ય ભવને પાવન કરવા પ્રસન્નતાથી થોડું વર્ણન કરું છું. ૪

સમવસરણમાં ત્રીજી પીઠિકા ચાર ધનુષ ઊંચી રત્નજડિત છે તેના ઉપર સુગંધિત ગંધકૂટી છે. કલ્પવૃક્ષના ફૂલોથી બનેલ માળાઓ ઝુલી રહી છે. શોકનો નાશ કરવાવાળું અશોકવૃક્ષ શોભી રહ્યું છે. અનેક પ્રકારના



શુભ સહકાર અનાર નારંગી, નિંબુક થાર ભરૂંજી,
શિવ ઉરોજ શ્રીફલ ફલપાવન, યે ફલ ભેટ ધરૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ, મેરે દરદકી મૈં કહૂઁ કહાજી.
તો ગુનમેં ઝલકંત સહી.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

જલ ગંધાક્ષત સુમન ચરુવર, દીપ ઉદ્યોત કરૂંજી,
ધૂપ દશાંગ પૂરરસ ફલ વર, વસુવિધ અર્ઘ ધરૂંજી;
હો જ્ઞાની તૈંને જાનિ લઈ.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(દોહા)

સીમંધર જિનદેવ તુવ, પદ નીરજ નમિ ભાલ,
ધરિ ધીરજ જય જય સુખદ, ભનૂં વિશદ જયમાલ. ૧

(દીપકલા છંદ)

જય સીમંધર સુવીરજ અપાર, તુમકૂં મમ પ્રણમન બાર બાર,
સુખ આશા ધરિ ચિરતેં જિનેશ, ભવમેં હમ શ્રમ ઠાને અશેષ. ૨

સુખજાતિ નિરાકુલતા ન જાનિ, જડસંગ કિઈ નિજશક્તિ હાનિ,
ગુરુકે મુખતેં અબ ભેદ પાય, નિજમેં તુમ રૂપ રહ્યો સુ છાય. ૩

તુમ સમવસરન રચના બખાન, નહિ બરન સકેં ધરિ ચ્યાર જ્ઞાન,
નિજ નરભવ પાવન કરન હેત, મૈં બરનૂં કછુ આનંદ ઉપેત. ૪

પુનિ તૃતીય પીઠ નગ જટિત સાર, ચવ ધનુષ તુંગ રચના અપાર,
તિહ ઉપર ગંધકુટી રસાલ, છવિપૂરતિ ગંધ ધરેં વિશાલ. ૫

સુરતરુકે પુષ્પનકી અનૂપ, લૂંબત હે માલ રસાલરૂપ,
યુત પત્ર પુષ્પ કિસલય અપાર, છવિયુત અશોક તરુ શોકહાર. ૬

રત્નોજડિત સિંહાસન ઇંદ્રધનુષ જેવું ચમકી રહ્યું છે. આવા સિંહાસનથી ચાર આંગળ ઉપર આકાશમાં નિરાધાર જિનેન્દ્રભગવાન પદ્માસન વિરાજમાન છે. પાછળ કરોડો સૂર્યને શરમાવે એવા તેજથી પ્રકાશમાન ભામંડલ છે. આ ભામંડલમાં ભવ્યજન પોતાના સાત ભવને (ત્રણ ભૂતકાળ એક વર્તમાન ૩ ભવિષ્ય) દેખે છે જેની મહિમાનું વર્ણન થઈ શકે એમ નથી. ઘનસમ દિવ્યધ્વનિ પ્રચંડ અને સ્પષ્ટ છે, જે બધી ભાષામાં (૭૦૦ લઘુભાષા અને ૧૮ મહાભાષા) પરિણમી જાય છે અને અંશમાત્ર પણ ભ્રમને નાશ કરનારી છે. ચંદ્રમા પણ શરમાઈ જાય એવા ત્રણ છત્ર જિનેન્દ્ર ભગવાન ઉપર શોભી રહ્યાં છે. તે ત્રણ લોકની પ્રભુતા અને ત્રણલોકના નાથની મહિમા બતાવી રહ્યાં છે. ચોસઠ ચામરથી દેવો ભક્તિ કરી રહ્યાં છે. એવું લાગે છે જાણે કે ગંગાની પવિત્ર લહેરો લહેરાતી હોય. હે પ્રભુ! આપની દિવ્યધ્વનિ એટલી બળવાન છે તે ઇચ્છારૂપી શત્રુનો નાશ કરી દે છે. અદ્‌ભૂત પુષ્પવૃષ્ટિ સર્વને પરાજીત કરતી, જિનેન્દ્ર–ભગવાનના યશને ફેલાવી રહી છે; જેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. દેવોદ્વારા વગાડવામાં આવતો દુંદુભિનાદ બધા જીવોને પ્રિય લાગે છે, જાણે મોહરૂપી શત્રુ પર વિજયઘોષ કરી રહ્યાં હોય. ૫–૧૨.

આપના કેવળજ્ઞાનની મહિમાનું વર્ણન કોઈ કરી શકે નહિ. છએ દ્રવ્ય પોતાની અનંતશક્તિ સહિત છે, કાળની સત્તા પણ અનંત છે. પ્રત્યેક દ્રવ્ય પોતાના અનંતગુણ–પર્યાય સાથે ઝળકી રહ્યાં છે; જેવી રીતે મુંગો માણસ સાકરના સ્વાદને ચાખીને પણ તેના સ્વાદને કહી ન શકે, તેમ તેને માત્ર અનુભવી જ શકાય. ૧૩–૧૪.

વિરોધી જાતના જીવો પણ વેર છોડી પ્રીતિપૂર્વક રહે છે. ત્યાં રોગ અને શોક નથી અને બધા દુ:ખોનો નાશ થઈ જાય છે. આપ વીતરાગી છો પણ આપને રાગ કરનારના રાગનો નાશ થઈ જાય છે. આવા આપના ઘણા અતિશય છે. આપ નિરાકુળ છો, સુખની ખાણ છો, આપની સુંદર છબી જોઈને મારા મનોબાગમાં આપના પ્રત્યે પ્રસન્નતા અનુભવાઈ રહી છે. ફરી ફરી મન આપ તરફ દોડી રહ્યું છે. હે કૃપાળુ દેવ! હવે મારી અરજી સાંભળો. મારા બધા વિભાવો અને મિથ્યાજ્ઞાનને દૂર કરો! ૧૫–૧૭.



પદતર ચવ સિંહનકે સુરૂપ, યહ વિષ્ટરસિંહ લસૈં અનૂપ,
સબ રતનજટિત સોહૈ અપાર, સુરધનુસમ પ્રસરિત જોતિ જાર. ૭

તિહુપૈં ચતુરંગલ વ્યોમ ટાર, પદમાસન જિન છવિ નિર અધાર,
અનુપમ ભામંડલકો ઉદ્યોત, લખિ કોટિક રવિ છવિ છીન હોત. ૮

ભવિજનકું ભવ દરસાત સાત, મહિમા તિનકી બરની ન જાત,
ઘનસમ ધુનિ સબ ભાષા જતાત, ભ્રમ બંસ અંસ રહું ના રહાત. ૯

શિર છત્ર તીન શશિકૂં લજાત, પ્રભુતા તિહું લોકનકી જિતાત,
સિત ચામર ગંગ તરંગ જેમ, ચવસઠિ મિત સુર ઢારેં સપ્રેમ. ૧૦

તુવ ધુનિબલ મનુ હરિમદનબાન, તુમ ઢિગ ડારત સુર મુદ મહાન,
સો પુષ્પવૃષ્ટિ બરની ન જાત, જસકેતું પરાજયકૂં જિતાત. ૧૧

જગજીવનકૂં ધુનિ પૂરિ ઈષ્ટ, સુરતાડિત દુંદુભિનાદ મિષ્ટ,
રિપુ મોહ જયો હ્વૈકે નિરોષ, મનુ તાસ વિજય ભાષે સુઘોષ. ૧૨

ક્રીડા ચિદચિંતન અતુલ જાસ, કવિ કૌન કહૈ બુધિબલવિકાસ,
ષટ દ્રવ્ય અમિત શકતી ન અંત, તિહું કાલમયી સત્તા અનંત. ૧૩

પર્યાય અનંત લિયે જુ તાહિ, ઝલકૈં ગુનભાગ અનંત માંહિ,
અનુભવ કરિકે વરને જુ કેમ, મિસરી ચખિ મૂક ભનેં ન જેમ. ૧૪

જિય જાતિવિરોધ વૈર છાંડિ, ઉર પ્રીતિ ધરેં આનંદ માંહિ,
તહં રોગ શોક વ્યાપૈ ન ભૂર, દુખ સકલ નશેં આએ હજૂર. ૧૫

દુખ દ્વેષ દોષવર્જિત વિરાગ, તવ રાગ ભએ નાશે કુરાગ,
ઈમ અતિશય અસમ ધરેં અપાર, મંડિત નિર આકુલ સૌખ્યસાર. ૧૬

યહ છવિ ચિતવન ઉપવન મઝાર, મેરો મન રમન ચહૈ અપાર,
અરજી અબ યે સુનિયે કૃપાલ, દુરભાવ અવિદ્યા ટાલ ટાલ. ૧૭

પરદ્રવ્ય પ્રત્યેની પ્રીતિનું દુ:ખ ખંડ ખંડ થઈ તૂટી જાય અને મારું હૃદય સમતારૂપી સુખથી ભરાઈ જાય. આપની વાણી પરોપકારી છે. હું હરહંમેશ એનું ધ્યાન કરું ભવોભવમાં આનંદ દેવાવાળા આપના વચન અમૃત સમાન છે. સંતજનોની સંગતિથી આપના ભક્તોની કુમતિ, સુમતિરૂપ થઈ જાય છે. પર નિંદા અને પરને દુ:ખ થાય એવા વચન કહેવાની ઇચ્છા જ થતી નથી અને આપના સુગુણોની ક્યારેય હાનિ થતી નથી. હે જગતપતિ! આપના ચરણકમળની સેવા મને ભવોભવ હો. ૧૮-૨૦.

આવી ભાવના મારા હૃદયમાં નિરંતર રહે છે. મને એમ થાય છે કે આપના પ્રત્યક્ષ દર્શન ક્યારે થશે? જ્યાં સુધી મને મોક્ષપ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી હે દયાનિધાન! આપની દયાનો હું પાત્ર રહું. કવિ 'થાન' કહે છે કે હવે મારા હૃદયમાં અમૃતસમાન સુખના ભંડારરૂપ જિનવાણી પ્રગટ થઈ છે. હાથ જોડીને એ જ ભાવના ભાવું છું કે મારા પાપોના બંધનનો નાશ કરો. ૨૧-૨૨.

નિજસ્વરૂપને દેખાડવાવાળી સર્વ પાપો રૂપ દુ:ખોનો નાશ કરવાવાળી સીમંધર ભગવાનની આ જયમાલા ધારણ કરતાં જ કલ્યાણકારી મુક્તિની પ્રાપ્તિ થશે. ૨૩.

ૐ હ્રીં શ્રી વિદેહક્ષેત્રના શ્રી સીમંધરજિનેન્દ્રને અનર્ઘ્યપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ્ય અર્પણ કરું છું.





સમરસ સુખ નિજ ઉર મંડિમંડિ, પર ચાહ દાહ દુખ ખંડિ ખંડિ,
પ્રકટો ઉર પરઉપકારવાનિ, નિશદિન ઉચરૂં તુમ સુગુન ગાન. ૧૮

તુમ વૈન સુધારસપાન સાર, ચાહૂં ભવ ભવ આનંદકાર,
તુમ ભક્ત સંતજનકો સુસંગ, મતિ હોહુ કુમતિધરકો પ્રસંગ. ૧૯

પરનિંદા પરપીડન કુવાનિ, મતિ હોહુ કભી નિજ સુગુનહાનિ,
સદ્ગુરુચરણાંબુજસેવ સાર, દીજે જગપતિ ભવ ભવ મંઝાર. ૨૦

તુવ દરશ કરૂં પરતક્ષ દેવ, યહ ચાહિ હિયે વરતૈ સુમેવ,
પાવેં જબ લોં નહિં મોક્ષથાન, તબલોં યહ દેહુ દયાનિધાન. ૨૧

હમ જાચત હૈં કર જોરિ જોરિ, અઘબંધન મેરે તોરિ તોરિ,
જિનબોધસુધા-સુખ કો ભંડાર, અબ 'થાન' હિયે પ્રગટો અપાર. ૨૨

(સુંદરી)

નિજ સ્વરૂપ હિયે દરસાવની, સકલ પાતિગતાપ નસાવની,
સીમંધર જયદા જયમાલહી, ધરત કંઠ લહૈં શિવબાલહી. ૨૩

ૐ હ્રીં શ્રી વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.



# (૨૯) શ્રી સીમંધર જિનપૂજા

**સ્થાપના :** સ્વયંના ધ્યાનરૂપ ઉગ્ર પુરુષાર્થના બળથી જેણે પ્રચંડ એવા કર્મશત્રુ પર વિજય પ્રાપ્ત કર્યો છે, જેની જ્ઞાનજ્યોતિમાં લોક–અલોકનું જ્ઞાન સમાઈ ગયું છે એવા હે સીમંધરદેવ! આપ દીનના બંધુ છો તો આપ મારા પર કરુણા કરી અહીં આવી બિરાજો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે સ્થિત શ્રી સીમંધર જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે સ્થિત શ્રી સીમંધર જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે સ્થિત શ્રી સીમંધર જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** કમળથી સુવાસિત કરેલું જળ જે તૃષ્ણાને શાંત કરે છે અને હિમ પર્વત જેવું શીતળ જળ જે તાપ હરે છે, તેની ઝારી ભરી મારો અજ્ઞાન અંધકાર નાશ કરવા તેની ત્રણ ધારા કરી અર્પણ કરું છું. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધરદેવને જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** કાશ્મીરના કેશર ને હરિચંદન સાથે ઘસવાથી જે સુગંધ પ્રસરે છે તેના થકી તાપ દૂર થાય છે, તે પ્રભુ ચરણમાં અર્પણ કરી મારા ભવરૂપી તાપ દૂર થાય અને સુખની પ્રાપ્તિ થાય. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધરદેવને ચંદન અર્પિત કરું છું. ૩.



# (૨૯) શ્રી સીમંધર જિનપૂજા

(કવિ થાનજી કૃત)

(દોહા)

કરિ નિજધ્યાન પ્રચંડ બલ, જયે કર્મ અરિ ચંડ;
ચિદગુન જ્યોતિ અખંડમેં, મિલે ગગન દ્વય ખંડ.
સો સીમંધર દેવ વર, દીનબંધુ સ્વયમેવ;
કરિ કરુણા મુઝ દીનપૈ, તિષ્ઠ તિષ્ઠ ઈત દેવ.

ૐ હ્રીં શ્રી વિદેહક્ષેત્રસ્થશ્રીસીમંધર પરમદેવ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રી વિદેહક્ષેત્રસ્થશ્રીસીમંધર પરમદેવ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્;

ૐ હ્રીં શ્રી વિદેહક્ષેત્રસ્થશ્રીસીમંધર પરમદેવ ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

(લીલાવતી છંદ)

જલ કમલ સુવાસિત તૃષ્ણાનાશિત, હિમગિરિ સમ સિત તાપહરા,
ભરકરિ વર ઝારી ભ્રમતમ હારી, ધારત હૂં ત્રય ધાર ધરા;
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં શ્રી વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય જન્મજરામૃત્યુ વિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

કસમીર સુરંગી ઘસિ હરિસંગી, પરિમલઅંગી તાપહરી,
પ્રભુ ચરન ચઢાવત સુખ સરસાવત, જાવત ભવ આતાપ ટરી;
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં શ્રી વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

**અક્ષત :** પવિત્ર, સુંદર, સફેદ અને મન હરી લે એવા પાવન ચોખા જેની ધવલ શોભા આગળ ચંદ્રમા પણ ઝાંખો લાગે. તેનો થાળ ભરીને આપ સહજ કરુણાના ધારી એવા જિનેન્દ્રદેવને હિતકારી એવા અક્ષયપદની મને પ્રાપ્તિ થાય તે ભાવના સાથે આપના ચરણોની પૂજા કરું છું. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધરદેવને અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** મનને આકર્ષિત કરે તેવા રંગબેરંગી કુંદ, ગુલાબ જેવા અનેક ફૂલો લઈ આપ જિનેન્દ્રદેવની ચરણ પૂજા કરું છું, જે મને સુખ આપે છે અને મારી દુ:ખમય દશાનો નાશ કરે છે. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઈશ છો આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધરદેવને પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** બળની વૃદ્ધિ કરનાર અને ક્ષુધા (ભૂખ) મટાડનાર નયનોને અને મનને લોભાવનાર એવા સ્વાદિષ્ટ લાડુ બનાવ્યા છે. આપે અનંત ગુણોને પ્રગટ કર્યા છે, આપ સર્વ સુખના સારરૂપ છો. તેથી આપને નૈવેદ્ય અર્પણ કરી, મને પણ મહામંગળ પદની પ્રાપ્તિ થાય તે ભાવના ભાવું છું. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધરદેવને નૈવેદ્ય ચડાવું છું. ૬.

**દીપ :** અંધકાર (અજ્ઞાન) આવરણનો વિનાશ કરવા, જ્યોતિ (જ્ઞાન)નો પ્રકાશ કરવા દિવ્ય દીપક (સમ્યક્દર્શન)થી પ્રકાશ કરું (આપને પૂજું) છું. આપે ભ્રમરૂપી અંધકારનો વિનાશ કર્યો છે. આપ જિનેન્દ્રદેવ જગતમાં પવિત્ર છો. આપને એથી વિશેષ પાવન વસ્તુ શું



તંદુલ શુભ સુંદર શ્વેત સુમનહર, પાવન દધિસુતદુતિહારી,
હે જિન કરુણાન્વિત અક્ષયપદહિત, યજૂં ચરન તવ ભરિ થારી;
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

સુમન સુ મનહર વિવિધવરનપર, કુંદ ગુલાબ જુ આદિ વરં,
લહિકર જિન પદવર પૂજત સુખભર, સંવર અરિસર નાશ કરં;
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય કામબાણ વિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

મોદક બલકારન ક્ષુધા નિવારન, દૃગમનહારન મિષ્ટ બને;
નિજગુણબલધારન લે સુખસારન, પૂજૂં જિનપદ ઈષ્ટ ઘને,
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

તમ પટલ વિનાશન જ્યોતિ પ્રકાશન, દીપક દિવ્ય ઉજાસ કરૂં;
ભ્રમ તિમિર વિનાશન પ્રભુ જગપાવન, પાવન ઊપરિ વાર ધરૂં;

ધરું? હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** બાવન ચંદન સાથે અગરનું ચૂરણ લઈ તેની પવિત્ર ધૂપ તૈયાર કરી પ્રભુના ચરણ સમીપ ખેવું છું. મનમાં ભાવના ભાવું છું કે મારા અષ્ટ ગુણો પ્રગટે અને અષ્ટકર્મ બળી જાય. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** પવિત્ર, સુંદર, સ્વાદિષ્ટ, મનોહર ફળ જેવા કે ખારેક, લોંગ, બદામ, આદિ લઈ અતિ હર્ષ સહિત જિનેન્દ્રદેવના ચરણોમાં ચઢાવું છું. મારા સુગુણોરૂપી ફળનો સ્વાદ મને પ્રાપ્ત હો (અનુભવ હો) એવી ભાવના ભાવું છું. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** જળ, ચંદન, અક્ષત અને સુંદર પુષ્પ, ચરુ (નૈવેદ્ય) દીપ, ધૂપ, ફળનો સમૂહ લઈ (થાળ) સજાવ્યો છે, તેનો અર્ઘ લઈ મનમાં અતિ હર્ષિત થઈ આપ શ્રીપતિના ચરણોમાં ચડાવું છું. હે સીમંધર પ્રભુ! આપની પૂજા ઈન્દ્રો કરે છે. આપ ધર્મનું શાસન સંભાળનાર આ ધરતીના ઇશ છો. આપની જય હો....જય હો. આપ પૂર્ણ સુખી છો અને ગુણોમાં પણ પૂર્ણ છો, આપ મોક્ષરૂપી મહાન વૃક્ષ છો. આપ મારા પાપોનો નાશ કરો.

ૐ હ્રીં વિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને અર્ઘ સમર્પણ કરું છું. ૧૦



જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

લહિ ચંદન બાવન ચૂરન પાવન, અગરાદિક કરિ સંગ ભલે,
ખેઊં જિન પદતર યે નિજ મન ધરિ, નિજ ગુનહર વસુ કર્મ જલે;
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

ફલ પ્રાસુક સુંદર મિષ્ટ મનોહર, ખારિક લૌંગ બદામ ભલે,
જિન ચરન ચઢાઊં હર્ષ બઢાઊં, ચાખનકૂં ફલ સુગુન રલે;
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

જલ હરિ અક્ષત અરુ સુભગ સુમન ચરુ, દીપ ધૂપ ફલ પુંજ સજૂં,
મન આનંદ અતિ ધરિ અર્ઘ સુ લેકરિ, શ્રીપતિજૂકે ચરન જજૂં;
જય જય સીમંધર યજત પુરંદર, ધર્મધરાધર ધરનીશં,
અઘગનકર ચૂરન હે સુખ પૂરન, ગુનપૂરન શિવતરુનીશં.

ૐ હ્રીં વિદેહક્ષેત્રસ્થ શ્રીસીમંધરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

હે જગતના ઈશ્વર, હે સીમંધર ભગવાન! આપ શિવ છો, કલ્યાણમય છો, (ભાવ)મોક્ષને પ્રાપ્ત છો, મોક્ષમાં નિવાસ કરો છો, મોક્ષ દેનાર છો, મોક્ષના નાથ છો હું પણ મોક્ષની પ્રાપ્તિ હેતુ આપની પૂજા કરું છું. ૧

હે જગપતિ! આપની જય હો, આપ શ્રેષ્ઠ ગુણધારી, મનવાંછા પૂરી કરવાવાળા છો, કેવળજ્ઞાની છો, આપે કામ, મદનો નાશ કર્યો છે, ભ્રાંતિનો નાશ કરી ધર્મની પ્રાપ્તિ કરી છે. આપે (અનંતગુણ) સામ્રાજ્ય પ્રાપ્ત કરી લીધું છે, તેથી અચળ પદ લીધું છે અને એક આસનમાં બિરાજમાન છો. ૨

કદી ખૂટે નહિ તેવો અખૂટ અને ઘટે નહીં તેવો અઘટ જ્ઞાનરસ દરેક આત્મામાં ભરેલો (વ્યાપ્ત) છે (તેમ આપ જુઓ છો). આપ પર કોઈ પ્રહાર કરી શક્તું નથી, તેથી અનાહત છો. શ્રેષ્ઠ ગુણોને આપે પ્રગટાવ્યા છે. આપનું ધ્યાન કરવાથી દુર્ગતિ અને દુઃખો ટળી જાય છે. સંસારી જીવોના આપ ઉદ્ધારક છો. ૩

રાજકુમાર મેઘરથ (ભગવાન શાંતિનાથ પૂર્વભવ ત્રીજો) ઘનરથ તીર્થંકરના પુત્ર હતા. એકવાર રાજ્યસભામાં બે કુકડાનું યુદ્ધ જોઈ તેની અનુકંપાથી ઉદ્ધારનો પ્રસંગ

# (૩૪) શ્રી મલ્લિનાથ–જિનપૂજા

**સ્થાપના :** હે મલ્લિનાથ ભગવાન! આપે શીલ સ્વભાવ ધારણ કરી કામરૂપી બળવાન શત્રુને હરાવ્યો. અનુપ્રેક્ષા (બાર ભાવના) રૂપી તીરનું સંધાન કરી મોહ રાજા પર જય પ્રાપ્ત કર્યો. દીક્ષારૂપી શિબિકા (પાલકી)માં આરૂઢ થઈ મોક્ષરૂપી રમણીને વર્યા. આપના ગુણોને હૃદયમાં ધારણ કરી આપને પ્રણામ કરીને આપને આહ્વાનન કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** ચન્દ્રસમાન ઉજ્જ્વળ ક્ષીરસાગરના સુગંધી જળના ઘટની ધારથી આનંદપૂર્વક વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને જન્મ-જરા-મરણના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** ભવરૂપી અગ્નિદાહનો નાશ કરવા એવા સુગંધી ચંદન કે જેનું એક બિંદુ પણ પડતાં સ્નેહ(રાગ)રૂપી ઉષ્ણતા, શરદ સમાન શીતળ થઈ જાય છે, તેના દ્વારા આપને પૂજૂં છું. વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને સંસારતાપના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** આપને પૂજવા અર્થે સરલ ચિત્તવાળા ભવ્યજીવ રાજભોગ્ય અને મનોજ્ઞ ઉત્તમ અક્ષતના શ્વેત પૂંજ લઈને આવે છે. વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.



# (૩૪) શ્રી મલ્લિનાથ–જિનપૂજા

(અડિલ્લ)

મલિ સનાહ સજિ સીલ મદન દુસતર હરયો,
અનુપ્રેક્ષા સર સંધિ મોહભટ જય કર્યો;
પ્રવજ્યા સિવકા સાજિ વરાંગન શિવ વરી,
આહ્વાનન વિધિ કરૂં પ્રણમિ ગુણ હિય ધરી.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્ર! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્ર! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્ર! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧.

(નારાચ છંદ)

ઇન્દુ કુંદ છીરતૈં અપાર સ્વેત વારહી,
મિશ્ર ગંધ ભૃંગ ધારિકૈં નિકારિ ધારહી,
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

ગંધ ચંદનાદિ લે ભવાદિ દાહકૂં હરૈ,
સરદ હૂવૈ સનેહ ઉસ્ન બૂંદ એક જો પરૈ.
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

રાય ભોગ્યકે મનોગ્ય તંદુલૌઘ સારહી,
સરલ ચિત્તહાર સ્વેત પુંજ ભવ્ય ધારહી,
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

**પુષ્પ :** કલ્પવૃક્ષના વિવિધ પાંચ જાતના ઉત્તમ પુષ્પો લઈને કામબાણના નાશ માટે આપની સમક્ષ ચડાવું છું. વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને કામબાણના વિનાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** ક્ષુધાદિ રોગના નાશ માટે ઘીથી બનેલ લાડુ, ઘેવર આદિ નૈવેદ્યને સ્વર્ણ થાળમાં સજાવી અર્પણ કરું છું. વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને ક્ષુધારોગના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** ભવ્યજીવ મોહરૂપી અંધકારના નાશ માટે અતિ પ્રકાશમાન રત્નદીપને સુવર્ણથાળમાં ભેટ ધરે છે. વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને મોહઅંધકારના વિનાશ અર્થે દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** ધૂપ, ચંદન આદિ સ્વર્ણપાત્રમાં લઈને (ધ્યાન) અગ્નિસંગ જલાવવાથી ભવ્યજીવોનો કર્મસમૂહ બળી જાય છે. વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અષ્ટકર્મના દહન અર્થે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** મનોજ્ઞ અને ચિત્તહરણ, મિષ્ટ, પૌષ્ટિક, સુગંધી અને રસવાળા પૂજનયોગ્ય શ્રીફળ આદિ ફળોનો થાળ ભરી મોક્ષ ફળ પ્રાપ્તિ માટે આપને અર્પણ કરું છું. વિવિધ ગીત–નૃત્ય–સંગીત સહિત દોષરહિત દ્રવ્ય લાવી હું મલ્લિનાથ જિનેન્દ્રની હર્ષપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને મોક્ષફળની પ્રાપ્તિ અર્થે ફળ અર્પણ કરું છું. ૯.



સુરોપનીત પુષ્પસાર પંચ વર્ણ લ્યાઈયે,
જિનેન્દ્ર અગ્ર ધારિકેં મનોજકૂં નસાઈયે.
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

મોદકાદિ ઘેવરાદિ ઘૃત્ત ખંડતૈં કરૈં,
સ્વર્ણથાલ ધારતૈં, ક્ષુધ્યાદિ રોગકૂં હરૈં.
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

રત્ન દીપ તેજ ભાન હેમ થાલમેં ભરૈં,
જિનેન્દ્ર અગ્ર ધારિ ભવ્ય મોહ ધ્વાંતકૂં હરૈ.
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

દસાંગ ધૂપ ચંદનાદિ સ્વર્ણ પાત્રમેં ભરૈં,
હુતાસ સંગ ધારિ કર્મ ઓઘ ભવ્યકે જરૈ.
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

મિષ્ટ સુષ્ઠ શ્રીફલાદિ ઘ્રાણ ચક્ખિકૂં હરૈં,
મનોગ્ય ચિત્તહાર પૂજ જોગ્ય થાલમેં ભરૈં.
અનેક ગીત નૃત્ય તૂર ઠાનિયે વિનોદસ્યૌં,
અનર્ઘ દ્રવ્ય લ્યાય મલ્લિનાથ પૂજિ મોદસ્યૌં.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

**અર્ઘ :** મેં શુદ્ધ, પવિત્ર જળ, જેની સુગંધથી ભ્રમર ગુંજી ઉઠે એવા સુગંધિત મલય (ચંદન), ચંદ્ર સમાન શ્વેત અક્ષત, સુગંધ ફેલાવનાર કુસુમ (પુષ્પ), ક્ષુધા નષ્ટ કરનાર નૈવેધ, (અજ્ઞાન) અંધકાર નાશ કરનાર (રત્નત્રય) દીપ, આઠ કર્મદહન કરનાર ધૂપ વિગેરેથી મોક્ષમાર્ગ પ્રકાશનાર ફળ એવા શુભ (અષ્ટ) દ્રવ્યો લઈ પૂજાનો થાળ ભર્યો છે. હે મલ્લિનાથ ભગવાન! આપના ચરણોમાં હું અષ્ટદ્રવ્યોની પૂજા રચું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

ચૈત્ર સુદ પ્રતિપદા (એકમ)દિને આપ અપરાજિત વિમાનથી પ્રજાવતી માતાના ઉદરમાં આવ્યા. હે મલ્લિનાથ! આપના ગુણવૃંદને હું પૂજું છું.

ૐ હ્રીં ચૈત્ર સુદ એકમના દિને ગર્ભમંગલને પ્રાપ્ત શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૧.

માગશર સુદી એકાદશીના દિવસે સૌધર્મ ઈન્દ્રે ચારેય પ્રકારના દેવો સહિત મેરુપર્વત પર આપનો અભિષેક કર્યો. હું આપના ગુણોની સ્તુતિ કરું છું.

ૐ હ્રીં માગશર સુદ અગિયારસના દિને જન્મમંગલને પ્રાપ્ત શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૨.

હે ધૈર્યના ધરનાર પ્રભો! આપે ભવભયથી આ જગતના રાજ્યને તૃણવત્ (ઘાસના તણખલાની જેમ) ત્યાગ કર્યો અને માગશર શુકલ એકાદશીના દિવસે આપે મહાન તપ ધર્યું.

ૐ હ્રીં માગશર સુદ અગિયારસના દિને તપમંગલને પ્રાપ્ત શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૩.

પોષ વદ બીજના દિવસે આપે દુ:ખદાયી એવા ધાતિકર્મનો નાશ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ધર્મનું સ્વરૂપ બતાવ્યું. હું એ જ્ઞાનની સ્તુતિ કરું છું.

ૐ હ્રીં પોષ વદ બીજના દિને જ્ઞાનકલ્યાણકને પ્રાપ્ત શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૪.



(છપ્પય)

સલિલ સુચ્છ સુભ ગંધ મલયતૈં મધુ ઝંકારૈ,
તંદુલ શશિતૈં સ્વેત કુસુમ પરિમલ વિસ્તારૈં;
છુધા હરન નૈવેદ રતન દીપક તમ નાસૈ,
ધૂપ દહૈ વસુ કર્મ મોખમગ ફલ પરકાસૈ.

ઈમ અર્ઘ કરૈં સુભ દ્રવ્ય લે, રામચંદ્ર કન થાલ ભરિ,
શ્રી મલ્લિનાથકે ચરણ જુગ, વસુ વિધિ અરચૈં ભાવ ધરિ.

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

(દોહા)

ચૈત સુકલ પ્રતિપદ ચયે, અપરાજિતતૈં ઈંદ;
પ્રજાવતી ઉર અવતરે, જજૂ મલ્લિ ગુણવૃંદ.

ૐ હ્રીં ચૈત્રશુક્લપ્રતિપદાયાં ગર્ભમંગલમંડિતાય શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧.

અગહન સુદિ એકાદસી, સુરપતિ ચતુરનિકાય;
સુરગિરિ સનપન કરિ જજે, મૈં જજહૂં ગુણ ગાય.

ૐ હ્રીં માર્ગશુક્લએકાદશ્યાં જન્મમંગલમંડિતાય શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૨.

ભવભય કરિ તૃણવત તજ્યૌ, જગતરાજ ધર ધીર;
સિત અગહન એકાદશી, જજૂં ધરયો તપ વીર.

ૐ હ્રીં માર્ગશુક્લૈકાદશ્યાં તપોમંગલમંડિતાય શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૩.

પૌષ કૃષ્ણ દોયજ હને, ઘાતિકર્મ દુખદાય;
કેવલ લૈ વૃષ ભાખિયો, જજૂં જ્ઞાન ગુણ ગાય.

ૐ હ્રીં પૌષકૃષ્ણદ્વિતીયાયાં જ્ઞાનમંગલમંડિતાય શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૪.

ફાગણ વદ પાંચમના દિવસે બાકીના અઘાતિકર્મોનો નાશ કરી સમ્મેદશિખરથી આપે મોક્ષપદ પ્રાપ્ત કર્યું. હું એવા શિવપદની પ્રાપ્તિ માટે આપના ગુણોને નમન કરું છું.

ૐ હ્રીં ફાગણ સુદ પાંચમના દિને મોક્ષમંગલને પ્રાપ્ત શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૫.

## જયમાલા

હે મલ્લિનાથજી! આપે બાળપણમાં જ શત્રુસમાન દુઃખકારી એવા વિષયોને તપરૂપ અગ્નિ પ્રગટ કરી ભસ્મ કર્યા. હું આપના ચરણોમાં નમન કરું છું. ૧

હે ત્રણ જગતના નાથ મલ્લિનાથ! આ ભવરૂપી સમુદ્રને તરવા આપ જ શરણરૂપ છો. આપ ધર્મ તીર્થ પ્રવર્તાવનારા અને જગતના જીવોના સહાયક, અકારણ મહાઈશ આપનો જય હો. ૨

હે પ્રભુ! આપ તીર્થંકર છો, કૃપાના ભંડાર છો, મુક્તિરૂપી સ્ત્રીના પતિ છો, અને આપ જ્ઞાનચક્ષુથી સમસ્ત વિશ્વને જાણનાર સ્વયંબુદ્ધ મહાન છો. હે પ્રભુ આપનો જય હો. ૩

હે પ્રભુ! આપે સ્વપરના હિતકાજે દીક્ષારૂપી શસ્ત્ર લઈ મોહના મદને તુરત ચૂર કર્યો. તેર પ્રકારે પવિત્ર ચારિત્ર ધારણ કરી, અતિકુમાર વયે રાગદ્વેષનો નાશ કર્યો. આપનો જય હો. ૪

હે જ્ઞાન શરીરી પ્રભુ! આપે નિઃશંસયપણે આ ભવસમુદ્રમાંથી અનેક ભવ્ય જીવોને તાર્યા છે. આપના વચનામૃતરૂપી મહાન તીર્થમાં જે સ્નાન કરે છે, તે પાવન બને છે. ૫

આપના વચનરૂપી, મેઘની વર્ષામાં જે ભીંજાય છે, તેનો દુષ્કર્મરૂપી મેલ એક ક્ષણ પણ રહી શકતો નથી. હે મારા જિનેશ, આપના જ્ઞાનરૂપી સૂર્યના ઉદયથી મોહરૂપી અંધકારનો નિઃશેષપણે નાશ થાય છે. ૬

આપની સહાયથી ભવ્ય જીવ કોઈપણ બાધા વગર મોક્ષમાર્ગ પામી નિર્વાણને પ્રાપ્ત થાય છે. અનેક મુનિશ્વરો આપના શરણમાં આવી મોક્ષમાં ગયા છે અને ભવિષ્યમાં પણ જશે. ૭

હે ધર્મોપદેશના દાતા જિનેન્દ્રદેવ! આપ મહાન દર્શન–જ્ઞાન–ચારિત્રને ધરનાર છો. આ અપાર ભવસાગરમાંથી ભવ્યોને તારવા માટે આપનો નામમંત્ર જહાજ સમાન છે. આપની જય હો. ૮



ફાગુન પંચમી સુકલહી, શેષ કર્મ હનિ મોખ;
ગયે સમેદાચલથકી, શિવહિત પદ ગુણ ધોખ.

ૐ હ્રીં ફાલ્ગુનશુક્લપંચમ્યાં મોક્ષમંગલમંડિતાય શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૫.

## જયમાલા

(દોહા)

બાલપનૈ મલ્લિનાથજી; વિષય અરનિ દુખકાર;
પ્રગટ ભસ્મ તપ અગ્નિતૈં, કરૈં નમૂં પદ સાર. ૧

(પદ્ધરી છંદ)

જય તીન જગતપતિ મલ્લિદેવ, ભવ ઉદધિ તાર તુમ શરન એવ,
જય ધર્મતીર્થ કરતા જિનેશ, જગબંધુ વિના કારન મહેશ. ૨

જય તીર્થરાજ કિરપાનિધાન, જય મુક્તરમા–ભરતા સુજાન,
જય સ્વયંબુદ્ધ શંભૂ મહાન, જય જ્ઞાનચક્ષુ કરિ વિશ્વ જાન. ૩

જય સ્વપર હિતૂ મદમોહ સૂર, દીક્ષા કૃપાણ ગહિ તુરત ચૂર,
જય તેરહ ચારિત અમલ ધાર, હત રાગ દ્વેષ વય અતિ કુમાર. ૪

તુમ જ્ઞાન પોત લહિ ભવિ અનેક, ભવસિંધુ તરે સંશય ન એક,
તુમ વચનામૃત તીરથ મહાન, હ્વૈ પાવન જે કરિ હૈં સનાન. ૫

દુઃકર્મ પંક છિન ના રહાય, તુમ વૈન મેઘ કરિકૈં જિનાય,
તુમ જ્ઞાન ભાન કરિકૈં મમેસ, હ્વૈ તિમિર મોહકો છય અસેસ. ૬

શિવપંથ ભવ્ય નિર્વિઘ્ન જાય, તેરી સહાય નિર્વાન પાય,
બહુ જોગીશ્વર તુમ શરન થાય, નિર્વાન ગયે જાસી અઘાય. ૭

જય દર્શન જ્ઞાન ચરિત્ત ઈશ, ધર્મોપદેશ દાતા મહીશ,
જય ભવ્યનિકર તારન જિહાજ, ભવસિંધુ પ્રચુર તુમ નામ પાજ. ૮

આપના નામનો મંત્ર જે ભાવથી જપે છે, તે સર્વાર્થસિદ્ધિમાં પહોંચી અનુક્રમે મોક્ષસુખ પામે છે. હે મલ્લિનાથ! હું આપને મન વચન કાયાથી (ત્રિવિધા) હાથ જોડી વિનંતી કરું છું કે મને અક્ષયપદ (મોક્ષપદ) આપો. ૯.

હે મલ્લિનાથ જિનદેવ! આપને દેવોના દેવ નમે છે, અષ્ટવિધિથી આપના ચરણોની પૂજા કરે છે. હું (કવિ રામચંદ્ર) આ દુ:ખદાયી જન્મ–મરણની શૃંખલા તૂટે અને મોક્ષની પ્રાપ્તિ થાય, તે અર્થે અર્ચના કરું છું.

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે મહા-અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## (૩૫) શ્રી નેમિનાથ જિનપૂજા

**સ્થાપના :** હે નેમિનાથ તીર્થંકર ભગવાન! આપ બાળબ્રહ્મચારી, કરૂણાસાગર, દયાના ભંડાર અને પરમ ઉપકારી છો. આપનો જય હો.

હે પ્રભુ, આપે દિવ્યધ્વનિ દ્વારા જગતના જીવોનો ઉદ્ધાર કર્યો અને ગિરનાર શિખરથી નિજપદ–નિર્વાણને પ્રાપ્ત થયા.

આજે આપના દર્શન દ્વારા મને મારા નિજસ્વરૂપનું ભાન થયું અને હું પણ સિદ્ધ સમાન છું એવો મહાન દ્રઢ નિશ્ચય થયો.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** સમકિતરૂપી જળની ધારાથી, મિથ્યા માન્યતા ધોવાઈ જાય છે અને તત્ત્વોનું શ્રદ્ધાન પોતાને માટે શાશ્વત મંગળદાયી છે. આવો ઉપદેશ આપનાર હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને મિથ્યાત્વરૂપી મળના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.



ત્વં નામ મંત્ર જો ચિત ધરેય, સર્વારથસિધિ શિવસૌખ્ય લયે,
મૈં વિનઊં ત્રિવિધા જોરિ હાથ, મુઝ દેહુ અછૈપદ મલ્લિનાથ. ૯

(ઘત્તા)

શ્રી મલ્લિજિનેશ્વર નમત સુરેશ્વર, વસુવિધિ કરિ જુગ પદ ચરચૈ,
દુહ જર મરણાવલિ નસૈ ભવાવલિ, રામચંદ શિવતિય પરચૈ. ૧૦

ૐ હ્રીં શ્રીમલ્લિનાથજિનેન્દ્રાય મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

✾

## (૩૫) શ્રી નેમિનાથ જિનપૂજા

જય શ્રી નેમિનાથ તીર્થંકર બાલ બ્રહ્મચારી ભગવાન,
હે જિનરાજ પર ઉપકારી કરુણા સાગર દયા નિધાન.
દિવ્યધ્વનિ કે દ્વારા હે પ્રભુ તુમને કિયા જગત કલ્યાણ,
શ્રી ગિરનાર શિખર સે પાયા તુમને સિદ્ધ સ્વ પદ નિર્વાણ.
આજ તુમ્હારે દર્શન કરકે નિજ સ્વરુપ કા આયા ધ્યાન,
મેરા સિદ્ધ સમાન સદા પદ યહ દ્રઢ નિશ્ચય હુઆ મહાન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્ર! અત્ર અવતર અવતર સંવૌષટ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્ર ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્ર! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ સન્નિધિકરણમ્. ૧.

સમકિત જલ કી ધારાસે તો મિથ્યા ભ્રમ ધુલ જાતા હૈ,
તત્ત્વોં કા શ્રદ્ધાન સ્વયં કો શાશ્વત મંગલ દાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય મિથ્યાત્વમલવિનાશનાય જલમ્ નિર્વપામીતિ૦ ૨.

**ચંદન :** સાચી શ્રદ્ધારૂપી પાવન ચંદનથી ભવનો તાપ મટે છે અને ક્રોધ કષાય નષ્ટ થઈ સ્વરૂપની રૂચિ થાય છે. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને ક્રોધકષાયના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** શુભાશુભ (વિકારી) ભાવથી અભિમાનીના માન–કષાય વધે છે, પણ વસ્તુ સ્વરૂપનું જ્ઞાન થતાં તો માન–કષાય મટે છે. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને માનકષાયના વિનાશ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** અનાદિથી આ ચેતને કપટથી પરભાવોની માયા જાળ બિછાવી છે. એ અનંતકાળનો માયાકષાય સમકિતરૂપી પુષ્પ ખીલતા મટી જાય છે. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને માયાકષાયના વિનાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** તૃષ્ણાની આગમાં લોભી જીવ ક્યારેય સુખ પામતો નથી. સમ્યક્ (સાચી શ્રદ્ધા)રૂપી નૈવેદ્ય પ્રાપ્ત થતાં તેનો લોભ નાશ થાય છે અને તે પવિત્ર થઈ જાય છે. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને લોભકષાયના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** અજ્ઞાનરૂપી અંધકાર જગતમાં પરિભ્રમણ કરાવે છે. સમકિતરૂપી દીપ પ્રકાશિત થતા જ્ઞાન નેત્ર ખુલી જાય છે. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને મોહઅંધકારના વિનાશ અર્થે દીપ અર્પણ કરું છું. ૭.



સમ્યક શ્રદ્ધા કા પાવન ચન્દન ભવ તાપ મિટાતા હૈ,
ક્રોધ કષાય નષ્ટ હોતી હૈ નિજ કી અરુચિ હટાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય ક્રોધકષાયવિનાશનાય ચન્દનમ્ નિર્વપામીતિ૦ ૩.

ભાવ શુભાશુભ કા અભિમાની માન કષાય બઢાતા હૈ,
વસ્તુ સ્વભાવ જાન જાતા તો માન કષાય મિટાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય માનકષાયવિનાશનાય અક્ષતમ્ નિર્વપામીતિ૦ ૪.

ચેતન છલ સે પર ભાવો કા માયા જાલ બિછાતા હૈ,
ભવ ભવ કી માયા કષાય કો સમકિત પુષ્પ મિટાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય માયાકષાયવિનાશનાય પુષ્પમ્ નિર્વપામીતિ૦ ૫.

તૃષ્ણા કી જ્વાલા સે લોભી કભી નહીં સુખ પાતા હૈ,
સમ્યક ચરૂ સે લોભ નાશ કર યહ શુચિમય હો જાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય લોભકષાયવિનાશનાય નૈવેદ્યમ્ નિર્વપામીતિ૦ ૬.

અન્ધકાર અજ્ઞાન જગત મેં ભવ–ભવ ભ્રમણ કરાતા હૈ,
સમકિત દીપ પ્રકાશિત હો તો જ્ઞાન નેત્ર ખુલ જાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય મોહાન્ધકારવિનાશનાય દીપમ્ નિર્વપામીતિ૦ ૭.

**ધૂપ :** અત્યારસુધી પરપરિણતિ–વિભાવભાવમાં ફસાઈને પોતાના સ્વભાવને ભૂલી ગયો છે. નિજસ્વરૂપનું જ્ઞાન થતાં વિભાવ પરિણતિ નષ્ટ થાય છે. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને વિભાવપરિણતિના વિનાશ અર્થે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** નિજસ્વભાવરૂપી ફળ મળતાં (તેના આશ્રય વડે) ચેતન મોક્ષરૂપી મહાફળ પામે છે, તેના ચારગતિના બંધન છૂટી જાય છે અને તે સિદ્ધ સ્વપદને પામે છે. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને મોક્ષફળની પ્રાપ્તિ અર્થે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** જ્યાંસુધી પોતાના નિજસ્વભાવમાં ચેતનમાં લીનતા ન પામે. ત્યાં સુધી જળ ફળાદિથી અષ્ટ દ્રવ્યરૂપી અર્ઘથી કાંઈ લાભ નથી થતો. હે વીતરાગી તીર્થંકર નેમિનાથ સ્વામી! આપના ચરણકમળની પૂજા કરું છું. આપને મારા કોટિ–કોટિ વંદન.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## પંચકલ્યાણક

હે નેમિનાથ સ્વામી! આપ કાર્તિક સુદી છઠના દિવસે અપરાજિત વિમાનમાંથી આવ્યા અને માતા શિવાદેવીનું હૃદય ધન્ય બન્યું. તેથી ત્રણે લોકમાં અનન્ય હર્ષ થયો. સોળ સ્વપ્નના ફળ જાણીને જગતના જીવોના મનમાં અતિ આનંદ થયો અને તે દિવસે આપનો મંગલ ગર્ભોત્સવ મનાવ્યો.

ૐ હ્રીં કારતક સુદ છઠ્ઠના દિને ગર્ભમંગલને પ્રાપ્ત શ્રી નેમિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૧.

શ્રાવણ સુદી છઠના દિવસે શૌરીપુરમાં રાજા સમુદ્રવિજયના ઘરે આપનો જન્મ થતાં દેવોએ (તાંડવ) નૃત્ય કર્યું. સુદર્શન મેરુ પર જઈ ક્ષીરોદધિના જળથી આપનો અભિષેક કર્યો અને આ રીતે દેવોએ આપનો જન્મોત્સવ અતિ આનંદથી ઉજવ્યો.

ૐ હ્રીં શ્રાવણ સુદ છઠ્ઠના દિને જન્મમંગલને પ્રાપ્ત શ્રી નેમિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૨.



પર વિભાવ પરિણતિ મેં ફંસકર નિજ કા ધુઆં ઉડાતા હૈ,
નિજ સ્વરૂપ કી ગંધ મિલે તો પરકી ગન્ધ જલાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય વિભાવપરિણતિ વિનાશનાય ધૂપમ્ નિર્વપામીતિ સ્વાહા ૮

નિજ સ્વભાવ ફલ પાકર ચેતન મહા મોક્ષ ફલ પાતા હૈ,
ચહુંગતિ કે બન્ધન કટતે હૈ સિદ્ધ સ્વપદ પા જાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલમ્ નિર્વપામીતિ સ્વાહા. ૯.

જલ ફલાદિ વસુ દ્રવ્ય અર્ઘ સે લાભ ન કુછ હો પાતા હૈ,
જબ તક નિજ સ્વભાવ મેં ચેતન મગ્ન નહીં હો જાતા હૈ.
નેમિનાથ સ્વામી તુમ પદ પંકજ કી કરતા હૂં પૂજન,
વીતરાગ તીર્થંકર તુમકો કોટિ–કોટિ મેરા વંદન.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યમ્ નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

કાર્તિક શુક્લા ષષ્ઠી કે દિન શિવા દેવી ઉર ધન્ય હુઆ,
અપરાજિત વિમાન સે ચલકર આયે મોદ અનન્ય હુઆ.
સ્વપ્ન ફલોં કો જાન સભી કે મને મેં અતિ આનન્દ હુઆ,
નેમિનાથ સ્વામી કા ગર્ભોત્સવ મંગલ સમ્પન્ન હુઆ.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય કાર્તિકશુક્લષષ્ઠયા ગર્ભમંગલમંડિતાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧.

શ્રાવણ શુક્લા ષષ્ઠી કે દિન શૌર્યપુરી મેં જન્મ હુઆ,
નૃપતિ સમુદ્ર વિજય આંગન મેં સુર સુરપતિકા નૃત્ય હુઆ.
મેરુ સુદર્શન પર ક્ષીરોદધિ જલ સે અભિષેક હુઆ,
જન્મ મહોત્સવ નેમિનાથ કા પરમ હર્ષ અતિરેક હુઆ.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય શ્રાવણશુક્લષષ્ઠયા જન્મમંગલમંડિતાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૨.

શ્રાવણ સુદી છઠના દિવસે આપને પશુઓ પર કરૂણા ભાવ થતાં રાજમતીને છોડી સહસ્રામ્રવનમાં જઈ જિનદીક્ષા લીધી. ઈન્દ્રાદિકે અતિ હર્ષપૂર્વક મંગલાચાર કરી આપની પાલકી ઉઠાવી અને જયજયકાર કરી તપકલ્યાણક ઉત્સવ ઉજવ્યો.

ૐ હ્રીં શ્રાવણ સુદ છઠ્ઠના દિને તપમંગલને પ્રાપ્ત શ્રી નેમિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૩.

આસો સુદી એકમના દિવસે જ્ઞાનાવરણી, દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય કર્મોનો નાશ કર્યો. કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં ગિરનારગિરિ (ઉર્જર્યંતગિરિ) પર સમોસરણની રચના થઈ, ત્યારે આપે ભવ્યજીવોને ઉપદેશ આપ્યો.

ૐ હ્રીં આસો સુદ એકમના દિને જ્ઞાનકલ્યાણકને પ્રાપ્ત શ્રી નેમિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૪.

અષાઢ સુદી સાતમના દિવસે વેદનીય, આયુ, નામ, ગોત્ર કર્મોનો નાશ કરી, આઠેય કર્મોનો નાશ થતાં શ્રી ગિરનાર પર્વત પરથી મહા મોક્ષપદ–પૂર્ણ નિર્વાણ પામ્યા. સમસ્ત જગતે આ મંગલ દિવસ હર્ષથી મનાવ્યો.

ૐ હ્રીં અષાઢ સુદ સાતમના દિને મોક્ષમંગલને પ્રાપ્ત શ્રી નેમિનાથ જિનેન્દ્રને અર્ઘ અર્પણ કરું છું. ૫.

### જયમાલા

હે નેમિનાથ પ્રભુ! જેમ સૂર્ય રોજ પ્રકાશમાન થાય છે તેમ આપને ચૈતન્યસૂર્યનો ઉદય થઈ જવાથી આપ નિત્યોદિત છો; આપ નિત્યાનંદ અનંત સુખી, નિત્ય ચિન્મય (અનંત જ્ઞાનમયી) છો; રાગ–દ્વેષ–વિકલ્પ રહિત નિર્વિકલ્પ છે; મોહ–માયા રહિત નિશ્ચલ–નિર્મલ–પવિત્ર છો; નિર્વિકાર, નીરજ (કર્મરજથી રહિત) અને નિર્ભય છો. આપનો જય હો.

આપ પિતા સમુદ્રવિજય અને માતા શિવાદેવીના પુત્ર છો. શૌરીપુરમાં આપનો જન્મ થતાં હર્ષ છવાઈ ગયો તથા પાંડુક વન પણ (અભિષેક) થતાં જયનાદથી ગૂંજી ઉઠ્યો.

બાળપણમાં જ રમતાં રમતાં આપે અણુવ્રત ધારણ કર્યા અને દ્વારકાપુરીમાં આપ સુંદર યૌવનવયમાં પ્રવેશ્યા. યૌવન સહજ આપના આનંદ–પ્રમોદ જોઈ યાદવકુળમાં હર્ષ થયો અને ત્યારે શ્રી કૃષ્ણનારાયણે



શ્રાવણ શુક્લ ષષ્ઠમી કી પ્રભુ પશુઓં પર કરુણા આઈ,
રાજમતી તજ સહસ્રામ્રવન મેં જા જિન દીક્ષા પાઈ.
ઈન્દ્રાદિક ને ઉઠા પાલકી હર્ષિત મંગલાચાર કિયા,
નેમિનાથ પ્રભુ કે તપ કલ્યાણક પર જય–જયકાર કિયા.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય શ્રાવણશુક્લષષ્ઠયાં તપોમંગલમંડિતાય અધ્યમ્ નિર્વપામીતિ સ્વાહા. ૩.

અશ્વિન શુક્લા એકમ્ કો પ્રભુ હુઆ જ્ઞાન કલ્યાણ મહાન,
ઉર્જર્યંત પર સમવસરણ મેં દિયા ભવ્ય ઉપદેશ પ્રધાન.
જ્ઞાનાવરણ, દર્શનાવરણી મોહનીય કા નાશ કિયા,
નેમિનાથ ને અન્તરાય ક્ષય કર કૈવલ્ય પ્રકાશ લિયા.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય આશ્વિનશુક્લપ્રતિપદાયામ્ જ્ઞાનમંગલમંડિતાય અર્ઘ્યમ્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

શ્રી ગિરનાર ક્ષેત્ર પર્વત સે મહા મોક્ષ પદ કો પાયા,
જગતી ને આષાઢ શુક્લ સપ્તમી દિવસ મંગલ ગાયા.
વેદનીય અરુ આયુ નામ અરુ ગોત્ર કર્મ અવસાન કિયા,
અષ્ટ કર્મ હર નેમિનાથ ને પરમ પૂર્ણ નિર્વાણ લિયા.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય આષાઢશુક્લાસપ્તમ્યાં મોક્ષમંગલમંડિતાય અર્ઘ્યમ નિર્વપામીતિ સ્વાહા. ૫.

### જયમાલા

જય નેમિનાથ નિત્યોદિત જિન, જય નિત્યાનન્દ નિત્ય ચિન્મય,
જય નિર્વિકલ્પ નિશ્ચલ નિર્મલ, જય નિર્વિકાર નીરજ નિર્ભય.

નૃપરાજ સમુદ્ર વિજય કે સુત માતા શિવા દેવી કે નન્દન,
આનન્દ શૌર્યપુર મેં છાયા જય–જયસે ગૂંજા પાણ્ડુક વન.

બાલકપન મેં ક્રીડા કરતે તુમને ધારે અણુવ્રત સુખમય,
દ્વારિકાપુરી મેં રહે અવસ્થા પાઈ સુન્દર યૌવન વય.

આમોદ–પ્રમોદ તુમ્હારે લખ પૂરા યાદવ કુલ હર્ષાતા,
તબ શ્રીકૃષ્ણ નારાયણ ને જૂનાગઢ સે જોડા નાતા.

આપનો વિવાહ જુનાગઢ નક્કી કર્યો, તેથી આપ રાજુલ સાથે લગ્ન કરવા વરરાજા બની જુનાગઢ પહોંચ્યા.

પશુડાઓનો કરૂણ પોકાર સાંભળી આપને અતિ વૈરાગ્ય જાગ્યો અને પશુઓને બંધનમાંથી છોડાવી, વિવાહનું બંધન તોડી રાજુલના દ્વારેથી સ્વર્ણિમ રથને પાછો વાળ્યો.

રથનો ત્યાગ કરી ગિરનારગિરીના સહસ્ત્રામ્રવનમાં પહોંચી ગયા. ત્યાં વસ્ત્રાભૂષણ ત્યાગી દ્રવ્ય-ભાવથી જિનદીક્ષા ધારણ કરી. ત્યાં ઉગ્ર તપસ્યા કરી ઘાતિકર્મનો નાશ કરી નિશ્ચય સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ કરી અને ૫૬ દિવસમાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. તીર્થંકર પ્રકૃતિનો ઉદય થતા અતિ હર્ષિત થઈ દેવોએ સમવસરણ રચના કરી. આપ પ્રભુ ગંધકુટીમાં અંતરિક્ષ પદ્માસનમાં બિરાજમાન થયા. આપના અગિયાર ગણધર થયા, તેમાં વરદત્ત મુખ્ય ગણધર હતા અને રાજમતિ મુખ્ય આર્યિકા હતા તથા તે સાથે અનેક ભવ્યો ત્યાં શ્રોતા તરીકે હાજર હતા. અનુપમ, સુવર્ણના તેજથી શોભતી શુભ બાર સભા બની અને તેમાં મેઘ ગર્જના સમ આપની શાશ્વત-ઓમકારમયી દિવ્યધ્વનિ ખરી. આપે એ જગતના જીવો પર ઉપકાર કરી અનેક માર્ગ ભૂલેલાને શિવપંથ બતાવ્યો અને નિશ્ચય રત્નત્રયની મહિમાના ફળરૂપ પરમ મોક્ષફળ બતાવ્યું.

ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત કરી, યોગનો પણ અભાવ કરી, ઉર્ધ્વગતિ કરી સિદ્ધશિલા પર સિદ્ધત્વ લઈ બિરાજ્યા. ગિરનાર પર્વતથી મુક્ત થતાં શરીરના પરમાણુ ત્યાં છૂટા પડ્યાં અને પાવન નિર્વાણ મહોત્સવ પર દેવોએ જયજયકાર ગજાવ્યો. ત્યાં બાકી રહેલા નખ-કેશથી દેવોએ માયામયી શરીર રચી, અગ્નિકુમાર દેવે તેના મુકુટની અગ્નિથી તે શરીરને ભસ્મ કર્યું અને પાવન ભસ્મથી સહુએ પોતાના મસ્તક પર તિલક કર્યું. મંગલ વાદ્યો (વાજીંત્રો)નો ધ્વનિ ગુંજી ઉઠ્યો અને નિર્વાણ મહોત્સવ પૂર્ણ થયો.

હે નેમિનાથ પ્રભુ! આપ તો કર્મના બંધન તોડી પૂર્ણ સિદ્ધ દશા પ્રાપ્ત કરી સુખી થયા, પરંતુ અમો તો અનાદિથી આ ભવદુઃખના બંધનમાં



રાજુલ સે પરિણય કરને કો જૂનાગઢ પહુંચે વર બનકર,
જીવોં કી કરુણ પુકાર સુની જાગા ઉર મેં વૈરાગ્ય પ્રખર.
પશુઓં કો બન્ધન મુક્ત કિયા કંગન વિવાહ કા તોડ દિયા,
રાજુલ કે દ્વારે આકર ભી સ્વર્ણિમ રથ પીછે મોડ લિયા.
રથ ત્યાગ ચઢે ગિરનારી પર જા પહુંચે સહસ્રામ્રવન મેં,
વસ્રાભૂષણ સબ ત્યાગ દિયે જિન દીક્ષા ધારી તન મન મેં.
ફિર ઉગ્ર તપસ્યા કે દ્વારા નિશ્ચય સ્વરુપ મર્મજ્ઞ હુએ,
ઘાતિયા કર્મ ચારોં નાશ છપ્પન દિન મેં સર્વજ્ઞ હુએ,
તીર્થંકર પ્રકૃતિ ઉદય આઈ સુર હર્ષિત સમવશરણ રચકર,
પ્રભુ ગન્ધકુટી મેં અન્તરીક્ષ આસીન હુએ પદ્માસન ધર.
ગ્યારહ ગણધર મેં થે પહલે ગણધર વરદત્ત મહા ઋષિવર,
થી મુખ્ય આર્યિકા રાજમતી શ્રોતા થે અગણિત ભવ્ય પ્રવર.
દિવ્ય ધ્વનિ ખિરને લગી શાશ્વત ઓંકાર ઘન—ગર્જન સી,
શુભ બારહ સભા બની અનુપમ સૌન્દર્ય પ્રભા મણિકંચનસી.
જગ જીવોં કા ઉપકાર કિયા ભૂલોં કો શિવ પથ બતલાયા,
નિશ્ચય રત્નત્રય કી મહિમા કા પરમ મોક્ષ ફલ દર્શાયા,
કર પ્રાપ્ત ચતુર્દશ ગુણ સ્થાન યોગોં કા પૂર્ણ અભાવ કિયા,
કર ઉર્ધ્વ ગમન સિદ્ધત્વ પ્રાપ્ત કર સિદ્ધલોક આવાસ લિયા.
ગિરનાર શૈલ સે મુક્ત હુએ તન કે પરમાણુ ઉડે સારે,
પાવન મંગલ નિર્વાણ હુઆ સુરગણ કે ગૂંજે જયકારે.
નખ કેશ શેષ થે દેવોં ને માયામય તન નિર્માણ કિયા,
ફિર અગ્નિકુમાર સુરોં ને આ મુકુટાનલ સે તન ભસ્મ કિયા.
પાવન ભસ્મી કા નિજ—નિજ કે મસ્તક પર સબને તિલક કિયા,
મંગલ વાદ્યોં કી ધ્વનિ ગૂંજી નિર્વાણ મહોત્સવ પૂર્ણ કિયા.
કર્મો કે બન્ધન ટૂટ ગયે પૂર્ણત્વ પ્રાપ્ત કર સુખી હુએ,
હમ તો અનાદિ સે હે સ્વામી ! ભવ દુઃખ બન્ધન સે દુખી હુએ.

દુઃખી છીએ. તો હે પ્રભુ! અમે પણ આપના પદચિહ્ન પર ચાલીને શુભ–અશુભભાવોનો નાશ કરી, પરિણામની વિશુદ્ધિ કરી અમે પણ શુક્લધ્યાન ધ્યાવી, ચાર ઘાતિકર્મનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીએ. એ શાશ્વત પદ પ્રાપ્ત કરી અમે પણ આપની પાસે પહોંચી જઈએ. પોતાના જ્ઞાન સ્વભાવને સાધન બનાવી અમે પણ ત્રણ લોકના જ્ઞાતા થઈએ. એવી અંતરશક્તિ અમને આપો. સિદ્ધ સ્વપદની પ્રાપ્તિ કરવા આ અષ્ટ દ્રવ્યના અર્ઘ્યની થાળી સજાવી આપના ચરણોમાં હર્ષિત થઈ લાવ્યો છું. જેના ફળમાં મને મારું સિદ્ધપદ પ્રાપ્ત થાય.

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રને અનર્ઘ્યપદની પ્રાપ્તિ અર્થે પૂર્ણ અર્ઘ અર્પણ કરું છું. ૧૧.

ચરણોમાં શંખ ચિહ્નથી શોભાયમાન છે એવા મહાન નેમિજિનેશ્વર! આપનો જય હો. આપને જે મન–વચન–કાયાથી ધ્યાવે છે તે સિદ્ધ સમાન બની જાય છે.

(પુષ્પાંજલી ક્ષિપેત્)

## (૩૬) શ્રી પાર્શ્વનાથ-જિનપૂજા

**સ્થાપના :** હે પાર્શ્વનાથ! આપ પ્રાણત સ્વર્ગના સુખોને ભોગવી પિતા અશ્વસેન અને માતા વામાદેવીના ઘરે અવતર્યા. જેના ચરણોમાં ઈન્દ્રો પણ મસ્તક ઝુકાવે છે, જેમના શરીરની ઊંચાઈ નવ હાથ છે અને જેમના ચરણમાં સર્પનું લાંછન છે, એવા પાર્શ્વનાથ ભગવાનનું હું અહીં સ્થાપન કરું છું. હે ભગવાન, આપ આવો અને મારા હૃદયમાં બિરાજો જેથી મારા સર્વકર્મોનો ક્ષય થઈ જાય.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથ જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.



ઐસા અન્તર બલ દો સ્વામી હમ ભી સિદ્ધત્વ પ્રાપ્ત કર લે,
તુમ પદ ચિન્હોં પર ચલ પ્રભુવર શુભ-અશુભ વિભાવોં કો હરલેં.

પરિણામ શુદ્ધ કા અર્ચન કર હમ અન્તર ધ્યાની બન જાવેં,
ઘાતિયા ચાર કર્મોં કો હર હમ કેવલજ્ઞાની બન જાવેં.

શાશ્વત શિવ પદ પાને સ્વામી હમ પાસ તુમ્હારે આ જાયે,
અપને સ્વભાવ કે સાધન સે હમ તીન લોક પર જય પાયે.

નિજ સિદ્ધ સ્વપદ પાને કો પ્રભુ હર્ષિત ચરણોંમૈં આયા હૂં,
વસુ દ્રવ્ય સજાકર નેમીશ્વર પ્રભુ પૂર્ણ અર્ઘ મૈં લાયા હૂં.

ૐ હ્રીં શ્રીનેમિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદ પ્રાપ્તાય પૂર્ણાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

શંખ ચિન્હ ચરણોં મેં શોભિત જય–જય નેમિ જિનેશમહાન,
મન વચ તન જો ધ્યાન લગાયે વે હો જાતે સિદ્ધ સમાન.

(ઇતિ પુષ્પાંજલી ક્ષિપેત્)

*

## (૩૬) શ્રી પાર્શ્વનાથ-જિનપૂજા

(ગીતા છંદ)

વર સ્વર્ગ પ્રાણતકોં વિહાય, સુમાત વામાસુત ભયે,
અશ્વસેનકે પારસ જિનેશ્વર, ચરન જિનકે સુર નયે;
નવ હાથ ઉન્નત તન વિરાજૈ, ઉરગ લચ્છન પદ લસૈ,
થાપૂં તુમ્હેં જિન આય તિષ્ઠો, કરમ મેરે સબ નસૈં.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્ર ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્ર ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્ર ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

**જળ :** સ્વર્ણપાત્રમાં ચંદ્રમા જેવું ક્ષીર સમુદ્રનું સ્વચ્છ નિર્મળ, જળ ભરી આપના ચરણોમાં ચડાવું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને જન્મ-જરા-મરણના વિનાશ અર્થે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** ચંદન, કેશર આદિ પવિત્ર, ઉજ્જ્વળ સુગંધિત દ્રવ્યથી મોહનો તાપ નષ્ટ કરવા આપના ચરણોની પૂજા કરું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને સંસારતાપના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** ચંદ્રમાની ચાંદની સમાન ધવલ, ઉજ્જ્વલ અક્ષતપૂંજ લાવી આપના ચરણ કમળની સમીપ ચડાવું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** કેવડા, ગુલાબ, કેતકી આદિ ઉત્કૃટ ફૂલોને ચૂંટીને આપના ચરણમાં ચડાવી કામબાણનો નાશ ઈચ્છું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને કામબાણના વિનાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** ઘેવર, બાવર આદિ મીઠા-મધુર તાજા ઘી થી બનાવેલ પકવાન, ક્ષુધાદિ રોગ નષ્ટ કરવા આપ સમક્ષ ચડાવું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને ક્ષુધારોગના વિનાશ અર્થે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.



(છંદ નારાચ)

ક્ષીર સોમકે સમાન અંબુસાર લાઈએ,
હેમપાત્ર ધારિકૈં સુ આપકો ચઢાઈએ;
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨

ચંદનાદિ કેશરાદિ સ્વચ્છ ગંધ લીજિયે;
આપ ચર્ન ચર્ચ મોહતાપકો હનીજિયે.
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય ભવાતાપવિનાશનાય ચંદન નિર્વપામીતિ સ્વાહા. ૩.

ફેન ચંદકે સમાન અક્ષતાન્ લાઈકૈં;
ચર્નકે સમીપ સાર પુંજકો રચાઈકૈં.
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

કેવડા ગુલાબ ઔર કેતકી ચુનાયકૈં;
ધાર ચર્નકે સમીપ કામકો નસાઈકૈં.
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

ઘેવરાદિ બાવરાદિ મિષ્ટ સદ્યમેં સનૈ;
આપ ચર્ન ચર્ચતે ક્ષુધાદિ રોગકો હનૈં.
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

**દીપ :** કપૂરની વાટ મૂકી ઘી થી ભરેલ રત્નદીપકને આપ પાસે પ્રગટાવું છું કે જેથી મારો મોહરૂપી અંધકાર દૂર થાય. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને મોહ અંધકારના વિનાશ અર્થે દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** સુગંધિત ધૂપ લઈને આપ સમક્ષ ચડાવું છું. હે ભગવાન! મારા અષ્ટકર્મ પણ તે સાથે બળી જાય એવું માંગું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને અષ્ટકર્મના વિનાશ અર્થે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** ખારેક, કમળકાકડી આદિ ફળ રત્નથાળમાં સજાવી મને મોક્ષપદની પ્રાપ્તિ હો તે હેતુથી હર્ષપૂર્વક ચડાવું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને મોક્ષફળની પ્રાપ્તિ અર્થે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** જલ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, શ્રીફળાદિ આઠ દ્રવ્યોના અર્ઘથી આપની પૂજા કરું છું. હે પાર્શ્વનાથ ભગવાન! હું સદા આપની સેવા કરું છું. મને કદી ભૂલશો નહિ અને મને મોક્ષધામમાં નિવાસ આપશો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને અનર્ઘ્યપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

પ્રાણત સ્વર્ગનું આયુષ્ય પૂર્ણ કરી આપ વૈશાખ વદ બીજને દિવસે વામા દેવીના ગર્ભમાં આવ્યા. તે પાર્શ્વનાથ ભગવાનની, વિઘ્નોના નાશ માટે હું પૂજા કરું છું.

ૐ હ્રીં વૈશાખ વદ બીજના દિને ગર્ભકલ્યાણક પ્રાપ્ત કરનાર શ્રી પાર્શ્વનાથ ભગવાનને અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પણ કરું છું. ૧.



લાય રત્નદીપકો સનેહપૂરકે ભરૂં;
વાતિકા કપૂર બારિ મોહ ધ્વાંતકો હરૂં.
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

ધૂપગંધ લેયકેં સુઅગ્નિસંગ જારિયે;
તાસ ધૂપ કે સુસંગ અષ્ટકર્મ બારિયે.;
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

ખારિકાદિ ચિરભટાદિ રત્નથાલમેં ભરૂં;
હર્ષ ધારિકેં જજૂં સુમોક્ષ સુક્ખકો વરૂં.
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

નીરગંધ અક્ષતાન્ પુષ્પ ચારુ લીજિયે;
દીપ ધૂપ શ્રીફલાદિ અર્ઘતેં જજીજિયે.
પાર્શ્વનાથ દેવ સેવ આપકી કરૂં સદા,
દીજિયે નિવાસ મોક્ષ ભૂલિયે નહીં કદા.

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

(ચાલ છંદ)

શુભ પ્રાણતસ્વર્ગ વિહાયે, વામા માતા ઉર આયે;
વૈશાખ તની દુતિ કારી, હમ પૂજેં વિઘ્ન નિવારી.

ૐ હ્રીં વૈશાખકૃષ્ણદ્વિતીયાયાં ગર્ભમંગલમંડિતાય શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧.

ત્રણે લોકને સુખ દેવાવાળા શ્યામ વર્ણ સહિત સુંદર શરીર ધારણ કરવાવાળા પાર્શ્વનાથ ભગવાનનો પોષ વદ અગિયારસના દિને જન્મ થયો. જેનો પ્રકાશ કોટિ સૂર્યથી પણ અધિક છે, તે પાર્શ્વનાથ ભગવાનની હું પૂજા કરું છું.

ૐ હ્રીં પોષ વદ એકાદશીના દિને જન્મકલ્યાણક પ્રાપ્ત કરવાવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાનને અનર્ઘપદની પ્રાપ્તિ હેતુ અર્ઘ સમર્પણ કરું છું. ૨.

જેઓએ પોષ વદ અગિયારસના દિવસે બાર ભાવનાઓનું ચિંતન કરી પોતાના હાથથી પંચમુષ્ઠિ કેશ લોંચ કરી દીક્ષા ગ્રહણ કરી. તે પાર્શ્વનાથ ભગવાનની હું અષ્ટ દ્રવ્યથી પૂજા કરું છું.

ૐ હ્રીં પોષ વદ અગિયારસના દિને તપ કલ્યાણકને પ્રાપ્ત કરી પાર્શ્વનાથ ભગવાનને અનર્ઘપદ પ્રાપ્તિ હેતુ અર્ઘ ચડાવું છું. ૩.

ચૈત્ર વદ ચોથને દિવસે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું અને ભવ્યજીવોને સુખ દેવાવાળો ઉપદેશ આપ્યો તે પાર્શ્વનાથ ભગવાનની હું પૂજા કરું છું.

ૐ હ્રીં ચૈત્ર વદ ચોથના દિને જ્ઞાનકલ્યાણક પ્રાપ્ત કરવાવાળા શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૪.

શ્રાવણ સુદ સાતમના દિવસે સમ્મેદશિખરથી આપ મુક્તિ સુંદરીને વર્યા અને ઈન્દ્રોએ સમ્મેદશિખર પર ભવ્ય ઉત્સવ કર્યો. તેથી અમે પણ પાર્શ્વપ્રભુના મોક્ષકલ્યાણકની પૂજા કરીએ છીએ.

ૐ હ્રીં શ્રાવણ સુદી સાતમના દિને મોક્ષકલ્યાણક પ્રાપ્ત કરી પાર્શ્વનાથ ભગવાનને અનર્ઘપદની પ્રાપ્તિ હેતુ અર્ઘ ચડાવું છું. ૫.

## જયમાલા

અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જીવન-કથન કહેવામાં આવ્યું છે.

અગ્નિમાં બળતા નાગ-નાગણીએ શ્રી પાર્શ્વનાથ ભગવાનના વચન સાંભળી તેના પર શ્રદ્ધા કરી, જેથી તેઓને ધરણેન્દ્ર અને પદ્માવતીનું પદ પ્રાપ્ત થયું-જેમના નામના પ્રતાપથી જ સર્વ સંકટ ટળે છે અને ભવ્ય જીવોને મોક્ષસુખ પ્રાપ્ત થાય છે, એવા સર્વને માટે કલ્યાણકારી હે અશ્વસેન રાજાના નંદન ! અમે હર્ષસહિત આપના ગુણગાન કરીએ છીએ. ૧.

આપનો વર્ણ મયુરના કંઠ સમાન છે, નવ હાથ ઊંચાઈનું આપના શરીરનું કદ છે અને ડાબા પગ પર સર્પનું ચિહ્ન છે. હે પાર્શ્વનાથ ભગવાન ! આપને હું વંદન કરું છું. ૨.



જનમેં ત્રિભુવન સુખદાતા, એકાદશિ પોષ વિખ્યાતા;
શ્યામા તન અદ્ભુત રાજૈ, રવિ કોટિક તેજ સુ લાજૈ.

ૐ હ્રીં પૌષકૃષ્ણૈકાદશ્યાં જન્મમંગલમંડિતાય શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અર્ઘં નિ૦ ૨.

કલિ પૌષ ઈકાદશિ આઈ, તબ બારહ ભાવન ભાઈ;
અપને કર લૌંચ સુ કીના, હમ પૂજેં ચરન જજીના.

ૐ હ્રીં પૌષકૃષ્ણૈકાદશ્યાં તપોમંગલમંડિતાય શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વ૦ ૩.

કલિ ચૈત ચતુર્થી આઈ, પ્રભુ કેવલજ્ઞાન ઉપાઈ;
તબ પ્રભુ ઉપદેશ જુ કીના, ભવિ જીવનકો સુખ દીના.

ૐ હ્રીં ચૈત્રકૃષ્ણચતુર્થ્યાં કેવલજ્ઞાનપ્રાપ્તાય શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વ૦ ૪.

સિત સાતૈં સાવન આઈ, શિવનારી વરી જિનરાઈ;
સમ્મેદાચલ હરિ માના, હમ પૂજેં મોક્ષ કલ્યાના.

ૐ હ્રીં શ્રાવણશુક્લસપ્તમ્યાં મોક્ષમંગલમંડિતાય શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૫.

## જયમાલા

(છંદ)

પારસનાથ જિનેન્દ્રતને વચ, પૌનભખી જરતેં સુન પાયે;
કર્યો સરધાન લહ્યો પદ આન, ભયો પદ્માવતિ શેષ કહાયે.
નામ પ્રતાપ ટરૈં સંતાપ સુ ભવ્યનકો શિવશર્મ દિખાયે;
હો અશ્વસેનકે નંદ ભલે, ગુણ ગાવત હૈં તુમરે હરખાય. ૧

(દોહા)

કેકી-કંઠ સમાન છવિ, વપુ ઉતંગ નવ હાથ;
લક્ષણ ઉરગ નિહાર પગ, બંદૌં પારસનાથ. ૨

ભગવાન ગર્ભમાં આવ્યા તેના છ મહિના પહેલાં ઇંદ્રની આજ્ઞાથી કુબેરે બનારસ નગરને ચારેબાજુ સુંદર કોટ બનાવી દરવાજાથી સજાવી, કોટના કાંગરે–કાંગરે ધજાઓ ફરકાવી. ૩.

આમ કુબેરે જ્યાં ઉદાર રાજા અશ્વસેન પોતાની પટરાણી વામાદેવી સાથે સુખેથી રહે છે ત્યાં બનારસની રચના અનેક પ્રકારથી સુંદર રીતે કરી. ૪.

હે પાર્શ્વનાથ ભગવાન! આપ પ્રાણત સ્વર્ગેથી આયુ પૂર્ણ કરી અશ્વસેન અને વામાદેવીને ત્યાં પુત્રરૂપે અવતર્યા, ત્યારે ઇંદ્રએ–ઇંદ્રાણી સહિત આવી બાળ પાર્શ્વનાથનો સુમેરુ પર્વત પર ક્ષીરસાગરના જળથી અભિષેક કર્યો. ૫.

ત્યારબાદ પિતા અશ્વસેનને બાળક સોંપી અને કુબેરને આઠેય પ્રહર ભગવાનની સેવાને અનુકૂળ વ્યવસ્થા કરવાનો આદેશ આપીને દેવ–ઇન્દ્રો પોતપોતાના સ્વર્ગમાં ગયા. ભગવાન પાર્શ્વનાથ હવે બીજના ચંદ્રમાની જેમ મોટા થાય છે અને તેઓ બીજા બાળકો સાથે બાળ સહજ રમત રમે છે. ૬.

જ્યારે પાર્શ્વકુમાર આઠ વર્ષના થાય છે ત્યારે મહાન અણુવ્રતોનું સુયોગ્ય રીતે પાલન કરે છે. કુમાર પારસ યુવાન અવસ્થામાં પહોંચતા પિતાજી અશ્વસેન તેમને લગ્ન કરી પોતાની આશા પૂરી કરવાની વિનંતી કરે છે. ૭

પરંતુ આપે તે વિનંતી ન સ્વીકારતા કામ કષાયને મંદ કર્યો. એક વખત બીજા કુમારો સાથે પાર્શ્વકુમાર હાથી પર બેસી ગંગા કિનારે જઈ રહ્યા હતા ત્યારે તેઓએ એક તાપસને પોતાની ચારેબાજુ અગ્નિ જલાવી કઠીન તપ કરતો જોયો અને કરૂણાપૂર્વક પાર્શ્વકુમારે તેને કહ્યું : અરે ભાઈ! બહુ જીવોનો ઘાત ન કરો! ૮–૯. ત્યારે તાપસે ક્રોધિત થઈ ઉત્તર આપ્યો–ક્યાં ઘાત થાય છે? ત્યારે પાર્શ્વકુમારે ઇંધણના લાકડામાંથી અડધા બળેલા જીવતા નાગને બતાવ્યા. આવું વૈરાગ્યનું કારણ પામતા તેઓ બાર ભાવનાનું ચિંતવન કરવા લાગ્યા. બ્રહ્મ સ્વર્ગથી લોકાંતિક દેવોએ આવી પાર્શ્વકુમારને તેમની વૈરાગ્ય ભાવનાને અનુમોદન આપ્યું અને પાર્શ્વકુમાર દીક્ષા અંગીકાર કરવા કૃત નિશ્ચયી બન્યા. ૧૦.

તે સમયે ચારે પ્રકારના દેવોએ આવી દીક્ષા પાલકીમાં કુમારને બેસાડી, પોતાના ખભા પર ઉપાડી વન–જંગલ તરફ પ્રસ્થાન કર્યું. ત્યાં જિનદીક્ષા ધારણ કરી આનંદદાયી વ્રત–ચારિત્ર ધારણ કર્યા. ૧૧



(મોતિયાદામ છંદ)

રચી નગરી છહમાસ અગાર, બને ચહું ગોપુર શોભ અપાર;
સુ કોટતની રચના છવિ દેત, કંગૂરનપૈ લહકૈ બહુકેત. ૩

બનારસકી રચના જુ અપાર, કરી બહુભાંતિ ધનેશ તૈયાર;
તહાં વિશ્વસેન નરેંદ્ર ઉદાર, કરૈં સુખ વામ સુ દે પટનાર. ૪

તજ્યો તુમ પ્રાનત નામ વિમાન, ભયે તિનકે વર નંદન આન;
તબૈ સુરઇંદ નિયોગન આય, ગિરિંદ કરી વિધિ ન્હૌન સુ જાય. ૫

પિતા–ઘર સૌંપિ ગયે નિજ ધામ, કુબેર કરૈ વસુ જામ સુકામ;
બઢૈં જિન દોજ મયંક સમાન, રમૈ બહુ બાલક નિર્જર આન. ૬

ભયે જબ અષ્ટમ વર્ષ કુમાર, ધરે અણુવ્રત મહાસુખકાર;
પિતા જબ આન કરી અરદાસ, કરૌં તુમ બ્યાહ વરૈ મમ આસ. ૭

કરી તબ નાહીં રહે જગચંદ, કિયે તુમ કામ કષાય જુ મંદ;
ચઢે ગજરાજ કુમારન સંગ, સુદેખત ગંગતની સુતરંગ. ૮

લખ્યો ઇક રંક કરૈ તપઘોર, ચહૂંદિશિ અગનિ જલૈ અતિજોર;
કહૈં જિનનાથ અરે સુન ભ્રાત, કરૈ બહુ જીવનકી મત ઘાત. ૯

ભયો તબ કોપ કહૈ કિત જીવ, જલે તબ નાગ દિખાઈ સજીવ;
લખ્યો યહ કારણ ભાવન ભાય, નયે દિવ બ્રહ્મરિષીસુર આય. ૧૦

તબહિ સુર ચાર પ્રકાર નિયોગ, ધરી શિબિકા નિજ કંધ મનોગ;
કિયો વન માંહિ નિવાસ જિનંદ, ધરે વ્રત ચારિત આનંદકંદ. ૧૧



નાગ–નાગણીનો ઉદ્ધાર



દીક્ષા લેવા માટે શિબિકામાં બેસતા પાર્શ્વનાથ ભગવાન

ત્રણ દિવસના ઉપવાસનું વ્રત પૂરું થતાં પાર્શ્વમુનિએ ધનદત્તને ત્યાં પારણું કર્યું. ધનદત્તે ગાયના દૂધનું આહારદાન કરાવ્યું. મહાસુખને દેવાવાળા આ આહારદાનથી તેમને ઘરે પંચઆશ્ચર્ય થયા. ૧૨. ત્યારબાદ પાર્શ્વમુનિરાજ તપસ્યા કરવા જંગલમાં ગયા અને પાપોનો નાશ કરવા યોગ ધારણ કર્યો. ત્યારે પૂર્વનો વૈરી ધૂમકેતુ નામનો દેવ જે પૂર્વે કમઠનો જીવ હતો, તે ત્યાં આવ્યો. ૧૩. તે દેવને પૂર્વ ભવનું વૈર લેવાનો વિચાર આવ્યો. તેણે ગગનભેદી શબ્દોનો અવાજ કર્યો, અતિ તીક્ષ્ણ પવનનું તોફાન કરાવ્યું અને ઘોર ઉપસર્ગ કરવા લાગ્યો. ૧૪

ચારે બાજુ અંધકાર છવાઈ ગયો, જોઈ ન શકાય તેવી ભયાનક અગ્નિ બળવા લાગી અને ઘડીક ધડ વિનાનું શરીર દેખાવા લાગ્યું તો વળી મુશળધાર વર્ષા થવા લાગી. ૧૫.

ત્યારે દેવી પદ્માવતી અને તેના પતિ ધરણેન્દ્ર આવી પહોંચ્યા અને પાર્શ્વમુનિને નમસ્કાર કર્યા. તેમને જોતાં જ તે દુષ્ટ ધૂમકેતુ ભાગી ગયો. પછી મુનિ પાર્શ્વનાથે શુક્લધ્યાન આદર્યું અને કેવળજ્ઞાન પામ્યા. ૧૬.

ત્યારબાદ પાર્શ્વનાથ ભગવાને ભવ્ય જીવોને સુખ દેનાર હિતકારી ઉપદેશ આપ્યો અને સમ્મેદ શિખરની સુવર્ણભદ્રકૂટથી યોગ નિરોધ કરી આઠ ગુણ પ્રાપ્ત કરી મોક્ષરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરી. ૧૭.

હે પાર્શ્વનાથ! હું કવિ બખ્તાવર આપના ચરણોમાં બે હાથ જોડી નમન કરું છું. આપ હવે મારા પર દયા કરી મને પણ સંસાર સાગરથી પાર ઉતારો. ૧૮.

હે પાર્શ્વપ્રભુ! દેવો આપની સેવા કરે છે; આપના ચરણોમાં ધરણેન્દ્ર વંદન કરે છે; આપ કરૂણાના ધારી છો; પરમ ઉપકારી છો. મોક્ષસુખ દેવાવાળા અને આઠ કર્મોનો નાશ કરવાવાળા છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરણ કમળમાં અનર્ઘ્યપદની પ્રાપ્તિ હેતુ અર્ઘ સમર્પણ કરું છું. ૧૯.

જે ભવ્ય જીવ દરરોજ શુદ્ધ મનથી પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરે છે, તેના બધા દુ:ખ દૂર થાય છે. તેને કદી ભય લાગતો નથી અને સુખ સંપત્તિ, પુત્ર, મિત્રાદિકની પ્રાપ્તિ થાય છે અને અંતે તે મોક્ષપદની પ્રાપ્તિ કરે છે. ૨૦.

પુષ્પાંજલીનું ક્ષેપણ કરું છું.



ગહે તહં અષ્ટમકે ઉપવાસ, ગયે ધનદત્ત તને જુ અવાસ;
દયો પયદાન મહાસુખકાર, ભયી પનવૃષ્ટિ તહાં તિહિં બાર. ૧૨

ગયે તબ કાનનમાંહિ દયાલ, ધર્યો તુમ યોગ સબહિ અઘ ટાલ;
તબૈં વહ ધૂમ સુકેતુ અયાન, ભયો કમઠાચરકો સુર આન. ૧૩

કરૈ નભ ગૌન લખે તુમ ધીર, જુ પૂરવ વૈર વિચાર ગહીર;
કિયો ઉપસર્ગ ભયાનક ઘોર, ચલી બહુ તીક્ષણ પવન ઝકોર. ૧૪

રહ્યો દશહૂં દિશિમૈં તમ છાય, લગી બહુ અગ્નિ લખી નહિ જાય;
સુ રુંડનકે વિન મુંડ દિખાય, પડૈ જલ મૂસલધાર અથાય. ૧૫

તબૈ પદમાવતિ–કંથ ધનિંદ, ચલે જુગ આય જહાં જિનચંદ;
ભગ્યો તબ રંક સુદેખત હાલ, લહ્યૌ તબ કેવળજ્ઞાન વિશાલ. ૧૬

દિયો ઉપદેશ મહા હિતકાર, સુભવ્યન બોધિ સમેદ પધાર;
સુવર્ણભદ્ર જહાં કૂટ પ્રસિદ્ધ, વરી શિવ નારિ લહી વસુ રિદ્ધ. ૧૭

જજૂં તુમ ચરન દુહૂં કર જોર, પ્રભુ લખિયે અબહી મમ ઓર;
કહૈ 'બખતાવર' રત્ન બનાય, જિનેશ હમેં ભવ પાર લગાય. ૧૮

(ઘત્તા)

જય પારસ દેવં સુરકૃત સેવં, વંદત ચર્ન સુનાગપતી;
કરુણાકે ધારી પર ઉપગારી, શિવસુખકારી કર્મહતી. ૧૯

ૐ હ્રીં શ્રીપાર્શ્વનાથજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(છપ્પય)

જો પૂજૈ મન લાય ભવ્ય પારસ પ્રભુ નિતહી,
તાકે દુ:ખ સબ જાય ભીત વ્યાપૈ નહિં કિતહી;
સુખ સંપતિ અધિકાય પુત્ર મિત્રાદિક સારે,
અનુક્રમસોં શિવ લહૈ, 'રતન' ઈમિ કહૈ પુકારે. ૨૦

॥ ઇત્યાશીર્વાદઃ પુષ્પાંજલિં ક્ષિપેત્ ॥

❀

## (૩૭) શ્રી મહાવીર પૂજન

**સ્થાપના :** જેઓ મોહ, માયા, માન, ક્રોધ, કામને નષ્ટ કરનાર વીર છે, જેમણે ઘણા પરિષહોની વચ્ચે રહીને ધીરજપૂર્વક ધ્યાનને ધરી રાખ્યું, જેઓ તરણ–તારણ છે, ભવોનો નાશ કર્યો છે અને ભવસમુદ્રને પાર પહોંચી ગયા છે, એવા તીર્થંકર સ્વયં મહાવીર ભગવાન વંદનીય છે.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** જેમના ગુણોનું સ્તવન જીવોને પાપોનો નાશ કરી પાવન કરે છે, વિકારરૂપી અશુદ્ધિનો નાશ કરી શુદ્ધ કરનાર ગંગાના નીર સમાન છે અને દુ:ખથી ત્રસ્ત મનને શાંતિ પ્રદાન કરનાર જેમના ગુણોનું સ્તવન છે એવા હે મહાન વર્ધમાન જિનેશ! હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને જન્મ-જરા-મૃત્યુના નાશ માટે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** ચંદન વૃક્ષને સર્પો વિંટળાયેલા રહે છે છતાં તે ચંદનવૃક્ષ નિર્વિષ જ રહે છે તેમ હે પ્રભુ! આપ ગમે તેટલા વિઘ્નો આવે છતાં શાંત અને શીતળ જ રહો છો. હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને સંસારતાપના નાશ માટે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** અખંડ અક્ષત (ચોખા) સમાન આપે અખંડ સુખ, જ્ઞાન, દર્શન, વીર્ય પ્રગટ કર્યું છે. હે વીર પ્રભુ! આપ શાંત હોવા સાથે સૂર્ય સમાન પ્રચંડ (પુરુષાર્થી) પણ છો. હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** આપ ત્રણેય ભુવન પર વિજય પ્રાપ્ત કરી અજેય એવા કામ યોદ્ધાને મારનાર શૂરવીર છો. આપ પર ગુણોથી રહિત અને નિજગુણોથી ભરપૂર છો. હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને કામબાણના નાશ માટે પુષ્પ અર્પણ કરું છું. ૫.



## (૩૭) શ્રી મહાવીર પૂજન

(ડો. હુકમચન્દજી ભારિલ્લ કૃત)

(સ્થાપના)

જો મોહ માયા માન મત્સર, મદન મર્દન વીર હૈં,
જો વિપુલ વિઘ્નોં બીચ મેં ભી, ધ્યાન ધારણ ધીર હૈં.
જો તરણ-તારણ ભવ-નિવારણ, ભવ-જલધિ કે તીર હૈં,
વે વન્દનીય જિનેશ, તીર્થંકર સ્વયં મહાવીર હૈં.

ૐ હ્રીં શ્રીમહાવીરજિનેન્દ્ર ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીમહાવીરજિનેન્દ્ર ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીમહાવીરજિનેન્દ્ર ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧

જિનકે ગુણોં કા સ્તવન પાવન કરન અમ્લાન હૈ,
મલ-હરન નિર્મલ-કરન ભાગીરથી નીર-સમાન હૈ.
સંતપ્ત-માનસ શાન્ત હોં જિનકે ગુણોં કે ગાન મેં,
વે વર્દ્ધમાન મહાન જિન વિચરેં હમારે ધ્યાન મેં.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨

લિપટે રહેં વિષધર તદપિ-ચન્દન વિટપ નિર્વિષ રહેં,
ત્યોં શાન્ત શીતલ હી રહો રિપુ વિઘન કિતને હી કરેં....સંતપ્ત.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય સંસારતાપવિનાશનાય ચન્દનં નિર્વપામીતિ સ્વાહા. ૩

સુખ-જ્ઞાન-દર્શન-વીર જિન અક્ષત સમાન અખણ્ડ હૈં,
હૈં શાન્ત યદ્યપિ તદપિ જો દિનકર સમાન પ્રચણ્ડ હૈં....સંતપ્ત.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪

ત્રિભુવનજયી અવિજિત કુસુમસર સુભટ મારન સૂર હૈં,
પર—ગન્ધ સે વિરહિત તદપિ નિજ—ગન્ધ સે ભરપૂર હૈં....સંતપ્ત.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫

**નૈવેદ્ય :** જો ભૂખ લાગી હોય તો અનેક જાતના વ્યંજન મીઠા અને સારા લાગે છે, પરંતુ હે પ્રભુ ! આપ તો ક્ષુધાના દુઃખથી રહિત છો તો પછી આપને તે વ્યંજન ક્યાંથી પ્રિય હોય ? હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** હે પ્રભુ ! આપના કેવળજ્ઞાનમાં જગતના સર્વ પદાર્થો એકસાથે, સ્પષ્ટપણે, સદાય ઝળકી રહ્યા છે, એવા હે ત્રણલોકના દીપક વીર જિન! આપને હું શું દીપક ધરું ? હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને મોહ અંધકારના નાશ માટે દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** જે કર્મરૂપી ઇંધણને બાળવા માટેના અગ્નિસમૂહને પવન સમાન છે એવા હે વીર જિન! આપ અમર્યાદિત અને પૂર્ણ જ્ઞાનધારી આપ જ જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય છો. હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્ર આઠ કર્મોના નાશ માટે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** સર્વ જગતના જીવો અનાદિકાળથી પુણ્ય અને પાપના ફળ ભોગવી રહ્યા છે પણ હે પ્રભુ! આપે તે પુણ્ય અને પાપનો ત્યાગ કરી સમતાભાવમાં લીન રહી આપનું જીવન સફળ કર્યું છે. હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** આપના દોષ રહિત પદ પાસે આ આઠ દ્રવ્યોના અર્ઘનું મૂલ્ય કાંઈ જ નથી. હે પાપને પવિત્ર કરનાર પ્રભુ! આપે તે સર્વોત્તમ મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે. હું સદા આપનું જ ધ્યાન કરું.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

અષાઢ સુદ છઠના દિવસે આપ ત્રિશલામાતાના ગર્ભમાં આવ્યા. આ આપનો અંતિમ ગર્ભાવાસ જાણી, હું આપને પ્રણામ કરું છું.

ૐ હ્રીં અષાઢ સુદ છઠના દિવસે મંગળ ગર્ભકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રને અર્ઘ ચડાવું છું. ૧.

ચૈત્ર સુદ તેરસના દિવસે, પ્રભુ આપનો અંતિમ જન્મ હોવાથી સિદ્ધાર્થ રાજાના મહેલમાં ઇન્દ્રોએ આવીને જન્મોત્સવ કર્યો.

ૐ હ્રીં ચૈત્ર સુદ તેરસના દિવસે મંગળ જન્મકલ્યાણકપ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રને અર્ઘ ચડાવું છું. ૨.



યદિ ભૂખ હો તો વિવિધ વ્યંજન મિષ્ટ ઈષ્ટ પ્રતીત હોં,
તુમ ક્ષુધા-બાધા રહિત જિન ! ક્યોં તુમ્હેં ઉનસે પ્રીત હો ?
સંતપ્ત-માનસ શાન્ત હોં જિનકે ગુણોં કે ગાન મેં,
વે વર્દ્ધમાન મહાન જિન વિચરેં હમારે ધ્યાન મેં.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

યુગપદ્ વિશદ્ સકલાર્થ ઝલકેં નિત્ય કેવલજ્ઞાન મેં,
ત્રૈલોક્ય-દીપક વીર-જિન દીપક ચઢાઊઁ ક્યા તુમ્હેં....સંતપ્ત.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય મોહાન્ધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

જો કર્મ ઈંધન દહન પાવન પુંજ પવન સમાન હૈં,
જો હૈં અમેય પ્રમેય પૂરણ જ્ઞેય જ્ઞાતા જ્ઞાન હૈં....સંતપ્ત.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

સારા જગત ફલ ભોગતા નિત પુણ્ય એવં પાપ કા,
સબ ત્યાગ સમરસ નિરત જિનવર સફલ જીવન આપકા....સંતપ્ત.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

ઈસ અર્ઘ્ય કા ક્યા મૂલ્ય હૈ અનર્ઘ્ય પદ કે સામને,
ઉસ પરમ-પદ કો પા લિયા, હે પતિતપાવન ! આપને....સંતપ્ત.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

(સોરઠા)

સિત છઠવીં આષાઢ, માઁ ત્રિશલા કે ગર્ભ મેં,
અન્તિમ ગર્ભાવાસ, યહી જાન પ્રણમૂઁ પ્રભો.

ૐ હ્રીં આષાઢશુક્લષષ્ઠ્યાં ગર્ભમંગલમંડિતાય શ્રી મહાવીરજિનેન્દ્રાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧.

તેરસ દિન સિત ચૈત, અન્તિમ જન્મ લિયો પ્રભૂ,
નૃપ સિદ્ધાર્થ નિકેત, ઈન્દ્ર આય ઉત્સવ કિયો.

ૐ હ્રીં ચૈત્રશુક્લત્રયોદશ્યાં જન્મમંગલમંડિતાય શ્રી મહાવીરજિનેન્દ્રાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૨.

માગશર વદ દશમના દિવસે વર્ધમાન પ્રભુએ કર્મરૂપી કાલિમા નષ્ટ કરવા દીક્ષા ધારણ કરી અને આત્માને પ્રાપ્ત કરવા, સાધનારૂપી રથમાં આરૂઢ થયા.

ૐ હ્રીં માગશર વદ દશમના દિવસે મંગળ તપકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રને અર્ઘ ચડાવું છું. ૩.

વૈશાખ સુદ દશમના દિવસે આપે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. તેથી આઠ દ્રવ્યોનો અર્ઘ કરી પ્રભુના ચરણોમાં પૂજા કરીએ છીએ.

ૐ હ્રીં વૈશાખ સુદ દશમના દિવસે મંગળ કેવળકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રને અર્ઘ ચડાવું છું. ૪.

કારતક મહિનાની અમાસના દિવસે આપ પાવાપુરી તીર્થધામથી નિર્વાણ પામ્યા. તે દિવસ અમે દીપાવલીના રૂપમાં મનાવીએ છીએ.

ૐ હ્રીં કારતક વદ અમાસના દિવસે મંગળ મોક્ષકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રને અર્ઘ ચડાવું છું. ૫.

## જયમાલા

હે પ્રભુ ! આપે કદી યુદ્ધ કર્યું નથી કે કદી તીર–તલવાર પણ ધારણ કર્યા નથી. પરંતુ આપે પરમ અહિંસક આચરણ જ કર્યું છતાં આપ મહાવીર બન્યા છો.

હે પ્રભુ ! આપ મોહના મહા દળકટકને પરાજિત કરનાર વીર છો, પ્રખર તપ અને સંયમને ધૈર્યપૂર્વક ધારણ કરનાર છો, આપ અનંત આનંદના ધામ અને જગતના સર્વ રાગ–દ્વેષના બંધનથી મુક્ત છો. પાપોને નષ્ટ કરનાર, મનને વશ કરવાવાળા, અપાર ભવદુઃખને દૂર કરી સુખ કરનાર છો. સિદ્ધાર્થરાજાના પુત્ર આપ અશરીરી દેવ છો, ઇન્દ્રો, મનુષ્યો અને દેવો બધા આપની સેવના કરે છે; મતિજ્ઞાન રહિત હે સન્મતિ જિનેશ ! આપે સંપૂર્ણ રાગ–દ્વેષને જીતી લીધા છે, શુભ–અશુભ રાગરૂપી અગ્નિનો ત્યાગ કરી આપે સ્વયં વીતરાગદશા પ્રાપ્ત કરી છે. હે પ્રભુવર! આપ છ દ્રવ્યોને, તેમની ત્રિકાળવર્તી પર્યાય સહિત જાણો છો.

હે સર્વજ્ઞ, વીતરાગી જિનેશ! જે આપને પોતાની વર્તમાન પર્યાયમાં



દશમી મગસિર કૃષ્ણ, વર્દ્ધમાન દીક્ષા ધરી,
કર્મ કાલિમા નષ્ટ, કરને આત્મરથી બને.

ૐ હ્રીં માર્ગશીર્ષકૃષ્ણદશમ્યાં તપોમંગલમંડિતાય શ્રી મહાવીરજિનેન્દ્રાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૩.

સિત દશમી બૈસાખ, પાયો કેવલજ્ઞાન જિન,
અષ્ટ દ્રવ્યમય અર્ઘ્ય, પ્રભુપદ પૂજા કરેં હમ.

ૐ હ્રીં વૈશાખશુક્લદશમ્યાં જ્ઞાનમંગલમંડિતાય શ્રી મહાવીરજિનેન્દ્રાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૪.

કાર્તિક માવસ શ્યામ, પાયો પ્રભુ નિર્વાણ તુમ,
પાવા તીરથધામ, દીપાવલી મનાય હમ.

ૐ હ્રીં કાર્તિકકૃષ્ણ–અમાવસ્યાયાં મોક્ષમંગલમંડિતાય શ્રી મહાવીરજિનેન્દ્રાય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૫.

## જયમાલા

(દોહા)

યદ્યપિ યુદ્ધ નહીં કિયો, નાહિં રખે અસિ-તીર,
પરમ અહિંસક આચરણ, તદપિ બને મહાવીર.

(પદ્ધરિ)

હે મોહ-મહાદલદલન વીર, દુદ્ધર-તપ સંયમ ધરણ ધીર,
તુમ હો અનન્ત આનન્દકન્દ, તુમ રહિત સર્વ જગ દ્વંદ–ફંદ.

અઘકરન કરન-મન-હરન-હાર, સુખકરન હરન ભવદુખ અપાર,
સિદ્ધાર્થ તનય તનરહિત દેવ, સુર-નર-કિન્નર સબ કરત સેવ.

મતિજ્ઞાન રહિત સન્મતિ જિનેશ, તુમ રાગ-દ્વેષ જીતે અશેષ,
શુભ-અશુભ રાગ કી આગ ત્યાગ, હો ગયે સ્વયં તુમ વીતરાગ.

ષટ્ દ્રવ્ય ઔર ઉનકે વિશેષ, તુમ જાનત હો પ્રભુવર અશેષ,
સર્વજ્ઞ–વીતરાગી જિનેશ, જો તુમ કો પહચાને વિશેષ.

જાણે છે, તે નિજસ્વભાવને જાણે છે અને તે મોહશત્રુનો નાશ કરે છે. તેને સ્વ-પરનો વિવેક, ભેદજ્ઞાન પ્રગટ થાય છે. અને એક નિજ શુદ્ધાત્માનું જ ધ્યાન કરે છે, નિજ આત્મમાં જ લીન થાય છે અને ચારિત્રમોહનો નાશ કરે છે. તેનો મોહ ક્ષીણ થાય છે અને તે પણ વીતરાગદશા પ્રાપ્ત કરે છે. આજ સુધી જે પણ અરિહંતદશાને પ્રાપ્ત થયા છે તે બધાએ આ જ માર્ગ અપનાવ્યો છે અને તેઓએ આ પ્રમાણે જ ઉપદેશ આપ્યો છે. તે સર્વેને મારા નસ્કાર હો.

હે જિનેશ ! જે આપને ઓળખતા નથી તેઓ ભવભ્રમણને પ્રાપ્ત થઈ દુઃખી થાય છે અને તે આપની પાસે ધનરાશિ, વૈભવ, પુત્રાદિક કે રાજ્યની માંગણી કરે છે. જેને આપે તુચ્છ જાણી ત્યાગ કર્યો તેને તેઓ મહાન જાણે છે. તેની પ્રાપ્તિ કરવા રાત-દિવસ લાગી રહે છે અને પુણ્ય-પાપમાં જ પ્રવીણ છે, જ્યારે આપ પુણ્ય-પાપથી પાર પહોંચી ગયા છો. આપને જે જાણતો નથી તે સંતાપ પામે છે. તે સંતાપને દૂર કરી સુખ કરનારા શુદ્ધ આત્મસ્વરૂપી સમયસારરૂપ આપ જ છો. આપનો આત્મા સમયસાર શુદ્ધસ્વરૂપી છે, મારો આત્મા તેમજ સર્વના આત્મા (દ્રવ્યદૃષ્ટિથી) શુદ્ધસ્વરૂપી સમયસાર છે. જે પોતાના નિજસ્વરૂપને જાણી લે છે તે પરમાત્મપદ પામી જાય છે. તે ઇચ્છારહિત દશા-મોક્ષમાર્ગે પ્રયાણ કરી, પોતાના આત્માની પ્રસિદ્ધિ કરી અલ્પ સમયમાં સિદ્ધદશાની પ્રાપ્તિ કરે છે.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રને અનર્ઘપદની પ્રાપ્તિ માટે જયમાલા પૂર્ણ કરતાં અર્ઘ અર્પણ કરું છું.

હે પ્રભુ! જે આપનો ભૂતકાળ હતો, તે મારો વર્તમાન છે અને જે આપનો વર્તમાન છે તે જ મારું ભવિષ્ય છે.

પુષ્પાંજલિ અર્પણ કરું છું.










વે પહચાનેં અપના સ્વભાવ, વે કરેં મોહ–રિપુ કા અભાવ,
વે પ્રકટ કરેં નિજ–પર વિવેક, વે ધ્યાવેં નિજ શુદ્ધાત્મ એક.
નિજ આતમ મેં હી રહેં લીન, ચારિત્ર–મોહ કો કરેં ક્ષીણ,
ઉનકા હો જાયે ક્ષીણ રાગ, વે ભી હો જાયેં વીતરાગ.
જો હુએ આજ તક અરીહંત, સબને અપનાયા યહી પંથ,
ઉપદેશ દિયા ઈસ હી પ્રકાર, હો સબકો મેરા નમસ્કાર.
જો તુમકો નહિં જાને જિનેશ, વે પાયેં ભવ–ભવ–ભ્રમણ ક્લેશ,
વે માઁગેં તુમસે ધન–સમાજ, વૈભવ પુત્રાદિક રાજ–કાજ.
જિનકો તુમ ત્યાગે તુચ્છ જાન, વે ઉન્હેં માનતે હૈં મહાન,
ઉનમેં હી નિશદિન રહેં લીન, વે પુણ્ય–પાપ મેં હી પ્રવિન.
પ્રભુ પુણ્ય–પાપ સે પાર આપ, બિન પહિચાને પાયેં સંતાપ,
સંતાપહરણ સુખકરણ સાર, શુદ્ધાત્મસ્વરૂપી સમયસાર.
તુમ સમયસાર હમ સમયસાર, સમ્પૂર્ણ આત્મા સમયસાર,
જો પહચાનેં અપના સ્વરૂપ, વે હો જાયેં પરમાત્મરૂપ.
ઉનકો ના કોઈ રહે ચાહ, વે અપના લેવેં મોક્ષ રાહ,
વે કરેં આત્મા કો પ્રસિદ્ધ, વે અલ્પકાલ મેં હોય સિદ્ધ.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે જયમાલાપૂર્ણાર્ઘ્યં નિર્વપામીતિ૦

(દોહા) ભૂતકાલ પ્રભુ આપકા, વહ મેરા વર્તમાન,
વર્તમાન જો આપકા, વહ ભવિષ્ય મમ જાન.

(પુષ્પાંજલિં ક્ષિપેત્)



ચંદના સતી દ્વારા ભગવાન
મહાવીરને આહારદાન

# (૩૮) શ્રી વર્ધમાન–જિનપૂજા

**સ્થાપના :** શ્રી મહાવીરપ્રભુ અનંત ચતુષ્ટયાદિ અંતરંગ લક્ષ્મી અને સમવસરણાદિ બહિરંગ લક્ષ્મીના ધારક છે, સંસારના દુઃખોને દૂર કરવાવાળા છે; અને આત્માનું આકુળતા રહિત સ્વભાવિક સુખ છે તેને દેવાવાળા છે. જેમનું સિંહ લાંછન છે અને જેમણે પોતાના સર્વે કર્મરૂપી શત્રુઓનો નાશ કર્યો છે તથા મુકુટબંધી ઈન્દ્રદેવ આદિ આપના દર્શન માટે પંક્તિબદ્ધ ઉભા રહે છે, એવા શ્રી મહાવીર ભગવાનને હૃદયમાં ભક્તિ અને હર્ષ ધારણ કરી સ્થાપના કરું છું. હે કરૂણા અને દયાને ધારણ કરનાર દેવ, આપ તુરત જ અહીં પધારો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** હે પ્રભુ! સોનાના કળશમાં ક્ષીર સમુદ્ર સમાન પવિત્ર જળ ભરી આપના ચરણોમાં ધાર કરું છું. આપ મારા સંસારદુઃખને તુરત જ નષ્ટ કરો. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, (વર્ધમાન) સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર ભગવાનના ચરણોમાં જન્મ-મરણનો નાશ કરવા જળ સમર્પિત કરું છું. ૨.

**ચંદન :** હે પ્રભુ! મલયાગિરિનું ઉત્કૃષ્ટ ચંદન કેશર સંગ ઘસી, મનમાં અતિ ઉત્સાહ અને પ્રસન્નતાથી હે વીર! આપની પૂજા કરું છું. આપ જલ્દી મારા સંસાર તાપને નષ્ટ કરો. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર ભગવાનના ચરણમાં સંસારતાપને નષ્ટ કરવા ચંદન સમર્પિત કરું છું. ૩.



# (૩૮) શ્રી મહાવીર–જિનપૂજા

(કવિ વૃંદાવન કૃત)

શ્રીમત વીર હરૈં ભવ પીર, ભરૈં સુખસીર અનાકુલતાઈ,
કેહરિ અંક અરીકરદંક, નયે હરિપંકતિ મૌલિ સુઆઈ;
મૈં તુમકો ઈત થાપતુ હૌં પ્રભુ, ભક્તિ સમેત હિયે હરષાઈ,
હે કરુણાઘનધારક દેવ! ઈહાં અબ તિષ્ઠહુ શીઘ્રહિ આઈ.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્ર ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્ર ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્ર ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ સન્નિધિકરણમ્. ૧.

(નંદીશ્વર શ્રી જિનધામ—એ રાગ)

ક્ષીરોદધિ સમ શુચિ નીર, કંચનભૃંગ ભરોં,
પ્રભુ વેગ હરો ભવપીર, યાતેં ધાર કરોં;
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ૦ ૨.

મલયાગિર ચંદનસાર, કેસરરંગ ઘસોં,
પ્રભુ ભવ-આતાપ નિવાર, પૂજત હિય હુલસોં;
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય ભવાતાપવિનાશાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

**અક્ષત :** ચન્દ્રમા સમાન ઉજ્જ્વળ અને શુદ્ધ અક્ષતનો પુંજ થાળી ભરીને લાવ્યો છું. તેને અવિનાશી એવા મોક્ષપદની પ્રાપ્તિ માટે આપના ચરણોમાં ચડાવું છું. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર ભગવાનના ચરણોમાં અક્ષયપદની પ્રાપ્તિ હેતુ અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** મારી કામવેદના શાંત કરવા કલ્પવૃક્ષના ફૂલો સાથે બીજા મનોહર, સરસ પુષ્પો આપને ચડાવું છું. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રના ચરણકમળમાં કામ દાહ નષ્ટ કરવા હેતુ પુષ્પ ચડાવુ છું. ૫.

**નૈવેદ્ય :** ભૂખ (ક્ષુધા)રૂપી શત્રુને નષ્ટ કરવા રસયુક્ત, સ્વાદિષ્ટ, તાજા પકવાન સુવર્ણ થાળમાં સુંદર રીતે સજાવી આપના ચરણોમાં સમર્પિત કરું છું. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર ભગવાનના ચરણોમાં ક્ષુધારૂપી રોગ નાશ કરવા નૈવેદ્ય સમર્પિત કરું છું. ૬.

**દીપ :** હે પ્રભુ! મારા અજ્ઞાન અંધકારને દૂર કરવા ઘીથી ભરેલ દીપક પ્રજ્વલિત કરી આપની સમક્ષ લાવ્યો છું. આપ સુખના ભંડાર છો. મારા અજ્ઞાન અંધકારનો નાશ કરો. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રના ચરણમાં અજ્ઞાન અંધકારનો નાશ કરવા દીપ સમર્પિત કરું છું. ૭

**ધૂપ :** હરિચંદન, અત્તર, કપૂર આદિ સુગંધિત દ્રવ્યોને પીસીને સુગંધિત ધૂપ આઠ કર્મોને જલાવવા માટે ખેવું છું. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર ભગવાનના ચરણોમાં અષ્ટકર્મોનો નાશ કરવા ધૂપ સમર્પિત કરું છું. ૮.



તંદુલ સિત શશિસમ શુદ્ધ, લીનોં થાર ભરી;
તસુ પુંજ ધરોં અવિરુદ્ધ, પાવોં શિવનગરી;
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

સુરતરુકે સુમન સમેત, સુમન સુમન પ્યારે;
સો મનમથ ભંજન હેત, પૂજોં પદ થારે.
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

રસરજ્જત સજ્જત સદ્ય, મજ્જત થાર ભરી;
પદજ્જજ્જત રજ્જત અદ્ય, ભજ્જત ભૂખ અરી.
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

તમ ખંડિત મંડિત નેહ, દીપક જોવત હોં;
તુમ પદતર હે સુખગેહ, ભ્રમતમ ખોવત હોં.
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય મોહાંધકારવિનાશાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

હરિચંદન અગર કપૂર, ચૂર સુગંધ કરા;
તુમ પદતર ખેવત ભૂરિ, આઠોં કર્મ જરા.
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય અષ્ટકર્મવિધ્વંસનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

**ફળ :** હે પ્રભુ! મોક્ષફળની પ્રાપ્તિ માટે દરેક ઋતુના દોષરહિત ઉત્તમફળ સ્વર્ણથાળમાં ભરી આપના ચરણ સમીપ ચડાવું છું. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર ભગવાનના ચરણોમાં મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ ચડાવું છું. ૯.

**અર્ઘ :** હે પ્રભુ! જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફળ એ આઠેય દ્રવ્યોને સુવર્ણથાળમાં સજાવી તનમનમાં હર્ષિત થઈને આપના ગુણગાન કરું છું હે ભવરૂપી સમુદ્રને પાર કરાવવાવાળા પ્રભુજી! મારા પાપોનો નાશ કરવા હું આપની પૂજા કરું છું. હે વીર, મહાવીર, અતિવીર આપ સન્મતિને ધારણ કરનાર નાયક છો. ગુણોની વૃદ્ધિના ભંડાર, સન્મતિદાયક પ્રભુ આપનો જય હો.

ૐ હ્રીં શ્રી મહાવીર જિનેન્દ્રના ચરણકમળમાં અનર્ઘપદની પ્રાપ્તિ માટે આ અર્ઘ સમર્પિત કરું છું. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

હે વર્ધમાન જિનેન્દ્ર! મને આપની શરણમાં લ્યો. અષાઢ સુદ છઠ્ઠના દિવસે જગતના પાપોનો નાશ કરવા આપ માતા ત્રિશલાના ગર્ભમાં આવ્યા. ઈન્દ્રાદિ દેવતાઓએ આપની સેવા કરી અને હું પણ સંસાર સાગર પાર થવા આપની પૂજા કરું છું. આપ મને આપની શરણમાં રાખો.

ૐ હ્રીં અષાઢ સુદ છઠના દિને ગર્ભકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર ભગવાનના ચરણમાં અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૧.

ચૈત્ર સુદ તેરસના દિવસે કુંડલપુરમાં મહાવીર પ્રભુએ જન્મ લીધો. ઇંદ્રોએ સુમેરુ પર્વત પર જઈને મહાવીર પ્રભુનો અભિષેક–પૂજન કર્યા હું પણ ભવોના અંત કરવા આપની પૂજા કરું છું. હે, વર્ધમાન પ્રભુ! આપ મને આપની શરણમાં રાખો.

ૐ હ્રીં ચૈત્ર શુક્લ તેરસના દિવસે જન્મકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર ભગવાનના ચરણમાં અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૨.



રિતુફલ કલ-વર્જિત લાય, કંચન થાર ભરોં,
શિવફલ હિત હે જિનરાય, તુમ ઢિંગ ભેટ ધરોં.
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

જલ ફલ વસુ સજિ હિમથાર, તનમન મોદ ધરોં;
ગુણ ગાઊં ભવદધિ તાર, પૂજત પાપ હરોં;
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રીવર્ધમાનજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## પંચકલ્યાણક અર્ઘ

મોહિ રાખો હો સરણા, શ્રી વર્ધમાન જિનરાયજી, મોહિ રાખો૦
ગરભ સાઢ સિત છઠ્ઠ લિયો તિથિ, ત્રિશલા ઉર અઘ હરના;
સુર સુરપતિ તિત સેવ કરી નિત, મૈં પૂજોં ભવહરના. મોહિ રાખો૦

ૐ હ્રીં અષાઢશુકલષષ્ઠ્યાં ગર્ભમંગલમંડિતાય શ્રીવર્દ્ધમાનજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧.

જનમ ચૈતસિત તેરસકે દિન, કુંડલપુર કનવરના;
સુરગિરિ સુરગુરુ પૂજ રચાયો, મૈં પૂજોં ભવહરના. મોહિ રાખો૦

ૐ હ્રીં ચૈત્રશુકલત્રયોદશ્યાં જન્મમંગલમંડિતાય શ્રીવર્દ્ધમાનજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૨.



માગશર વદ દશમના દિવસે આપ મહાવીર પ્રભુએ દીક્ષા ધારણ કરી તપસ્યા કરી નૃપકુમારના ઘરે પારણું કર્યું. હું આપના ચરણકમલની પૂજા કરું છું. હે વર્ધમાન ભગવાન આપ મને આપની શરણમાં રાખો.

ૐ હ્રીઁ માગશર વદ દશમના તપકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર ભગવાનના ચરણમાં અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૩.

વૈશાખ સુદ દશમના દિને મહાવીર પ્રભુએ ઘાતિયા કર્મરૂપી શત્રુનો નાશ કર્યો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ભવ્ય જીવોને ભવથી પાર ઉતાર્યા. શાશ્વત સુખની પ્રાપ્તિને માટે આપના ચરણોની પૂજા કરું છું. હે વર્ધમાન સ્વામી મને આપની શરણમાં રાખો.

ૐ હ્રીઁ વૈશાખ સુદ દશમના દિને જ્ઞાનકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર ભગવાનના ચરણમાં અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૪.

કારતક વદ અમાસના દિવસે આપે પાવાપુરથી મુક્તિ પ્રાપ્ત કરી ત્યારે ગણધરદેવ અને ધરણેન્દ્ર દેવ આદિ બહુ પ્રકારથી આપની પૂજા અર્ચના કરતા હતાં. હું પણ સંસારથી દુઃખોના ભાવને દૂર કરવા આપની પૂજા કરું છું.

ૐ હ્રીઁ કાર્તિક વદ અમાસે મોક્ષકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર ભગવાનના ચરણમાં અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૫.

## જયમાલા

હે મહાવીર પ્રભુ! ગણધર, સેનાપતિ, ચક્રવર્તી, બળદેવ કે નારાયણ, ધનુષ્યધારી કે ત્રિશુલ ધારી અને મધુર વચન વદનાર એ વિદ્યાધર સર્વે હમેશા આપની સેવા કરે છે. મહાવીર પ્રભુ! આપ દુઃખોને હરવાવાળા, આનંદના દાતાર અને સંસારથી પાર કરાવવાવાળા છો. આપનું ઉન્નત મસ્તક નિર્મળ ગુણોરૂપી મણી માળાથી શોભાયમાન છે તેથી હું આપના ગુણોની માળા ગુંથું છું.

હે પ્રભુ! આપ ત્રિશલાદેવીના પુત્ર છો. આપ દેવો દ્વારા પૂજ્ય છો; જગતને આનંદીત કરનાર છો. ભવના તાપને અને શરીરની કામરૂપી દાહ મટાડવા ચંદ્રમા સમાન છો. હે સ્પંદન રહિત નયનોને ધારણ કરવાવાળા મહાવીર પ્રભો, આપની જય હો. ૧



મગસિર અસિત મનોહર દશમી, તા દિન તપ આચરના;
નૃપ કુમાર ઘર પારન કીનોં, મૈં પૂજોં તુમ ચરના.
મોહિ રાખો હો સરણા, શ્રી વર્ધમાન જિનરાયજી.

ૐ હ્રીઁ માર્ગશીર્ષકૃષ્ણદશમ્યાં તપોમંગલમંડિતાય શ્રીવર્દ્ધમાનજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૩.

શુકલ દશૈં વૈશાખ દિવસ અરિ, ઘાત ચતુક ક્ષય કરના;
કેવલ લહિ ભવિ ભવસર તારે, જજોં ચરન સુખ ભરના.
મોહિ રાખો હો સરણા, શ્રી વર્ધમાન જિનરાયજી.

ૐ હ્રીઁ વૈશાખશુકલદશમ્યાં જ્ઞાનકલ્યાણકપ્રાપ્તાય શ્રીવર્દ્ધમાનજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૪.

કાર્તિક શ્યામ અમાવસ શિવતિય, પાવાપુરતૈં વરના;
ગણફનિવૃંદ જજે તિત બહુવિધિ, મૈં પૂજોં ભયહરના.
મોહિ રાખો હો સરણા, શ્રી વર્ધમાન જિનરાયજી.

ૐ હ્રીઁ કાર્તિકકૃષ્ણામાવસ્યાં મોક્ષમંગલમંડિતાય શ્રીવર્દ્ધમાનજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૫.

## જયમાલા

(છંદ હરિગીતા-૨૮ માત્રા)

ગણધર અસનિધર, ચક્રધર, હલધર, ગદાધર, વરવદા,
અરુ ચાપધર વિદ્યાસુધર, તિરસૂલધર સેવહિં સદા;
દુખહરન આનંદભરન તારન તરન, ચરણ રસાલ હૈ,
સુકુમાલ ગુણમનિમાલ ઉન્નત, ભાલકી જયમાલ હૈ.

(છંદ—ઘત્તા)

જય ત્રિશલાનંદન, હરિકૃતવંદન, જગદાનંદન, ચંદવરં;
ભવતાપનિકંદન, તનકન મંદન, રહિત સપંદન નયનધરં. ૧.

હે પ્રભુ! આપ કેવળજ્ઞાનરૂપી સૂર્યની કળાને ધરનાર, ભવ્યજીવરૂપી કમળને વિકસાવનાર સૂર્યસમાન છો. જે આખું જગત મોહરૂપી મહાશત્રુને વશ થયું છે, એવા મોહને આપ જીતનાર છો. વળી જ્ઞાનાવરણ, દર્શનાવરણકર્મરૂપી ધૂળના આવરણને નષ્ટ કરનાર એવા મહાવીર ભગવાન! આપનો જય હો. ૨

હે ભગવાન! આપ ગર્ભકલ્યાણક આદિ પંચકલ્યાણક સહિત છો. દુ:ખ, દારિદ્રનો સદાય નાશ કરનાર છો. આ જગતમાં આપ જ સાચા જ્ઞાની છો અને સંસારની વૃદ્ધિ કરાવનાર ભાવોનો નાશ કરનાર છો. ૩.

આપ, ઇંદ્રોના મનરૂપી કમળને વિકસાવનાર સૂર્યસમાન છો; અનંતવીર્યને ધારણ કરનાર મહાબળવાન છો અને આપ મહાકવિ છો. હે પ્રભુ, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી આપે ધર્મના સ્વરૂપનો પ્રકાશ કર્યો. એ ધર્મ પર આજે પણ આપનું જ શાસન પ્રવર્તે છે. ૪.

હે પ્રભુ! દેવો આપના ગુણોનું વારંવાર સ્મરણ ચિંતન કરવામાં મગ્ન રહે છે. દેવોની દેવાંગના પણ અતિ સુંદર લયમાં આપના ગુણગાન કરે છે અને સર્વના મન લોભાવે છે. ૫.

હે પ્રભુ! આપની ભક્તિના રંગમાં ઉમંગ ભરી નૃત્ય કરતી અને વિવિધ પગની થાપથી જે નૂપુરની ધ્વનિ ઝનનં-ઝનનં ગુંજે છે અને દેવ પણ વાદ્યથી તેની સાથે તનનં-તનનં તાલ પૂરાવે છે. ૬.

ઘનનં-ઘનનં ઘંટાનો ધ્વનિ અને દ્રુમદ્રુમ મૃદંગનો ધ્વનિ થઈ રહ્યો છે. ગગનરૂપી આંગણના ગર્ભગૃહમાં શબ્દોનો ગુંજારવની જેમ તતત-અતત-વિતતની સુંદર ગુંજ ઉઠી રહી છે. ૭.

ધૃગતાં-ધૃગતાં એવો તબલાનો અવાજ અને સારંગીના મધુર સ્વર ગુંજી રહ્યાં છે. વિવિધ પ્રકારના રૂપ ધારણ કરીને આકાશમાં ફરતા દેવો સનનં.....સનનં નો મધુર અવાજ કરી રહ્યા છે. ૮.

કેટલીક દેવીઓ બીન વગાડી ભગવાનના નિર્મળ ગુણોના ગાન કરી રહી છે, કેટલીક દેવીઓ હાથમાં કરતાલ વગાડે છે તો કેટલીક ગંભીર સ્વરમાં સારંગી વગાડી રહી છે. ૯.

હે પ્રભુ! આમ અનેક પ્રકારના ઉત્સાહપૂર્વકદેવોનો સમૂહ આપની ભક્તિ કરે છે. હે ભગવાન આપ તો સંસારના સર્વજીવોના પિતાસમાન છો અને આપ જ અમારા નિષ્કારણ હિતેચ્છુ મિત્ર છો. ૧૦.



(છંદ ત્રોટક)

જય કેવલભાનુકલાસદનં, ભવિકોક વિકાશન કંજવનં;
જગજીત મહારિપુ મોહહરં, રજજ્ઞાનદૃગાવર ચૂરકરં. ૨

ગર્ભાદિક મંગલમંડિત હો, દુખદારિદકો નિતખંડિત હો;
જગમાંહિ તુમહીં સતપંડિત હો, તુમહી ભવભાવ-વિહંડિત હો. ૩

હરિવંશ સરોજનકોં રવિ હો, બલવંત મહંત તુમ્હીં કવિ હો;
લહિ કેવલ ધર્મ પ્રકાશ કિયો, અબલોં સોઈ મારગ રાજતિ યોં. ૪

પુનિ આપતને ગુણમાંહિ સહી, સુર મગ્ન રહૈં જિતને સબહી;
તિનકી વનિતા ગુણ ગાવત હૈં, લય માનનિસોં મન ભાવત હૈં. ૫

પુનિ નાચત રંગ ઉમંગ ભરી, તવ ભક્તિ વિષૈ પગ એમ ધરી;
ઝનનં ઝનનં ઝનનં ઝનનં, સુર લેત તહાં તનનં તનનં. ૬

ઘનનં ઘનનં ઘનઘંટ બજૈ, દૃમદં દૃમદં મિરદંગ સજૈ;
ગગનાંગન ગર્ભગતા સુગતા, તતતા તતતા અતતા વિતતા. ૭

ધૃગતાં ધૃગતાં ગતિ બાજત હૈ, સુરતાલ રસાલ જુ છાજત હૈ;
સનનં સનનં સનનં નભમૈં, ઈકરૂપ અનેક જુ ધારી ભ્રમૈં. ૮

કઈ નારિ સુવીન બજાવત હૈં, તુમરો જસ ઉજ્જવલ ગાવત હૈં;
કરતાલ વિષૈ કરતાલ ધરૈં, સુરતાલ વિશાલ જુ નાદ કરૈં. ૯

ઈન આદિ અનેક ઉછાહ ભરી, સુર ભક્તિ કરૈં પ્રભુજી તુમરી;
તુમહી જગજીવનકે પિતુ હો, તુમહી બિનકારનતૈં હિતુ હો. ૧૦

હે પ્રભુ! આપ જ સર્વ વિઘ્નવિનાશક છો; આપ જ આત્માના આનંદને બતાવનાર છો, આપ જ સર્વ ચિંતિત ફળ દેવાવાળા છો અને આપ જ સર્વશ્રેષ્ઠ કાર્ય કરવામાં સમર્થ છો. ૧૧

હે ભગવાન! તમારા પાંચેયકલ્યાણકના મહોત્સવ આનંદસહિત મનાવીને જીવ ઉત્કૃષ્ટ પુણ્ય બાંધે છે. અમારે માટે તો આપ જ શરણ છો. આપના ગુણોની પ્રીતિ કરીને અમારા મનને આપની ભક્તિમાં જ લગાવી રાખીએ છીએ. ૧૨.

હે પ્રભુ, જ્યાં સુધી મારા આઠેય કર્મોનો નાશ ન થાય ત્યાં સુધી આપ મારા હ્રદયમાં નિવાસ કરો જેથી જ્યાં સુધી આઠ કર્મોનો નાશ ન થાય ત્યાં સુધી તમારું જ ધ્યાન રહે જેથી અમારું મન શ્રુતના ચિંતનમાં જ રહે. ૧૩.

જ્યાં સુધી મારા અંતરમાં સંયમના ભાવ રહે ત્યાં સુધી મારા હ્રદયમાં સત્‌સંગતિનો ભાવ રહે. જ્યાં સુધી વ્રત–ચારિત્ર રહે ત્યાં સુધી હું શુભભાવમાં રહું. ૧૪.

જ્યાં સુધી આઠકર્મરૂપી શત્રુનો નાશ થાય અને મનમાં સમતાભાવ ધારણ કરીને મુક્તિરૂપી નારીને પ્રાપ્ત ન કરું, ત્યાંસુધી આપની ભક્તિ મને હો. ત્યાંસુધી વિનયથી આપને પ્રાર્થના કરું છું તે સાંભળો. ૧૫.

હે મહાવીર ભગવાન ઇંદ્રો, નાગેંદ્રો અને ચક્રવર્તી અતિ ભક્તિપૂર્વક આપના ચરણોમાં નમે છે. કવિ શ્રી વૃંદાવનલાલ કહે છે જે ભવ્યજીવ મહાવીર ભગવાનનું ધ્યાન કરે છે તેના સર્વ સંકટ દૂર થઈ ઇચ્છિત એવા મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. ૧૬.

ૐ હ્રીં મહાવીર ભગવાનના ચરણમાં અનર્ઘપદની પ્રાપ્તિ માટે હું આ અર્ઘ સમર્પણ કરું છું.

શ્રી સન્મતિ ભગવાનના ચરણકમળની જે પ્રીતિપૂર્વક પૂજન કરે છે તેને વૃંદાવનલાલ કવિ કહે છે એજ કુશળ, હોંશિયાર મનુષ્ય છે, કારણ કે તે મોક્ષરૂપી સત્ત્વને પ્રાપ્ત કરે છે. ૧૭.

પુષ્પાંજલિનું ક્ષેપણ કરું છું.



તુમહી સબ વિઘ્ન વિનાશન હો, તુમહી નિજ આનંદભાસન હો;
તુમહી ચિતચિંતતદાયક હો, જગમાંહિ તુમ્હીં સબ લાયક હો. ૧૧

તુમરે પનમંગલમાંહિ સહી, જિય ઉત્તમ પુન્ય લિયો સબહી;
હમકોં તુમરી શરણાગત હૈ, તુમરે ગુન મેં મન પાગત હૈ. ૧૨

પ્રભુ મો હિય આપ સદા બસિયે, જબલોં વસુકર્મ નહીં નસિયે;
તબલોં તુમ ધ્યાન હિયે વરતૌ, તબલોં શ્રુતચિંતન ચિત્ત રતૌ. ૧૩

તબલોં વ્રત ચારિત ચાહતુ હોં, તબલોં શુભભાવ સુગાહતુ હોં;
તબલોં સતસંગતિ નિત્ત રહો, તબલોં મમ સંજમ ચિત્ત ગહો. ૧૪

જબલોં નહિ નાશ કરૌં અરિકો, શિવનારિ વરોં સમતા ધરિકો;
યહ દ્યો તબલોં હમકો જિનજી, હમ જાચતુ હૈં ઈતની સુનજી. ૧૫

(ઘત્તા)

શ્રી વીર જિનેશા, નમિત સુરેશા, નાગનરેશા ભગતિભરા;
'વૃંદાવન ધ્યાવૈ, વિઘન નશાવૈ, વાંછિત પાવૈ, શર્મ વરા. ૧૬

ૐ હ્રીં શ્રીવર્દ્ધમાનજિનેન્દ્રાય અનર્ઘપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(દોહા)

શ્રી સનમતિકે જુગલપદ, જો પૂજૈ ધરિ પ્રીત;
'વૃંદાવન' સો ચતુર નર લહૈ મુક્તિનવનીત. ૧૭

॥ ઇત્યાશીર્વાદઃ, પુષ્પાંજલિં ક્ષિપેત્ ॥



# (૩૯) શ્રી પાંચ બાલયતિ જિન–પૂજા

**સ્થાપના :** હે પ્રભુ! આપ બ્રહ્મરૂપી આત્મામાં લીન પરિણતીથી સુશોભિત છો અને હે વિભુ! પૂજ્ય એવા નિજ પારિણામિકભાવથી વિભૂષિત છો. આપ અહીં બિરાજમાન થાઓ અને મને આપની નિકટતા પ્રાપ્ત થાઓ. હે પંચબાલયતિ પ્રભુ! હું આપને શત–શતવાર પ્રણામ કરું છું.

ॐ હ્રીં શ્રી વાસુપૂજ્ય, શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીરસ્વામી એ પાંચ બાલયતિ જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ॐ હ્રીં શ્રી વાસુપૂજ્ય, શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીરસ્વામી એ પાંચ બાલયતિ જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ॐ હ્રીં શ્રી વાસુપૂજ્ય, શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીરસ્વામી એ પાંચ બાલયતિ જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** હે પ્રભુ! આપે ધ્રુવસ્વરૂપી ધ્રુવપરિણતિના પવિત્ર જળમાં સ્નાન કરી, શુદ્ધ અતીન્દ્રિય આનંદરસનું નિરંતર પાન કરી રહ્યા છો. ક્ષણિક પર્યાયોનો તો જન્મ–મરણરૂપનો જ સદા સ્વભાવ છે. આપ પંચબાલયતિ પ્રભુના ચરણમાં રહેતાં શરીર–સંયોગ અને વિયોગનો સદાયને માટે અભાવ થાય છે.

ॐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં જન્મ-જરા-મરણના વિનાશ અર્થે જળ સમર્પણ કરું છું. ૨.

**ચંદન :** અહો, સુગંધિત ચૈતન્યદ્રવ્ય પોતાની પરિણતિમાં નિત્ય મહેંકી રહ્યો છે, ક્ષણવર્તી ચૈતન્ય વિવર્તન ગ્રંથિમાં પ્રસિદ્ધ થઈ રહ્યો છે. દ્રવ્ય, ગુણ, પર્યાયોમાં ચૈતન્યનું અસ્તિત્વ જ સદા વર્તી રહ્યું છે. પાંચ બાલયતિ ભગવંતોના ચરણોમાં રાગદ્વેષની દુર્ગંધના નાશની ભાવના ભાવું છું.

ॐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં સંસારતાપના નાશ માટે ચંદન સમર્પણ કરું છું. ૩.

**અક્ષત :** હે પ્રભુ! આપના પરિણામોના ધ્રુવપ્રવાહમાં અખંડ જ્ઞાયકભાવ વર્તી રહ્યો છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં નિત્ય, અભેદ, અખંડ સ્વભાવ વર્તી રહ્યો છે અને આપનો દ્રવ્ય સ્વભાવ પોતાના ગુણ



# (૩૯) શ્રી પંચ બાલયતિ જિન–પૂજા

(પં. અભયકુમારજી કૃત)

(સ્થાપના)

(હરિગીતિકા)

નિજ બ્રહ્મ મેં નિત લીન પરિણતિ સે સુશોભિત હે પ્રભો,
પૂજિત પરમ નિજ પારિણામિક સે વિભૂષિત હે વિભો.
આઓ તિષ્ઠો અત્ર તુમ સન્નિકટ હો મુઝમય અહો,
બાલયતિ પાઁચોં પ્રભુ કો વન્દના શત બાર હો.

ॐ હ્રીં શ્રી વાસુપૂજ્ય–મલ્લિ–નેમિ–પાર્શ્વ–વીરાઃ પંચબાલયતિજિનેન્દ્રાઃ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ॐ હ્રીં શ્રી વાસુપૂજ્ય–મલ્લિ–નેમિ–પાર્શ્વ–વીરાઃ પંચબાલયતિજિનેન્દ્રાઃ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્.

ॐ હ્રીં શ્રી વાસુપૂજ્ય–મલ્લિ–નેમિ–પાર્શ્વ–વીરાઃ પંચબાલયતિજિનેન્દ્રાઃ ! અત્ર મમ સન્નિહિતા ભવ ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧.

(વીરછન્દ)

હે પ્રભુ ! ધ્રુવ કી ધ્રુવ પરિણતિ કે પાવન જલ મેં કર સ્નાન,
શુદ્ધ અતીન્દ્રિય આનન્દ કા તુમ કરો નિરન્તર અમૃત-પાન.
ક્ષણવર્તી પર્યાયોંકા તો જન્મ-મરણ હૈ નિત્ય સ્વભાવ,
પંચ બાલયતિ-ચરણોં મેં હો તન-સંયોગ-વિયોગ અભાવ.

ॐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યો જન્મ-જરા-મૃત્યુવિનાશનાય જલં નિર્વ૦ ૨.

અહો ! સુગન્ધિત ચેતન અપની પરિણતિ મેં નિત મહક રહા,
ક્ષણવર્તી ચૈતન્ય વિવર્તન કી ગ્રન્થિ મેં ચહક રહા.
દ્રવ્ય, ઔર ગુણ પર્યાયોં મેં સદા મહકતી ચેતન ગન્ધ,
પંચ બાલયતિ કે ચરણોં મેં નાશૂં રાગ-દ્વેષ દુર્ગન્ધ.

ॐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યઃ સંસારતાપવિનાશનાય ચન્દનં નિર્વપામીતિ૦ ૩

પરિણામોં કે ધ્રુવ પ્રવાહ મેં બહે અખંડિત જ્ઞાયક ભાવ,
દ્રવ્ય-ક્ષેત્ર-અરુ કાલ ભાવ મેં નિત્ય અભેદ અખંડ સ્વભાવ.

પર્યાયમાં અક્ષય, અવિચળ પદે શોભી રહ્યો છે. હે પાંચ બાલયતિ જિનવર! મારી પરિણતિમાં નિત્ય વિશ્રામ કરો.

ૐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત સમર્પિત કરું છું. ૪.

**પુષ્પ :** આપના જ્ઞાયકબાગમાં અનંતગુણરૂપી પુષ્પો શોભી રહ્યાં છે. ત્રિકાળી ધ્રુવ પરિણતીમાં આપ હર સમય નિરંતર વિશ્રામ કરી રહ્યા છો. આ ધ્રુવસ્વભાવના આશ્રયથી આપે ઇચ્છારૂપી કલંકનો નાશ કર્યો છે. હે પાંચ બાલયતિ ભગવંતો! મારી પરિણતિની મલિનતાનો નાશ કરવા પુષ્પ સમર્પણ કરું છું.

ૐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં કામબાણનો નાશ કરવા હેતુ પુષ્પ સમર્પિત કરું છું. ૫.

**નૈવેદ્ય :** હે પ્રભો, આપ તો આપના ધ્રુવપ્રવાહમાં નિરંતર રહો છો, તેથી શાશ્વત તૃપ્ત છો. તેથી આપને જડના છ રસોની શું ઇચ્છા હોય? આપ તો નિજ અનુભવરસમાં મસ્ત રહો છો. હવે મારી પરિણતિ પણ જ્ઞાયકમાં વિશ્રામ પામીને તૃપ્ત થઈ. હે બાલયતિ ભગવંતો! આપના ચરણોમાં મારા ક્ષુધા રોગનું નામનિશાન પણ ન રહો.

ૐ હ્રીં પંચબાલયતિ જિનેન્દ્રના ચરણકમળમાં ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય સમર્પિત કરું છું. ૬.

**દીપ :** જ્ઞાયકના આશ્રયે સહજ જ્ઞાનમય જ્યોતિ પ્રજ્વલિત રહે છે. હે પ્રભુ! જ્ઞાનરૂપી દર્પણમાં ત્રણેલોકના જ્ઞેયાકારો હરસમય ઝળકી રહ્યાં છે. અહો ત્યારે મારી ભાવશ્રુત પરિણતિ આપના કેવળજ્ઞાનના દર્શન કરે છે. અહો! પાંચ બાલયતિ ભગવાનની ભક્તિથી મારા જ્ઞાયકનું જ્ઞાન પ્રગટ થયું.

ૐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં મોહના અંધકારના નાશ માટે દીપ સમર્પિત કરું છું. ૭.

**ધૂપ :** હે ભગવંતો, આપની ત્રૈકાલિક પરિણતિમાં જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશી રહ્યો છે. જેથી આપે સમસ્ત કર્મોનો નાશ કર્યો અને આપ ત્રણલોકના નાથ થયા છો. (ધ્યાતા, ધ્યાન, ધ્યેય ભેદ મિટાવીને) હું ધ્યાતા અને તમે ધ્યેય, એવો ભેદ દૂર કરીને તમારામાં એકાકાર થયો છું. હે પાંચ બાલયતિ જિનવર! ત્વરાથી મારા ત્રણ પ્રકારનાં વિકારનો નાશ થાઓ.

ૐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં અષ્ટકર્મોના નાશ અર્થે ધૂપ સમર્પિત કરું છું. ૮.



નિજ—ગુણ-પર્યાયોં મેં જિનકા અક્ષય પદ અવિચલ અભિરામ,
પંચ બાલયતિ જિનવર મેરી પરિણતિ મેં નિત કરો વિરામ.

ૐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યઃ અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ૦ ૪

ગુણ અનન્ત કે સુમનોં સે હો શોભિત તુમ જ્ઞાયક ઉદ્યાન,
ત્રૈકાલિક ધ્રુવ પરિણતિ મેં તુમ પ્રતિપલ કરતે નિત્ય વિરામ.
ઈસકે આશ્રય સે પ્રભુ તુમને નષ્ટ કિયા હૈ કામ-કલંક,
પંચ બાલયતિ કે ચરણોં મેં ધુલા આજ પરિણતિ કા પંક.

ૐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યઃ કામબાણવિનાશનાય પુષ્પં નિર્વપામીતિ૦ ૫

હે પ્રભુ ! અપને ધ્રુવ પ્રવાહ મેં રહો નિરન્તર શાશ્વત તૃપ્ત,
ષટ્રસ કી ક્યા ચાહ તુમ્હેં તુમ નિજ રસ કે અનુભવ મેં મસ્ત.
તૃપ્ત હુઈ અબ મેરી પરિણતિ જ્ઞાયક મેં કરતી વિશ્રામ,
પંચ બાલયતિ કે ચરણોં મેં ક્ષુધા-રોગ કા રહા ન નામ.

ૐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યઃ ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ૦ ૬.

સહજ જ્ઞાનમય જ્યોતિ પ્રજ્વલિત રહતી જ્ઞાયક કે આધાર,
પ્રભો ! જ્ઞાન-દર્પણ મેં ત્રિભુવન પલ-પલ હોતા જ્ઞેયાકાર.
અહો ! નિરખતી મમ શ્રુત-પરિણતિ અપને મેં તવ કેવલજ્ઞાન,
પંચ બાલયતિ કે પ્રસાદ સે પ્રકટ હુઆ નિજ જ્ઞાયક ભાન.

ૐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યો મોહાન્ધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ૦ ૭.

ત્રૈકાલિક પરિણતિ મેં વ્યાપી જ્ઞાન-સૂર્ય કી નિર્મલ ધૂપ,
જિસસે સકલ-કર્મ-મલ ક્ષય કર હુએ પ્રભો ! તુમ ત્રિભુવનભૂપ.
મૈં ધ્યાતા તુમ ધ્યેય હમારે મૈ હૂઁ તુમમય એકાકાર,
પંચ બાલયતિ જિનવર ! મેરે શીઘ્ર નશો અબ ત્રિવિધ વિકાર.

ૐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યો અષ્ટકર્મવિનાશનાય ધૂપં નિર્વપામીતિ૦ ૮.

**ફળ :** હે જિનેન્દ્ર ભગવંતો! આપ તો આપના સહજ જ્ઞાન પ્રવાહમાં સદાય જ્ઞાન–આનંદના ફળને ભોગવો છો. અમારા ચૈતન્યની પરિણતિમાં રમતાં પુણ્ય–પાપ ભાવની શું કિંમત! હે પ્રભો! (સહજ મુક્ત સ્વરૂપ સમજાતા) મહામોક્ષફળની પણ ઇચ્છા હવે રહી નથી. એવા હે પાંચબાલયતિ ભગવંતો! આપની ભક્તિથી અમારું જીવન આજે સફળ થયું.

ૐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં મોક્ષફળની પ્રાપ્તિ હેતુ ફળ સમર્પિત કરું છું. ૯.

**અર્ઘ :** પંચમ પરમભાવથી પૂજિત પરિણતિમાં જે વિશ્રામ કરે છે તે નિરંતર કારણ (શુદ્ધ પર્યાયમય) પરમ પારિણામિક ભાવનું અવલંબન લે છે અને પંચમ (મોક્ષ) ગતિને પ્રાપ્ત થાય છે. તે મોક્ષગતિની પ્રાપ્તિ અર્થે શ્રી વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ પાર્શ્વનાથ અને સન્મતિનાથ આપને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ સમર્પિત કરું છું.

ૐ હ્રીં શ્રી પાંચબાલયતિ જિનેન્દ્રના ચરણમાં અર્ઘ સમર્પિત કરું છું. ૧૦.

## જયમાલા

જેના હૃદયમાં પ્રિય જ્ઞાયક વસી રહ્યો છે, એવા હે! પાંચબાલયતિ ભગવંતો, આપ મારા હૃદયમાં નિવાસ કરો.

જેની પરિણતિમાં સદા જ્ઞાયક બિરાજે છે તેની પરિણતિ સ્વથી અભિન્ન અને પરથી ભિન્ન છે. તે પરિણતિ દર્શન–જ્ઞાન ઉપયોગના સુલક્ષણથી શોભિત છે તથા જેની નિર્મળતા પર આત્મજ્ઞાની પણ મોહિત છે.

ત્રિકાળી જ્ઞાયક (એવા) બાલયતિ મારી પરિણિતિમાં વ્યાપ્ત રહો. પંચમગતિની પ્રાપ્તિ માટે હું આ પાંચબાલયતિ ભગવંતોને નમસ્કાર કરું છું.

અનંતગુણોમાં નિવાસ કરનારા, નિજ–આશ્રિત પરિણતિમાં શાશ્વત ચૈતન્યથી સુશોભિત હે! વાસુપૂજ્ય ભગવાન આપ ધન્ય છો. આપ આપના ક્ષાયિક દર્શનથી સત્ સામાન્યનું અવિરતપણે અવલોકન કરી રહ્યા છો. હે અનંતગુણ ભંડાર, આપના દર્શનથી મારા જ્ઞાયકદેવના દર્શન કરી હું અતિ હર્ષિત થયો છું.



સહજ જ્ઞાન કા ધ્રુવ પ્રવાહ ફલ સદા ભોગતા ચેતનરાજ,
અપની ચિત્ પરિણતિ મેં રમતા પુણ્ય-પાપ ફલ કા ક્યા કાજ.
મહા મોક્ષફલ કી ન કામના શેષ રહે અબ હે જિનરાજ,
પંચ બાલયતિ કે ચરણોં મેં જીવન સફલ હુઆ હૈ આજ.

ૐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યો મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

પંચમ પરમભાવ કી પૂજિત પરિણતિ મેં જો કરેં વિરામ,
કારણ પરમપારિણામિક કા અવલમ્બન લેતે અભિરામ.
વાસુપૂજ્ય અરુ મલ્લિ-નેમિપ્રભુ-પાર્શ્વનાથ-સન્મતિ ગુણખાન,
અર્ઘ્ય સમર્પિત પંચ બાલયતિ કો પઞ્ચમ ગતિ લહૂઁ મહાન.

ૐ હ્રીં શ્રી પંચબાલજિનેન્દ્રેભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(દોહા)

પંચ બાલયતિ નિત બસો, મેરે હૃદય મઁઝાર,
જિનકે ઉર મેં બસ રહા, પ્રિય ચૈતન્ય કુમાર.

(છપ્પય)

પ્રિય ચૈતન્ય કુમાર સદા પરિણતિ મેં રાજે,
પર-પરિણતિ સે ભિન્ન સદા નિજ મેં અનુરાગે.
દર્શન-જ્ઞાનમયી ઉપયોગ સુલક્ષણ શોભિત,
જિસકી નિર્મલતા પર આતમ જ્ઞાની મોહિત.
જ્ઞાયક ત્રૈકાલિક બાલયતિ, મમ પરિણતિ મેં વ્યાપ્ત હો,
મૈં નમૂઁ બાલયતિ પંચ કો, પંચમ ગતિ પદ પ્રાપ્ત હો.

(વીરછન્દ)

ધન્ય-ધન્ય હે વાસુપૂજ્ય જિન ! ગુણ અનન્ત મેં કરો નિવાસ,
નિજ આશ્રિત પરિણતિ મેં શાશ્વત મહક રહી ચૈતન્ય સુવાસ.
સત્ સામાન્ય સદા લખતે હો ક્ષાયિક દર્શન સે અવિરામ,
તેરે દર્શન સે નિજ દર્શન પાકર હર્ષિત હૂઁ ગુણખાન.

શ્રી મહાબલિ મલ્લિનાથ ભગવાન! આપે મહામલ્લ મોહ પર વિજય પ્રાપ્ત કર્યો છે. આપ નિજગુણ પરિણતિમાં શાશ્વત શોભી રહ્યા છો. હે, પ્રભો! આપ આપના કેવળજ્ઞાનમાં હરસમય લોકાલોકને તથા આપના જ્ઞાયકને નિરખી રહ્યા છો. આપના જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશમાં અમારો ચૈતન્યલોક પણ ખીલી ઉઠે છે.

હે નેમિનાથ ભગવાન! રાજમતિને છોડીને, ભોક્તા–ભોગ્યનો વિકલ્પ પણ છોડીને નિજમાં અનંતચતુષ્ટયનો ભોગ ભોગવતાં આપ શાશ્વત સુખમાં લીન છો, અનંતગુણોનો સ્વાદ તમારા સુખમાં નિરંતર વસે છે. મોહરહિત નિર્મળપરિણતિમાં આપ સદા વિશ્રામ કરો છો.

હે પાર્શ્વનાથપ્રભુ! આપના પરાક્રમ જોઈને કમઠ જેવો શત્રુ પણ પરાજિત થયો. ક્ષાયિક શ્રેણી આરોહણ કરી મોહરૂપી શત્રુનો પણ નાશ કર્યો. હે અનંતબળના સ્વામી! આપે સમસ્ત કર્મોના સમૂહનો નાશ કર્યો. એવા હે પ્રભુ! આપના ચરણમાં સર્પ શાથી રહે?

હે વર્ધમાનસ્વામી! આપ ક્ષાયિક દર્શન–જ્ઞાન–વીર્ય અને સુખગુણોથી શોભિત છો. હે સન્મતિ ભગવાન! ભરતક્ષેત્રના આપ શાસન નાયક અન્તિમ તીર્થંકર છો. આપ વિશ્વરૂપી કમળને વિકસાવનાર જિનવર છો. આપ મહાન કેવળજ્ઞાન રૂપી સૂર્ય છો. આપના ચરણકમળમાં વંદન કરીને આ અર્ઘ સમર્પણ કરું છું.

ૐ હ્રીં પંચબાલયતિ તીર્થંકરના ચરણોમાં અનર્ઘ્યપદની પ્રાપ્તિ અર્થે જયમાલા મહા અર્ઘ સમર્પણ કરું છું.

પંચમભાવ સ્વરૂપ પાંચબાલયતિ ભગવંતોને નમસ્કાર કરી, મારી નિજકારણપરિણામમય શુદ્ધપરિણતિને પ્રાપ્ત કરું.

(પુષ્પાંજલીનું ક્ષેપણ કરું છું.)





મોહ-મલ્લ પર વિજય પ્રાપ્ત કર મહાબલી હે મલ્લિ જિનેશ,<br>
નિજ ગુણ પરિણતિ મેં શોભિત હો શાશ્વત મલ્લિનાથ પરમેશ.

પ્રતિપલ લોકાલોક નિરખતે કેવલજ્ઞાન સ્વરૂપ ચિદેશ,<br>
વિકસિત હો ચિત્ લોક હમારા તવ કિરણોં સે સદા દિનેશ.

રાજમતી તજ નેમિ જિનેશ્વર ! શાશ્વત સુખ મેં લીન સદા,<br>
ભોક્તા-ભોગ્ય વિકલ્પ વિલય કર નિજ મેં નિજ કા ભોગ સદા.

મોહ રહિત નિર્મલ પરિણતિ મેં કરતે પ્રભુવર સદા વિરામ,<br>
ગુણ અનન્ત કા સ્વાદ તુમ્હારે સુખ મેં બસતા હૈ અવિરામ.

જિનકા આત્મ-પરાક્રમ લખ કર કમઠ શત્રુ ભી હુઆ પરાસ્ત,<br>
ક્ષાયિક શ્રેણી આરોહણ કર મોહ શત્રુ કો કિયા વિનષ્ટ.

પાર્શ્વનાથ કે ચરણ-યુગલ મેં ક્યો બસતા યહ સર્પ કહો,<br>
બલ અનન્ત લિખકર જિનવર કા ચૂર કર્મ કા દર્પ અહો.

ક્ષાયિક દર્શન જ્ઞાન વીર્ય સે શોભિત હૈં સન્મતિ ભગવાન,<br>
ભરત ક્ષેત્ર કે શાસન નાયક અન્તિમ તીર્થંકર સુખખાન.

વિશ્વ-સરોજ પ્રકાશક જિનવર હો કેવલ-માર્તણ્ડ મહાન,<br>
અર્ઘ્ય સમર્પિત ચરણ-કમલ મેં વન્દન વર્ધમાન ભગવાન.

ૐ હ્રીં શ્રી પંચબાલયતિજિનેન્દ્રેભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે જયમાલામહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

(સોરઠા)

પંચમ ભાવ સ્વરૂપ, પંચ બાલયતિ કો નમૂં,<br>
પાઊઁ શુદ્ધ સ્વરૂપ નિજ, કારણ પરિણામમય.

(પુષ્પાંજલિ ક્ષિપેત્)

*

# (૪૦) શ્રી બાહુબલી સ્વામીની પૂજા

**સ્થાપના :** જેમણે ભરત ચક્રવર્તી સાથેના દૃષ્ટિયુદ્ધ, જલયુદ્ધ અને છેવટે મલ્લયુદ્ધમાં પણ વિજય પ્રાપ્ત કર્યો; કર્મ શત્રુઓને પણ જીતી લીધા અને મોક્ષમાર્ગ દેખાડી ભોગભૂમિના અંતમાં જે સૌ પ્રથમ સિદ્ધદશાને પ્રાપ્ત થયા એવા વીરોમાં અગ્રણી બાહુબલી સ્વામીને હું મન–વચન–કાયાપૂર્વક વંદન કરું છું.

ૐ હ્રીં શ્રી બાહુબલી જિનેન્દ્ર ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી બાહુબલી જિનેન્દ્ર ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી બાહુબલી જિનેન્દ્ર ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** જન્મ–જરા–મરણાદિ તૃષાથી આ જગતના જીવો દુ:ખી છે તે દુ:ખને દૂર કરવા આપના ચરણોની પૂજા અર્થે જળ ચડાવું છું. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને જન્મ-જરા મૃત્યુના વિનાશ હેતુ જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** આ સંસાર રૂપી દુર્ગમ રણમાં તૃષ્ણારૂપી અગ્નિ જલી રહી છે, તે તૃષ્ણારૂપી દાહના નિવારણ માટે ચંદન લઈ આપના ચરણોની પૂજા કરું છું. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને સંસારતાપના વિનાશ હેતુ ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** સ્વચ્છ, ઉત્તમ પ્રકારના પવિત્ર, ધવલ, અખંડ અને સુગંધીદાર અક્ષત લઈ પાવન અક્ષયપદ પ્રાપ્તિની અર્થે, હે ભવ્યજીવના તારણહાર! આપને અક્ષત ચડાવું છું. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.



# (૪૦) શ્રી બાહુબલીસ્વામી પૂજા

કર્મ અરિગણ જીતીકે, દરશાયો શિવપંથ,
પ્રથમ સિદ્ધ પદ જિન લયો, ભોગભૂમિકે અંત.
સમર દૃષ્ટિ જલ જીત લહી, મલ્લયુદ્ધ જય પાય,
વીર અગ્રણી બાહુબલી, વંદો મન વચ કાય.

ૐ હ્રીં શ્રી બાહુબલી જિનેન્દ્ર! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં બાહુબલી જિનેન્દ્ર ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રી બાહુબલી જિનેન્દ્ર ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

(અથ અષ્ટક—ચાલ જોગીરાસા)

જન્મ જરા મરનાદિ તૃષા કર, જગત જીવ દુ:ખ પાવૈ,
તિહિ દુ:ખ દૂર કરન જિનપદકો, પૂજન જલ લે આવૈ;
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણીસમયે પ્રથમ મુક્તિસ્થાનપ્રાપ્તાય કર્મરિવિજયી વીરાધિવીર વીરાગ્રણી શ્રી બાહુબલી પરમજિનદેવાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

યહ સંસાર મરુસ્થલ અટવી, તૃષ્ણા દાહ ભરી હૈ,
તિહિ દુ:ખવારન ચંદન લેકે, જિનપદ પૂજ કરી હૈ;
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં શ્રીબાહુબલી પરમજિનદેવાય સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ૦ ૩.

સ્વચ્છ સાલિ શુચિ નીરજ રજસમ, ગંધ અખંડ પ્રચારી,
અક્ષયપદકે પાવન કારન, પૂજૈ ભવિ જગતારી.
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને અક્ષયપદની પ્રાપ્તિ હેતુ અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** અન્ય દેવ, ચક્રવર્તી, સુર, દાનવ, માનવ, પશુ જેને વશ થઈ ગયા છે તે કામભાવનો આપ નાશ કરનાર છો આપ જિનેન્દ્રદેવની પૂજામાં પુષ્પ ચડાવું છું. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને કામદાહના વિનાશ હેતુ પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** ત્રણેય લોકના જીવોનો અતિ દુઃખદાયક, દુર્નિવાર દોષ હોય તો તે ભૂખ (ક્ષુધા) છે. તે ક્ષુધા દોષ નિવારણ માટે આપની પૂજામાં નૈવેદ્ય ચડાવું છું. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને ક્ષુધારોગના વિનાશ હેતુ નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** મહામોહરૂપી અજ્ઞાન અંધકારમાં આ લોકના જીવોને મોક્ષમાર્ગ સૂઝતો નથી, તે અજ્ઞાન અંધકાર મટાડવા માટે જ્ઞાન દીપક હાથમાં લઈ આપની ચરણપૂજા કરવા આવ્યો છું. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને મોહાંધકારના વિનાશ હેતુ દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** ઉત્તમ સુગંધીદાર ધૂપ જે દશે દિશામાં સુગંધ ફેલાવે છે તેને સજાવીને આપની પૂજા રચાવું છું કે જેથી દશ પ્રકારના બંધન છૂટી જાય. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.



ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને અક્ષયપદની પ્રાપ્તિ હેતુ અક્ષત અર્પણ કરું છું. ૪.

હરિહર ચક્રવર્તી સુર દાનવ, માનવ પશુ બસ યાકે,
તિહિ મકરધ્વજનાશક જિનકો, પૂજો પુષ્પ ચઢાકે;
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને કામદાહના વિનાશ હેતુ પુષ્પ અર્પણ કરું છું. ૫.

દુઃખદ ત્રિજગ જીવનકો અતિ હી, દોષ ક્ષુધા અનિવારી,
તિહિ દુઃખ દૂર કરનકો ચરુવર લે જિન પૂજ પ્રચારી;
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને ક્ષુધારોગના વિનાશ હેતુ નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

મોહ મહાતમમેં જગ જીવન, શિવ મગ નાહીં લખાવે,
તિહિ નિરવારન દીપક કર લે, જિનપદ પૂજન આવે;
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને મોહાંધકારના વિનાશ હેતુ દીપ અર્પણ કરું છું. ૭.

ઉત્તમ ધૂપ સુગંધ બનાકર, દશ દિશમેં મહકાવે,
દશવિધ બંધ નિવારન કારણ જિનવર પૂજ રચાવે;
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને અષ્ટકર્મના વિનાશ હેતુ ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** રસાળ, બહુરંગી, અનુપમ સુગંધવાળા, અતિ સ્વચ્છ અને પવિત્ર ફળ લાવી જિનેન્દ્રના ચરણની પૂજ રચાવું છું અને મને મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થાય તે કામના કરું છું. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને મોક્ષફળની પ્રાપ્તિ હેતુ ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** અષ્ટવિધ કર્મે આ જગતના જીવોને પરવશ બનાવ્યા છે અને તે વડે તેઓ ઘણા દુ:ખ પામે છે. ભવ્યજીવ એ દુ:ખને દૂર કરવા જિનેન્દ્રને અર્ઘ ચડાવે છે. હે પરમપૂજ્ય વીરોમાં અગ્રણી, બળના ધારી બાહુબલી જિન! આપના ચરણકમળમાં અમારા ત્રિકાળ વંદન હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને અનર્ઘ્યપદની પ્રાપ્તિ હેતુ અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

આઠ કર્મનો નાશ કરી, આઠ ગુણ પ્રગટ કરી સિદ્ધદશા પ્રગટ કરી, (વર્તમાન અવસર્પિણી કાળમાં) પ્રથમ મુક્તિ પામ્યા એવા ભુજબલી બાહુબલી ભગવાન જયવંત વર્તો.

હે જગમાન્ય ઋષભદેવ ભગવાન! આપ જગતના તારણહાર છો, જગત શિરોમણિ છો અને આપ ખરેખર ક્ષત્રિય વંશમાં મહાન છો. આપ જગતના જીવોના હિતકારી છો અને આપે જિનેન્દ્રદેવનો સ્યાદ્વાદમય ઉપદેશ આપ્યો. આપના સૌથી મોટા પુત્ર ચક્રવર્તી ભરત આદિ સો પુત્ર હતા. આપ જયવંત વર્તો. આપની જય હો, જય હો જય હો. ૧.

શ્રી ઋષભદેવની બીજી મહારાણીનું શુભ નામ સુનંદા હતું. તેઓ ગુણોની ખાણ, સુંદર રૂપવાન, શીલવાન હતા. તેમના પુત્ર મહાન



ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને અષ્ટકર્મના વિનાશ હેતુ ધૂપ અર્પણ કરું છું. ૮.

સરસ સુવરણ સુગંધ અનૂપમ, સ્વચ્છ મહાશુચિ લાવે,<br>
શિવફલ કારણ જિનવર પદકી, ફલ સોં પૂજ રચાવે;<br>
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,<br>
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને મોક્ષફળની પ્રાપ્તિ હેતુ ફળ અર્પણ કરું છું. ૯.

વસુવિધિકે વસ વસુધા સબ હી, પરવશ અતિ દુ:ખ પાવે,<br>
તિહિ દુ:ખ દૂર કરનકો ભવિજન, અર્ઘ જિનાગ્ર ચઢાવે;<br>
પરમ પૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,<br>
જિનકે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં પ્રથમ મુક્તિસ્થાન પ્રાપ્ત કરનાર, કર્મો પર વિજય પ્રાપ્ત કરનાર વીરોમાં અગ્રણી શ્રી બાહુબલી પરમ જિનદેવને અનર્ઘ્યપદની પ્રાપ્તિ હેતુ અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

(દોહા)

આઠ કર્મ હનિ આઠ ગુણ, પ્રગટ કરે જિનરૂપ,<br>
સો જયવંતો ભુજબલિ, પ્રથમ ભયે શિવરૂપ.

(કુસુમલતા છંદ)

જૈ જૈ જૈ જગતાર શિરોમણી, ક્ષત્રિય વંશ અસંસ મહાન,<br>
જૈ જૈ જૈ જગ જનહિતકારી, દીનો જિન ઉપદેશ પ્રમાણ;<br>
જૈ જૈ ચક્રપતિ સુત જિનકે, સત સુત જેષ્ઠ ભરત પહિચાન,<br>
જૈ જૈ જૈ શ્રી ઋષભદેવ તિનસોં જયવંત સદા જગ જાન. ૧

જિનકે દ્વિતીય મહાદેવી સુચિ નામ સુનંદા ગુણ કી ખાન,<br>
રૂપ શીલ સંપન્ન મનોહર, તિનકે સુત ભુજબલિ મહાન;

બાહુબલી હતા. તેમના શરીરની ઊંચાઈ સવા પાંચસો ધનુષ હતી. તેમના હરિત વર્ણથી અતુલ શોભાયમાન બાહુબલી જાણે વૈડૂર્યમણીના તથા નીલ કુલાચલ પર્વત સમાન સ્થિર હતા. ૨.

જાણે જગતના તમામ તેજવંત પરમાણુઓએ તેમના શરીરની સપ્રમાણ રચના કરી હોય તેવો તેમનો દેહ હતો. વીરત્વ જેવા ગુણોના સાગર એવા બાહુબલીને જોઈને દેવો પણ હૃદયમાં હર્ષિત બન્યા. ધૈર્યવાન તથા જેના તોલે કોઈનું બળ ન આવે એવા અતુલ-વજ્રસમ બળશાળી છતાં પુષ્પસમ કોમળ હતા. પ્રભુની છબી ચંદ્રમાને પણ લજાવે એવી છે. (ઝાંખી પાડે છે.) ૩.

બાળપણમાં જિનેન્દ્ર ચંદ્રમાથી પણ અધિક તેજસ્વી હતા. ગુરુએ જે શસ્ત્ર-શાસ્ત્રમાં વિદ્યા ભણાવી, તેમાં પારંગત થયા. રાજા ઋષભદેવે બાહુબલીને પોદનપુર અને ભરતકુમારને અયોધ્યાનું રાજ્ય સોંપી દીક્ષિત થયા. ૪.

ભરત રાજા પોતાનું દળ લઈ છ ખંડ જીતવા નીકળે છે, ત્યારે બાહુબલી તેમને આધીન ન થતાં, તેઓ પોતાનું સૈન્યદળ લઈ સામે યુદ્ધ કરવા તૈયાર થાય છે. વૃથા હાનિ ન થાય માટે બાહુબલી અને ભરત વચ્ચે જ દૃષ્ટિયુદ્ધ, જળયુદ્ધ અને મલ્લયુદ્ધ એમ મંત્રી દ્વારા ત્રણયુદ્ધ નક્કી કરવામાં આવ્યા. ૫.

રાજા ભરત અને રાજા બાહુબલી યુદ્ધભૂમિમાં ઉતરે છે. દૃષ્ટિ અને જળ-બે યુદ્ધમાં ચક્રપતિ ભરત હારી જાય છે અને છેલ્લું નિર્ણાયક મલ્લયુદ્ધ શરૂ કરે છે. તેઓના પગના હલનચલનથી એવું લાગે છે જાણે નિષિધ એને નીલ એવા અચલ પર્વત પણ ક્રોધમાં કંપિત થઈ ચલિત થઈ ગયા હોય, જાણે કોઈ પણ અચલ સ્થિતિ પણ ચલિત થઈ ગઈ હોય. ૬.

વિક્રમ બાહુબળધારી એવા બાહુબલીએ ભરત ચક્રવર્તીને અદ્ધર ઉપાડી લીધા. ત્યારે ક્રોધમાં આવી ભરત ચક્રવર્તિએ તેમના પર ચક્ર છોડ્યું પણ તેમની પાસે પાછું આવી ગયું. (આ જોતાં જ) અતિ પ્રચંડ શક્તિશાળી, જેના ભૂજદંડ સૂંઢ સમાન છે એવા રાજાઓમાં સિંહસમાન પરાક્રમી એવા બાહુબલીએ સિંહાસન મંગાવી, તેમના મોટાભાઈ-ભરતજીને તેના પર બેસાડ્યા. ૭.



સવા પંચ શત ધનુષ ઉન્નત તનુ, હરિત વરણ શોભા અસમાન,
વૈડૂર્યજમણિ પર્વત માનો, નીલ કુલાચલ સમ થિર જાન. ૨

તેજવંત પરમાણુ જગતમેં, તિન કરી રચ્યો શરીર પ્રમાણ,
સત વીરત્વ ગુણાકર જાકો, નિરખત હરિ હરષે ઉર આન;
ધીરજ અતુલ વજ્રસમ નીરજ સમ વીરાગ્રણી અતિ બલવાન,
જિનછબી લખી મનુ શશીછબી લાજે, કુસુમાયુધ લીનોં સુપ્રમાન. ૩

બાલસમૈ જિન બાલ ચંદ્રમા, શશીસે અધિક ધરે દ્યુતિસાર,
જો ગુરુદેવ પઢાઈ વિદ્યા શસ્ત્ર શાસ્ત્ર સબ પઢી અપાર;
ઋષભદેવને પોદનપુરકે નૃપ કીને ભુજબલી કુમાર,
દઈ અયોધ્યા ભરતેશ્વરકો આપ બને પ્રભુજી અનગાર. ૪

રાજકાજ ષટ્ખંડ મહીપતિ સબ દલ લઈ ચઢી આયે આપ,
બાહુબલી ભી સન્મુખ આયે, મંત્રીન તીન યુદ્ધ દિયે થાપ;
દૃષ્ટિ, નીર અરૂ મલ્લ યુદ્ધમેં દોનોં નૃપ કીજો બલ ધાપ,
વૃથા હાની રૂક જાય સૈનકી, યાતૈ લડીયે આપો આપ. ૫

ભરત ભુજબલી ભૂપતિ ભાઈ, ઉતરે સમરભૂમિમેં જાય,
દૃષ્ટિ નીર રણ થકે ચક્રપતિ, મલ્લયુદ્ધ તબ કરો અધ્યાય;
પગ તલ ચલત ચલત અચલા તબ, કંપત અચલ શિખર ઠહરાય,
નિષધ નીલ અચલાધર માનો, ભયે ચલાચલ ક્રોધ બસાય. ૬

ભુજ વિક્રમબલબાહુબલીને લયે ચક્રપતિ અધર ઉઠાય;
ચક્ર ચલાયો ચક્રપતિ તબ તો ભી વિફલ ભયે તિહિ ઠાય,
અતિ પ્રચંડ ભુજદંડ સુંડ સમ નૃપ શાર્દૂલ બાહુબલી રાય,
સિંહાસન મંગવાય જાસપૈ અગ્રજકો દીનોં પધરાય. ૭





બાહુબલીએ રાજ્ય લક્ષ્મી માટેની આવી મોહીનીને ઈંદ્રધનુષસમાન અને ચમકતી વિજળી સમાન જાણી તથા જગતના ભોગ-વિલાસ અજગરના બંધપાશ સમ જાણી તેજ સ્થળે ત્યાગી દીધા. આવી વીરવૃત્તિ ધારણ કરી અષ્ટાપદ પર જઈ એક વર્ષ સુધી અખંડિત, એક સ્થાને સ્થિર થઈ ધ્યાન ધર્યું. ૮.

(વનમાં) પગના તળીયાથી કમર અને બંને જાંઘ પરથી હાથની આંગળી પર, (અને આગળ વધી) હાથ પર થઈને તે સર્પાકાર વેલડીઓ છાતી સુધી પહોંચી ગઈ અને માથાના વધેલા વાળમાં આકાશના પક્ષીઓએ માળા બનાવ્યા. આવા બાહુબલી મુનિરાજનું ધ્યાન જગતમાં ધન્ય છે અને તેમના અમલ ધ્યાનનો મહિમા દેવો પણ ખરા હૃદયથી કરે છે. ૯.

કર્મનો નાશ કરી બાહુબલી પ્રભુ, ઋષભદેવ કરતાં પણ પહેલા મોક્ષમાં પહોંચ્યા. અષ્ટગુણોથી સંયુક્ત, જગતના ઈશ્વરનું અને સિદ્ધ શિરોમણિનું પદ પ્રાપ્ત કર્યું. વીર લક્ષણ ધારી વીરોના આગેવાન બાહુબલી જિનેશ્વરના બિંબને અને તેમની મહાન વીરવૃત્તિને યાદ કરીને નમન કરી ભક્ત પોતાને ધન્ય માને છે. ૧૦.

શ્રવણબેલગોલના વિંધ્યિગિરિ પર બાહુબલી ભગવાનનું ૫૬ ફૂટ પ્રમાણ ઊંચાઈ ધરાવતું ખડ્ગાસન મુદ્રાધારી, પવિત્ર જિનબિંબ આવેલું છે. અનંત બલધારક, અતિશયવંત અનુપમ બિંબને અર્ઘ ચડાવી નમસ્કાર કરું છું. હે બાહુબલી જિનરાજ! આપનો સદા જય હો.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયમાં સૌપ્રથમ મુક્તિસ્થાનને પામેલ, કર્મો પર વિજય જેમણે પ્રાપ્ત કર્યો છે એવા વીરાધીવીર, વીરઅગ્રણી શ્રી બાહુબલી સ્વામીને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે મહાઅર્ઘ અર્પુ છું. ૧૧.





રાજ્યરમા રામાસુર ધનુમેં જોવન દમક દામિની જાન,
ભોગ ભુજંગ જંગ સમ જગકો, જાન ત્યાગ કીનો તિહિ થાન;
અષ્ટાપદપર જાય વીર નૃપ વીર વૃત્તિ ધર કીનોં ધ્યાન,
અચલ અંક નિરભંગ સંગ તજ, સંવતસરલોં એક સ્થાન. ૮


વિષધર બંબી કટિ ચરણતલ, ઉપર બેલ ચઢી અનિવાર,
યુગજંઘા કટી બાહુવેઢી કર પહુંચી વક્ષસ્થલ પરસાર,
સિરકે કેશ બઢે જિસ માંહી નભચર પક્ષી બસે અપાર,
ધન્ય ધન્ય ઈસ અચલ ધ્યાનકો મહિમા સુર ગાવે ઉરધાર. ૯

કર્મનાશી શિવ જાય બસે પ્રભુ, ઋષભેશ્વરસે પહલે જાન,
અષ્ટ ગુણાંકિત સિદ્ધ શિરોમણિ, જગદીશ્વર પદ લયો પુમાન;
વીરવૃત્તિ વીરાગ્રગણ્ય પ્રભુ બાહુબલી જગધન્ય મહાન,
વીરવૃત્તિકે કાજ જિનેશ્વર નમૈં સદા જિનબિંબ પ્રમાન. ૧૦

(દોહા)

શ્રવણબેલગોલ વિંધ્યગિરિ જિનવર બિંબ પ્રધાન,
છપ્પન ફૂટ ઉત્તંગ તનુ ખડ્ગાસન અમલાન;
અતિશયવંત અનંત બલ-ધારક બિંબ અનૂપ,
અર્ઘ ચઢાય નમોં સદા જય જય જિનવર ભૂપ.

ૐ હ્રીં વર્તમાન અવસર્પિણી સમયે પ્રથમ મુક્તિસ્થાનપ્રાપ્તાય કર્મારિવિજયી વીરાધિવીર વીરાગ્રણ્ય શ્રી બાહુબલીસ્વામીને અનર્ઘ્યપદપ્રાપ્તાય મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૧.



# (૪૧) શ્રી ત્રિકાળ ચોવીસી પૂજા

**સ્થાપના :** ભૂતકાળના શ્રીનિર્વાણ આદિ ચોવીસ તીર્થંકર, વર્તમાનકાળના શ્રી વૃષભાદિદેવથી શ્રી મહાવીર સુધીના તીર્થંકર, ભવિષ્યકાળના શ્રી મહાપદ્મથી શ્રી અનંતવીર્ય સુધીના ચોવીસ તીર્થંકરોને નમન કરું છું.

ૐ હ્રીં ભરતક્ષેત્ર સંબંધી ભૂત-ભવિષ્ય-વર્તમાન જિન તીર્થંકર સમૂહ અહીં પધારો પધારો.

ૐ હ્રીં ભરતક્ષેત્ર સંબંધી ભૂત-ભવિષ્ય-વર્તમાન જિન તીર્થંકર સમૂહ અહીં બિરાજો, બિરાજો.

ૐ હ્રીં ભરતક્ષેત્ર સંબંધી ભૂત-ભવિષ્ય-વર્તમાન જિન તીર્થંકર સમૂહ મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** સાત તત્ત્વોરૂપી શ્રદ્ધાના જળથી મારા મિથ્યાત્વરૂપી મેલનો નાશ કરવા અને જન્મ–જરા–મરણનો ભય ટાળીને મારો વિભાવભાવ નષ્ટ કરું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન, ચૌવીસીના તીર્થંકરોને જન્મ-જરા-મૃત્યુના વિનાશ કરવા અર્થે જળ ચડાવું છું. ૨.

**ચંદન :** હું ભાવના ભાવું છું કે નવ પદાર્થને યથાર્થ સમજી વસ્તુતત્ત્વનું જ્ઞાન કરું અને નિજ ગુણરૂપી ચંદન તૈયાર કરી ભવરૂપી અગ્નિના તાપને નશાવું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં સંસારતાપના નાશ માટે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** છ દ્રવ્યોથી ભરેલ આ વિશ્વમાં હું મારા આત્મદ્રવ્યનું જ્ઞાન કરું. અક્ષયપદની પ્રાપ્તિ માટે હું મારા પૂર્ણ ગુણો ઓળખી નિજ કલ્યાણ કરું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં અક્ષયપદ પ્રાપ્તિ માટે અક્ષત અર્પણ કરું છું. ૪.



# (૪૧) શ્રી ત્રિકાલ ચોવીસી પૂજા

(પં. રાજમલજી કૃત)

શ્રી નિર્વાણ આદિ તીર્થંકર ભૂતકાલકે તુમ્હેં નમન,
શ્રી વૃષભાદિક વીર જિનેશ્વર વર્તમાનકે તુમ્હેં નમન;
મહાપદ્મ અનંત વીર્ય તીર્થંકર ભાવી તુમ્હેં નમન,
ભૂત ભવિષ્યત્ વર્તમાનકી ચૌબીસી કો કરૂ નમન.

ૐ હ્રીં ભરતક્ષેત્રસંબંધી ભૂતભવિષ્યવર્તમાનજિન તીર્થંકર સમૂહ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં ભરતક્ષેત્રસંબંધી ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરસમૂહ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં ભરતક્ષેત્રસંબંધી ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરસમૂહ અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

સાત તત્ત્વ શ્રદ્ધાકે જલસે મિથ્યા મલ કો દૂર કરૂં,
જન્મ જરા ભય મરણ નાશ હિત પર વિભાવ ચકચૂર કરૂં;
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસી કો નમન કરૂં,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો જન્મજરામૃત્યુવિનાશનાય જલમ્ નિર્વપામીતિ સ્વાહા. ૨.

નવ પદાર્થકો જ્યોંકા ત્યોં લખ વસ્તુ તત્ત્વ પહચાન કરૂં;
ભવ આતાપ નશાઉઁ મૈં નિજ ગુણ ચંદન બહુમાન કરું.
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસી કો નમન કરૂં,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વ૦ ૩.

ષટ્ દ્રવ્યોંસે પૂર્ણ વિશ્વમેં આત્મ દ્રવ્યકા જ્ઞાન કરૂં;
અક્ષય પદ પાને કો અક્ષત ગુણસે નિજ કલ્યાણ કરૂં.
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસી કો નમન કરૂં,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વ૦ ૪.

**પુષ્પ :** પંચાસ્તિકાયનું જ્ઞાન કરી પંચમહાવ્રત-શીલધારણ કરું મારા આત્મપુષ્પની સુગંધ દ્વારા કામબાણનો નાશ કરું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં કામબાણ વિનાશ હેતુ પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** શુદ્ધભાવ રૂપી નૈવેદ્ય ગ્રહણ કરીને ક્ષુધારોગનો ઉપાય કરું. તીન લોક, ચૌદ રાજૂમાં ઉપર સિદ્ધશીલાથી હું મોહ પામ્યો છું. ત્યાં જ મારું લક્ષ્ય છે, તેને હું પ્રાપ્ત કરીશ. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં ક્ષુધારોગ વિનાશહેતુ નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** જ્ઞાનરૂપી દીપની વિમળ જ્યોતિથી મોહઅંધકારનો નાશ કરું અને ત્રિકાળવર્તી સર્વદ્રવ્ય, ગુણ, પર્યાયને એકસાથે જાણતું કેવળજ્ઞાન પ્રગટાવું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં મોહઅંધકારનો નાશ કરવા દીપ સમર્પણ કરું છું. ૭.

**ધૂપ :** છ લેશ્યાના ભાવ જાણું અને ષટ્કાય જીવની રક્ષા કરું. શુક્લ ધ્યાન શુદ્ધ ધૂપ પ્રગટ કરી મારા અષ્ટકર્મનો નાશ કરું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં અષ્ટ કર્મદહનાય હેતુ ધૂપ ચડાવું છું. ૮.

**ફળ :** પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પાંચ ઇન્દ્રિય નિરોધ કરી પંચાચાર પાળુ અઠ્યાવીસ મૂળ ગુણ ધારણ કરી ચારિત્ર ધારણ કરું. પાંચલબ્ધિના ફળમાં મોક્ષની પ્રાપ્તિ કરું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ ચડાવું છું. ૯.



જાનૂઁ મૈં પંચાસ્તિકાયકો પંચ મહાવ્રત શીલ ધરૂં;
કામવ્યાધિકા નાશ કરૂં નિજ આત્મ પુષ્પકી સુરભિ વરૂં.
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસી કો નમન કરૂં,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો કામબાણવિધ્વંસનાય પુષ્પમ્ નિર્વ૦ ૫.

શુદ્ધ ભાવ નૈવેદ્ય ગ્રહણ કર ક્ષુધા રોગકો વિજય કરૂં,
તીન લોક ચૌદહ રાજૂ ઊઁચે મેં મોહિત અબ ન ફિરું;
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસીકો કરૂ નમન,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યમ્ નિર્વપામીતિ સ્વાહા. ૬.

જ્ઞાન દીપકી વિમલ જ્યોતિ સે મોહ તિમિર ક્ષય કર માનૂં,
ત્રિકાલવર્તી સર્વ દ્રવ્ય ગુણ પર્યાયેં યુગપત જાનૂં.
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસી કો નમન કરૂં,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો મોહાંધકારવિનાશનાય દીપમ્ નિર્વપામીતિ સ્વાહા. ૭.

ષટ્ લેશ્યાકે ભાવ જાનકર ષટ કાયક રક્ષા પાલૂં,
શુક્લ ધ્યાનકી શુદ્ધ ધૂપ સે અષ્ટ કર્મ ક્ષય કર ડાલૂં.
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસી કો નમન કરૂં,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો અષ્ટકર્મદહનાય ધૂપમ્ નિર્વપામીતિ સ્વાહા. ૮.

પંચ સમિતિ ત્રય ગુપ્તિ પંચ ઇન્દ્રિય નિરોધ વ્રત પંચાચાર;
અટ્ઠાઈસ મૂલગુણ પાલૂં પંચ લબ્ધિ ફલ મોક્ષ અપાર.
ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ચૌબીસી કો નમન કરૂં,
ક્રોધ લોભ મદ માયા હરકર મોહ ક્ષોભ કો શમન કરૂં.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો મોક્ષફલપ્રાપ્તયે ફલમ્ નિર્વપામીતિ સ્વાહા. ૯.

**અર્ઘ :** છેંતાલીસ ગુણ સહિત અને અઢાર દોષ રહિત અરિહંત દશા પ્રગટ કરી અનંત ગુણ રૂપી દોષરહિત અનર્ઘ્યપદ એવું સિદ્ધ પદ પ્રાપ્ત કરું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચોવીસીના તીર્થંકરોને નમન કરી ક્રોધ, લોભ, મદ, માયાને દૂર કરી મોહ અને ક્ષોભને શાંત કરું.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય, વર્તમાન જિન તીર્થંકરોના ચરણમાં અનર્ઘ્યપદ પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પણ કરું છું. ૧૦.

## શ્રી ભૂતકાળ ચોવીસી

નિર્વાણ પ્રભુ, સાગર પ્રભુ, મહાસાધુ, વિમલપ્રભુ આપનો જય હો. શુદ્ધાત્મદેવ, શ્રીધરપ્રભુ, શ્રીદત્તપ્રભુ, સિદ્ધાત્મપ્રભુ આપનો જય હો. અમલપ્રભ, ઉદ્ધારદેવ, અગ્નિદેવ, સંયમપ્રભુ આપનો જય હો. શિવગણપ્રભુ, પુષ્પાંજલિ પ્રભુ, ઉત્સાહદેવ, પરમેશ્વરપ્રભુ આપનો જય હો. જ્ઞાનેશ્વર દેવ, વિમલેશ્વર દેવ, યશોધર પ્રભુ, આપનો જય હો. કૃષ્ણમતિદેવ, જ્ઞાનમતિ દેવ, શુદ્ધમતિદેવ આપનો જય હો. શ્રીભદ્રપ્રભુ અને શ્રી અનંતવીર્ય પ્રભુ–આ ભૂતકાળના ચોવીસ તીર્થંકરનો જય હો. આપ જંબૂદ્વીપ વિષે ભરતક્ષેત્રના તીર્થંકરો છો આપનો જય હો.

ૐ હ્રીં ભરતક્ષેત્ર સંબંધી ભૂતકાળના ચોવીશ તીર્થંકરોને અર્ઘ સમર્પિત કરું છું.

## શ્રી વર્તમાન કાળ ચોવીસી

શ્રી ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન નાથનો જય હો. સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ જિનદેવોનો જય હો. પુષ્પદંતનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ ભગવાનનો જય હો. વાસુપૂજ્યનાથ, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ અને શાંતિનાથ પ્રભુ આપનો જય હો. કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતનાથ, નમિનાથ જિનેશ આપનો જય હો. નેમિનાથ પ્રભુ, પાર્શ્વનાથપ્રભુ, મહાવીર પ્રભુ આપ જિનેન્દ્રોનો જય હો. આપ જંબૂદ્વીપ ભરતક્ષેત્રના પંચકલ્યાણક વિભૂષિત વર્તમાન ચોવીસીના પૂજ્ય તીર્થંકર છો. આપનો જય હો.....જય હો.

ૐ હ્રીં ભરતક્ષેત્ર સંબંધી વર્તમાન ચોવીશીના જિનેન્દ્રદેવને અર્ઘ ચડાવું છું.



છિયાલીસ ગુણ સહિત દોષ અષ્ટાદસ રહિત બનૂં અરહંત;
ગુણ અનંત સિદ્ધોંકે પાકર લૂં, અનર્ઘ્ય પદ હે ભગવંત. ભૂત.

ૐ હ્રીં ભૂતભવિષ્યવર્તમાનજિનતીર્થંકરેભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘમ્ નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## શ્રી ભૂતકાળ ચોવીસી

જય નિર્વાણ, જયતિ સાગર, જય મહાસાધુ, જય વિમલ પ્રભો;
જય શુદ્ધાભ, દેવ જય શ્રીધર, શ્રીદત્ત, સિદ્ધાભ વિભો.

જયતિ અમલ પ્રભ, જય ઉદ્ધાર, દેવ જય અગ્નિ દેવ સંયમ;
જય શિવગણ, પુષ્પાંજલિ, જય ઉત્સાહ, જયતિ પરમેશ્વર નમ.

જય જ્ઞાનેશ્વર, જય વિમલેશ્વર, જયતિ યશોધર, પ્રભુ જય જય;
જયતિ કૃષ્ણમતિ, જયતિ જ્ઞાનમતિ, જયતિ શુદ્ધમતિ જય જય જય.

જય શ્રીભદ્ર, અનંતવીર્ય જય ભૂતકાલ ચૌબીસી જય;
જમ્બૂદ્વીપ સુભરત ક્ષેત્ર કે જિન તીર્થંકર કી જય જય.

ૐ હ્રીં ભરતક્ષેત્રસમ્બન્ધી ભૂતકાલચતુર્વિંશતિજિનેન્દ્રેભ્યો અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા

## શ્રી વર્તમાનકાળ ચોવીસી

ઋષભદેવ, જય અજિતનાથ, પ્રભુ સંભવસ્વામી, અભિનન્દન;
સુમતિનાથ, જય જયતિ પદ્મપ્રભ, જય સુપાર્શ્વ, ચંદા પ્રભુ જિન.

પુષ્પદંત, શીતલ, જિન સ્વામી, જય શ્રેયાંસ નાથ ભગવાન;
વાસુપૂજ્ય, પ્રભુ વિમલ, અનંત, સુ ધર્મનાથ, જિન શાંતિ મહાન.

કુન્થુનાથ, અરનાથ, મલ્લિ, પ્રભુ મુનિસુવ્રત, નમિનાથ, જિનેશ;
નેમિનાથ, પ્રભુ પાર્શ્વનાથ, પ્રભુ મહાવીર, પ્રભુ મહા મહેશ.

પૂજ્ય પંચ કલ્યાણ વિભૂષિત વર્તમાન ચૌબીસી જય;
જમ્બૂદ્વીપ સુભરત ક્ષેત્રકે તીર્થંકર પ્રભુકી જય જય.

ૐ હ્રીં ભરતક્ષેત્રસમ્બન્ધી વર્તમાનચતુર્વિંશતિજિનેન્દ્રેભ્યો અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

## શ્રી ભવિષ્યકાળ ચોવીસી

મહાપદ્મપ્રભુ, સુરપ્રભ, સુપ્રભ, સ્વયંપ્રભ નાથ આપનો જય હો. સર્વાયુધ દેવ, જયદેવપ્રભુ, ઉદયપ્રભ, પ્રભાદેવ, ઉદંકનાથ આપનો જય હો. પ્રશ્નકીર્તિપ્રભુ, જયકીર્તિપ્રભુ, પૂર્ણબુદ્ધિપ્રભુ, નિઃકષાયજિનનો જય હો. વિમલપ્રભદેવ, શ્રી બહુલપ્રભદેવ, નિર્મલજિન અને શ્રી ચિત્રગુપ્ત પરમેશનો જય હો. સમાધિગુપ્ત, સ્વયંભૂજિન, કંદર્પજિન અને જયનાથ જિનદેવનો જય હો. વિમલનાથ, દિવ્યવાદજિન અને શ્રી અનંતવીર્યજિનનો જય હો. આપ જંબૂદ્વીપ ભરતક્ષેત્રના ભવિષ્યકાળની ચોવીસીના પૂજ્ય તીર્થંકર છો. આપનો જય હો..... જય હો.

ૐ હ્રીં ભરતક્ષેત્ર સંબંધી ભવિષ્યકાળના ચોવીશ જિનેન્દ્રદેવોને અર્ઘ્ય સમર્પણ કરું છું.

### જયમાલા

ત્રણ કાળની ત્રણ ચોવીસીના બોંતેર તીર્થંકરોને વિનયપૂર્વક શ્રદ્ધા તથા ભક્તિભાવથી નમન કરું છું અને ભાવના ભાવું છું કે મને શીઘ્ર મારા નિજપદ (મોક્ષદશા)ની પ્રાપ્તિ થાય. અત્યાર સુધી મેં પર પદાર્થમાં જ પ્રેમપૂર્વક રુચિ કરી, પરભાવોમાં જ લીન રહ્યો અને સ્વ-સ્વભાવથી વિમુખ જ રહી અનંતકાળ ગુમાવ્યો. તેથી તેના ફળ સ્વરૂપ ચાર ગતિમાં રખડીને અનંત દુઃખો હું સહન કરી રહ્યો છું. મેં ક્યારેય ધર્મમાર્ગ તરફ રુચિ ન દાખવી ને કુપંથે-ઉંધામાર્ગે ચાલવાના કામો કર્યા છે.

આજે મારા પુણ્યયોગે હે પ્રભુ! આપનો સંયોગ મળ્યો અને હું આપના શરણમાં આવ્યો છું. મારા ભવોભવના પાપો નષ્ટ થઈ ગયા, જાણે રત્ન ચિંતામણિ મારે હાથ લાગ્યું.

હે પ્રભુ! મારું જ્ઞાન નિર્મળ બને, હું સાચા માર્ગમાં આવી જાઉં. અને રત્નત્રયરૂપ ધર્મની નાવમાં બેસી ભવસાગરને પાર પહોંચી જાઉ.

આઠ અંગ સહિત સમ્યક્‌દર્શન, આઠ ભેદ સહિત સમ્યક્ જ્ઞાન અને તેર પ્રકારનું સમ્યક્ ચારિત્ર ધારણ કરી, બાર પ્રકારના તપ આદરું એવી હું ભાવના ભાવું છું.



## શ્રી ભવિષ્યકાળ ચોવીસી

જય પ્રભુ મહાપદ્મ સુરપ્રભ, જય સુપ્રભ, જયતિ સ્વયંપ્રભ, નાથ;
સર્વાયુધ જયદેવ, ઉદયપ્રભ, પ્રભાદેવ, જય ઉદંક નાથ.

પ્રશ્નકીર્તિ, જયકીર્તિ જયતિ જય પૂર્ણબુદ્ધિ નિઃકષાય, જિનેશ;
જયતિ વિમલ પ્રભ, જયતિ બહુલ પ્રભ, નિર્મલ, ચિત્ર ગુપ્તિ પરમેશ.

જયતિ સમાધિ ગુપ્તિ, જય સ્વયંભૂ, જય કંદર્પ, દેવ જયનાથ;
જયતિ વિમલ, જય દિવ્યવાદ, જય જયતિ અનંતવીર્ય, જગનાથ.

જયતિ ભવિષ્યકાલ કી શ્રી જિન ચૌબીસી કી જય જય જય;
જમ્બૂદ્વીપ સુ ભરત ક્ષેત્ર કે તીર્થંકર પ્રભુ કી જય જય.

ૐ હ્રીં ભરતક્ષેત્રસમ્બન્ધી ભવિષ્યકાલચતુર્વિંશતિજિનેન્દ્રેભ્યો અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

### જયમાલા

તીન કાલ ત્રય ચૌબીસી કે નમૂં બહત્તર તીર્થંકર,
વિનય ભક્તિસે શ્રદ્ધાપૂર્વક પાઊઁ નિજ પદ પ્રભુ સત્વર.

મૈંને કાલ અનાદિ ગંવાયા પર પદાર્થ મેં રચ-પચકર,
પરભાવોંમેં મગ્ન રહા મૈં નિજ ભાવોંસે બચ-બચકર.

ઈસીલિયે ચારોં ગતિયોંકે કષ્ટ અનંત સહે મૈંને,
ધર્મ માર્ગ પર દૃષ્ટિ ન ડાલી કર્મ કુપંથ ગહે મૈંને.

આજ પુણ્ય સંયોગ મિલા પ્રભુ શરણ આપકી મૈં આયા,
ભવ-ભવકે અઘ નષ્ટ હો ગયે માનોં ચિંતામણિ પાયા.

હે પ્રભુ મુઝકો વિમલ જ્ઞાન દો, સમ્યક્ પથ પર આ જાઉં,
રત્નત્રય ધર્મ કી નાવ ચઢ, ભવસાગરસે તર જાઊઁ.

સમ્યક્‌દર્શન અષ્ટ અંગ સહ, અષ્ટ ભેદ સહ સમ્યક્ જ્ઞાન,
તેરહ વિધ ચારિત્ર ધાર લૂં, દ્વાદશ તપ ભાવના પ્રધાન.

હે જિનદેવ! મારા નિજસ્વભાવનો આશ્રય લઈ નિજસ્વરૂપમાં લીન થઈ શાશ્વત નિજપદને પ્રગટ કરું એવા મને આશીર્વાદ આપો.

ૐ હ્રીં ભૂત, ભવિષ્ય અને વર્તમાન જિનતીર્થંકરોને પૂર્ણ અર્ઘ ચડાવું છું.

ત્રણકાળવર્તી ત્રણ ચોવીશીની મહિમા અપરંપાર છે. જે જીવ મન–વચન–તનથી તેમનું ધ્યાન કરે છે, તે ભવથી પાર થઈ જાય છે.

પુષ્પાંજલી ક્ષેપણ કરું છું.

## (૪૨) માનસ્થંભ મધ્યે વિરાજમાન શ્રી સીમંધર-જિન પૂજા

**સ્થાપના :** મહાપાવન અને અતિ મનોહર વિદેહક્ષેત્ર આવેલું છે, તેને દેખતાં જ ત્યાં માનીના માન ગાળે એવા માનસ્થંભ છે. તેમાં નીચે બિરાજિત જિનેન્દ્ર પ્રતિમાના દેવો દર્શન–પૂજા કરે છે. તે જિનેન્દ્રને હું આપનો દાસ, આહ્વાનન કરું છું કે હે પ્રભુ! અહીં આપના પાવન ચરણ ધરો! અહીં પધારો.

માનસ્થંભની ચારદિશામાં બિરાજમાન જિનપ્રતિમાને મસ્તક નમાવી, હાથ જોડી આહ્વાનન કરું છું. હે પ્રભુ, અહીં આવો પધારો.

ૐ હ્રીં માનસ્થંભ મધ્યે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવ ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં માનસ્થંભ મધ્યે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવ ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં માનસ્થંભ મધ્યે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવ ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** ગંગા નદીનું પવિત્ર જળ લઈ શુદ્ધ કુંભમાં ભરી લાવ્યો છું. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ૐ હ્રીં માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને જન્મ-મૃત્યુ-જરા વિનાશ માટે જળ અર્પણ કરું છું. ૨.



હે જિનવર આશીર્વાદ દો, નિજ સ્વરૂપ મેં રમજાઊઁ,
નિજ સ્વભાવ અવલમ્બન દ્વારા, શાશ્વત નિજ પદ પ્રગટાઉં.

ૐ હ્રીં ભૂતભવિષ્યતવર્તમાનજિનતીર્થંકરેભ્યો પૂર્ણાર્ઘ્યમ્ નિર્વપામીતિ સ્વાહા.

તીન કાલ કી ત્રય ચૌબીસી કી મહિમા હૈ અપરમ્પાર;
મન વચ તન જો ધ્યાન લગાતે વે હો જાતે ભવસે પાર.

(ઇત્યાશીર્વાદઃ પુષ્પાંજલિં ક્ષિપેત્)

*

## (૪૨) માનસ્તંભ મધ્યે વિરાજમાન શ્રી સીમંધર જિન પૂજા

(ગીતા છંદ)

મહા પાવન બહુ સુહાવન વિદેહ ભૂમિ જાનિયે,
તહાં માનસ્તંભ લખતે માન માનિન હાનિયે;
તાસુ મૂલ જિનેશ પ્રતિમા દેખિ હરિ પૂજા કરી,
કરતો આહ્વાનન દાસ પ્રભુ ઈત આય અબ તો પગ ધરી.

(દોહા)

ચૌદિશ માનસ્થંભ કી, જિન પ્રતિમા શિર નાય;
કરત આહ્વાનન જોરિ કર, તિષ્ઠ તિષ્ઠ ઈત આય.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રીસીમંધરજિનેન્દ્રદેવ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રીસીમંધરજિનેન્દ્રદેવ! અત્ર તિષ્ઠ તિષ્ઠ, ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રીસીમંધરજિનેન્દ્રદેવ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

(ત્રોટક છંદ)

શુચિ નીરહિ ગંગ નદી ભરિયે, ભરુ કુંભન પ્રાસુક કે કરિયો;
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય જન્મજરામૃત્યુ-વિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

**ચંદન :** મલયાગિરિ ચંદનને કુંકુમ સાથે ઘસી કુંભ ભરી લાવ્યો છું. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ૐ હ્રીં માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને સંસારતાપના વિનાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** અખંડિત, સરસ ઊંચી જાતના અક્ષતને ધોઈ હેમથાળમાં ભર્યા છે. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ૐ હ્રીં માનસ્થંભે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને અક્ષયપદની પ્રાપ્તિ અર્થે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** ઉત્તમ બેલ, ચમેલી, જુહી, નવરી, કમળાદિક પુષ્પોનો થાળ ભરીને, માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ૐ હ્રીં માનસ્થંભે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને કામદાહના નાશ માટે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** ખૂરમા, ખુઝલા, મોદક આદિ પક્વાન રસભરપૂર જે ક્ષુધા રોગનો નાશ કરવા સક્ષમ છે તે પૂજન માટે તૈયાર છે. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ૐ હ્રીં માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય ચડાવું છું. ૬.

**દીપ :** કદલીસુત્ત અને ઘીથી ભરેલ પાત્રમાં દીપ સજાવ્યો છે, જેના પ્રકાશથી અંધકારનો નાશ થાય છે. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ૐ હ્રીં માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને મોહઅંધકારના વિનાશ અર્થે દીપ ચડાવું છું. ૭.

**ધૂપ :** દશપ્રકારનો ધૂપ લીધો છે, જેની સુગંધ પર ભમરાઓ નૃત્ય કરે છે. તે પૂજા માટે લાવ્યો છું. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ૐ હ્રીં માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને અષ્ટકર્મના વિનાશ માટે ધૂપ ચડાવું છું. ૮.



મલયાગિરિ ચંદન લેહુ ખરો, ઘસિ કુંકુમ મિશ્રિત કુંભ ભરો.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય ચંદનં નિર્વપામીતિ૦ ૩

શુભ જીરક શ્યામ અખંડ લિયો, પરછાલિત થારહિ હેમ કિયો.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય અક્ષતાન્ નિર્વ૦ ૪.

વર બેલ ચમેલિ જુહી નવરી, કમલાદિક લૈ ભરુ થાલ ભરી.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય પુષ્પં નિર્વપામીતિ૦ ૫

ખુરમા ખુઝલા વર મોદક જૂ, રસપૂર ક્ષુધાગદ ખોદક જૂ.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય નૈવેદ્યં નિર્વપામીતિ૦ ૬

કદલીસુત ઔ ધૃત કે દિયરા, જિન હોત ઉદોત તમા વિદરા.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય દીપં નિર્વપામીતિ૦ ૭

વર ધૂપ લઈ દશગંધ ખરી, જસુ ગંધ લહે અલિ નૃત્ય કરી.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય ધૂપં નિર્વપામીતિ૦ ૮



**ફળ :** સુગંધિત દાડમ, ખજૂર સાથે નાળિયેર અને બદામના થાળ ભર્યા છે. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ॐ ह्रीं માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ ચડાવું છું. ૯.

જલાદિક આઠેય દ્રવ્યોને સાથે લઈને એક થાળીમાં ભરી અર્ઘ બનાવ્યો છે. માનસ્થંભની ચાર દિશામાં બિરાજિત જિનેન્દ્રદેવનું પૂજન કરી હર્ષિત થાઉં છું.

ॐ ह्रीं માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ ચડાવું છું. ૧૦.

## જયમાલા

ચારેય દિશાઓમાં મનોહર, અતિ પાવન અને મનને આનંદિત કરનાર એવા જિનેન્દ્ર ભગવાન, માનસ્થંભમાં બિરાજમાન છે. જેના દર્શન કરતાં આશ્ચર્ય થાય છે તેવા જિનબિંબના દર્શન માટે દેવ, દેવેન્દ્રો આવે છે અને જિનચરણોને આનંદથી પૂજે છે અને હર્ષિત થાય છે. પક્ષીઓ, ભક્તજનો અને મુનિગણ પણ આવીને જિનવરદેવની પૂજા રચાવે છે અને તેમના ગુણગાન કરે છે. ૧.

હું બંને હાથ જોડી નમન કરીને માનસ્થંભ વિષે કહું છું. માનસ્તંભનું વર્ણન અતિ વિશાળ છે અને તે સાંભળતા કર્મરૂપી કાલિમા નાશ પામે છે. ૨.

પહેલી ગલીમાં વચ્ચે ચાર દરવાજા અને ત્રણ કોટ છે જેના પર મોટી ધજાઓ ફરકે છે. ૩.

પ્રથમ અને બીજા સુંદર કોટ, પછી ત્રીજો કોટ આવે છે. કોટની વચ્ચેની ભૂમિમાં અતિ મનોહર વનો છે. ૪.

વનમાં મોર, કોયલના કેકારવ સંભળાય છે, જે સાંભળતા દુ:ખ ભૂલી જવાય છે. ત્યાં મહારમણીય અને શોભાયમાન લોકપાલ જાતિના દેવોના નગર છે. ૫.

ત્રીજા કોટની અંદર ત્રણ પીઠ બની છે તે વૈડૂર્યમણિ જડિત, કમાનવાળી અને અતિ શોભાયમાન છે. ૬.

તેના ઉપર નીચેમાં ચોરસ અને ઉપરથી ગોળાકાર એવો અત્યંત શોભિત અને દૈદીપ્યમાન માનસ્થંભ સોહે છે. ૭.



સહકાર અનાર છુહાર ખરે, નરિયાર બદામહિ થાર ભરે.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ॐ ह्रीं માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય ફલં નિર્વપામીતિ૦ ૯

જલ આદિક આઠહુ દ્રવ્ય લિયા, ઈકઠી ભરિ થારહિ અર્ઘ કિયા.
ચતુર દિશ માનસ્તંભ કહા, હરિ પૂજિ જિનેશ્વર હર્ષ લહા.

ॐ ह्रीं માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રી સીમંધરજિનેન્દ્રદેવાય અર્ઘ નિર્વપામીતિ૦ ૧૦

## જયમાલા

(છંદ ત્રિભંગી)

દિશ ચારિ સુહાવન અતિહી પાવન મન હુલસાવન જાન કહી,
લખિ માનસ્તંભા હોત અચમ્ભા તહં જિનબિંબા પૂજ ચહી;
સુરપતિ સુર હૂજે જિન પદ પૂજે આનંદ હૂજૈ મોદ લહી,
ખગ નર મુનિ આવૈ પૂજ રચાવૈં જિનગુણ ગાવૈં દાસ તહી. ૧

(પદ્ધરી છંદ)

જૈ માનસ્તંભ કહ્યો બખાન, તિન નમન કરૌં જુગ જોરિ પાન;
હૈ તાકો વર્ણન અતિ વિશાલ, જિહિ સુનત કાલિમા જાત કાલ. ૨

જૈ પહિલી ગલિ કે બીચ માંહિ, દરવાજે ચારિ તહાં બતાંહિ;
તહં તીન કોટ કીન્હે બખાન, તિનપાહિ ધ્વજા લહરૈં મહાન. ૩

પહિલા દૂજા શુભ કોટ જાન, સુન કોટ તીસરે કા બયાન;
હૈ કોટ બીચ મેં ભૂમિ થાન, તહં બને સુ વન શોભાયમાન. ૪

તિનમેં પિક કોકિલ રહ અલાપ, જિન શબ્દ સુનત છૂટૈં કલાપ;
તહં લોકપાલ કે નગર જાન, રમણિક મહા શોભાયમાન. ૫

આભ્યંતર તીજે કોટ જાન, તહં તીન પીઠ કીન્હીં બખાન;
સો ત્રૈ કટની યુત શોભકાર, વૈડૂર્ય મણિન કી કાંતિ ધાર. ૬

તા ઉપર માનસ્તંભ જાન, હૈ મૂલ માંહિ ચૌકોર વાન;
હૈ ઉપર ગોલાકાર રૂપ, દૈદીપ્યમાન શોભિત અનૂપ. ૭

તેમાં બે હજાર પગથિયા છે. નીચે વજ્રમય છે, મધ્યભાગ સ્ફટિકમયી છે અને ઉપરનો ભાગ વૈડૂર્યમણિનો છે. ૮.

ઉપર કમલઆકાર છે તેના પર અનુપમ કલશ શોભી રહ્યાં છે. તેના ઉપર ધ્વજદંડ છે, જ્યાં પવનથી ધજા ફરકે છે અને જગમગ થાય છે. ૯.

માનસ્તંભ પર છત્ર, ચામર, ઘંટા, મણિમાળા આદિ માળાથી ચિત્રિત છે, જેમાં અનેક મણિઓ શોભાયમાન છે. ૧૦.

પ્રત્યેક દિશામાં એક એમ કુલ ચાર માનસ્થંભ છે. ચાર દિશામાં ચાર પાણીથી ભરપૂર વાવડીઓ છે. પૂર્વ માનસ્થંભને નંદા, નંદોત્તર, નંદવતી અને નંદઘોષ એમ અનુક્રમથી ચાર દિશાની વાવડી છે. દક્ષિણ દિશાના માનસ્થંભની અનુક્રમથી ચાર દિશામાં વિજ્યા, વૈજ્યંતી, જયંતિ, અપરાજિતા નામની વાવડીઓ છે. પશ્ચિમ માનસ્થંભમાં ક્રમથી અશોક, સુપ્રતિબુદ્ધા, કુમુદા અને પુંડરિકા વાવડીઓ છે. ઉત્તરદિશાના માનસ્થંભની ચાર દિશામાં હૃદયા, નંદા, મહાનંદ અને સુપ્રબુદ્ધા નામની વાવડીઓ એમ માનસ્થંભની ચારબાજુ શોભાદાયી સોળ વાવડીઓ આવેલી છે. ૧૧-૧૫.

એ વાવડીના નીરમાં અનેક કમળો ખીલેલાં છે. જાણે કે અનેક જિનરાજનો અપાર વૈભવ નિહાળવાને તેમણે પૃથ્વી પર પોતાના શૃંગાર ધારણ કરેલા નેત્રો ખોલ્યા હોય એવું લાગે છે. ૧૬.

તે કમળો પર ભમરા ગુંજારવ કરે છે, ત્યારે જાણે કમળરૂપી નેત્રોમાં અંજન કરેલ હોય એવી શોભા લાગે છે. વાવડીના પગથિયા મણિજડિત છે જ્યાં હંસ-ચકવા આદિ પક્ષી ક્રીડા કરે છે. ૧૭.

ત્યાં પાછળના ભાગમાં સોનાના અને મણિના બે કુંડ આવે છે. જેઓ જિનેન્દ્રદેવનું પૂજન કરવા જાય તે કુંડના પાણીથી પોતાના પગ ધોવે છે. ૧૮.

એક વાવડી સાથે રત્નજડિત બે કુંડ છે. તેની શોભા અવર્ણનીય છે. તે શોભા અને તેના વૈભવનું વર્ણન (કથન) કરવા કોઈ કવિ શક્તિમાન નથી. ૧૯.



દ્વૈ સહસ પહલ તામેં ગનાય, અરુ વજ્ર મઈ નીચે બતાય;
તસુ મધ્ય ફટિકમય કહ્યો ગાય, મણિ વૈડૂરજ સમ ઉર્ધ્વ જાય. ૮

હૈ તાપર કમલાકાર રૂપ, શોભૈ કલશા તાપર અનૂપ;
ધુજ દંડ તાસુ ઉપર બતાય, જા પવન લગે જગમગ કરાય. ૯

શુભ છત્ર ચમર ઘંટા બખાન, મણિમાલા માલા સુભગ જાન;
સો મણિ અનેકમય શોભધાર, ઐસા માનસ્તંભ કહ વિચાર. ૧૦

પ્રતિ માનસ્તંભ કી દિશન ચારિ, હૈ ચારિ બાવરી પૂરિ વારિ;
દિશ પૂરવ માનસ્તંભ તીર, નંદા નંદોત્તર કહી ધીર. ૧૧

હૈં નંદવતી નંદઘોષ જાન, દિશ ચારહુ મેં ક્રમ સોં બખાન;
દક્ષિણ દિશ માનસ્તંભ પાસ, વિજયા વૈજયંતી નામ જાસ. ૧૨

કહ જયંતિ અપરાજિતા જાન, દિશ ચારહુ મેં ક્રમ સોં બખાન;
પશ્ચિમ માનસ્તંભ ચહૂં ઓર, અશોક સુપ્રતિબુદ્ધાહિ જોર. ૧૩

હૈ કુમુદા પુંડરિકા સુજાન, દિશ ચારહું મેં ક્રમ સોં બખાન;
ઉત્તર માનસ્તંભ ચહૂં ઓર, હૃદયા નંદા મહનંદ જોર. ૧૪

સુપ્રબુદ્ધા પરભંકરી સુજાન, દિશ ચારહુ મેં ક્રમ સોં બખાન;
ઈમિ સોરહ વાપી કહી સાર, ચારહુ માનસ્તંભ ઓર ચાર. ૧૫

હૈ નીર માંહિ નીરજ ફુલાન, માનહુ નિજ નૈના ભૂ ખુલાન;
જિનરાજ વિભવ દેખન અપાર, બહુ નૈન ધારિ કીન્હોં શિંગાર. ૧૬

તિન કમલન પર જો અલિ ગુંજેત, નૈનાંજનવત બહુ શોભ દેત;
મણિમય પૈંડી યુત શોભદાય, તહઁ હંસ ચકવ ક્રીડા કરાય. ૧૭

તિન પાર્શ્વ માંહિ જુગ કુંડ ગાય, કંચન મણિમય દીન્હોં બતાય;
જો પૂજન શ્રી જિનદેવ જાય, તે ધોવત તિન જલ લેય પાય. ૧૮

ઈક વાપી કે સંગ કહ્યો ગાય, દ્વૈ કુંડ જડિત મણિ શોભદાય;
હૈ શોભા વૈભવ જો મહાન, તિહિ કૌન સકૈં કવિ કરિ બખાન. ૧૯

માનસ્થંભમાં નીચે ચાર જિનપ્રતિમા છે, તેના દર્શન કરીને ઈન્દ્ર અતિ હર્ષસહિત નૃત્ય, તાલ, સંગીત સાથે પૂજા કરે છે. ૨૦.

ઈન્દ્રો સંગીત અને નૃત્યથી પૂજા કરે છે, ત્યારે સનનં......સનનં સિતારના સૂર વાગે છે તો ધનનં, ધનનં ઘંટધ્વનિ થાય છે, દ્રુમદ્રુમ મૃદંગ વાગે છે અને કરતાલ, તબલા આદિ વિવિધ વાજીંત્રો વાગે છે. ૨૧.

દેવો નૃત્ય કરતાં ઘડીકમાં ભૂમિ પર આવે છે, તો ઘડીકમાં આકાશમાં જાય છે. તેમના નૂપરની ધ્વનિનો છમ-છમ નાદ થાય છે. તે શોભાનું શું કહેવું? ૨૨.

આમ નૃત્ય-ગાન કરી ઘણો ઉત્સવ-પૂજા કરી દેવો પોતાના સ્થાને જાય છે. પાંચ રત્નોના વિવિધ રંગોની આભાથી માનસ્થંભ અતિ દૈદીપ્યમાન લાગે છે. ૨૩.

જેના દર્શન માત્રથી માનીના માન જાય છે, તેથી તેનું નામ માનસ્થંભ સાર્થક થાય છે. એવા શોભાના સુંદર સ્થાનને હું બે હાથ જોડી મસ્તક નમાવી નમન કરું છું. ૨૪.

માનસ્થંભની પહોળાઈ નવસો અઠાણુ ધનુષ તથા ઊંચાઈ છ હજાર ધનુષ છે. ૧૨ યોજન દૂરથી પણ તેના દર્શન થાય છે. ૨૫.

જેમ પૂર્વદિશાના માનસ્થંભનું વર્ણન કર્યું, તેવા જ દક્ષિણ દિશા, પશ્ચિમદિશા અને ઉત્તર દિશાના માનસ્તંભ છે. કન્હૈયાલાલના પુત્ર ભગવાનદાસ હાથ જોડી મસ્તક નમાવી વંદન કરે છે. ૨૬.

આ વિશાળ માનસ્થંભની ગુણમાળા જે ભવ્યજીવ ગાશે, એ મોક્ષસુખ પામશે અને આ જગમાં ફરી નહીં આવે અને તેના ભવભ્રમણ મટી જશે.

ૐ હ્રીં માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રદેવને પૂર્ણ અર્ઘ અર્પણ કરું છું. ૨૭.



માનસ્તંભ મૂલહિ દિશન ચાર, પ્રતિમા શ્રી જિનવર કી નિહાર;<br>
તિન પૂજ્યો સુરપતિ હર્ષધાર, કરિ નૃત્ય તાલ સ્વર કો સમ્હાર. ૨૦

સનનં સનનં બાજૈ સિતાર, ઘનનં ઘનનં ધ્વનિ ઘંટ ધાર;<br>
દ્રુમ દ્રુમ દ્રુમ દ્રુમ બાજત મૃદંગ, કરતાલ તબલ અરુ મૂહચંગ. ૨૧

છમ છમ છમ છમ નૂપુર બજાય, ક્ષણ ભૂમિ ક્ષણક આકાશ જાય;<br>
જહઁ નાચત મઘવા આપ જાન, તિહિ શોભા કો વરણૈ મહાન. ૨૨

ઈમિ નૃત્ય ગાન ઉત્સવ મહાન, કરિ પૂજા કિય આગે પયાન;<br>
લૈ પંચ રતનમય રંગ મહાન, કિય માનસ્તંભહિ દીપ્તમાન. ૨૩

જા લખતૈં માનિન માન જાત, જુગ હાથ જોર શિર કો નવાત,<br>
તાસોં માનસ્તંભ જાન નામ, સાર્થક કીન્હો શોભાભિરામ. ૨૪

વિસ્તાર મૂલ સૂચી પ્રમાન, નવ શત નબ્બે વસુ ધનુષ જાન;<br>
છઃ સહસ ધનુષ ઉંચા સુજાન, બારહ જોજન સોં લખૈ માન. ૨૫

જિમિ પૂરવદિશ કો હૈ કહાહિ, તિમિ દક્ષિણ પશ્ચિમ ઉત્તરાહિ;<br>
તિન કન્હઈલાલ સુત જોરિ હાથ, ભગવાનદાસ નમૈ નાય માથ. ૨૬

(ઘત્તાનંદ છંદ)

માનસ્તંભ માલા અતિહિ વિશાલા જે ભવિ નિજ કંઠે ધરઈ,<br>
તે હોય ખુશાલા લહિ શિવબાલા ફેરિ ન યા જગમેં ભ્રમઈ.

ૐ હ્રીં માનસ્તંભમધ્યે વિરાજમાન શ્રીસીમંધરજિનેન્દ્રદેવાય અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૨૭.

# (૪૩) શ્રી કૃત્રિમ અકૃત્રિમ ચૈત્યાલય પૂજા

**સ્થાપના :** ત્રણલોકના કૃત્રિમ અને અકૃત્રિમ જિન ચૈત્યાલયોને વંદન કરું છું. ઉર્ધ્વ, મધ્ય અને પાતાળલોકના જિન ભવનોને પણ વંદન કરું છું. જે અકૃત્રિમ (૮,૫૬,૯૭,૪૮૧) આઠ કરોડ છપ્પન લાખ સત્તાણુ હજાર ચારસો ઇક્યાસી ચૈત્યાલય પરમ પાવન અને મનોહર છે.

કૃત્રિમ અકૃત્રિમ જે અસંખ્ય ચૈત્યાલયને વંદન કરી વિનય ભાવથી ભક્તિપૂર્વક સદા જિનેન્દ્રદેવનું પૂજન કરું છું.

ૐ હ્રીં શ્રી તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિનચૈત્યલયમાં બિરાજમાન જિનબિંબ સમૂહ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી ત્રણ લોક સંબંધી કૃત્રિમ-અકૃત્રિમ જિન ચૈત્યાલય સ્થિત જિનબિંબ સમૂહ, અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી ત્રણ લોક સંબંધી કૃત્રિમ-અકૃત્રિમ જિન ચૈત્યાલય સ્થિત જિનબિંબ સમૂહ, અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી ત્રણ લોક સંબંધી કૃત્રિમ-અકૃત્રિમ જિન ચૈત્યાલય સ્થિત જિનબિંબ સમૂહ, મારી નિકટ પધારો પધારો. ૧.

**જળ :** સમ્યક્જ્ઞાનરૂપી નિર્મળ જળની ઉજ્જ્વળતાથી આ જન્મ–રોગનો નાશ કરું અને ધર્મનું મૂળ એવા સમ્યક્દર્શનને મારા હૃદયમાં ધારણ કરું. ત્રણ લોકના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુઃખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને જન્મ-જરા-મૃત્યુના નાશ માટે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** સમ્યક્ સમજણ રૂપી પાવન અને શીતલ ચંદનથી ભવ ભય નાશ કરું. વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે એવું સમ્યક્જ્ઞાન (મારા) આત્મામાં ભરી લઉં. ત્રણ લોકના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુઃખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને સંસાર તાપના નાશ માટે ચંદન અર્પણ કરું છું. ૩.



# (૪૩) શ્રી કૃત્રિમ અકૃત્રિમ ચૈત્યાલય પૂજા

તીન લોકકે કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલય કો વંદન,
ઉર્ધ્વ મધ્ય પાતાલ લોક કે જિન ભવનોં કો કરું નમન.

હૈં અકૃત્રિમ આઠ કોટિ અરુ છપ્પન લાખ પરમ પાવન,
સંતાનવે સહસ્ર ચાર સૌ ઇક્યાસી ગૃહ મન ભાવન.

કૃત્રિમ અકૃત્રિમ જો અસંખ્ય ચૈત્યાલય હૈં ઉનકો વંદન,
વિનય ભાવ સે ભક્તિપૂર્વક નિત્ય કરૂં મૈં જિન પૂજન.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બ સમૂહ અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બ સમૂહ અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બ સમૂહ અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧.

સમ્યક્ જલ કી નિર્મલ ઉજ્જ્વલતા સે જન્મ જરા હર લૂં,
મૂલ ધર્મ કા સમ્યક્ દર્શન હે પ્રભુ હૃદયંગમ કર લૂં,
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુઃખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો જન્મજરામૃત્યુ વિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

સમ્યક્ ચંદન કી પાવન શીતલતા સે ભવ ભય હર લૂં,
વસ્તુ સ્વભાવ ધર્મ હૈ સમ્યક્ જ્ઞાન આત્મા મેં ભર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુઃખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

**અક્ષત :** સમ્યક્ચારિત્રની અખંડ આરાધનાથી અક્ષયપદની સાધના કરું. સમતાભાવરૂપ ચારિત્રધર્મની પૂર્ણતા કરી વીતરાગતા પ્રાપ્ત કરું. ત્રણ લોકના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુ:ખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** શીલ સ્વભાવી આત્માના ગુણરૂપી પુષ્પો પ્રાપ્ત કરી, કામ શત્રુને જીતી લઉં. અણુવ્રત, શિક્ષાવ્રત, ગુણવ્રત ધારણ કરી પાંચ મહાવ્રતનું આચરણ કરું. ત્રણ લોકના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુ:ખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને કામબાણ વિધ્વંસ કરવા માટે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** સંતોષરૂપી નૈવેદ્યનું પાન કરીને ક્ષુધા રોગનો નાશ કરું અને સત્ય, શૌચ, તપ, ત્યાગ, ક્ષમાદિ દશ ધર્મોને ધારણ કરી શુભાશુભ ભાવનો નાશ કરું. ત્રણ લોક્ના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુ:ખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને ક્ષુધા રોગના નાશ માટે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** નિત્ય ઉદિત જ્ઞાનદીપના પ્રકાશથી મોહ–મમતારૂપી અંધકારનો નાશ કરું અને આ સંસારને પાર કરવા રત્નત્રયધર્મનું આરાધન કરું. ત્રણ લોક્ના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુ:ખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને મોહ અંધકારના વિનાશ માટે દીપ અર્પણ કરું છું. ૭.



સમ્યક્ચારિતકી અખંડતા સે અક્ષયપદ આદર લૂં,
સામ્યભાવ ચારિત્ર ધર્મ પા વીતરાગતા કો વર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુ:ખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો અક્ષયપદ પ્રાપ્તયે અક્ષતં નિર્વપામીતિ સ્વાહા. ૪.

શીલ સ્વભાવી પુષ્પ પ્રાપ્ત કર કામ શત્રુ કો ક્ષય કર લૂં,
અણુવ્રત શિક્ષાવ્રત ગુણવ્રત ધર પંચ મહાવ્રત આચર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુ:ખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો કામબાણ વિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

સંતોષામૃત કે ચરુ લેકર ક્ષુધા વ્યાધિ કો જય કર લૂં,
સત્ય શૌચતપ ત્યાગ ક્ષમા સે ભાવ શુભાશુભ સબ હર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુ:ખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

જ્ઞાનદીપ કે ચિર પ્રકાશ સે મોહ મમત્વ તિમિર હર લૂં,
રત્નત્રયકા સાધન લેકર યહ સંસાર પાર કર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુ:ખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો મોહાંધકાર વિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

**ધૂપ :** ધ્યાનરૂપી અગ્નિમાં કર્મરૂપી ધૂપ જલાવી, મારા અષ્ટકર્મોના દોષનો નાશ કરું. ઉત્તમ અને મંગળ એવા આત્મધર્મને પામીને કલ્યાણકારી એવા સિદ્ધપદની પ્રાપ્તિ કરું. ત્રણ લોકના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુ:ખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને આઠ કર્મોના વિધ્વંસ માટે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** ભેદજ્ઞાન–વિજ્ઞાનના બળે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરું. પરમભાવરૂપ મારી સહજસ્વરૂપ સંપદા જે શિવકારક છે, એવા મોક્ષમહાફળને વરું. ત્રણ લોકના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુ:ખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોકના કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** બાર પ્રકારના તપરૂપી અર્ઘ એકઠો કરીને, નિર્દોષ એવા જિનવરના ચરણની પૂજા કરીને મિથ્યાત્વ, અવિરતિ, પંચપ્રમાદ, કષાય યોગના બંધનનો ઉપાય કરું. ત્રણ લોકના કૃત્રિમ, અકૃત્રિમ જે ચૈત્યાલય છે, તેમને વંદન કરી મારા જ્ઞાનસૂર્યની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રગટ કરી, આ ભવસાગરના દુ:ખોનો નાશ કરું.

ૐ હ્રીં ત્રણ લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયોમાં સ્થિત સર્વ જિનબિંબોને અનર્ઘપદની પ્રાપ્તિ અર્થે અર્ઘ સમર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

આ અનંત આકાશની વચ્ચે પુરુષાકાર આકૃતિમાં ત્રણ લોક આવેલ છે. તેને ફરતા ત્રણ વાતવલય છે. ત્રણ લોકની વ્યાપ્તિ સાગરમાં એક બિન્દુ સમાન છે. ઉર્ધ્વલોક છ રાજૂ, અધોલોક સાત રાજૂ અને મધ્ય લોક એક રાજૂ વિસ્તારના છે. આમ આખો લોક ચૌદ રાજૂ ઉંચો છે. તેમાં વચ્ચે ત્રસ નાડી છે, તેમાં ત્રસ જીવો રહે છે.

ત્રણ લોકમાં આગમ અનુસાર આઠ કરોડ છપ્પન લાખ સત્તાણુ હજાર ચારસો એક્યાસી (૮,૫૬,૯૭,૪૮૧) અકૃત્રિમ જિન ભવન છે.



ધ્યાન અગ્નિ મેં કર્મ ધૂપ ધર અષ્ટકર્મ અઘ કો હર લૂં,
ધર્મ શ્રેષ્ઠ મંગલ કો પા શિવમય સિદ્ધત્વ પ્રાપ્ત કર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુ:ખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો અષ્ટકર્મ દહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

ભેદજ્ઞાન વિજ્ઞાન જ્ઞાન સે કેવલજ્ઞાન પ્રાપ્ત કર લૂં,
પરમભાવ સંપદા સહજશિવ મહામોક્ષફલ કો વર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુ:ખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો મોક્ષફલ પ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

દ્વાદશ વિધિતપ અર્ઘ સંજોકર જિનવર પદ અનર્ઘ વર લૂં,
મિથ્યા, અવિરતિ, પંચ પ્રમાદ, કષાય યોગ બન્ધન હર લૂં.
તીન લોક કે કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયવંદન કર લૂં,
જ્ઞાન સૂર્ય કી પરમ જ્યોતિ પા ભવ સાગરકે દુ:ખ હર લૂં.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો અનર્ઘપદ પ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦

## જયમાલા

ઈસ અનંત આકાશ બીચ મેં, તીન લોક હૈં પુરુષાકાર,
તીનોં વાતવલય સે વેષ્ટિત સિંધુ બીચ જ્યોં બિન્દુ પ્રસાર.

ઉર્ધ્વ સાત હૈં, અધો સાત હૈં, મધ્ય એક રાજુ વિસ્તાર,
ચૌદહ રાજુ ઉતંગ લોક હૈં, ત્રસનાડી ત્રસ કા આધાર.

તીન લોક મેં ભવન અકૃત્રિમ આઠ કોટિ અરુ છપ્પન લાખ,
સંતાનવે સહસ્ત્ર ચાર સૌ ઈક્યાસી જિન આગમ સાખ.

ઉર્ધ્વલોકમાં ચોર્યાસી લાખ સત્તાણુ હજાર ત્રેવીસ (૮૪,૯૭૦૨૩) કલ્પવાસીના શાશ્વત પ્રત્યક્ષ જિનભવન છે. અધોલોકમાં સાત કરોડ બોંતેર લાખ ભવનવાસીના જિનાલય છે અને મધ્યલોકમાં ચારસો અઠ્ઠાવન ચૈત્યાલય છે.

જમ્બૂદ્વીપ, ધાતુકીદ્વીપ અને પુષ્કરાર્ધમાં પાંચમેરુના જિનભવન વિખ્યાત છે તો જંબૂવૃક્ષ શાલ્મલિવૃક્ષ, વિજયાર્ધના જિનભવન પણ સુવિખ્યાત છે. વૃક્ષાર, ગજદંત, ઇશ્વાકારના પાવન જિનચૈત્યાલય તથા કુલાચલ, માનુષોત્તર પર્વતના સર્વ જિનાલયોને ભાવથી વંદુ છું. નંદીશ્વરદ્વીપ, કુંડલવરદ્વીપ, રુચિકવરદ્વીપના જિન ચૈત્યાલય, જ્યોતિષ, વ્યંતર, સ્વર્ગલોક અને ભવનવાસીના જિનાલયના મંદિરમાં એકસો આઠ વિશાળ પ્રતિમાઓ બિરાજમાન છે. આઠ પ્રાતિહાર્ય, આઠ મંગળ દ્રવ્યોથી તે જિનાલય અતિ શોભાયમાન છે. કુલ નવસો પચીસ કરોડ ત્રેપન લાખ સત્યાવીશ હજાર નવસો અડતાલીસ(૯૨૫,૫૩,૨૭,૯૪૮) અકૃત્રિમ જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

પ્રત્યેક અકૃત્રિમ પ્રતિમા પાંચસો ધનુષ ઊંચી, રત્નમયી અને પદ્માસન છે. એ વીતરાગ અરિહંત પ્રતિમા અચિન્ત્ય મહિમાવંત અને પાવન છે. ત્રણ લોકમાં અસંખ્યાત શોભાયમાન જિનભવન છે. આવી પ્રતિમાને વંદન કરવા સુરેન્દ્રો, નરેન્દ્રો, દેવેન્દ્રો, વિદ્યાધર મુનિના મન મોહિત થાય છે. ભવ્યજનો દ્વારા વંદિત જિનાલય કોઈ દેવ રચિત છે, કોઈ મનુષ્ય રચિત છે. આવા કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયનું પૂજન હું કરું છું.

હે અઢીદ્વીપ સંબંધી ભૂતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાનકાળના પાંચવર્ણના સર્વ તીર્થંકર! હું મારું નિજપદ પામું એવી મને શક્તિ આપો. આપના જેવી ગુણોની સંપત્તિ મને પ્રાપ્ત હો. હે, નાથ! મને પરમ સમાધિ મરણ હો. હે જિનરાજ! મારા સકળ કર્મના ક્ષય માટે મને સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ લાભ હો.

ૐ હ્રીં શ્રી ત્રણલોક વિષે સર્વ કૃત્રિમ, અકૃત્રિમ જિન ચૈત્યાલયમાં બિરાજમાન જિનબિંબોને પૂર્ણ અર્ઘ સમર્પણ કરું છું.



ઉર્ધ્વ લોકમેં કલ્પવાસિયોં કે જિનગૃહ ચૌરાસી લક્ષ,
સંતાનવે સહસ્ર તેઈસ જિનાલય હૈં શાશ્વત પ્રત્યક્ષ.
અધોલોક મેં ભવનવાસી કે લાખ બહત્તર, કરોડ સાત,
મધ્યલોક કે ચાર શતક અઠ્ઠાવન ચૈત્યાલય વિખ્યાત.
જમ્બૂધાતકી પુષ્કરાર્ધ મેં પંચમેરુ કે જિનગૃહ ખ્યાત,
જમ્બૂવૃક્ષ શાલ્મલિતરુ અરુ વિજયારધ કે અતિ વિખ્યાત.
વક્ષારોં ગજદંતોં ઈષ્વાકારોં કે પાવન જિનગેહ,
સર્વ કુલાચલ માનુષોત્તર પર્વતકે વન્દૂ ધર નેહ.
નન્દીશ્વર કુંડલવર દ્વીપ રુચકવરકે જિન ચૈત્યાલય,
જ્યોતિષ વ્યંતર સ્વર્ગલોક અરુ ભવનવાસી કે જિન આલય.
એક એક મેં એક શતક અરુ આઠ આઠ જિન મૂર્તિ પ્રધાન,
અષ્ટ પ્રાતિહાર્યો વસુ મંગલ દ્રવ્યોં સે અતિ શોભાવાન.
કુલ પ્રતિમા નૌ સૌ પચ્ચીસ કરોડ તિરેપન લાખ મહાન,
સત્તાઈસ સહસ્ર અરુ નૌ સૌ અડતાલીસ અકૃત્રિમ જાન.
ઉન્નત ધનુષ પાંચ સૌ પદ્માસન હૈ રત્નમયી પ્રતિમા,
વીતરાગ અર્હન્ત મૂર્તિ કી હૈ પાવન અચિન્ત્ય મહિમા.
અસંખ્યાત સંખ્યાત જિન ભવન તીન લોક મેં શોભિત હૈં,
ઈન્દ્રાદિક સુર નર વિદ્યાધર મુનિ વંદન કર મોહિત હૈં.
દેવ રચિત યા મનુજ રચિત, હૈં ભવ્યજનોં દ્વારા વંદિત,
કૃત્રિમ અકૃત્રિમ ચૈત્યાલય કો પૂજન કર મૈં હૂં હર્ષિત.
ઢાઈદ્વીપ મેં ભૂત ભવિષ્યત વર્તમાન કે તીર્થંકર,
પંચવર્ણ કે મુઝે શક્તિ દેં મૈં નિજપદ પાઊં જિનવર.
જિનગુણ સમ્પત્તિ મુઝે પ્રાપ્ત હો પરમ સમાધિમરણ હો નાથ,
સકલકર્મ ક્ષય હો પ્રભુ મેરે બોધિલાભ હો હે જિનનાથ.

ૐ હ્રીં તીન લોક સંબંધી કૃત્રિમ અકૃત્રિમ જિન ચૈત્યાલયસ્થ જિનબિમ્બેભ્યો પૂર્ણાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

*

## (૪૪) નિર્વાણક્ષેત્ર પૂજા

**સ્થાપના :**

પરમ પૂજ્ય ચોવીસ તીર્થંકરો, જે-જે સ્થાનથી મોક્ષ ગયા છે, તે સિદ્ધ ભૂમિની સદા મન-વચન-કાયથી પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકર નિર્વાણક્ષેત્ર અહીં પધારો પધારો.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકર નિર્વાણક્ષેત્ર અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકર નિર્વાણક્ષેત્ર મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** હે સ્વામી! સોનાની ઝારીમાં ક્ષીર સાગર સમાન શુદ્ધ નિર્મળ જળ ભરી લાવ્યો છું. હું હાથ જોડી વિનંતી કરું છું કે મને સંસારથી પાર ઉતારો. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિને જળ ચડાવું છું. ૨.

**ચંદન :** કેશર, કપૂર અને ચંદનથી સુગંધિત શીતળ જળ આપને અર્પિત કરું છું. હું હાથ જોડી મારા ભવ આતાપને શાંત કરવા વિનંતી કરું છું. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકરોના નિર્વાણક્ષેત્રને ચંદન ચડાવું છું. ૩.

**અક્ષત :** મોતી સમાન અખંડ ચોખાને સ્વચ્છ કરી હર્ષિત થઈ આપને ચડાવું છું અને હાથ જોડીને વિનંતી કરું છું કે મારા અવગુણનો નાશ કરી આપ સમાન ગુણ મને પ્રાપ્ત હો. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકર નિર્વાણક્ષેત્રને અક્ષત ચડાવું છું. ૪.



## (૪૪) નિર્વાણક્ષેત્ર પૂજા

(પં. દ્યાનતરાયજી)

પરમ પૂજ્ય ચૌબીસ, જિહં જિહં થાનક શિવ ગયે,
સિદ્ધભૂમિ નિશ-દીશ, મન-વચ-તન પૂજા કરૌં.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણક્ષેત્રાણિ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણક્ષેત્રાણિ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણક્ષેત્રાણિ ! અત્ર મમ સન્નિહિતાનિ ભવ-ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧.

(ગીતા)

શુચિ ક્ષીર-દધિ-સમ નીર નિરમલ, કનક-ઝારી મૈં ભરૌં,
સંસાર પાર ઉતાર સ્વામી, જોર કર વિનતી કરૌં,
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ-નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણક્ષેત્રેભ્યો જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

કેશર કપૂર સુગન્ધ ચન્દન, સલિલ શીતલ વિસ્તરૌં,
ભવ-તાપકૌ સન્તાપ મેટો, જોર કર વિનતી કરૌં.
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ-નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણક્ષેત્રેભ્યો ચન્દનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

મોતી-સમાન અખંડ તંદુલ, અમલ આનન્દ ધરિ તરૌં,
ઔગુન-હરૌ ગુન કરૌ હમકો, જોર કર વિનતી કરૌં.
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ-નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણ ક્ષેત્રેભ્યો અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

**પુષ્પ :** હે પ્રભુ! મનને પ્રફુલ્લિત કરે એવા સુગંધિત, સુંદર ફૂલો આપને અર્પિત કરવા લાવ્યો છું. અને આપને હાથ જોડી વિનંતી કરું છું કે મારા દુ:ખોનું મૂળ કારણ જે ઇચ્છા છે તેનો વિનાશ કરો. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકરના નિર્વાણક્ષેત્રને પુષ્પ ચડાવું છું. ૫.

**નૈવેદ્ય :** હે પ્રભુ! અનેક પ્રકારના મનભાવન પકવાન એકત્રિત કરી, ભવભય દૂર કરવા આપને ચડાવું છું અને આપને હાથ જોડીને વિનંતી કરું છું કે મારી ભૂખના દુ:ખનું નિવારણ કરો. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકર નિર્વાણક્ષેત્રને નૈવેદ્ય ચડાવું છું. ૬.

**દીપ :** પ્રકાશિત દીપકની ઉજ્જ્વળ રોશની અંધકારથી ડરતી નથી, એટલે કે અંધકાર દૂર કરે છે; તેવી રીતે મારા જ્ઞાનના દોષ– સંશય, વિમોહ, વિભ્રમરૂપ અંધકારને દૂર કરી જ્ઞાન પ્રકાશ કરો એવી હાથ જોડી આપને વિનંતી કરું છું. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકરના નિર્વાણક્ષેત્રને દીપ ચડાવું છું. ૭.

**ધૂપ :** પરમ પવિત્ર શુભ ધૂપને પવિત્ર ભાવથી અર્પણ કરું છું અને હાથ જોડી આપને વિનંતી કરું છું કે મારા અષ્ટ કર્મોને બાળીને નાશ કરી દો. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકર નિર્વાણક્ષેત્રને ધૂપ ચડાવું છું. ૮.

**ફળ :** વિવિધ પ્રકારના ઉત્તમ ફળો મંગાવીને આપને અર્પણ કરું છું અને ચાર ગતિથી મુક્ત થાઉં એવી ભાવના ભાવું છું. હે નાથ! હાથ જોડી આપને વિનંતી કરું છું કે મને મોક્ષરૂપી ફળ અવશ્ય આપો. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકર નિર્વાણક્ષેત્રને ફળ ચડાવું છું. ૯.



શુભ ફૂલ–રાસ સુવાસ–વાસિત, ખેદ સબ મન કી હરૌં,
દુ:ખ–ધામ કામ વિનાશ મેરો, જોર કર વિનતી કરૌં.
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ–નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણ ક્ષેત્રેભ્યો પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

નેવજ અનેક પ્રકાર જોગ મનોગ ધરિ ભય પરિહરૌં,
યહ ભૂખ–દૂખન ટાર પ્રભુજી, જોર કર, વિનતી કરૌં.
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ–નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણક્ષેત્રેભ્યો નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

દીપક–પ્રકાશ ઉજાસ ઉજ્જ્વલ, તિમિરસેતી નહિં ડરૌં,
સંશય-વિમોહ-વિભરમ-તમ-હર, જોર કર વિનતી કરૌં.
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ–નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણ ક્ષેત્રેભ્યો દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭

શુભ-ધૂપ પરમ-અનૂપ પાવન, ભાવ પાવન આચરૌં,
સબ કરમ પુંજ જલાય દીજ્યો, જોરકર વિનતી કરૌં.
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ–નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણ ક્ષેત્રેભ્યો ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

બહુ ફલ મઁગાય ચઢાય ઉત્તમ, ચાર ગતિસોં નિરવરૌં,
નિહચૈ મુક્તિ–ફલ દેહુ મોકો, જોર કર વિનતી કરૌં.
સમ્મેદગઢ ગિરનાર ચમ્પા, પાવાપુરી કૈલાસકોં,
પૂજોં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ–નિવાસકો.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણ ક્ષેત્રેભ્યો ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

**અર્ઘ :** જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફળ આઠ દ્રવ્યો આપને અર્પણ કરું છું. દ્યાનત કવિ કહે છે હે પ્રભુ ! હું આપને હાથ જોડી વિનંતી કરું છું કે મારું આ જગતનું આવાગમન મટાડો. શ્રી સમ્મેદશિખર, ગિરનારગિરિ, ચમ્પાપુરી, પાવાપુરી અને કૈલાશગિરિ જે ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, હું તેની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકરોના નિર્વાણક્ષેત્રને અર્ઘ ચડાવું છું. ૧૦.

## જયમાલા

શ્રી ચોવીસ જિનેન્દ્ર અને કૈલાશ આદિ પર્વતોને હું નમન કરું છું. આ તીર્થ વિશેષ મહત્ત્વના સ્થળ છે, કારણ કે ત્યાંથી તીર્થંકર ભગવંતો મોક્ષે પધાર્યા છે. ૧.

ઋષભદેવ કૈલાશ પર્વતથી, નેમિનાથ સ્વામી ગિરનાર પર્વતથી, વાસુપૂજ્ય સ્વામી ચંપાપુરથી અને મહાવીરસ્વામી પાવાપુરથી મોક્ષ ગયા છે. તેથી હું તે નિર્વાણભૂમિને વંદન કરું છું. ૨.

અજિત એવા મોક્ષપદના દાતા અજિતનાથને વંદન કરું છું; સંસાર દુ:ખનો નાશ કરનાર સંભવ જિનેન્દ્રને વંદન કરું છું; ગુણોમાં નાયક એવા અભિનંદન નાથને નમન કરું છું. તથા સન્મતિના દાતા એવા સુમતિનાથને વંદન કરું છું. ૩.

મુક્તિરૂપી કમળના દાતા એવા પદ્મપ્રભુને વંદન કરું છું; આશારૂપી બંધનને તોડનારા એવા સુપાર્શ્વનાથને વંદુ છું; ચંદ્રસમાન પ્રભાને ધરનાર એવા ચંદ્રપ્રભુ ભગવાનને વંદુ છું તથા આત્મગુણોની નિધિના અધિપતિ એવા સુવિધિનાથને વંદુ છું. ૪.

પાપરૂપી આતાપને શીતલ કરનાર શીતલનાથને વંદન કરું છું; આ પૃથ્વી પર જગજનનું શ્રેય કરનાર એવા શ્રેયાંસનાથને વંદું છું; નિર્મલ ઉપયોગના ધરનાર વિમલનાથને વંદન કરું છું તથા અનંતસુખના ભોગી એવા અનંતનાથને વંદન કરું છું. ૫.

ધર્મનો વિસ્તાર કરવાવાળા ધર્મનાથ જિનેન્દ્રને વંદન કરું છું; શાંતિને મનમાં ધારણ કરવાવાળા શાંતિનાથ જિનેન્દ્રને વંદન કરું છું; જગજીવનના રક્ષપાલ એવા કુંથુજિનને વંદન કરું છું તથા રત્નત્રયરૂપી ગુણમાલાને ધારણ કરી કર્મ શત્રુને હણનાર એવા અરનાથ જિનને વંદન કરું છું. ૬.



જલ ગન્ધ અચ્છત પુષ્પ ચરુ ફલ, દીપ ધૂપાયન ધરૌં,
'દ્યાનત' કરો નિરભય જગતસૌં, જોર કર વિનતી કરૌં. સમ્મેદ.

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણ ક્ષેત્રેભ્યો અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

શ્રીચૌબીસ જિનેશ, ગિરિ કૈલાશાદિક નમોં,
તીરથ મહાપ્રદેશ મહાપુરુષ નિરવાણતૈં. ૧

(ચૌપાઈ ૧૬ માત્રા)

નમોં ઋષભ કૈલાસપહારં, નેમિનાથ ગિરનાર નિહારં,
વાસુપૂજ્ય ચમ્પાપુર વન્દૌં, સન્મતિ પાવાપુર અભિનન્દૌં. ૨

વન્દૌં અજિત અજિત-પદ દાતા, વન્દૌં સમ્ભવ ભવ-દુઃખ ઘાતા,
વન્દૌં અભિનન્દન ગુણ-નાયક, વન્દૌં સુમતિ સુમતિકે દાયક. ૩

વન્દૌં પદ્મ મુકતિ-પદ્માકર, વન્દૌં સુપાસ આશ-પાસહર,
વન્દૌં ચન્દ્રપ્રભ પ્રભુ ચન્દા, વન્દૌં સુવિધિ નિધિ-કન્દા. ૪

વન્દૌં શીતલ અઘ-તપ-શીતલ, વન્દૌં શ્રેયાંસ શ્રેયાંસ મહીતલ,
વન્દૌં વિમલ-વિમલ ઉપયોગી, વન્દૌં અનન્ત-અનન્ત સુખભોગી. ૫

વન્દૌં ધર્મ ધર્મ વિસ્તારા, વન્દૌં શાન્તિ શાન્તિ મનધારા,
વન્દૌં કુન્થુ, કુન્થુ રખવાલં, વન્દૌં અર અરિ હર ગુણમાલં. ૬



કામરૂપી મલનો જેણે નાશ કર્યો એવા મલ્લિજિનને વંદું છું; વ્રતોની પૂર્ણતાને પ્રાપ્ત એવા મુનિસુવ્રતનાથને વંદન કરું છું; સુર, અસુર જેને નમન કરે છે એવા નમિનાથને વંદન કરું છું તથા જગતના ભ્રમરૂપી બંધનથી છોડાવનાર એવા પાર્શ્વનાથને વંદન કરું છું. ૭.

આ વીસ તીર્થંકરની આ ભૂમિ પર જે નિર્વાણ ભૂમિ છે તે સમ્મેદશિખરજી મહાનગિરી છે. જે તેની ભાવસહિત વંદના કરે છે તેને નરક કે પશુ ગતિ થતી નથી. ૮.

તે ચક્રવર્તી, રાજા, દેવ, ઈંદ્રાદિ વગેરે પદને પામી ત્રણ જગતના ભોગ ભોગવી મોક્ષસુખ પામે છે. જે વિઘ્નના વિનાશકારી છે, મંગળકારી છે. ગુણોના સમુદ્ર છે અને ભવથી તરી ગયા છે તેમને હું વંદન કરું છું. ૯. જે તીર્થ (સિદ્ધ) ક્ષેત્રોની યાત્રા કરે છે, ધ્યાન કરે છે, ભક્તિ કરે છે અને ગુણગાન કરે છે, તેના પાપોનો નાશ થાય છે. જે બુદ્ધિમાન નિર્વાણક્ષેત્રના ગુણને ગાય છે, તેને કીર્તિ અને સંપત્તિ પ્રાપ્ત થાય છે.

ૐ હ્રીં ચોવીસ તીર્થંકરની નિર્વાણભૂમિને અર્ઘ ચડાવું છું. ૧૦.

## (૪૫) સ્વાનુભૂતિ-તીર્થ સુવર્ણપુરી પૂજા

**સ્થાપના :** જ્યાં સ્વાત્માનુભૂતિની મુખ્યતા છે એવી ગુરુ કહાનના વરદાનસમી સુંદર–સુમંગલ સંતોની સાધનાભૂમિ સુવર્ણપુરી–સોનગઢ અધ્યાત્મતીર્થ બની ગઈ છે, આજે પણ ''તું પરમાત્મા છો'' એવી ગુરુવાણી અહીં ગાજી રહી છે.

ૐ હ્રીં શ્રી સૌરાષ્ટ્ર દેશના સુવર્ણપુરી તીર્થે સર્વે જિનાલયમાં બિરાજમાન જિનબિંબો અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સૌરાષ્ટ્ર દેશના સુવર્ણપુરી તીર્થે સર્વે જિનાલયમાં બિરાજમાન જિનબિંબો અહીં બિરાજો બિરાજો

ૐ હ્રીં શ્રી સૌરાષ્ટ્ર દેશના સુવર્ણપુરી તીર્થે સર્વે જિનાલયમાં બિરાજમાન જિનબિંબો મારી નિકટ બિરાજો. ૧.



વન્દૌં મલ્લિ કામ મલ ચૂરન, વન્દૌં મુનિસુવ્રત વ્રત પૂરન,
વન્દૌં નમિ જિન નમિત સુરાસુર, વન્દૌં પાર્શ્વ-પાસ ભ્રમ જગહર. ૭

બીસોં સિદ્ધભૂમિ જા ઉપર, શિખર સમ્મેદ મહાગિરી ભૂપર,
ભાવ સહિત વન્દૈ જો કોઈ, તાકિ નરક પશુગતિ નહિં હોઈ. ૮

નરપતિ નૃપ સુર શક્ર કહાવૈ, તિહુઁ જગ ભોગ ભોગિ શિવ પાવૈ,
વિઘન વિનાશન મંગલકારી, ગુણ-વિલાસ વન્દૌં ભવતારી. ૯

(ઘત્તા)

જો તીરથ જાવૈ પાપ મિટાવૈ, ધ્યાવૈ ગાવે, ભગતિ કરૈ,
તાકો જસ કહિયે, સંપતિ લહિયે, ગિરિ કે ગુણ કો બુધ ઉચરૈ. ૧૦

ૐ હ્રીં ચતુર્વિંશતિ તીર્થંકર નિર્વાણ ક્ષેત્રેભ્યો મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

## (૪૫) સ્વાનુભૂતિ-તીર્થ સુવર્ણપુરી પૂજા

(રાગ—સમ્યક્ સુક્ષાયિક જાન)

સ્વાત્માનુભૂતિ-પ્રધાન સુમંગલ-સ્વર્ણપુરી,
સંતોકી સાધનાભૂમિ, અધ્યાતમ તીર્થ બની,
'તૂ પરમાતમા હૈ,' યે ગાજે ગુરુવાણી,
ગુરુકહાનકા યહ વરદાન, સુંદર સ્વર્ણપુરી.

ૐ હ્રીં શ્રી સૌરાષ્ટ્રદેશસ્થ સ્વર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ વિરાજમાન-જિનબિંબાનિ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં શ્રી સૌરાષ્ટ્રદેશસ્થ સ્વર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ વિરાજમાન-જિનબિંબાનિ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રી સૌરાષ્ટ્રદેશસ્થ સ્વર્ણપુરીતીર્થે સર્વજિનાયતને વિરાજમાન-જિનબિંબાનિ! અત્ર મમ સન્નિહિતાનિ ભવ ભવ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

**જલ :** મને જ્ઞાનરૂપી અમૃતની પ્રાપ્તિ હો તે હેતુથી પવિત્ર, શીતળ જળથી સુવર્ણના કળશ ભરી જિનવરજીને જળ અર્પણ કરું છું. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને જલ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** શાંતિરૂપી અમૃતની પ્રાપ્તિ માટે કાશ્મીરનું કેશર સુખકારી શીતલ ચંદન લાવી જિનવરજીને અર્પણ કરું છું. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** અક્ષયપદની પ્રાપ્તિ માટે આપનું અખંડ ધ્યાન કરી પવિત્ર અને અખંડ અક્ષત લાવી પ્રભુજીના ચરણોમાં અર્પણ કરું છું. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** હે જિનવર! વિવિધ રંગોના અનેક દિવ્ય ફૂલ લાવી આપના ચરણોને પૂજું છું, જે ઘણા પુણ્યલાભનું કારણ છે. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** મારા ક્ષુધાદિ દોષ ટાળવા ફેણી, ખાજા, મોદક આદિ રસભર્યા પકવાન પ્રભુજીના ચરણોમાં અર્પણ કરું છું. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.



ઉજ્જ્વલ જલ શીતલ લાય સુવરણ કલશ ભરે,
સબ જિનવરજીકો ચઢાય જ્ઞાનામૃત પાવે,
અનુભૂતિતીર્થ મહાન, સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ જલં નિર્વ૦ ૨.

કશ્મીર સુકેસર લ્યાય ચંદન સુખકારી,
શ્રી જિનવરજીકો ચઢાય શાંતિસુધા પાવે,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ ચંદનં નિર્વ૦ ૩

શુભ શાલિ અખંડિત લ્યાય, પ્રભુજીકે ચરણ ધરું,
અક્ષયપદ પ્રાપ્તિ કાજ અખંડિત ધ્યાન કરું,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ અક્ષતાન્ નિ૦

પંચવરણમય દિવ્ય ફૂલ અનેક કહે,
શ્રી જિનવર પૂજત પાદ બહુવિધ પુણ્ય લહે,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ પુષ્પં નિર્વ૦ ૫

ફેણી ખાજા પકવાન, મોદક-સરસ બને,
જિન ચરણન દેત ચઢાય, દોષ ક્ષુધાદિ ટલે,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ નૈવેદ્યં નિર્વ૦ ૬

**દીપ :** મારા મિથ્યાત્વતિમિરના નાશ માટે જ્ઞાન પ્રતિકરૂપ દીપકની જ્યોતિ જગાવી આપ સન્મુખ આવી ચરણોમાં અર્પણ કરું છું, જેથી મારો ભવરોગ મટે. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** જેની સુગંધ દશે દિશામાં પ્રસરે છે એવો દશ પ્રકારનો સુગંધી ધૂપ લાવી આપ સન્મુખ જલાવું છું. મારા કર્મો પણ આજ રીતે બળી જઈ નાશ પામે માટે ધૂપનું ક્ષેપણ કરું છું. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** ઉત્કૃષ્ટ ફળ લઈને આપ મહાન જિનવરના ચરણ પૂજું છું અને ભાવના ભાવું છું કે મને પણ આપ સમાન પરમ-શુભસ્થાન એવું અલૌકિક મોક્ષ પદ મળે. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** હું આપની અર્ચના માટે ભાવ ધરીને આઠ દ્રવ્યોનો સુવર્ણથાળ લાવ્યો છું. આપને હાથ જોડી આપને વિનંતી કરું છું કે મારી પૂજા સ્વીકાર કરો. કહાનગુરુના વરદાન સમાન મહાન અનુભૂતિતીર્થ સુવર્ણપુરી શોભી રહ્યું છે. અહીં (ગુરુવાણીનું શ્રવણ કરતાં) કલ્યાણકારી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોને અર્ઘ્ય અર્પણ કરું છું. ૧૦.



દીપકકી જયોતિ જગાય મિથ્યા તિમિર નશે,
તવ ચરનન સન્મુખ જાય ભવ ભવ રોગ ટલે,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ દીપં નિર્વપામીતિ સ્વાહા ૭

વર ધૂપ સુ દસ વિધિ લ્યાય, દસ દિશિ ગંધ ભરે,
સબ કર્મ જલાવત જાય, માનો નૃત્ય કરે,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ ધૂપં નિર્વપામીતિ સ્વાહા ૮

લે ફલ ઉત્કૃષ્ટ મહાન, જિનવર પદ પૂજૂં,
લહું મોક્ષ પરમ શુભ-થાન, તુમ સમ નહીં દૂજો,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯

ભરિ સ્વર્ણથાલ વસુ દ્રવ્ય અર્ચૂં કર જોરિ,
પ્રભુ સુનિયો વિનતી નાથ, કહૂં મૈં ભાવ ધરિ,
અનુભૂતિતીર્થ મહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરીતીર્થે સર્વજિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યઃ અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

આ સુવર્ણપુરી અતિ પાવન છે, મહામંગળકારી છે અને મુક્તિનો માર્ગ પ્રકાશક છે. સુવર્ણમય ઇતિહાસને કારણે સુવર્ણપુરીની પ્રસિદ્ધિ પણ સ્વર્ણિમ છે. આ મહા તીર્થધામ ગુરુદેવની અધ્યાત્મવાણીથી નિર્મિત થયું છે. અતિશયતાભરી સીમંધર પ્રભુની દિવ્યમૂર્તિ જિનમંદિરમાં છે કે જેના દર્શનમાત્રથી જગતના જીવો આત્મશાંતિ અને સુખની અનુભૂતિ પામે છે.

અહીં વિદેહક્ષેત્રમાં છે તેવું જ આબેહૂબ સમવસરણ છે કે જેમાં કુંદકુંદાચાર્ય પણ બિરાજે છે. વળી ઉન્નત અને દિવ્ય માનસ્થંભમાં વિદેહીનાથ શ્રી સીમંધરપ્રભુજી બિરાજમાન છે.

અત્રે પંચ પરમાગમ સંયુક્ત અદ્‌ભુત શ્રુતમંદિર છે, જેમાં મહાવીર પ્રભુની વિશાળ પ્રતિમા છે. તથા કુંદકુંદાચાર્યદેવના મનોરમ્ય ચરણચિહ્નની સ્થાપના થઈ છે.

નૂતન પંચમેરુ–નંદીશ્વર મંદિરમાં શાશ્વતા જિનબિંબ સાથે આદિનાથ પ્રભુ અને ભાવિના ભગવંતો બિરાજમાન છે તથા રત્નસમાન (પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના) વચનામૃત પણ અંકિત છે.

અહીં અતિ સુંદર સ્વાધ્યાય મંદિર છે, જ્યાં પિસ્તાલીસ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીએ નિવાસ કર્યો અને બસ! આત્માનું જ ધ્યાન કર્યું. અહીં જ પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતધારા સમાન અનુભવથી રસબસતી વાણી વરસી. એ ગુરુના વચનામૃતથી સારા વિશ્વમાં આત્મધર્મની હરિયાળી ફેલાઈ ગઈ, (પ્રચાર–પ્રસાર થયો).

અહીં એક વિશાળ પ્રવચન–મંડપ છે, જ્યાં હાલમાં ગુરુ પ્રભાવનાનું સ્મારક છે અને તેમાં પૌરાણિક ચિત્રો અંકિત છે તથા પંચપરમાગમ (ગુજરાતી)માં હરિગીત કોતરાયેલા છે.

આ સુવર્ણપુરી, સ્વાનુભૂતિ વિભૂષિત રત્ન પ્રશમમૂર્તિ ભગવતીમાતાની સાધનાભૂમિ છે તેઓ જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિના સંગમના પ્રતિક છે. તેમનું સ્મૃતિજ્ઞાન અલૌકિક મંગળ છે.

આપણા તારણહારા એવા પૂજ્ય ગુરુદેવશ્રીનું આ સ્વાનુભૂતિ તીર્થ સદા જયવંત રહો......જયવંત રહો.



## જયમાલા

(રાગ—જય કેવલભાનુ; છંદ તોટક)

યહ સ્વર્ણપુરી અતિ પાવન હૈ, મંગલ મંગલ મંગલકર હૈ;
યહ મુક્તિમાર્ગ પ્રકાશક હૈ, સ્વાનુભૂતિતીર્થ અતિ મંગલ હૈ.

સ્વર્ણિમ આભા હૈ સ્વર્ણપુરીકી, સ્વર્ણિમ હૈ ઈતિહાસ બના;
ગુરુવરકી અધ્યાતમ વાણીસે, નિર્મિત યહ તીરથધામ મહા.

સાતિશય જિનવરમંદિર હૈ, દિવ્યમૂરતિ સીમંધરજિનકી;
જિનકે દર્શનકર જગપ્રાણી, આતમશાંતિ સુખ પાતે હૈં.

વિદેહી ચિતાર હૈ સમવસરણ, જહાઁ કુંદપ્રભુજી પધારે હૈં;
ઉન્નત માનસ્તંભ દિવ્ય મહા, વિદેહીનાથ બિરાજે હૈં.

પરમાગમ મંદિર અદ્‌ભુત હૈ, પ્રભુ મહાવીરકી મૂરતિ હૈ;
કુંદકુંદ ચરણ અભિરામ બને, પંચ પરમાગમ શ્રુતમંદિરમેં.

પંચમેરુ નંદીશ્વરધામ બના, ભાવિ જિનવરજી બિરાજિત હૈ;
આદિનાથ પ્રભુ અરુ જિનવરવૃંદ, રત્નજડિત વચનામૃત હૈં.

સ્વાધ્યાયમંદિર બના અતિ સુંદર, જહાં કહાનગુરુને વાસ કિયા;
પૈતાલીસ વર્ષો તક જહાઁ ગુરુને, આતમકા હી ધ્યાન કિયા.

અનુભવભીની વાણી બરસી, માનો અમૃત ધારા બરસી;
ગુરુ--વચનામૃતસે સારે જગમેં, ફૈલી આતમકી હરિયાલી.

પ્રવચનમંડપ સુવિશાલ અહા, ગુરુ પ્રભાવનાકા સ્મારક હૈ;
પૌરાણિક ચિત્રાવલિ અંકિત, પંચ પરમાગમ હરિગીત રચે.

પ્રશમમૂર્તિ માત ભગવતી, સ્વાનુભૂતિવિભૂષિત રત્ન અહો;
જ્ઞાન વૈરાગ્ય ભક્તિકા સંગમ હૈ, સ્મૃતિજ્ઞાન અલૌકિક મંગલ હૈ.

જયવંત રહો જયવંત રહો સ્વાનુભૂતિતીર્થ જયવંત રહો;
તારણહારે ગુરુદેવકા યહ સ્વાનુભૂતિતીર્થ જયવંત રહો.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરી અધ્યાત્મતીર્થના જિનમંદિર મધ્યે બિરાજમાન શ્રી સીમંધરસ્વામી, પદ્મપ્રભુસ્વામી, શાંતિનાથસ્વામી, નેમિનાથસ્વામી આદિ જિનેન્દ્ર, સમવસરણમાં બિરાજમાન શ્રી સીમંધરસ્વામી, તેમના ચરણોમાં બિરાજમાન શ્રી કુંદકુંદાચાર્યદેવ, માનસ્થંભ મધ્યે ચાર દિશામાં બિરાજમાન શ્રી સીમંધરસ્વામી, પરમાગમમંદિરમાં બિરાજમાન શ્રી મહાવીરસ્વામી, શ્રી સમયસાર આદિ પંચ પરમાગમ, શ્રી કુંદકુંદાચાર્ય-ચરણચિહ્ન, શ્રી આદિનાથ, ધાતુકીખંડ વિદેહી ભાવિ તીર્થંકર, જમ્બૂ-ભરતના ભાવિ તીર્થંકર શ્રી મહાપદ્મ જિનેન્દ્ર વગેરેથી વિભૂષિત પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં ઉત્કીર્ણ 'શ્રી ગુરુદેવશ્રીના વચનામૃત' તથા 'બહેનશ્રીનાં વચનામૃત', પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં બિરાજમાન સર્વ શાશ્વત જિનેન્દ્ર, સ્વાધ્યાયમંદિરમાં પ્રતિષ્ઠિત શ્રી સમયસાર—ઇત્યાદિ સર્વ વીતરાગપદની પૂજા અર્થે મહા અર્ઘ અર્પણ કરું છું.



નિર્માણાધીન જંબૂદ્વીપ અકૃત્રિમ ચૈત્યાલય	શ્રી બાહુબલીજી



ૐ હ્રીં શ્રી સુવર્ણપુરી—અધ્યાત્મતીર્થે જિનમંદિરે બિરાજમાન શ્રી સીમંધરસ્વામી, પદ્મપ્રભ, શાંતિનાથ, નેમિનાથ આદિ જિનેન્દ્ર; સમવસરણે બિરાજમાન શ્રી સીમંધરસ્વામી, તત્પાદમૂલ—વિરાજમાન શ્રી કુન્દકુન્દાચાર્યદેવ; માનસ્તંભે ચતુર્દિક્ષુ બિરાજમાન શ્રી સીમંધરસ્વામી; પરમાગમમંદિરે બિરાજમાન ભગવાન શ્રી મહાવીરસ્વામી, શ્રી સમયસાર આદિ પંચપરમાગમ, શ્રી કુંદકુંદાચાર્ય—ચરણચિહ્ન; 'ગુરુદેવશ્રીકે વચનામૃત' તથા 'બહિનશ્રીકે વચનામૃત' ઇતિ ઉભયાભ્યાં વિભૂષિત પંચમેરુ-નંદીશ્વરજિનાલયે બિરાજમાન ભગવાન શ્રી આદિનાથ, ધાતકીખણ્ડ વિદેહી ભાવિ તીર્થંકર, જમ્બૂ—ભરતસ્ય ભાવિ શ્રી મહાપદ્મ જિનવર; પંચમેરૌ નંદીશ્વર—દ્વાપંચાશત્-જિનાલયે બિરાજમાન સર્વ શાશ્વત જિનેન્દ્ર; સ્વાધ્યાયમંદિરે પ્રતિષ્ઠિત શ્રી સમયસાર—ઇત્યાદિ સર્વ વીતરાગપદેભ્યઃ પૂજનાર્થે મહાઅર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા,



# (૪૬) શ્રી જિનેન્દ્ર પૂજા અષ્ટક

જેવી રીતે સંસારી જીવોને અગ્નિ અત્યંત સંતાપ આપે છે, તેવી રીતે જન્મ, જરા અને મરણ એ ત્રણ પ્રકારની અગ્નિ પણ ઘણા જ દુઃખ દેનારી છે, તેથી તેના વિનાશ માટે હું શ્રીજિનેન્દ્ર ભગવાનના ચરણોમાં ત્રણવાર નિર્મળ જળધારા ક્ષેપણ કરું છું. ૧.

જગતમાં ચંદન અત્યંત શીતળ પદાર્થ કહેવાય છે. પરંતુ આપના વચનોની સામે ચંદન પોતાને શીતળ ગણતું નથી કેમકે આપના વચન તો ભવતાપ સંબંધી સમસ્ત સંતાપને દૂર કરનારા છે. જ્યારે ચંદન તેવું કરી શકતું નથી, તેથી હે ભગવાન! હું આ કપૂરમિશ્રિત ચંદન આપના ચરણકમળમાં સમર્પિત કરું છું. ૨.

શૂરવીર પુરુષના માથે બાંધેલો વીરપટ્ટો હમેશા શોભે છે. પણ કાયરના માથે બાંધેલો વીરપટ્ટો શોભતો નથી. તે જ રીતે જે મનુષ્ય, ઇન્દ્રિયરૂપી શઠથી 'અક્ષત' છે, અર્થાત્ ઇન્દ્રિયો વશમાં નથી, તેવા જ પુરુષોને જ ચઢાવેલો અક્ષતનો ઢગલો શોભે છે; પરંતુ જે મનુષ્ય ઇન્દ્રિયોને આધીન છે, તેમને સમર્પિત અક્ષતનો ઢગ શોભતો નથી. જિનેન્દ્રદેવે સમસ્ત ઇન્દ્રિયોને વશ કરી લીધી છે, તેથી તેમનો આશ્રય કરીને સમર્પિત આ અક્ષય પૂંજ શોભે છે. ૩.

એ તો જાણે નિયમ છે કે જે વસ્તુ જ્યાં મળતી નથી, ત્યાં તે વધુ મનોહર અને શોભાયમાન લાગે છે, પરંતુ જે વસ્તુ જ્યાં સરળતાથી ઉપલબ્ધ હોય છે, તે ત્યાં મનોહર ગણવામાં આવતી નથી અને શોભાયમાન પણ લાગતી નથી. તેવી જ રીતે શ્રી જિનેન્દ્રદેવ સિવાયના જેટલા દેવ છે, તેમની પાસે પુષ્પમાળા અર્થાત્ કામબાણ હોવાથી તે સહુ મદન (કામ) સહિત છે, તેથી હું પુષ્પમાળાઓ દ્વારા તેમનું પૂજન કરતો નથી, કેમકે તેમના ચરણમાં ચઢાવેલી પુષ્પમાળાઓ ન તો મનોહર લાગે છે, ન તો તે શોભે છે. પરંતુ હે જિનેન્દ્ર ભગવાન આપના ચરણકમળોમાં ચઢાવવામાં આવેલી પુષ્પમાળાઓ મનોહર અને અત્યંત શોભાયમાન લાગે છે, તેથી હું પુષ્પમાળાઓ વડે શ્રી જિનેન્દ્રદેવનું પૂજન કરું છું. ૪.

જગતમાં એવું જોવા મળે છે કે જે પુરુષ કોઈ વ્યસનનો વિરોધી હોય, તેની સામે જ કોઈ વ્યસન ઉત્પન્ન કરવાવાળી વસ્તુ રાખવામાં આવે



# (૪૬) શ્રી જિનેન્દ્ર પૂજા અષ્ટક

(આચાર્ય પદ્મનંદી કૃત)

(વસંતતિલકા)

જાતિર્જરામરણમિત્યનલત્રયસ્ય
જિવાશ્રિતસ્ય બહુતાપકૃતો યથાવત્.
વિધ્નાપનાય જિનપાદયુગાબ્રભૂમૌ
ધારાત્રયં પ્રવરવારિકૃતં ક્ષિપામી. ૧.

યદ્વદ્વચો જિનપતેર્ભવતાપહારિ
નાહં સુશીતલમપીહ ભવામિ તદ્વત્.
કર્પૂરચન્દનમિતીવ મયાર્પિતં સત્
ત્વપાદપંકજસમાશ્રયણં કરોતિ. ૨.

રાજત્યસૌ શુચિતરાક્ષતપુંજરાજિ-
ર્દત્તાધિકૃત્ય જિનમક્ષતમક્ષધૂતૈર્તૈઃ.
વીરસ્ય નેતરજનસ્ય તુ વીરપટ્ટો
બધ્ધઃ શિરસ્યાંતિત્તરાં શ્રિયમાતનોતિ. ૩.

સાક્ષાદપુષ્પશર એવ જિનસ્તદેનં
સંપૂજયામિ શુચિપુષ્પશરૈર્મનોજ્ઞૈઃ.
નાન્યં તદાશ્રયતયા કિલ યન્ન યત્ર
તત્તત્ર રમ્યમધિકાં કુરુતે ચ લક્ષ્મીમ્. ૪.

દેવો ડયમિન્દ્રિયબલપ્રલયં કરોતિ
નૈવૈદ્યમિન્દ્રિયબલપ્રદખાદ્યમેતત્.
ચિત્રં તથાપિ પુરતઃ સ્થિતમર્હતોડસ્ય
શોભાં બિભર્તિ જગતો નયનોત્સવાય. ૫.

તો તે તેને જોઈને તે મનુષ્યનું મન વિકૃત થઈ જાય છે. પરંતુ ભગવાનમાં એ આશ્ચર્ય છે કે આ નૈવેદ્ય, તેમની સામે રાખવામાં આવે તો પણ તેમને વિકૃતિ થતી નથી. જો કે નૈવેદ્ય, ઈન્દ્રિયબળને વધારવાવાળા અને સ્વાદિષ્ટ છે, તો પણ ભગવાન સમસ્ત ઇન્દ્રિયબળને બાળીને ખાખ કરી નાખે છે. તેથી તેમની સમક્ષ રાખેલા આ નૈવેદ્ય ફક્ત સંસારી લોકોના નેત્રને ગમે તેવા છે. ૫.

ઉન્નત અગ્નિશિખાસમ આરતી (દીપક)ની જ્વાળા દેખાય છે, તે આરતીની જ્વાળા નથી પણ તે ભગવાનની ધ્યાનરૂપી અગ્નિ છે, જે બાકી રહેલ બધા કર્મોનો નાશ કરવા તેને શોધી રહી હોય તેવું લાગે છે. ૬.

સર્વત્ર ફેલાઈ રહેલો ધૂપનો ધુમાડો જાણે દસ દિશારૂપી સ્ત્રીઓના મુખ પર કસ્તુરીના રસની બનાવેલી પત્ર–રચના કરી રહ્યો હોય તેવો લાગે છે. તે ધુમાડો નીકળે ત્યારે પવનથી ધ્રુજતો હોય અને જાણે કે શ્રી જિનેન્દ્ર ભગવાનનો આશ્રય લઈને હર્ષથી નૃત્ય કરતો હોય! ૭

જે મનુષ્ય જિનેન્દ્રદેવની ભક્તિ કરે છે. તે ભક્તિના સામર્થ્યથી જો કે તે મનુષ્યને ઉત્તમોત્તમ સમસ્ત પ્રકારના ફળોની પ્રાપ્તિ થાય છે, છતાં પણ તે મોહને વશ સંયોગોની યાચના કરે છે. તેવી જ રીતે હે પ્રભુ! આપની ભક્તિથી મને અવિનાશી સુખસ્વરૂપી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે એમ હોવા છતાં હું રાગને વશ અનેક પ્રકારના ફળ ચઢાવીને આપની પૂજા–અર્ચના કરું છું. ૮.

હે નિર્મળ કેવળજ્ઞાનરૂપી નેત્રધારી અને સમસ્ત જીવોને શાંતિ આપવાવાળા જિનેન્દ્રદેવ! હું શાસ્ત્રાનુસાર શ્રેષ્ઠ આનંદમય મનોરથથી આપની સુયોગ્યરીતે પૂજા કરી તથા સ્ત્રોત ભણીને પુષ્પાંજલિ સમર્પિત કરું છું. ૯

જે રીતે ખેડૂતો, રાજાના કલ્યાણ માટે નહીં, પણ પોતાના જ લાભ માટે ખેતી કરે છે, તે જ રીતે હે સમસ્ત ગુણોના ભંડાર જિનેન્દ્રદેવ! જે મનુષ્યો આપની પૂજા કરે છે તે પોતાના કલ્યાણ માટે જ કરે છે, આપને માટે નહીં. સમસ્ત કાર્યોને પરિપૂર્ણ કરી લીધા હોવાથી આપ તો કૃતકૃત્ય છો, તેથી આપને પૂજનાદિ કોઈપણ કાર્યથી કોઈ પ્રકારનું પ્રયોજન નથી. ૧૦.



આરાર્તિકં તરલવહ્નિશિખં વિભાતિ
સ્વચ્છે જિનસ્ય વપુષિ પ્રતિબિમ્બિતં સત્.
ધ્યાનાનલો મૃગયમાણ ઈવાવશિષ્ટં
દગ્ધું પરિભ્રમતિ કર્મચયં પ્રચાંડઃ. ૬

કસ્તૂરિકારસમયીરિવ પત્રવલ્લીઃ
કુર્વન્ મુખેષુ ચલનૈરિહ દિગ્વધૂનામ્.
હર્ષાદિવ પ્રભુજિનાશ્રયણેન વાત-
પ્રેઙ્ખદ્ધપુર્નટતિ પશ્યત ધૂપધૂમઃ. ૭.

ઉચ્ચૈઃફલાય પરમામૃતસંજ્ઞકાય
નાનાફલૈર્જિનપતિં પરિપૂજયામિ.
તદ્ભક્તિરેવ સકલાનિ ફલાનિ દત્તે
મોહેન તત્તદપિ યાવત એવ લોકઃ. ૮.

પૂજાવિધિં વિધિવદત્ર વિધાય દેવે
સ્તોત્રં ચ સંમદરસાશ્રિતચિત્તવૃત્તિઃ.
પુષ્પાંજલિં વિમલકેવલલોચનાય
યચ્છામિ સર્વજનશાન્તિકરાય તસ્મૈ. ૯.

શ્રીપદ્મનન્દિતગુણૌધ ન કાર્યમસ્તિ
પૂજાદિના યદપિ તે કૃતકૃત્યતાયાઃ
સ્વશ્રેયસે તદપિ તત્કુરુતે જનોઽર્હન
કાર્યા કૃષિઃ ફલકૃતે ન તુ ભૂપકૃત્યૈ. ૧૦.



# (૪૭) શ્રી નંદીશ્વરદ્વીપ-જિનપૂજા

**સ્થાપના :** સર્વ પર્વોમાં એક સૌથી મહત્વનું પર્વ તે અષ્ટાહ્નિકા પર્વ છે. આ પર્વમાં (ચારેય પ્રકારના દેવ) અષ્ટ દ્રવ્ય લઈને જિનેન્દ્ર ભગવાનની પૂજા કરવા નંદીશ્વર દ્વીપના અકૃત્રિમ ચૈત્યાલયોમાં જાય છે. નંદીશ્વરદ્વીપ સુધી જવાની તો મારી શક્તિ નથી, તેથી અહીં નંદીશ્વરદ્વીપના જિનાલયોની સ્થાપના કરી મારા હિતને માટે તે જિનબિંબોની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી નંદીશ્વરદ્વીપ સ્થિત બાવન જિનાલય સંબંધી સર્વ જિનબિંબ સમૂહ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી નંદીશ્વરદ્વીપ સ્થિત બાવન જિનાલય સંબંધી સર્વ જિનબિંબ સમૂહ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી નંદીશ્વરદ્વીપ સ્થિત બાવન જિનાલય સંબંધી સર્વ જિનબિંબ સમૂહ મારી નિકટ બિરાજો. ૧

**જળ :** હે ભગવાન! સુવર્ણના રત્નજડિત કળશમાં તીર્થનું જળ ભરી જન્મ–જરા અને મૃત્યુનો નાશ કરવા આપના ચરણો સમક્ષ અર્પું છું અને નંદીશ્વરદ્વીપના બાવન જિનમંદિરોની મનોરમ્ય પ્રતિમાની આઠ દિવસ સુધી હર્ષિત ચિત્તથી પૂજા કરું છું. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને જન્મ-જરા-મૃત્યુના નાશ માટે જળ સમર્પિત કરું છું. ૨.

**ચંદન :** હે ભગવાન, ભવના તાપને નષ્ટ કરવા માટે શીતલ સુગંધિત ચંદન સમર્થ નથી, પણ એ ગુણ તો આપમાં જ છે અર્થાત્ ભવાતાપ મટાડવા આપ જ સમર્થ છો. તેથી હું ચંદન લઈ આપની સમીપ આવ્યો છું. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને સંસાર તાપના નાશ માટે ચંદન સમર્પિત કરું છું. ૩.



# (૪૭) શ્રી નંદીશ્વરદ્વીપ-જિનપૂજા

(અડિલ્લ છંદ)

સરવ પરવમેં બડૌ અઠાઈ પરવ હૈ,
નંદીશ્વર સુર જાહિં લિયે વસુ દરવ હૈ;
હમેં શક્તિ સો નાહિં ઈહાં કરિ થાપના,
પૂજૌં જિનગૃહ પ્રતિમા હૈ હિત આપના.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાસમૂહ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્,

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાસમૂહ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાસમૂહ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

કંચન મણિમય ભૃંગાર તીરથ નીર ભરા,
તિહું ધાર દઈ નિરવાર જામન મરન જરા;
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

ભવતપહર શીતલ વાસ, સો ચંદન નાહીં;
પ્રભુ યહ ગુન કીજૈ સાંચ, આયો તુમ ઠાહીં.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

**અક્ષત :** હે જિનેન્દ્રદેવ! આપની સમક્ષ શ્રેષ્ઠ અક્ષતનો પૂંજ શોભી રહ્યો છે. આપે સર્વ ઇન્દ્રિયસમૂહને જીતી લીધો છે, આપ સમાન બીજું કોઈ નથી. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત સમર્પિત કરું છું. ૪.

**પુષ્પ :** હે જિનેન્દ્રદેવ! આપ કામને નષ્ટ કરનાર છો. તેથી હું આપને પુષ્પ ચડાવું છું. હું શીલરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી આ સંસારના દુઃખોથી છૂટવા માગું છું. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને કામદાહ નષ્ટ કરવા માટે પુષ્પ સમર્પિત કરું છું. ૫.

**નૈવેદ્ય :** હે પ્રભુ! નૈવેદ્ય ઇંદ્રિયોને બળવાન બનાવનાર છે; પરંતુ આપે તો ઇન્દ્રિયોને વશ કરી લીધી છે. છતાં તે નૈવેદ્ય આપની સમક્ષ પ્રત્યક્ષ શોભી રહ્યો છે. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય સમર્પિત કરું છું. ૬.

**દીપ :** હે ભગવાન! આપનું શરીર દીપકની જ્યોતિ સમાન પ્રકાશમાન દેખાય છે. મારા કર્મોના પુંજ નષ્ટ થઈ જ્ઞાનકિરણ ફૂટે તે અર્થે આ દીપ સમર્પિત કરું છું. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને મોહઅંધકારના નાશ માટે દીપ સમર્પિત કરું છું. ૭.

**ધૂપ :** કૃષ્ણાગુરુનો સુગંધિત ધૂપ લઈ, અતિ હર્ષિત થઈ તેને ખેવું છું. એથી દશે દિશામાં જાણે નર્તન થતું હોય તેમ તેની સુગંધ પ્રસરે છે. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને અષ્ટકર્મના દહન માટે ધૂપ સમર્પિત કરું છું. ૮.



ઉત્તમ અક્ષત જિનરાજ, પુંજ ધરે સોહે;
સબ જીતે અક્ષસમાજ, તુમ સમ અરુ કો હૈ.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

તુમ કામવિનાશક દેવ, ધ્યાઊં ફૂલનસૌં;
લહું શીલ-લચ્છમી એવ, છૂટૂં સૂલનસૌં.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ કામબાણવિધ્વંશનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

નેવજ ઇન્દ્રિય બલકાર, સો તુમને ચૂરા;
ચરુ તુમ ઢિગ સોહૈ સાર, અચરજ હૈ પૂરા.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

દીપકકી જ્યોતિ પ્રકાશ, તુમ તનમાંહિ લસૈ;
ટૂટૈ કરમનકી રાશ, જ્ઞાનકણી દરસૈ.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

કૃષ્ણાગરુ ધૂપ સુવાસ, દશ દિશિ—નારિ વરૈં;
અતિ હરષભાવ પરકાશ, માનોં નૃત્ય કરૈં.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

**ફળ :** આનંદિત થઈ હું ઋતુઋતુના વિવિધ ફળ ચડાવું છું. આપ દયાળું મોક્ષરૂપી ફળ આપો એવી માગણી કરું છું. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ સમર્પિત કરું છું. ૯.

**અર્ઘ :** મેં આ અર્ઘ મારા હિત અર્થે, આપને અર્પણ કરવા તૈયાર કર્યો છે અને આપ મને શિવક્ષેત્રમાં નિવાસ આપો તે ભાવનાથી આ અર્ઘ અહીં સમર્પિત કરું છું. આ મહાન નંદીશ્વરદ્વીપની ચારેય દિશાઓ બાવન જિનમંદિરોથી શોભાયમાન છે અને તે દેવો અને મનુષ્યોના મન મોહિત કરે છે.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત જિનબિંબોને અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૧૦.

## જયમાલા

કાર્તિક, ફાગણ તથા અષાઢ માસના સુદ આઠમથી પૂર્ણિમા સુધીના આઠ દિવસોમાં ઈન્દ્રો નંદીશ્વરદ્વીપ જાય છે અને અમે અહીં પૂજન કરીએ છીએ. ૧.

આગમમાં નંદીશ્વરદ્વીપ આઠમો દ્વીપ કહ્યો છે. તેનો વિસ્તાર એકસો ત્રેસઠ કરોડ ચોર્યાસી લાખ મહા યોજન જેટલો છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૨.

નંદીશ્વરદ્વીપની ચારે દિશામાં એક એક અંજનગિરિ પર્વત છે જેની ઉંચાઈ અને પહોળાઈ ચોર્યાસી હજાર યોજન છે. તેની આકૃતિ ઢોલ સમાન ગોળ છે. અને ઉપરમાં ઘણો જ સુંદર છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૩.

પ્રત્યેક અંજનગિરિ પર્વતની નિર્મળ જળથી ભરેલી એક લાખ યોજનની ચાર દિશામાં ચાર સુંદર વાવડીઓ છે. આ વાવડીઓની ચાર દિશાઓમાં એક એક લાખ યોજન વિસ્તારવાળા ચાર સુંદર વન છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૪.



બહુવિધ ફલ લે તિહું કાલ, આનંદ રાચત હૈં;
તુમ શિવફલ દેહુ દયાલ, સો હમ જાચત હૈં.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

યહ અર્ઘ કિયો નિજ હેત, તુમકો અરપત હોં;
'દ્યાનત' કીનો શિવખેત, ભૂમિ સમરપત હોં.
નંદીશ્વર શ્રીજિનધામ બાવન પુંજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશજ્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(દોહા)

કાર્તિક ફાગુન સાઢકે, અંત આઠ દિન માહિં;
નંદીશ્વર સુર જાત હૈં, હમ પૂજૈં ઈહ ઠાહિં. ૧
એકસૌ ત્રેષઠ કોડિ જોજન મહા,
લાખ ચૌરાસિયા એક દિશમેં લહા;
આઠમોં દ્વીપ નંદીશ્વરં ભાસ્વરં,
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૨
ચારદિશિ ચાર અંજનગિરિ રાજહીં,
સહસ ચૌરાસિયા એકદિશ છાજહીં;
ઢોલસમ ગોલ ઉપર તલેં સુંદરં.
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૩
એક ઈક ચાર દિશિ ચાર શુભ બાવરી,
એક ઈક લાખ જોજન અમલ જલભરી;
ચહું દિશા ચાર વન લાખ જોજન વરં.
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૪

ચાર દિશાઓની સોળ વાવડીઓની મધ્યમાં દસ હજાર મહાયોજન ઉંચાઈના એક-એક સુખમય દધિમુખ પર્વત છે. દરેક વાવડીના બે બહારના ખુણા પર બે-બે રતિકર નામના પર્વત છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૫.

એક હજાર યોજન ઊંચા બત્રીસ રતિકર પર્વત, ચાર અંજનગિરિ પર્વત અને સોળ દધિમુખ પર્વત સહિત સર્વ મળી બાવન છે. પ્રત્યેક પર્વત પર એક એક અકૃત્રિમ જિનાલય છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૬.

જેના દર્શનમાત્રથી દેવ-દેવી સર્વના મન મોહી લે તે પ્રત્યેક જિનાલયમાં એકસો આઠ રત્નમયી જિનબિંબો છે, જે પાંચસો ધનુષ ઊંચા અને પદ્માસન મુદ્રામાં છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૭.

આ અકૃત્રિમ પ્રતિમા રત્નમયી છે. તેના નખ અને મુખ લાલ છે. નેત્ર કાળા અને સફેદ છે અને ભ્રમર અને મસ્તકના વાળ કાળા રંગના છે. જે અતિ શોભા આપે છે. આ પ્રતિમા એવી જીવંત લાગે છે કે જાણે હમણાં જ વચન દ્વારા પાપરૂપી મેલને હરી રહી હોય. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૮.

કરોડો ચંદ્રમા અને સૂર્યોના તેજ પણ આ પ્રતિમાના તેજ પાસે ફીકા લાગે છે. પ્રતિમાની મુખાકૃતિ પર મહાવૈરાગ્યના ભાવ સ્થિરતા પામ્યા છે. આ પ્રતિમા વચનથી બોલતી નથી છતાં તેના દર્શન માત્રથી સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૯.

નંદીશ્વરદ્વીપના જિનમંદિરો અને જિન પ્રતિમાની મહિમા કોણ કહી શકે? દ્યાનતરાય કવિ કહે છે એમના નામ માત્રની ભક્તિ શિવસુખની પ્રાપ્તિ કરાવે છે. હું સુખકારી એવા બાવન જિનાલય સ્થિત સર્વ પ્રતિમાઓને નમન કરું છું. ૧૦.

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપના બાવન જિનાલયોમાં સ્થિત સર્વ જિનબિંબોને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ્ય સમર્પિત કરું છું.



સોલ વાપીનમધિ સોલ ગિરિ દધિમુખં,
સહસ દશ મહા જોજન લખત હી સુખં;
બાવરી કૌન દોમાહિં દો રતિકરં.
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૫

શૈલ બત્તીસ ઈક સહસ જોજન કહે,
ચાર સોલૈ મિલે સર્વ બાવન લહે;
એક ઈક સીસ પર એક જિનમંદિરં.
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૬

બિંબ અઠ એકસૌ રતનમય સોહહીં;
દેવ દેવી સરવ નયન મન મોહહીં;
પાંચસૈ ધનુષ તન પદ્મ આસન પરં.
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૭

લાલ નખ મુખ નયન શ્યામ અરુ સ્વેત હૈં,
શ્યામ રંગ ભોંહ સિર કેશ છબિ દેત હૈં;
વચન બોલત મનોં હઁસત કાલુષ હરં.
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૮

કોટિ શશિ ભાનુ દુતિ તેજ છિપ જાત હૈ,
મહા વૈરાગ પરિણામ ઠહરાત હૈ;
બયન નહિ કહૈ લખિ હોત સમ્યક્ધરં.
ભૌન બાવન પ્રતિમા નમોં સુખકરં. ૯

(સોરઠા)

નંદીશ્વર જિનધામ, પ્રતિમા મહિમા કો કહૈ;
'દ્યાનત' લીનોં નામ, યહી ભગતિ શિવસુખ કરૈ. ૧૦

ૐ હ્રીં શ્રીનંદીશ્વરદ્વીપે પૂર્વપશ્ચિમોત્તરદક્ષિણે દ્વિપંચાશત્જિનાલયસ્થ જિનપ્રતિમાભ્યઃ મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

# (૪૮) શ્રી પંચમેરુ-જિનપૂજા

**સ્થાપના :** તીર્થંકરોના જન્માભિષેક જળથી જે સુખદાયી તીર્થ બન્યા છે એ પાંચ મેરુપર્વતોની દેવગણ સદા પરિક્રમા કરે છે. અઢીદ્વીપ અને બે સમુદ્રના પાંચ મેરુ પર્વતો પર સ્થિત એંસી અકૃત્રિમ જિનાલયોમાં બિરાજમાન પ્રતિમાના પૂજનથી સુખની પ્રાપ્તિ થાય છે અને દુઃખ દૂર થાય છે.

ૐ હ્રીં શ્રી પંચમેરુ સ્થિત એંસી જિનાલય સંબંધી સર્વ જિનબિંબ સમૂહ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી પંચમેરુ સ્થિત એંસી જિનાલય સંબંધી સર્વ જિનબિંબ સમૂહ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી પંચમેરુ સ્થિત એંસી જિનાલય સંબંધી સર્વ જિનબિંબ સમૂહ મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** શીતલ મધુર અને સુગંધિત જળથી જિનેન્દ્ર ભગવાનની મહાસુખદાયી પૂજા કરું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને જન્મજરા અને મૃત્યુના નાશ માટે જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** શ્રી જિનરાજની પૂજા કરવા જળમાં કેશર, કપૂર મેળવી સુગંધિત કરી તૈયાર કર્યું છે. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને ભવતાપના નાશ માટે ચંદન અર્પણ કરું છું. ૩.



# (૪૮) શ્રી પંચમેરુ-જિનપૂજા

(ગીતા છંદ)

તીર્થંકરોંકે ન્હવનજલતેં ભયે તીરથ શર્મદા,
તાતૈં પ્રદચ્છન દેત સુરગણ પંચમેરુનકી સદા,
દો જલધિ ઢાઈ દ્વીપમેં સહ ગનત—મૂલ વિરાજહીં,
પૂજોં અસી જિનધામપ્રતિમા, હોહિ સુખ દુખ ભાજહીં.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલયસ્થજિનપ્રતિમાસમૂહ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલયસ્થજિનપ્રતિમાસમૂહ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્,

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલયસ્થજિનપ્રતિમાસમૂહ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ સન્નિધિકરણમ્. ૧.

(ચૌપાઈ આંચલીબદ્ધ ૧૫ માત્રા)

સીતલ મિષ્ટ સુવાસ મિલાય, જલસોં પૂજોં શ્રી જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યો જલં નિર્વપામીતિ૦ ૨

જલ કેશર કરપૂર મિલાય, ગંધસોં પૂજોં શ્રી જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ ચંદનં નિર્વપામીતિ૦ ૩

**અક્ષત** : શુદ્ધ, અખંડ, સુગંધિત અને સુંદર અક્ષતથી શ્રી જિનરાજની પૂજા કરું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ** : અનેક રંગના સુગંધી પુષ્પોથી શ્રી જિનરાજની પૂજા કરું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને કામબાણના નાશ માટે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય** : મનને ગમે તેવા, તરત બનાવેલા તાજા નૈવેદ્યથી શ્રી જિનરાજની પૂજા કરું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ** : અંધકારને દૂર કરવાવાળી ઉજ્જ્વળ જ્યોતિ પ્રગટાવી શ્રી જિનરાજને દીપથી પૂજું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને મોહાંધકારના નાશ માટે દીપ અર્પણ કરું છું. ૭.



અમલ અખંડ સુગંધ સુહાય, અક્ષતસોં પૂજોં જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ અક્ષતાન્ નિર્વપામીતિ૦ ૪

વરન અનેક રહે મહકાય, ફૂલનસૌં પૂજોં જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ પુષ્પં નિર્વપામીતિ૦ ૫

મનવાંછિત બહુ તુરત બનાય, ચરુસોં પૂજોં શ્રી જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ નૈવેદ્યં નિર્વપામીતિ૦ ૬

તમહર ઉજ્જ્વલ જ્યોતિ જગાય, દીપસૌં પૂજોં શ્રી જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ દીપં નિર્વપામીતિ૦ ૭



**ધૂપ :** અગર જાતિની શુદ્ધ ધૂપ જલાવીને પ્રભુ સન્મુખ ધૂપથી પૂજા કરું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને અષ્ટકર્મના નાશ માટે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** રસથી ભરેલા, સુંદર રંગના સુગંધિત શોભાયુક્ત ફળોથી શ્રી જિનવરની પૂજા કરું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને મોક્ષફલની પ્રાપ્તિ માટે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** આઠ દ્રવ્યનો અર્ઘ બનાવી હું કવિ ધાનતરાયજી શ્રી જિનરાજની અર્ઘથી પૂજા કરું છું. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. હું પાંચ મેરુ વિષે એંશી જિનાલયોમાં સ્થિત પ્રત્યેક પ્રતિમાને પ્રણામ કરું છું, જેથી મહાસુખ પ્રાપ્ત થાય છે, શાશ્વત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

### જયમાલા

મુખ્ય સુદર્શન મેરુ, વિજયમેરુ, અચલમેરુ, મંદરમેરુ અને વિદ્યુન્માલી મેરુ આ પાંચ મેરુ જગમાં પ્રસિદ્ધ છે. ૧.

પ્રથમ સુદર્શન મેરુ જંબૂદ્વીપ વચ્ચે સ્થિત છે. તેમાં સૌથી નીચે ભૂમિ પર ભદ્રશાલ વન છે. જેની ચારેબાજુ ચાર સુખદાયી ચૈત્યાલય છે. તેને મનવચનકાય પૂર્વક હું વંદના કરું છું. ૨.

ભદ્રશાલ વનથી પાંચસો યોજન ઉપર સુંદર નંદનવન સ્થિત છે, જેના દર્શન કરતાં મન મોહિત થઈ જય છે. તેની ચારે બાજુ ચાર સુખદાયી ચૈત્યાલય છે, તેને મન–વચન–કાય સહિત વંદન કરું છું. ૩.



ખેઊં અગર અમલ અધિકાય, ધૂપસૌં પૂજોં શ્રી જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ ધૂપં નિર્વપામીતિ૦ ૮

સુરસ સુવર્ણ સુગંધ સુહાય, ફલસૌં પૂજોં શ્રી જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ ફલં નિર્વપામીતિ૦ ૯

આઠ દરવમય અર્ઘ બનાય, 'દ્યાનત' પૂજોં શ્રી જિનરાય;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય;
પાંચોં મેરુ અસી જિનધામ, સબ પ્રતિમાકો કરોં પ્રણામ;
મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલસ્થજિનબિમ્બેભ્યઃ અર્ઘ નિર્વપામીતિ૦ ૧૦

### જયમાલા

(સોરઠા)

પ્રથમ સુદર્શન સ્વામિ, વિજય અચલ મંદર કહા,
વિદ્યુન્માલી નામ, પંચમેરુ જગમેં પ્રગટ. ૧

(ચૌપાઈ)

પ્રથમ સુદર્શન મેરુ વિરાજૈ, ભદ્રશાલ વન ભૂપર છાજૈ;
ચૈત્યાલય ચારોં સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૨

ઉપર પાંચ શતક પર સોહૈ, નંદનવન દેખત મન મોહૈ;
ચૈત્યાલય ચારોં સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૩

નંદનવનથી સાડા બાસઠ હજાર યોજનની ઊંચાઈ પર અધિક શોભાદાયી સૌમનસ વન છે. નંદનવનની ચાર દિશામાં સુખદાયી ચાર જિનાલયને મન-વચન-કાયપૂર્વક વંદના કરું છું. ૪.

સૌમનસ વનની ઉપર છત્રીસ હજાર યોજન સૌથી ઊંચે વનના શિખર પર પાંડુકવન સોહે છે. પાંડુકવનની ચાર દિશામાં સ્થિત ચાર સુખદાયી જિનમંદિર છે. ૫.

ચાર મેરુ (વિજય મેરુ, અચલમેરુ, મંદરમેરુ, વિદ્યુન્માલી મેરુ) સમાન ઉંચાઈ (૮૪ હજાર યોજન) અને સમાન વિસ્તારવાળા છે. તેમાં સૌથી નીચે ભૂમિપર ભદ્રસાલ વન છે. તેની પ્રત્યેક દિશામાં એક જિન ચૈત્યાલય છે. સુખદાયી એવા સોળ ચૈત્યાલયો (મેરુના એક વનના ૪ એવા ૪ મેરુના ૪ x ૪ = ૧૬)ની મન-વચન-કાયાથી વંદના કરું છું. ૬.

ભદ્રસાલ વનથી પાંચસો યોજન ઉપર ચાર મેરુ પર્વત પર ચાર નંદનવન છે. એ સુખકારી એવા નંદનવનના ૧૬ જિનાલયોની મન -વચન-કાય પૂર્વક વંદના કરું છું. ૭.

નંદનવનથી સાડા પંચાવનહજાર યોજન ઉપર વિવિધ રત્નસમૂહથી નિર્મિત સૌમનસ વન છે. તેની ચારે દિશાઓમાં એક એક જિનાલય છે. એ સુખદાયી એવા સૌમનસ વનના સોળ ચૈત્યાલયની મન-વચન-કાય સહિત વંદના કરું છું. ૮.

સૌમનસવનથી અઠ્યાવીસ હજાર યોજન ઉપર ચારેય મેરુપર્વત પર ચાર સુંદર પાંડુકવન છે. તેની ચારેય દિશામાં એક-એક જિનાલય છે, તેની હું મન-વચન-કાયાથી વંદના કરું છું. ૯.

દેવ, વિદ્યાધર અને ચારણ ઋદ્ધિધર મુનિરાજ આ જિનાલયની વંદના કરવા આવે છે. ત્યાંની શોભાનું વર્ણન મારા મુખથી હું શું કહું? એવા સુખદાયી એંસી જિનાલયોની હું મન-વચન-કાયપૂર્વક વંદના કરું છું. ૧૦.

પંચમેરુ સ્થિત જિનાલયોની આરતી (વર્ણન/મહિમા) જે કોઈ વાંચે છે, સાંભળે છે તે ભગવાનના જ્ઞાનમાં આવે છે. કવિ ધાનત કહે છે, તેને તરત મહાસુખની પ્રાપ્તિ થાય છે. ૧૧.

ૐ હ્રીં પંચમેરુ સંબંધી એંશી જિનાલયમાં સ્થિત સર્વ જિનબિંબ સમૂહને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે પૂર્ણાર્ઘ અર્પણ કરું છું.



સાઢે બાસઠ સહસ ઊંચાઈ, વન સુમનસ શોભે અધિકાઈ;
ચૈત્યાલય ચારોં સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૪

ઊંચા યોજન સહસ છત્તીસં, પાંડુકવન સોહૈ ગિરિસીસં;
ચૈત્યાલય ચારોં સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૫

ચારોં મેરુ સમાન બખાનૈ, ભૂપર ભદ્રશાલ ચહું જાનૈ;
ચૈત્યાલય સોલહ સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૬

ઊંચે પાંચ શતક પર ભાખૈ, ચારોં નંદનવન અભિલાખૈ;
ચૈત્યાલય સોલહ સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૭

સાઢે પચપન સહસ ઉતંગા, વન સૌમનસ ચાર બહુરંગા;
ચૈત્યાલય સોલહ સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૮

ઉચ્ચ અઠાઈસ સહસ બતાયે, પાંડુક ચારોં વન શુભ ગાયે;
ચૈત્યાલય સોલહ સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૯

સુર નર ચારન વંદન આવૈ, સો શોભા હમ કિહ મુખ ગાવૈં,
ચૈત્યાલય અસ્સી સુખકારી, મન-વચ-તન વંદના હમારી. ૧૦

(દોહા)

પંચમેરુકી આરતી, પઢૈ સુનૈ જો કોય;
"ધ્યાનત" ફલ જાને પ્રભુ, તુરત મહાસુખ હોય. ૧૧.

ૐ હ્રીં પંચમેરુસંબંધી જિનચૈત્યાલયસ્થજિનબિંબેભ્યઃ મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.



# (૪૯) શ્રી જિનવાણી-સરસ્વતી પૂજા

**સ્થાપના :** જે જિન વચનને પ્રીતિથી પૂજે છે, તે જન્મ, ઘડપણ અને મરણને મટાડે છે; તેમજ મિથ્યા જડ માન્યતાને દૂર કરીને ભવસાગર તરી જાય છે.

ૐ હ્રીઁ શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવી ! અહીં પધારો પધારો.

ૐ હ્રીઁ શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવી ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીઁ શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવી ! મારી નિકટ બિરાજો. ૧

**જળ :** જિનવાણી શુદ્ધ જળરૂપી ગંગા છે, તેમાં નિર્મળ તરંગો ઉછળે છે, તે અખંડ પ્રવાહરૂપે વહે છે અને સુખસંગીની છે; તેને સુવર્ણકળશમાં જળ ભરી, ઝીણી ધાર વડે, સંતુષ્ટ હૃદયે મારા શુભ હિતને અર્થે અર્પણ કરું છું. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીઁ શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** કપૂર મંગાવ્યું, ચંદન આવી ગયું અને કેસર પણ લાવ્યા; હવે આનંદના રંગે મા શારદા જિનવાણીને વંદો ને મનથી અભિનંદન આપો તો પાપ મૂળમાંથી નાશ થશે અને ભવતાપ મટી જશે. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીઁ શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** ચંદ્ર સમાન સફેદ અને સુખ ઉપજાવનારા કમોદ ચોખા લઈ અતિ આનંદથી અનુમોદના કરી, બહુ જ ભક્તિભાવે કીર્તિ ગાઉં છું અને પ્રાર્થના કરું છું કે હે જિનવાણી માતા ! મને સદાય સહાયરૂપ થજો. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીઁ શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને અક્ષત અર્પણ કરું છું. ૪.



# (૪૯) શ્રી જિનવાણી-સરસ્વતી પૂજા

(દોહા)

જનમ જરા મૃતુ ક્ષય કરૈ, હરૈ કુનય જડરીતિ;
ભવસાગરસોં લે તિરૈ, પૂજૈ જિનવચ પ્રીતિ.

ૐ હ્રીઁ શ્રીજિનમુખોદ્ભવસરસ્વતીવાગ્વાદિની! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્,

ૐ હ્રીઁ શ્રીજિનમુખોદ્ભવસરસ્વતીવાગ્વાદિની! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ સ્થાપનમ્,

ૐ હ્રીઁ શ્રીજિનમુખોદ્ભવસરસ્વતીવાગ્વાદિની! —અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ સન્નિધિકરણમ્. ૧.

(ત્રિભંગી છંદ)

ક્ષીરોદધિ ગંગા, વિમલ તરંગા, સલિલ અભંગા, સુખસંગા,
ભરિ કંચન ઝારી, ધાર નિકારી, તૃષા નિવારી, હિતચંગા;
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીઁ શ્રી જિનમુખોદ્ભવસરસ્વતીદેવ્યૈ જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

કરપૂર મંગાયા, ચંદન આયા, કેશર લાયા, રંગ ભરી;
શારદપદ વંદોં, મન અભિનંદોં, પાપ નિકંદો, દાહ હરી.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીઁ શ્રી જિનમુખોદ્ભવસરસ્વતીદેવ્યૈ ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

સુખદાસ કમોદં, ધારકમોદં અતિ અનુમોદં; ચંદસમં;
બહુ ભક્તિ બઢાઈ, કીરતિ ગાઈ, હોહુ સહાઈ, માત મમં.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીઁ શ્રી જિનમુખોદ્ભવસરસ્વતીદેવ્યૈ અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

**પુષ્પ :** આનંદિત મનથી, ઘણા જ વિમલ પ્રકાશિત અને સુગંધિત એવા ફૂલોનો ઢગલો લાવીને જિનવાણીની પૂજા કરતાં મારી ઈચ્છાઓ મટી ગઈ. શીલ (–પવિત્રતા)નું વધવું થયું. સુખ ઉપજ્યું અને દોષનો નાશ થઈ ગયો. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** મેં ઘીથી ભરપૂર જુદા જુદા સુંદર મિષ્ટ પકવાન બનાવ્યા છે અને તેના વડે જિનવાણીની પૂજા કરું છું, સ્તુતિ ગાઉં છું તથા ઘણો મહિમા લાવીને બહુ જ આનંદથી (અનાદિની) ક્ષુધાનો નાશ કરું છું. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.


**દીપ :** જે દીપકની જ્યોત પ્રગટાવતા અંધારું મટી જાય છે, તેવી પ્રજ્વળ જ્યોત ચઢાવું છું. હે જિનવાણી આપ જ્ઞાન પ્રકાશક છો. ભ્રમણાઓનો નાશ કરનાર છો. અમારું સ્વરૂપ દર્શાવનાર છો અને જ્ઞાન વધારનાર છો. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને દીપ અર્પણ કરું છું. ૭.

**ધૂપ :** હે જિનવાણી! આપની સમક્ષ હું દસ પ્રકારનો સુંદર ધૂપ લઈ અગ્નિમાં ક્ષેપણ કરું છું અને આ દાસ આપની સેવા કરતાં ભાવે છે કે આપ મારા પાપ બાળીને, પુણ્ય ઉપજાવો. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને ધૂપ અર્પણ કરું છું. ૮.






બહુ ફૂલ સુવાસં, વિમલપ્રકાશં, આનંદરાસં, લાય ધરે;
મમ કામ મિટાયો, શીલ બઢાયો, સુખ ઉપજાયો, દોષ હરે.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્‌ભવસરસ્વતીદેવ્યૈ પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

પકવાન બનાયા, બહુ ઘૃત લાયા, સબ વિધ ભાયા, મિષ્ટ મહા,
પૂજું થુતિ ગાઊં, પ્રીતિ બઢાઊં, ક્ષુધા નશાઊં, હર્ષ લહા.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્‌ભવસરસ્વતીદેવ્યૈ નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

કરી દીપક જોતં, તમછય હોતં, જ્યોતિ ઉદોતં, તુમહિં ચઢૈ;
તુમ હો પરકાશક, ભરમવિનાશક, હમ ઘટ ભાસક, જ્ઞાન બઢૈ.
તીર્થંકરકી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્‌ભવસરસ્વતીદેવ્યૈ દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

શુભ ગંધ દશોં કર, પાવકમેં ધર, ધૂપ મનોહર, ખેવત હૈં;
સબ પાપ જલાવૈં, પુણ્ય કમાવૈં, દાસ કહાવૈં સેવત હૈં.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્‌ભવસરસ્વતીદેવ્યૈ ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

**ફળ :** હે જિનવાણી માતા! ઉમદા બદામ, ખારેક, લવિંગ, સોપારી, શ્રીફળ વગેરે લાવીને આપના ગુણોને ધ્યાવીએ છીએ. આપ મનોવાંછિત ફળદાતા છો, તો આપ મારી અસાતાને મટાવી દો. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** હે જિનવાણી માતા! નયનોને સુખકારી, મૃદુ, અતિ ઉજ્જવળ, સુગંધિત, મૂલ્યવાન પદાર્થો આપની આગળ ધરતાં આપ તેના ફળમાં જ્ઞાનનું દાન કરો છો. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

**અર્ઘ :** કવિ ધાનતરાયજી કહે છે કે–હે જિનવાણી માતા !, જે જળ, ચંદન, અક્ષત, ફૂલ, નૈવેદ્ય, દીપ તથા ધૂપ, ફળ વગેરે બહુધા અર્ઘ લાવી આપની પૂજા કરે છે, આપને જાણે છે–સ્વાધ્યાય કરે છે, તે મનુષ્ય સાચા સુખને પ્રાપ્ત કરે છે. તીર્થંકરની દિવ્યધ્વનિ કે જેને ઝીલીને ગણધર સમ્યગ્જ્ઞાનમય બાર અંગની સુંદર રચના કરે છે, તે જિનેશ્વરની વાણી મોક્ષસુખને આપનારી હોવાથી ત્રણે લોકમાં માન્ય અને પૂજ્ય છે.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને અર્ઘ અર્પણ કરું છું. ૧૧.

### જયમાલા

ઓમકાર ધ્વનિનો સાર વીતરાગી, બાર અંગરૂપ છે. તે ઓમકારને હૃદયમાં ભક્તિપૂર્વક ધારણ કરવાથી સમ્યગ્જ્ઞાન થાય છે અને જડતાનો નાશ થાય છે. ૧.

જિનવાણી, જિનેન્દ્રના આદેશથી નીકળી છે. ભગવાનના શ્રીમુખથી પ્રસિદ્ધ થઈ છે. લોકમાં પોષક માતા છે અને ખોટા આચરણ તથા કુનયને હરનારી છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું. ૨.



બાદામ છુહારી, લોંગ સુપારી, શ્રીફલ ભારી, લ્યાવત હૈં,
મનવાંછિત દાતા મેટ અસાતા, તુમ ગુન માતા, ધ્યાવત હૈં.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્ભવસરસ્વતીદેવ્યૈ ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

નયનનસુખકારી, મૃદુગુનધારી, ઉજ્જવલ ભારી, મોલ ધરૈં;
શુભગંધસમ્હારા, વસન નિહારા, તુમ–તન–ધારા, જ્ઞાન કરૈં.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્ભવસરસ્વતીદેવ્યૈ અર્ઘ નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

જલ ચંદન અચ્છત, ફૂલ ચરુ ચત, દીપ ધૂપ અતિ, ફલ લાવૈં;
પૂજાકો ઠાનત, જો તુમ જાનત, સો નર દ્યાનત સુખ પાવૈં.
તીર્થંકર કી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની, પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્ભવસરસ્વતીદેવ્યૈ અર્ઘ નિર્વપામીતિ સ્વાહા. ૧૧.

### જયમાલા

(સોરઠા)

ઓંકાર ધુનિસાર, દ્વાદશાંગ વાણી વિમલ;
નમૌં ભક્તિ ઉર ધાર, જ્ઞાન કરૈ જડતા હરૈ. ૧

(ભુજંગપ્રયાત)

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધપ્રબુદ્ધા નમોં લોકમાતા;
દુરાચાર દુર્નૈહરા શંકરાની, નમો દેવી ★વાગેશ્વરી જૈનવાની. ૨

★ વાગેશ્વરી (વાક્-ઈશ્વરી)—વચનોમાં શ્રેષ્ઠ અર્થાત્ જિનવાણી.

જિનવાણી, અમૃતમય ધર્મનું સાધન છે. ધર્મનો બોધ પ્રાપ્ત થાય તેવી શાળા છે. (ભવ)તાપનો નાશ કરી શીતળતા આપે તેવા વાદળના સમૂહ જેવી છે. મહામોહનો સદંતર નાશ કરનારી અને મોક્ષની દાતા છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું. ૩.

જિનવાણી, અનંત નયોરૂપ ડાળીઓમાં ફેલાયેલ અખંડ વૃક્ષ સમાન છે. ઈચ્છા–આકાંક્ષા રહિત છે અને જ્ઞાનાનંદ મહારાજાનું નિત્ય નિવાસસ્થાન છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું. ૪.

જિનવાણી, સમાધાનરૂપ છે. ઉપમા રહિત છે, શુદ્ધ છે, અનેકાંતમય છે. સ્યાદ્વાદની છાપ સહિત છે તથા ઉત્પાદ–વ્યય–ધ્રુવ, સપ્તભંગી અને બાર અંગનો ઉપદેશ આપે છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું. ૫.

જિનવાણી, ક્રોધ–માન–માયા–લોભ રહિત છે, શ્રુતજ્ઞાન સહિત મતિજ્ઞાન ધરાવનાર માટે શોભારૂપ છે અને ભવ્ય જીવો માટે મહા પવિત્ર ભાવનારૂપ છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું. ૬.

જિનવાણી અનાદિની છે, જયવંતી છે, સદાય નિર્વિકારી છે, વિષયોરૂપી ફેલાવના ટુકડેટુકડા કરનાર તલવાર છે અને ઘોર પાપોને છુટા પાડી નાખનાર છરી છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું. ૭.

જિનવાણી, અતિ ગંભીર, પ્રતિબંધ રહિત, ભેળસેળ રહિત, નિરીચ્છક, અનાદિના અનંત કર્મોનો ક્ષય કરનારી, નિશંક, લક્ષ્મીવાન, જ્ઞાન લક્ષણ સહિત અને ભવનાશીની છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું. ૮.

જિનવાણી, આનંદદાયક ભેદ–જ્ઞાનનો વિવેક કરનારી, જગતના જીવોને મિત્ર સમાન, અપૂર્વ પરિણામ દેનારી, સમસ્ત પદાર્થોનું અવલોકન કરનારી અને નિદાનને દૂર કરનારી છે. એવી વચનોમાં શ્રેષ્ઠ, જિનવાણી દેવીને હું નમન કરું છું.

ૐ હ્રીં શ્રી જિનેન્દ્રના મુખથી પ્રગટ સરસ્વતીદેવીને મહાઅર્ઘ અર્પણ કરું છું. ૯.



સુધાધર્મસંસાધની ધર્મશાલા, સુધાતાપ નિર્નાશની મેઘમાલા;
મહામોહવિધ્વંસની મોક્ષદાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ૩

અખૈવૃક્ષશાખા વ્યતીતાભિલાષા, કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા;
ચિદાનંદ–ભૂપાલકી રાજધાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ૪

સમાધાનરૂપા અનૂપા અછુદ્રા[1], અનેકાન્તધા સ્યાદવાદાંકમુદ્રા;
ત્રિધા[2] સપ્તધા[3] દ્વાદશાંગી બખાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ૫

અકોપા અમાના અદંભા અલોભા, શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાન શોભા;
મહાપાવની ભાવના ભવ્યમાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ૬

અતીતા અજીતા સદા નિર્વિકારા, વિષૈવાટિકાખંડિની ખડ્ગધારા;
પુરાપાપવિક્ષેપકર્તૃકૃપાણી[4], નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ૭

અગાધા અબાધા નિરંધ્રા[5] નિરાશા, અનંતા અનાદીશ્વરી કર્મનાશા;
નિશંકા નિરંકા ચિદંકા ભવાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ૮

અશોકામુદેકા[6] વિવેકા વિધાની, જગજ્જંતુમિત્રા વિચિત્રાવસાની[7];
સમસ્તાવલોકા નિરસ્તાનિદાની[8], નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્ભવસરસ્વતીદેવ્યૈ અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૯

✽

૧ અછુદ્રા-શુદ્ધ, ૨ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિપદી.
૩ સપ્તભંગી, ૪ તરવાર જેવી મોટી છરી,
૫ વર્ણશંકર વિનાની, ૬ ખુશી ઉત્પન્ન કરનારી,
૭ વિચિત્ર પરિણામ લાવનારી, ૮ નિદાનને દૂર કરનારી.

# (૫૦) શ્રી કુંદકુંદાચાર્ય પૂજન

**સ્થાપના :** કુંદકુંદ આચાર્યદેવના ચરણકમલમાં નમન કરું છું. તેમની વાણીરૂપી પુષ્પોને હૃદયમાં ધારણ કરું છું અને ભાવસહિત તેમનું પૂજન કરીને નિજસ્વભાવને સાધન બનાવી, મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનું છું. ''પરિણામથી બંધ છે, પરિણામથી મોક્ષ છે'' એવા તેમના ઉપદેશ દ્વારા આત્મદર્શન કરું અને સિદ્ધ સમાન સ્વપદની પ્રાપ્તિ માટે મારા નિજ સ્વરૂપમાં લીનતા કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદ આચાર્યદેવના ચરણ આગળ પુષ્પાંજલિ અર્પું છું. ૧.

**જળ :** સમયસારમાં દર્શાવેલ આત્મવૈભવના જળથી હૃદયમાં ઉજ્જ્વળતા લાવું; ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે, તેને હું પ્રાપ્ત કરું; કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદ આચાર્યદેવને જન્મ-જરા-મૃત્યુનો વિનાશ કરવા જળ અર્પણ કરું છું. ૨.

**ચંદન :** સમયસાર સ્વરૂપ મારા આત્મવૈભવરૂપી ચંદનથી નિજ સુગંધનો વિકાસ કરું અને 'વસ્તુ સ્વભાવ તે ધર્મ' એ સમ્યક્જ્ઞાન રૂપી સૂર્યને પ્રગટ કરું. કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદ આચાર્યદેવને સંસારતાપના નાશ અર્થે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** સમયસાર–વૈભવ (આત્મવૈભવ)ના ઉત્તમ, અક્ષત ગુણોને પ્રગટ કરીને 'ચારિત્ર જ ખરેખર ધર્મ છે' એ સમ્યક્ ચારિત્રરૂપી રથમાં પ્રયાણ કરું. કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં કુંદકુંદાચાર્ય દેવને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત ચડાવું છું. ૪.



# (૫૦) શ્રી કુંદકુંદાચાર્ય પૂજન

કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ કમલ મેં કરું નમન,
કુન્દકુન્દ આચાર્ય દેવ કી વાણી કે ઉર ધરું સુમન.
કુન્દકુન્દ આચાર્ય દેવ કી ભાવ સહિત કરકે પૂજન,
નિજ સ્વભાવ કે સાધન દ્વારા મોક્ષ પ્રાપ્તિ કા કરું યતન.
''પરિણામો બંધો પરિણામો મોક્ખો''[૧] કરૂँ આત્મ દર્શન,
સિદ્ધ સ્વપદ કી પ્રાપ્તિ હેતુ મૈં નિજ સ્વરૂપ મેં કરૂં રમન.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવ ચરણાગ્રેષુ પુષ્પાંજલિ ક્ષિપામિ. ૧.

સમયસાર વૈભવ કે જલ સે ઉર મેં ઉજ્જવલતા લાઉં,
''દંસણ મૂલો ધમ્મો''[૨] સમ્યક્દર્શન નિજ મેં પ્રગટાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્ય દેવાય જન્મજરામૃત્યુવિનાશનાય જલમ્ નિર્વ૦ ૨.

સમયસાર વૈભવ ચન્દન સે નિજ સુગન્ધ કો વિકસાઉં,
''વત્થુ સહાવો ધમ્મો''[૩] સમ્યક્જ્ઞાન સૂર્ય કો પ્રગટાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય સંસારતાપવિનાશનાય ચન્દનમ્ નિર્વપામીતિ૦ ૩

સમયસાર વૈભવ કે ઉત્તમ અક્ષત ગુણ નિજ મેં લાઉં,
''ચારિત્તં ખલુ ધમ્મો''[૪] સમ્યક્ચારિત રથ પર ચઢ જાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતમ્ નિર્વપામીતિ૦ ૪

---

૧. પરિણામોં સે બન્ધ ઔર પરિણામોં સે મોક્ષ હોતા હૈ. ૨. ધર્મકા મૂલ સમ્યક્દર્શન હૈ. ૩. વસ્તુ સ્વભાવ હી ધર્મ હૈ. ૪. ચારિત્ર હી ધર્મ હૈ.

**પુષ્પ :** સમયસાર–વૈભવના પાવન પુષ્પોમાં હું રત (લીન) થઈ જાઉં. મારા શીલ સ્વભાવને પ્રાપ્ત કરું. 'શ્રાવક ધર્મમાં દાન અને પૂજા મુખ્ય છે' તેને ધારણ કરીને કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્ય દેવને કામબાણના નાશ અર્થે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** સમયસાર–વૈભવના મનભાવતા નૈવેદ્ય હૃદયમાં લાવીને ''જે જાણતો અર્હંતને'' નિજ જ્ઞાયકભાવનો આશ્રય કરું. કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્યને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** સમયસાર વૈભવનો પ્રગટાવેલો દીપક હૃદયમાં જગાવી ''જે સમ્યક્‌દર્શનથી ભ્રષ્ટ છે, તે ભ્રષ્ટ છે.'' એ જાણીને મિથ્યાત્વ, મોહ અંધકારનો નાશ કરી, સુખ પામું. કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્ય દેવને મોહ-અંધકારના નાશ માટે દીપ સમર્પણ કરું છું. ૭.

**ધૂપ :** સમયસાર–વૈભવની શુદ્ધ ધ્યાનની ધૂપ હૃદયમાં ધ્યાવી, ''વ્યવહારનય અભૂતાર્થ છે'' એમ જાણી નિશ્ચયનો આશ્રય લઈ મોક્ષપદ પામું. કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્યદેવને અષ્ટકર્મના નાશ અર્થે ધૂપ ચડાવું છું. ૮.

**ફળ :** સમયસારના વૈભવ દ્વારા ભવ્ય અને અપૂર્વ મનોરમ્ય ફળ પામું. ''(રત્નત્રયરૂપ) નિયમ મોક્ષનો ઉપાય છે'' તેના દ્વારા મહા મોક્ષપદની પ્રાપ્તિ કરું. કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્ય દેવને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ ચડાવું છું. ૯.



સમયસાર વૈભવ કે પાવન પુષ્પોં મેં મૈં રમ જાઉં,
''દાણં પૂજા મુખ્ખયસાવયધમ્મો''[૨] શીલ સ્વગુણ પાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ૦ ૫

સમયસાર વૈભવ કે મનભાવન નૈવેદ્ય હૃદય લાઉં,
''જો જાણદિ અરિહંત''[૩] નિજ જ્ઞાયક સ્વભાવ આશ્રય પાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ૦ ૬

સમયસાર વૈભવ કે જ્યોતિર્મય દીપક ઉર મેં લાઉં,
''દંસણ ભટ્ઠા ભટ્ઠા''[૪] મિથ્યા મોહ તિમિર હર સુખ પાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય મોહાન્ધકારવિનાશનાય દીપમ્ નિર્વપામીતિ૦ ૭

સમયસાર વૈભવ કી શુચિમય ધ્યાન ધૂપ ઉર મેં લાઉં,
''વવહારોડભૂયત્થો''[૫] નિશ્ચય આશ્રિત હો શિવ પદ પાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય અષ્ટકર્મવિધ્વંસનાય ધૂપમ્ નિર્વપામીતિ૦ ૮

સમયસાર વૈભવ કે ભવ્ય અપૂર્વ મનોરમ ફલ પાઉં,
''ણિયમં મોકખ ઉવાયો''[૬] દ્વારા મહા મોક્ષ પદ પ્રગટાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.

ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય મોક્ષફલપ્રાપ્તયે ફલમ્ નિર્વપામીતિ૦ ૯

૨. શ્રાવક ધર્મ મેં દાન ઔર પૂજા મુખ્ય હૈ. ૩. જો અરહન્ત કો જાનતા હૈં. ૪. જો પુરુષ દર્શન સે ભ્રષ્ટ હૈ, વે ભ્રષ્ટ. ૫. વ્યવહાર નય અભૂતાર્થ હૈ. ૬. (રત્નત્રય રૂપ) નિયમ મોક્ષ કા ઉપાય.

**અર્થ :** ''હું નિશ્ચયથી એક છું, શુદ્ધ છું.'' એ સમયસાર-વૈભવનો નિર્મલ ભાવરૂપી અર્ઘ્ય બનાવી, તેનું ચિંતન કરી, દોષરહિત અનર્ઘ્યપદની પ્રાપ્તિ કરું. કુંદકુંદ આચાર્યદેવના ચરણ પૂજું અને નિજ આત્માનું ધ્યાન કરું. સર્વે સિદ્ધોને વંદન કરી હું ધ્રુવ, અચલ, અનુપમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરું.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્યદેવને અનર્ઘ્ય પદ પ્રાપ્તિ માટે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

ભગવાન વીરપ્રભુ મંગલમય છે. ગૌતમગણધર મંગલમય છે. શ્રી કુંદકુંદ મુનિરાજ મંગલમય છે અને સુખકર જૈનધર્મ મંગળ છે. દક્ષિણમાં મોટો આંધ્રપ્રાંત છે, ત્યાં કોન્ડકુન્ડ નામનું અનોખું ગામ છે. ત્યાં આશરે ૨૦૦૦ વર્ષ પૂર્વે કુંદકુંદે જન્મ લીધો. ૧૧ વર્ષની ઉંમરમાં કુંદકુંદસ્વામીને વૈરાગ્ય આવ્યો. શ્રેષ્ઠ મહાવ્રત ધારણ કરી સૌભાગ્યપ્રદ મુનિપદ અંગીકાર કર્યું. એક દિવસ જંગલમાં ઘોર તપસ્યામાં લીન હતા, ત્યારે કંચન જેવી કાયા તપતી હતી, છતાં આત્મધ્યાનમાં તલ્લીન હતા. તે સમયે એક પૂર્વ જન્મના મિત્ર વ્યંતર-દેવ ત્યાં આવ્યા. કુંદકુંદ મુનિરાજને તપસ્યામાં લીન જોઈ શ્રદ્ધાથી વંદન કર્યા. ધ્યાન પૂર્ણ થતાં મુનિએ જ્યારે પોતાની આંખો ખોલી તો દેવને પાસે બેઠેલા જોઈ હિત-મિત વચનથી ધર્મવૃદ્ધિનો ઉપદેશ આપ્યો અને પૂછ્યું : ''તમે કોણ છો? હર્ષથી આનંદસહિત ગદ્ગદ્ થઈ પોતાનું મૌન તોડ્યું. અને ભક્તિભાવથી નમસ્કાર કરી પૂર્વજન્મનો પરિચય આપતાં કહ્યું. ''મારો અવિનય ક્ષમા કરશો, પાછલા ભવમાં આપ મારા પરમ મિત્ર હતા.'' વિનયથી નમ્ર બની વ્યંતર દેવે કહ્યું : ''હું સીમંધરસ્વામીના દર્શન કરવા વિદેહક્ષેત્ર જાઉં છું. તો આપને પ્રાર્થના છે કે આપ પણ ચાલો.'' ઘણા સમયની ઇચ્છા સાકાર થતી અને પોતાનો સ્વર્ણ સમય આવ્યો છે, એમ જાણી કુંદકુંદ મુનિ બોલ્યા વિદેહક્ષેત્રમાં જિનેન્દ્રદેવની વાણી સાંભળી મને પાછો ભરતમાં લાવશો? તે વ્યંતરદેવે મુનિને સાથે લીધા અને આકાશમાર્ગે ગમન કરી વિદેહક્ષેત્રમાં જ્યાં તીર્થંકર સર્વજ્ઞદેવ પ્રભુ બિરાજે છે ત્યાં જઈ તેમને નમન કર્યું.



સમયસાર વૈભવ કા નિર્મલ ભાવ અર્ઘ્ય ઉર મેં લાઉં,
''અહમેક્કો ખલુ સુદ્ધો''[૭] ચિંતન કર અનર્ઘ્યપદકો પાઉં.
કુન્દકુન્દ આચાર્ય દેવ કે ચરણ પૂજ નિજ કો ધ્યાઉં,
સબ સિદ્ધોં કો વન્દન કર ધ્રુવ અચલ અનુપમ ગતિ પાઉં.
ૐ હ્રીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યમ્ નિર્વપામીતિ૦ ૧૦

## જયમાલા

મંગલમય ભગવાન્ વીર પ્રભુ મંગલમય ગૌતમ ગણધર,
મંગલમય શ્રી કુન્દકુન્દ મુનિ, મંગલમય જૈન ધર્મ સુખકર.
આંધ્ર પ્રાન્ત બડા દક્ષિણ મેં કોણ્ડકુણ્ડ થા ગ્રામ અપૂર્વ,
કુન્દકુન્દ ને જન્મ લિયા થા દો સહસ્ર વર્ષો કે પૂર્વ.
ગ્યારહ વર્ષ આયુ થી જબ તુમને સ્વામી વૈરાગ્ય લિયા,
શ્રેષ્ઠ મહાવ્રત ધારણ કરકે મુનિ પદ કા સૌભાગ્ય લિયા.
એક દિવસ જંગલ મેં બૈઠે ઘોર તપસ્યા મેં થે લીન,
કંચન સી કાયા તપતી થી આત્મ ધ્યાન મેં થે તલ્લીન.
ઉસી સમય ઈક પૂર્વ જન્મ કા મિત્ર દેવ વ્યંતર આયા,
દેખ તપસ્યા રત ભૂ પર આ શ્રદ્ધા સે મસ્તક નાયા.
ધ્યાન પૂર્ણ હોને પર મુનિ ને, જબ અપની આંખે ખોલી,
દેખા દેવ પાસ બૈઠા હૈ, બોલે તબ હિત મિત બોલી.
ધર્મ વૃદ્ધિ હો, ધર્મ વૃદ્ધિ હો, ધર્મ વૃદ્ધિ હો, તુમ હો કૌન,
હર્ષિત પુલકિત ગદ્ગદ્ હોકર, તોડા તબ વ્યન્તર ને મૌન.
નમસ્કાર કર ભક્તિ ભાવ સે પૂર્વ જન્મ કા દે પરિચય,
પિછલે ભવ મેં પરમ મિત્ર થે, ક્ષમા કરેં મેરી અવિનય,
સીમંધર સ્વામી કે દર્શન કો વિદેહ ભૂ જાતા હૂઁ,
યહી પ્રાર્થના ચલેં આપ ભી નમ્ર વિનય મન લાતા હૂઁ.
ચિર ઈચ્છા સાકાર હુઈ, મુનિવર ને સ્વર્ણ સમય જાના,
બોલે, શ્રી જિનવાણી સુનકર મુઝે લૌટ ભારત આના.
મુનિ કો સાથ લિયા ઉસને આકાશ માર્ગ સે ગમન કિયા,
તીર્થંકર સર્વજ્ઞ દેવ કો જા વિદેહ મેં નમન કિયા.

૭. મૈં નિશ્ચય સે એક હૂઁ, શુદ્ધ હૂઁ.

વિપુલાચલના ગગનને વારંવાર વંદન કરું છું. કારણ કે અહીં મહાવીરપ્રભુની દિવ્યધ્વનિ ખરી હતી. મહાવીર પ્રભુએ દીક્ષા લઈને તપ–સંયમ–ધારણ કર્યા અને મૌનવ્રત ધારણ કરી પરિષહ–ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કર્યો તથા દેશોદેશમાં વિહાર કર્યો. તેમણે બાર વર્ષ સુધી તપસ્યા કરી અને ઋજુવાલિકા નદીના તટે આવ્યા. ત્યાં ક્ષપક શ્રેણી ચઢી શુક્લધ્યાન આદર્યું અને ઘાતિકર્મોનો નાશ કર્યો. અને મહાવીરપ્રભુને સ્વપરપ્રકાશક પરમ જ્યોતિમય કેવળજ્ઞાન થયું. ઈન્દ્રાદિકે સમવસરણની રચના કરી અને તેઓના મનમાં અપાર હર્ષ થયો. સમવસરણમાં અતિ સુંદર બાર સભા ભરાણી; સભાજનોના મન કમલ સમાન ખિલી ઉઠ્યા. પરંતુ તેઓને પ્રભુની દિવ્યધ્વનિના શ્રવણનો લાભ તુરંત ન મળ્યો. ૬૬ દિવસ સુધી પ્રભુ મૌન રહ્યા; દિવ્યધ્વનિનો યોગ ન બન્યો કેમકે નિમિત્ત–નૈમિત્તિક યોગ સ્વયં બની આવે છે. ત્યારબાદ પ્રભુનું સમવસરણ રાજગૃહીના વિપુલાચલ પર્વત પર આવ્યું. ઈન્દ્રે અવધિજ્ઞાનપૂર્વક જાણ્યું કે ત્યાં ગણધરની હાજરી નથી. તેથી ઈન્દ્રે યુક્તિ કરી બ્રાહ્મણકુળના



કર્મમલ રહિત શુદ્ધ જ્ઞાનમય, પરમમોક્ષ હૈ મેરા ધામ,
ભેદજ્ઞાન કી મહાશક્તિ સે પાઊઁગા અનન્ત વિશ્રામ.
શાસન વીર જયન્તી પર મૈં સુફલ ચઢા નિજ ધ્યાન કરૂં,
ખિરી દિવ્યધ્વનિ પ્રથમ દેશના સુન અપના કલ્યાણ કરૂં.

ૐ હ્રીં શ્રી સન્મતિવીરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

માત્ર વાસનાજન્ય કલ્પના હૈ પરદ્રવ્યોં મેં સુખબુદ્ધિ,
ઈન્દ્રિયજન્ય સુખોં કે પીછે પાઈ કિંચિત્ નહીં વિશુદ્ધિ.
શાસન વીર જયન્તી કે પર મૈં અર્ઘ્ય ચઢા નિજ ધ્યાન કરૂં,
ખિરી દિવ્યધ્વનિ પ્રથમ દેશના સુન અપના કલ્યાણ કરૂં.

ૐ હ્રીં શ્રી સન્મતિવીરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦

## જયમાલા

(દોહા)

વિપુલાચલ કે ગગન કો, વંદૂં બારમ્બાર,
સન્મતિ પ્રભુ કી દિવ્યધ્વનિ, જહાં હુઈ સાકાર.

(તાટંક)

મહાવીર પ્રભુ દીક્ષા લેકર મૌન હુએ તપ સંયમ ધાર,
પરિષહ ઉપસર્ગો કો જય કર દેશ–દેશ મેં કિયા વિહાર.

દ્વાદશ વર્ષ તપસ્યા કરકે ઋજુકૂલા સરિતટ આયે,
ક્ષપકશ્રેણિ ચઢ શુક્લ ધ્યાન સે કર્મ ઘાતિયા વિનસાયે.

સ્વ–પર પ્રકાશક પરમ જ્યોતિમય પ્રભુ કો કેવલજ્ઞાન હુઆ,
ઈન્દ્રાદિક કો સમવશરણ રચ મન મેં હર્ષ મહાન હુઆ.

બારહ સભા જુડી અતિ સુન્દર, સબકે મન કા કમલ ખિલા,
જનમાનસ કો પ્રભુ કી દિવ્યધ્વનિ કા, કિન્તુ ન લાભ મિલા.

છ્યાસઠ દિન તક રહે, મૌન પ્રભુ દિવ્યધ્વનિ કા મિલા ન યોગ,
અપને આપ સ્વયં મિલતા હૈ, નિમિત્ત–નૈમિત્તિક સંયોગ.

રાજગૃહી કે વિપુલાચલ પર પ્રભુ કા સમવશરણ આયા,
અવધિજ્ઞાન સે જાન ઈન્દ્ર ને ગણધર કા અભાવ પાયા.

ઇંદ્રભૂતિ ગૌતમને ત્યાં ઉપસ્થિત કર્યા. ઇન્દ્રભૂતિ ગૌતમે મુનિદીક્ષા લીધી અને તુરત જ ગણધરપદ પ્રાપ્ત કર્યું. તે જ સમયે મહાવીરપ્રભુની દિવ્યધ્વનિ ખરી, જેનું શ્રવણ કરી શ્રી ગૌતમ ગણધર દેવે અંતર્મુહૂર્તમાં કલ્યાણકારી દ્વાદશાંગી જિનવાણીની રચના કરી. સાતસો લઘુભાષા અને અઢાર મહાભાષામાં સર્વ જીવોએ પોતાના ઉપાદાન અનુસાર જિનવાણીનું વિવિધ પ્રકારે ગ્રહણ કર્યું. આ દિવસે વિપુલાચલ પર સમવસરણમાં પ્રભુની દિવ્યધ્વનિ સાંભળવા ભવ્યો આવ્યા અને પ્રભુના જયજયકારના ગુંજારવથી આકાશ ભરાઈ ગયું. જન સમાજમાં ધર્મની નવી જાગૃતિ આવી. જગતના દુઃખ, ત્રાસ મટી ગયા. દ્રવ્ય સ્વતંત્રતાના સંદેશનો પ્રસાર થયો. પ્રભુએ મનુષ્ય જીવનના સારરૂપ સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ધર્મનું સ્વરૂપ બતાવ્યું. જીવ માત્ર પર દયા કરવી, તિરસ્કાર–પાપનો કરવો પણ પાપી તરફ દ્વેષ ન કરવો, તથા જીવ માત્રને સમાન સ્વરૂપથી જુઓ–એ વીરનો ઉપદેશ હતો. ઇંદ્રભૂતિ ગૌતમે ગણધર બની વાણી ઝીલી અને જિનવાણીમાં ગુંથી, જેનો અંતરમાં અનુભવ કરી કોઈ પણ જીવ પરમાત્મા બની શકે છે. મેઘગર્જન સમ જિનવાણીનો પ્રવાહ ચાલ્યો, જેમાં સંસારી જીવના પાપ, તાપ, સંતાપ નષ્ટ થઈ ગયા અને મોક્ષપ્રાપ્તિની ઇચ્છા જાગૃત થઈ. પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ એ ચાર અનુયોગનું કથન તેમાં આવ્યું; તે જિનવાણીમાં નિશ્ચયનયને સત્ય કહ્યો અને વ્યવહારને અસત્ય બતાવ્યો; ષટ્ દ્રવ્યનું ત્રણલોકનું સ્વરૂપ આવ્યું; સાત તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન બતાવ્યું; નવપદાર્થ, છ લેશ્યાનું સ્વરૂપ કથન આવ્યું; પાંચ સમિતિ, ગુપ્તિ, પાંચ મહાવ્રત આદિનું સ્વરૂપ આવ્યું તથા પ્રભુની વાણીમાં આવ્યું કે તપ–સંયમ ધારણ કરી અવિકારી પરમશુદ્ધ નિજ આત્મતત્ત્વના આશ્રયે મુક્તિ પ્રાપ્ત કરો. આવી વાણીને મારા વંદન હો કે જેનો, મહિમા અપરંપાર છે. હું સદા વીરશાસનની પરમ પાવનજયંતીનો જય જયકાર કરું છું. શ્રી વર્ધમાન, અતિવીર–વીર પ્રભુના પૂજનનો મને અપાર હર્ષ છે. તેથી હવે મને લાગે છે. મારી કાળલબ્ધિ પાકી ગઈ છે અને હે પ્રભુ! મારો સંસારનો કિનારો આવી ગયો છે.

ૐ હ્રીં શ્રી સન્મતિવીર જિનેન્દ્રને અનર્ઘ્ય પદની પ્રાપ્તિ અર્થે જયમાલાની પૂર્ણતા કરતાં પૂર્ણ અર્ઘ અર્પણ કરું છું.



બડી યુક્તિ સે ઈન્દ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણ કો વહાં લાયા,
ગૌતમ ને દીક્ષા લેતે હી ઋષિ ગણધર કા પદ પાયા.
તત્ક્ષણ ખિરી દિવ્યધ્વનિ પ્રભુ કી દ્વાદશાંગમય કલ્યાણી,
રચ ડાલી અન્તર્મુહૂર્ત મેં, ગૌતમ ને શ્રી જિનવાણી.
સાત શતક લઘુ ઔર મહાભાષા અષ્ટાદશ વિવિધ પ્રકાર,
સબ જીવોં ને સુની દિવ્યધ્વનિ અપને ઉપાદાન અનુસાર.
વિપુલાચલ પર સમવશરણ કા હુઆ આજ કે દિન વિસ્તાર,
પ્રભુ કી પાવન વાણી સુનકર ગૂઁજા નભ મેં જય–જયકાર.
જન–જન મેં નવ જાગૃતિ જાગી મિટા જગત કા હાહાકાર,
જિયો ઔર જીને દો કા જીવન સંદેશ હુઆ સાકાર.
ધર્મ અહિંસા સત્ય ઔર અસ્તેય મનુજ જીવન કા સાર,
બ્રહ્મચર્ય અપરિગ્રહ સે હી હોગા જીવ માત્ર સે પ્યાર.
ધૃણા પાપ સે કરો સદા હી કિન્તુ નહીં પાપી સે દ્વેષ,
જીવ માત્ર જો નિજ–સમ સમઝો યહી વીર કા થા ઉપદેશ.
ઈન્દ્રભૂતિ ગૌતમ ને ગણધર બનકર ગૂંથી જિનવાણી,
ઈસકે દ્વારા પરમાત્મા બન સકતા કોઈ ભી પ્રાણી.
મેઘ ગર્જના કરતી શ્રી જિનવાણી કા વહ ચલા પ્રવાહ,
પાપ તાપ સંતાપ નષ્ટ હો ગયે મોક્ષ કી જાગી ચાહ.
પ્રથમં, કરણં, ચરણં, દ્રવ્યં યે અનુયોગ બતાયે ચાર,
નિશ્ચય નય સત્યાર્થ બતાયા, અસત્યાર્થ સારા વ્યવહાર.
તીન લોક ષટ્ દ્રવ્યમયી હૈ, સાત તત્ત્વ કી શ્રદ્ધા સાર,
નવ પદાર્થ છહ લેશ્યા જાનો, પંચ મહાવ્રત ઉત્તમ ધાર.
સમિતિ ગુપ્તિ ચારિત્ર પાલકર, તપ સંયમ ધારો અવિકાર,
પરમ શુદ્ધ નિજ આત્મતત્ત્વ, આશ્રય સે હો જાઓ ભવ પાર.
ઉસ વાણી કો મેરા વંદન ઉસકી મહિમા અપરમ્પાર,
સદા વીર શાસન કી પાવન, પરમ જયન્તી જય–જયકાર.
વર્ધમાન અતિવીર વીર કી પૂજન કા હૈ હર્ષ અપાર,
કાલલબ્ધિ પ્રભુ મેરી આઈ, શેષ રહા થોડા સંસાર.

ૐ હ્રીં શ્રી સન્મતિવીરજિનેન્દ્રાય અનર્ઘ્યપદ પ્રાપ્તયે જયમાલાપૂર્ણાર્ઘ્યં નિર્વપામીતિ૦

વીર પ્રભુની દિવ્યધ્વનિ અપાર સુખ દેનારી છે તેના દ્વારા આત્મશક્તિને ખીલવતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(પુષ્પાંજલિ અર્પણ કરું છું.)

# (૫૫) શ્રી વિષ્ણુકુમાર મહામુનિ પૂજા

(શ્રાવણ સુદ પૂર્ણિમાના દિવસે કરવાની પૂજા)

વિષ્ણુકુમાર મહામુનિને વિક્રિયા નામની ઋદ્ધિ પ્રગટ થતાં બધે આનંદ છવાઈ ગયો. વિષ્ણુકુમાર હસ્તિનાપુર આવ્યા અને જંગલમાં મુનિઓના જીવ બચાવી રક્ષા કરી. ત્યારે નગરજનોમાં સર્વત્ર ઘણો જ આનંદ થયો. જાણે કે (મુનિ રક્ષાથી) રંકના હાથમાં ચિંતામણિ રત્ન આવી પડ્યું હોય. આખા નગરમાં નગરજનોએ જયજયકાર કર્યો અને મુનિને પહેલાં આહારદાન આપી પછી જ પોતે આહાર ગ્રહણ કર્યો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિ મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** હું ગંગાજલ સમાન પવિત્ર નીર લઈ, મહાધૈર્યધારી વિષ્ણુકુમાર મુનિને (શ્રી અકંપનાચાર્ય આદિ મુનિરાજ પરનો ઉપસર્ગ નિવારવા) પૂજું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને જન્મ–જરા–મૃત્યુના નાશ માટે જળ અર્પણ કરું છું. ૨.



(દોહા)

દિવ્યધ્વનિ પ્રભુ વીર કી દેતી સૌખ્ય અપાર,
આત્મજ્ઞાન કી શક્તિ સે, ખુલે મોક્ષ કા દ્વાર.

(પુષ્પાંજલિ ક્ષિપેત્)

# (૫૫) શ્રી વિષ્ણુકુમાર મહામુનિ પૂજા

(શ્રાવણ સુદ પૂર્ણિમાના દિવસે કરવાની પૂજા)

(અડિલ્લ છંદ)

વિષ્ણુકુમાર મહામુનિકો ઋદ્ધિ ભઈ,
નામ વિક્રિયા તાસ સકલ આનંદ ઠઈ;
શ્રી મુનિ આયે હસ્તિનાપુર કે બીચમેં,
મુનિ બચાયે રક્ષા કર વન બીચમેં.
તહાં ભયો આનંદ સર્વ જીવનકો ઘનો,
જિમિ ચિંતામણિ રત્ન રંક પાયો મનો;
સબ પુર જય જયકાર શબ્દ ઉચરત ભયે,
મુનિકો દેય અહાર હરષ કરતે ભયે.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુને! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્,

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુને ! –અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્,

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુને ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧

(દરશવિશુદ્ધિ ભાવના ભાય–રાગ)

ગંગાજલ સમ ઉજ્જવલ નીર, પૂજોં વિષ્ણુકુમાર સુધીર,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો;
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ૦ ૨

**ચંદન :** હું મલયાગિરિનું શ્રેષ્ઠ ચંદન લઈ ગુણનિધિ ધારણ કરવાવાળા ગુરુવરની પૂજા કરું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને સંસારતાપના નાશ માટે ચંદન અર્પણ કરું છું. ૩.

**અક્ષત :** હું અખંડિત, ધવલ અક્ષત લાવી શ્રી મુનિરાજની ચરણ પૂજા કરું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત અર્પણ કરું છું. ૪.

**પુષ્પ :** હું કમળ અને કેતકીના પુષ્પ લાવી દુઃખદાયી એવી કામબાણની વેદનાના નાશ માટે પુષ્પ ચડાવું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને કામદાહના નાશ માટે પુષ્પ અર્પણ કરું છું. ૫.

**નૈવેદ્ય :** હું લાડુ, ફેની, ઘેવર આદિ નૈવેદ્ય મુનિરાજના ચરણોમાં ચડાવું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય અર્પણ કરું છું. ૬.

**દીપ :** મારો મોહઅંધકાર બધો દૂર થઈ જાય તે માટે ઘી અથવા કપૂરનો દીપ સજાવી પૂજુ છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને મોહ અંધકારના નાશ માટે દીપ અર્પણ કરું છું. ૭.



મલયાગિર ચંદન લૈ સાર, પૂજોં શ્રી ગુરુવર નિધિધાર;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ૦ ૩

સ્વેત અખંડિત અક્ષત લાય, પૂજોં શ્રી મુનિવરકે પાય;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ૦ ૪

કમલ કેતકી પુષ્પ ચઢાય, મેટો કામબાણ દુખદાય;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ૦ ૫

લાડુ ફૈની ઘેવર લાય, સબ મોદક મુનિ ચરણ ચઢાય;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ૦ ૬

ઘૃત કપૂરકા દીપક જોય, મોહ તિમિર સબ જાવૈ ખોય;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ૦ ૭

**ધૂપ :** હું અગર–કપૂરનો ઉત્તમધૂપ બનાવી, આઠ દુઃખદાયી કર્મ જલાવવા અર્થે મુનિરાજને ધૂપ ચડાવું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને અષ્ટકર્મના નાશ માટે ધૂપ અર્પણ કરું છું. ૮.

**ફળ :** હું લવિંગ, એલચી, શ્રીફળ લઈને સુખના દાતાર એવા મુનિરાજની પૂજા કરું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને મોક્ષફલની પ્રાપ્તિ માટે ફળ અર્પણ કરું છું. ૯.

**અર્ઘ :** હું જળથી ફળ સહિત આઠ દ્રવ્યો એકઠા કરી, હું શ્રી મુનિરાજના ચરણોની પૂજા કરું છું. જે મુનિ દયાનિધાન, જગતના બંધુ છે, જેમણે સાતસો મુનિવરોના જીવ બચાવ્યા એવા વિષ્ણુ મુનિન્દ્ર ભગવાન આપ દયાનિધાન છો. આપનો જય હો.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિરાજને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ અર્પણ કરું છું. ૧૦.

## જયમાલા

શ્રાવણ સુદ પૂનમ તે મુનિરક્ષા દિન તરીકે જાણીતો છે. રક્ષક વિષ્ણુકુમાર મુનિનું સન્માન કરવા તેમનું ગુણગાન કરું છું. હે વિષ્ણુદેવા! હું આપની ચરણ સેવા કરું છું. આપ જગતના ભક્તોનો પોકાર સાંભળી તેમના કષ્ટ દૂર કરો છો. મહાસુખકારી એવા મુનિરાજ, આપ ગજપુર (હસ્તિનાપુર) પધાર્યા. મનમાં વિચારીને વામનરૂપ ધરીને બલિરાજા પાસે જઈ તેમને પ્રસન્ન કરી ત્રણ વચન માગ્યા. બલિરાજાએ કહ્યું કે જે માંગશો તે મળશે. વિષ્ણુમુનિએ ત્રણ ડગ જમીન માંગી. અને વિક્રિયા કરી વિરાટ કાયા બનાવી અને બે ડગલામાં તો બધી જમીન લઈ લીધી અને ત્રીજું ડગલું બલીની પીઠ પર રાખ્યું. ત્યારે બલિરાજાએ વિષ્ણુકુમાર મુનિની



અગર કપૂર સુધૂપ બનાય, જારૈ અષ્ટ કરમ દુખદાય;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮

લોંગ ઈલાયચી શ્રીફલસાર, પૂજૌં શ્રી મુનિ સુખ દાતાર;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯

જલ ફલ આઠોં દરવ સંજોય, શ્રી મુનિવર પદ પૂજૌં દોય;
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.
સપ્ત સૈકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,
દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦

## જયમાલા

(દોહા)

સાવન સુદી સુ પૂર્ણિમા, મુનિરક્ષા દિન જાન;
રક્ષક વિષ્ણુકુમાર મુનિ, તિન જયમાલ બખાન.

(ભુજંગપ્રયાત)

શ્રી વિષ્ણુ દેવા કરૂં ચર્ણસેવા, હરો જગકી બાધા સુનો ટેર દેવા;
ગજપુર પધારે મહાસુખકારી, ધરો રૂપ વામન સુ મનમેં વિચારી.

ગયે પાસ બલિકે હુઆ વો પ્રસન્ના, જો માંગો સો પાવો દિયા યે વચન્ના,
મુનિ તીન ડગ માંગી ધરની સુ તાપૈ, દયી તીન તતક્ષિણ સુ નહિ ઢીલ થાપૈ.


કરી વિક્રિયા મુનિ સુ કાયા બનાઈ, જગહ સારી લેલી સુ ડગ દોકે માંહી,
ધરી તીસરી ડગ બલી પીઠ માંગી, સુ માંગી ક્ષમા તબ બલિને બનાઈ.

ક્ષમા માંગી. તુરત જ સુખકારક જળની વર્ષા થઈ, જેથી સર્વ અગ્નિ ક્ષણમાં બુઝાઈ ગઈ અને વિષ્ણુમુનિ દ્વારા ઉપસર્ગ ટળ્યો. આખા નગરમાં તેમનો જયજયકાર થયો. પછી રાજાના હુકમ પ્રમાણે રક્ષાબંધન પર્વ મનાવવામાં આવ્યું. સાતસો મુનિનો સંઘ વિહાર કરી નગરમાં આવ્યો અને નગરના શ્રાવકજનોએ તેમને આહારદાન કરાવ્યું. જે ઘરે કોઈ મુનિ ન પધાર્યા તો તેમણે પોતાના ઘરના દરવાજા પર મુનિરાજનું ચિત્ર બનાવી સ્થાપના કરી, આહાર આપ્યો અને પછી જ તેઓએ ભોજન કર્યું. ત્યારથી આ નામ પ્રમાણેનો સુંદર, જૈન ધર્મનો તહેવાર મનાવાય છે. શુદ્ધ ભાવ કરી તેને ઉજવવાથી ધર્મની ઘણી પ્રભાવના વધે છે. એક ધર્મ જ જગતમાં સારરૂપ છે, એક ધર્મ સિવાય આ સંસારમાં સર્વ અસાર (જૂઠું) છે. જ્યારે શ્રાવણ સુદ પૂનમ હોય ત્યારે આ પૂજા કરવી. રક્ષાબંધનની કથા સાંભળવી અને સૌને સમજાવવી. મુનિરાજને પોતાના ઘરે આહારદાન વિધિપૂર્વક કરાવવું. બધાને રક્ષાબંધન બાંધી અને જૈનમુનિની રક્ષા માટે ઉપાય કરવા. આ રીતે આ સંસારનો સુંદર તહેવાર મનાવાય છે. હે મુનિ! આપ દીનદયાળ છો આપે મુનિરાજ પરનો ઉપસર્ગ ટાળ્યો, જેથી બધે આનંદ થયો. કવિ રઘુસુત આપને સદા વંદે છે. હિતકારક આનંદના સ્થાનમાં સુખકર નિવાસ કરું.

ૐ હ્રીં શ્રી વિષ્ણુકુમાર મહામુનિના ચરણમાં અર્ઘ્ય અર્પણ કરું છું.

વિષ્ણુકુમાર મુનિના ચરણને જે ભાવથી પૂજે છે, તે ઘણા પુણ્યશાળી બની સ્વર્ગપદ પામે છે.

(પુષ્પાંજલિ ચડાવું છું.)





જલકી સુવૃષ્ટિ કરી સુખકારી, સર્વ અગ્નિ ક્ષણમેં ભઈ ભસ્મ સારી;
ટરે સર્વ ઉપસર્ગ શ્રી વિષ્ણુજી સે, ભઈ જય જયકાર સર્વ નગ્ર હી સે.

(ચોપાઈ)

ફિર રાજાકે હુકમ પ્રમાણ, રક્ષાબંધન બંધી સુજાન;
મુનિવર ઘર ઘર કિયે વિહાર, શ્રાવક જન તિન દિયો અહાર.

જા ઘર મુનિ નહિં આયે કોય, નિજ દરવાજે ચિત્ર સુ લોય;
સ્થાપન કર સો દિયો અહાર, ફિર સબ ભોજન કિયો સમ્હાર.

તબસે નામ સલૂનો સાર, જૈનધર્મકા હૈ ત્યૌહાર;
શુદ્ધ ક્રિયા કર માનો જીવ, જાસોં ધર્મ બઢે સુ અતીવ.

ધર્મ પદારથ જગમેં સાર, ધર્મ બિના જૂઠો સંસાર;
સાવન સુદી જબ પૂનમ હોય, યહ દો પૂજા કીજો લોય.

સબ ભાઈયન કો દો સમઝાય, રક્ષાબંધન કથા સુનાય;
મુનિકા નિજઘર કરો અહાર, મુનિ સમાન તિન દેવો અહાર.

સબકે રક્ષા બંધન બાંધ, જૈન મુનિકી રક્ષા સાધ;
ઈસ વિધિસે માનોં ત્યોહાર, નામ સલૂનો હૈ સંસાર.

(ઘત્તા)

મુનિ દીનદયાલા, સબ દુખ ટાલા, આનંદમાલા, સુખકારી;
રઘુસુત નિત વંદે, આનંદ કંદૈ, સુકખકરવાસ દે, હિતકારી.

ૐ હ્રીં શ્રીવિષ્ણુકુમારમહામુનિભ્યઃ મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(દોહા)

વિષ્ણુકુમાર મુનિ ચરણકો, જો પૂજૈ ધર પ્રીત;
રઘુસુત પાવે સ્વર્ગપદ, પુણ્ય બઢે નવનીત.

॥ ઇત્યાશીર્વાદ : પુષ્પાંજલિં ક્ષિપેત્.

# (૫૬) શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિરાજની પૂજા

**સ્થાપના :** શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિઓ વિહાર કરી હસ્તિનાપુર આવ્યા. ત્યાં તેમના પર અતિદુઃખકારી એવો ઉપસર્ગ થયો, જે શાંત ભાવથી મુનિઓએ સહન કર્યો. ધ્યાનમાં આરૂઢ તે સર્વ મુનિઓનો ઉપસર્ગ જે ધન્ય ઘડીએ દૂર થયો, તે દિવસ શ્રાવણ સુદ પૂનમ હતો. આજે પૂજ્ય મુનિરાજોને શીશ નમાવું છું અને તેમના પ્રતિ ભાવ–ભક્તિથી પૂજા રચાવું છું. આ પ્રસંગથી તે દિવસ સુંદર બન્યો. હે પૂજ્ય ! તે આપને આમંત્રણ આપું છું. આપને ઉચ્ચઆસને બિરાજમાન કરું છું; મારી અતિ નિકટ, મારા હૃદયમાં બિરાજમાન થાઓ. હે ગુરુવર ! અહીં બિરાજો. હું આપના ચરણની સેવા કરું છું.


ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિન્દ્ર અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિન્દ્ર અહીં બિરાજો બિરાજો

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિન્દ્ર મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** હું શીતલ, પવિત્ર, નિર્મળ જળ સુવર્ણ પાત્રમાં લાવી જન્મ, જરા, મૃત્યુ, નાશ કરવા આપના ચરણોમાં ચડાવું છું. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યઆદિ સાતસો મુનિશ્વરોને જલ ચડાવું છું. ૨.





# (૫૬) શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિપૂજા

(શ્રાવણ સુદ પૂર્ણિમાના દિવસે કરવાની પૂજા)

(અડિલ્લ છંદ)

શ્રી અકંપન મુનિ આદિ સબ સાતસૈ,
કર વિહાર હસ્તિનાપુર આયે સાતસૈ;
તહાં ભયો ઉપસર્ગ બડૌ દુઃખકાર જૂ,
શાંતિ ભાવસે સહન કિયૌ મુનિરાજ જૂ.

મિતી સુ પંદ્રસ સાવન શુક્લ પ્રમાનિયે,
ધ્યાનારૂઢ સુ તિષ્ઠ સર્વ મુનિ માનિયે;
હુઓ ઉપસર્ગ જુ દૂર ધન્ય ઘડી આજ જી,
તિન પ્રતિ શીશ નવાય પૂજ્ય મુનિરાજજી.

તિનકી પૂજા રચૂં ભાવ અરુ ભક્તિ સે,
દિવસ સલૂનો ભયો ઈસી યહ યુક્તિસે;
આહ્વાનન સ્થાપન સન્નિધિકરણ જી,
તિષ્ઠ ગુરુ અબ આય કરૂં પદ સેવ જી.

ૐ હ્રીં શ્રીઅકંપનઆચાર્યઆદિ સાતસૌ મુનિભ્યઃ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્,

ૐ હ્રીં શ્રીઅકંપનઆચાર્યઆદિ સાતસૌ મુનિભ્યઃ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્,

ૐ હ્રીં શ્રીઅકંપનઆચાર્યઆદિ સાતસૌ મુનિભ્યઃ !–અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧

(જોગીરાસા–ચાલ)

શીતલ પ્રાસુક ઉજ્જ્વલ જલ લે કંચન ઝારી લાઉં,
જન્મ જરા મૃત્યુ નાશ કરનકો તુમ્હરે ચરણ ચઢાઉં;
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈં જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિ૦ ૨

**ચંદન :** હું ચંદન ને કેશર સંગ મિશ્રિત કરીને ચંદન લાવી ભવ–આતાપ દૂર કરવા ગુરુના ચરણે ચઢાઉં છું. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસો મુનિશ્વરોને ચંદન ચડાવું છું. ૩.

**અક્ષત :** હું ચંદ્રકિરણ જેવા ઉજ્જ્વળ અક્ષત તેનો સુંદર પૂંજ (સમૂહ) ભાવભક્તિથી ભરી લાવી શ્રી ગુરુ સમક્ષ શ્રદ્ધાથી અર્પણ કરું છું. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિશ્વરોને અક્ષત ચડાવું છું. ૪.

**પુષ્પ :** હું બેલા, ચમેલી, સુંદર ગુલાબના તાજા પુષ્પો લાવી કામ વેદનાનો નાશ કરવા શ્રી ગુરુના ચરણે ચડાવું છું. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિશ્વરોને પુષ્પ ચડાવું છું. ૫.

**નૈવેદ્ય :** તાજા–તુરત બનાવેલા ગૂંઝા, ફૈની, મોદક, લાડુ, ઇત્યાદિ શ્રી ગુરુવરના ચરણમાં ચડાવી હું હરખાઈ–હરખાઈને તેમના ગુણગાન કરું છું. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિશ્વરોને નૈવેદ્ય ચડાવું છું. ૬.

**દીપ :** હું સુવર્ણ કટોરીમાં ઉત્તમ કપૂરથી ભરેલ જ્યોતિ લાવીને શ્રી મુનિવરની આરતી કરું છું. મારા મોહકર્મને જીર્ણ કરું છું. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિશ્વરોને દીપ ચડાવું છું. ૭.



ચંદન કેશર મિશ્રિત લેકર નીકો ચંદન લાઊં;
ભવ આતાપ જુ દૂર કરનકો ગુરુકે ચરન ચઢાઊં.
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ સંસારતાપવિનાશના ચંદનં નિર્વ૦ ૩

ચંદ કિરણ સમ ઉજજ્વલ અક્ષત ભાવ ભક્તિસે લીને;
પુંજ મનોહર શ્રીગુરુ સન્મુખ સરધાકર જુ કરીને.
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વ૦ ૪

બેલ ચમેલી શ્રી ગુલાબકે તાજે પુષ્પ સુ લાઊં;
કામબાણકે નાશ કરન કો શ્રી ગુરુ ચરણ ચઢાઊં.
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વ૦ ૫

ગૂંઝા ફૈની મોદક લાડુ તાજે તુરત બનાઊં;
શ્રી ગુરુવર કે ચરણ ચઢાકર હર્ષ હર્ષ ગુણ ગાઊં.
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વ૦ ૬

ધૃત કપૂર કી ઉત્તમ જ્યોતિ સ્વર્ણ કટોરી ધારૂં;
શ્રી મુનિવર કી કરૂં આરતી મોહકર્મ કો જારૂં.
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ મોહાંધકારવિનાશનાય દીપં નિર્વ૦ ૭

**ધૂપ :** હું સુવાસિત ધૂપ લઈને ધૂપદાનીમાં ક્ષેપણ કરું છું કે જેથી આઠ કર્મોનો નાશ થાય અને આનંદ મંગળ ઉપજે છે. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે. ૮.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિશ્વરોને ધૂપ ચડાવું છું. ૮.

**ફળ :** હું લવિંગ, ઇલાયચી, શ્રીફળ, પીસ્તા બદામ, સફરજન, નારંગી આદિ શ્રી ગુરુના ચરણમાં ચડાઉં છું. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્ય આદિ સાતસો મુનિશ્વરોને ફળ ચડાવું છું. ૯.

**અર્ઘ :** હું જળ ફળ આદિ આઠેય દ્રવ્યોને એકઠાં કરી ભાવભક્તિથી ચરણમાં ચડાવું છું. હે ગુરુવર! અમને ભવથી પાર ઉતારો. શ્રી અકંપન ગુરુ આદિ સાતસો મુનિરાજોની પૂજા રચાવું છું. એ સુખકારી પૂજાથી ભવોભવના દુઃખ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યઆદિ સાતસો મુનિશ્વરોને અર્ઘ ચડાવું છું. ૧૦.

## જયમાલા

શ્રી અકંપનમુનિ આદિ સાતસો મુનિરાજની આ જયમાલામાં સ્તુતિ કરી તેમનું સન્માન કરું છું. ૧.

જે જીવદયાના પાલનહાર ગુરુવર્ય અનેકને ધર્મોપદેશ દે છે; છ કાય જીવની રક્ષા પાળે છે; તપ કરી આઠ કર્મોના નાશનો ઉધમ કરે છે; અસત્ય રંચમાત્ર મુખથી બોલતા નથી; જે મનમાં હોય તે જ વચનમાં આવે છે; મહાસત્યવ્રતધારી એવા મુનિશ્વરના ચરણમાં અમે વંદન કરીએ છીએ. દીધા વગર તણખલું કે જળ પણ લે નહીં. ધન–કંચન આદિને તૃણસમાન ગણે એવા મહા અચૌર્યવ્રતધારી ગુરુના ચરણમાં વંદન કરીએ



ધૂપ સુગંધ સુવાસિત લેકર ધૂપાયનમેં ખેઊં;
અષ્ટ કરમકે નાશ કરનકો આનંદમંગલ દેઊં..
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ૦ ૮

લોંગ ઈલાયચી શ્રીફલ પિસ્તા અરુ બાદામ મંગાઊં;
સેવ સંતરા ખટ્ટા મીઠા શ્રીગુરુ ચરણ ચઢાઊં.
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ૦ ૯

જલ ફલ આઠોં દરવ મિલાકર ભાવભક્તિ સે લાયા,
હે ગુરુ હમકો ભવસે તારો તાતૈં ચરણ ચઢાયા.
શ્રી અકંપન ગુરુ આદિ દે મુનિ સાતસૈ જાનો,
તિનકી પૂજ રચૂં સુખકારી ભવ ભવ કે અઘ હાનો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વ૦ ૧૦

## જયમાલા

(દોહા)

શ્રી અકંપન મુનિ આદિ સબ, સપ્ત સૈકડા જાન;
તિનકી યહ જયમાલ સુન, ભાષા કરૂં બખાન. ૧

(ચૌપાઈ)

જીવદયા પાલેં ગુરુ સ્વામી, દે ધર્મોપદેશ બહુનામી;
છહોં કાયકી રક્ષા પાલેં, તપ કર આઠોં કર્મકો ટાલે. ૨
ઝૂઠ ન રંચમાત્ર મુખ બોલેં, જો મન હોય વચન સો ખોલેં;
મહા સત્યવ્રત કે મુનિ ધારી, તિનકે પાયન ધોક હમારી. ૩
તૃણ જલ ભી અદત્ત નહિ લેવેં, ધન કંચન સબ તૃણ સમ જોવે;
મહા અચૌર્યવ્રત ગુરુ ધારી, તિનકે પાયન ધોક હમારી. ૪

છીએ. અઢાર હજાર શીલના ભેદને જે નિર્ભય થઈને સુખેથી ધારણ કરે છે, એવા શીલ મહાવ્રતના ધારી મુનિરાજના ચરણોમાં વંદન કરીએ છીએ. પરિગ્રહના ચોવીસ ભેદ કહ્યા છે તે સર્વેને ત્યાગીને વનવાસી થયા છે એવા પરિગ્રહત્યાગ મહાવ્રતના ધારી મુનિરાજના ચરણમાં વંદન કરું છું. મુનિરાજ બાર ભાવના રૂપ પવિત્ર ધર્મને સદા ધ્યાવે છે; અગિયાર અંગના અભ્યાસી છે; સંસારના ભોગને આનંદથી છોડ્યા છે; પાંચ ઇન્દ્રિયોનું દમન કરી મહાન બન્યા છે; મન–વચન–કાયપૂર્વક શુદ્ધ ધ્યાન કરે છે; શાંત ચિત્ત છે; સંસાર અને શરીરના ભોગથી વિરક્ત છે એવા મુનિવરોનો જય હો. ૨–૬.

મૌનધારી તપ કરનાર, આઠ કર્મોના નાશ માટે ઉધમવંત મુનિનો જય હો. આનંદનો અનુભવ કરનાર, આત્મસ્વરૂપનું ધ્યાન કરનાર ગુરુનો જય હો. જે કર્મોનો નાશ કરી મોક્ષરૂપી નારીને વરવા પ્રવૃત્ત થયા છે; જેને બધા દેવ–ઈન્દ્ર ચરણમાં નમે છે એવા હે મુનિવર, મારું સંસારનું દુઃખ કાપવા આપને હું નમું છું. હું અલ્પ બુદ્ધિવાળો અજ્ઞાની છું; આ શ્રીગુરુ પૂજા બનાવી છે તેમાં જો કોઈપણ અશુદ્ધિ થઈ હોય તો હે પ્રભુ! ક્ષમા કરજો. હું રઘુવરનો પુત્ર આપને મસ્તક ઝુકાવી નમન કરું છું. ૭–૧૧.

સર્વ ગુણોના ધરનાર મુનિ આપ જગતના ઉપકારી છો. સુખના કરવાવાળા છો, આપ દાતાર છો, મારા કર્મને નાશ કરી મને ભવપાર કરો. મને પણ આત્માની પ્રાપ્તિ હો અને સુખનો પ્રકાશ હો.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસો મુનિન્દ્રોને મહાઅર્ઘ અર્પુ છું. ૧૨.

જે મનમાં ભક્તિભાવ લાવીને પૂજા કરશે, પઠન કરશે તેને 'બાબુલાલ' કહે છે કે તે નિશ્ચયથી સ્વર્ગપદ પામશે.

(પુષ્પાંજલી અર્પણ કરું છું.) ૧૩.



અઠારહ સહસ શીલકે ભેદા, નિર્ભય ધારત હો સુ અખેદા;
શીલ મહાવ્રતકે મુનિ ધારી, તિનકે પાયન ધોક હમારી. ૫

ચૌબીસ ભેદ પરિગ્રહ ગાયે, સર્વ ત્યાગ વનવાસ કહાયે;
પરિગ્રહ–ત્યાગ મહાવ્રત ધારી, તિનકે પાયન ધોક હમારી. ૬

(પદ્ધરી છંદ)

સુ ભાવત ભાવન બારહ નિત્ત, વિચારત ધર્મ સદા સુ પવિત્ત;
જય ગ્યારહ અંગ સુ પઢત પાઠ, સંસાર ભોગકા ત્યાગ સુ ઠાઠ. ૭

પંચેંદ્રી દમન કરૈં મહાન, મન વચન કાય કર શુદ્ધ ધ્યાન,
જય મુનિવર વંદૂં શાંત ચિત્ત, સંસાર દેહ ભોગન વિરક્ત. ૮

જય મૌન ધાર મુનિ તપ કરંત, જય કર્મ કાઠ સબ હી જરંત;
જય આનંદકંદ વિધાનરૂપ, જય ધ્યાવત ગુરુ આતમસ્વરૂપ. ૯

સંસાર કષ્ટ કાટો મુનીંદ્ર, તુમ ચર્ણ નમઃ સબ દેવ ઈન્દ્ર,
જય મુનિવર વંદૂં કર્મ કાટ, શિવનારિ વરન કો કરત ઠાઠ. ૧૦

મૈં અલ્પ મતી અજ્ઞાન બુદ્ધિ, પ્રભુ ક્ષમા કરો જો હો અશુદ્ધિ;
રઘુવર સુત વંદત શીશ નાય, શ્રીગુરુ કે ગુણ ગાયે બનાય. ૧૧

(ઘત્તા છંદ)

મુનિ સબ ગુણધારં, જગ–ઉપકારં, કર ભવપારં, સુખકારં;
કર કર્મ જુ નાશા, આતમશાસા, સુખ પરકાશા, દાતારં.

ૐ હ્રીં શ્રી અકંપનાચાર્યાદિ સાતસૌ મુનિભ્યઃ મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૨.

(દોહા)

ભક્તિભાવ મન લાયકર, પૂજૈ વાંચે જોય;
બાબુલાલ સુ સ્વર્ગ પદ, નિશ્ચય તાકો હોય.

॥ ઇત્યાશીર્વાદઃ, પુષ્પાંજલિ ક્ષિપેત્ ॥ ૧૩.

# (૫૭) દશલક્ષણધર્મ–પૂજા

**સ્થાપના :** ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ એ જીવના ભાવ છે. ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ એ મોક્ષપ્રાપ્તિના ઉપાય છે. ઉત્તમ આકિંચન, ઉત્તમ બ્રહ્મચર્ય એ દશધર્મમાં સાર છે, ઉત્કૃષ્ટ છે. આ દશધર્મ ચારેય ગતિઓના દુ:ખોથી ઉગારી મુક્તિ પ્રાપ્ત કરાવનાર છે.

ૐ હ્રીં શ્રી ઉત્તમક્ષમા આદિ દશ ધર્મ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી ઉત્તમક્ષમા આદિ દશ ધર્મ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી ઉત્તમક્ષમા આદિ દશ ધર્મ મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** હિમવત્ પર્વતથી નીકળતી ધારા (ગંગા જળ) કે જે મુનિરાજના મન સમાન નિર્મળ, શીતળ અને સુગંધિત છે. તે જળથી, ભવના તાપને નષ્ટ કરવા માટે દશલક્ષણધર્મની સદા પૂજા કરું છું.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણ ધર્મને જન્મ–જરા–મૃત્યુને નાશ કરવા જળ સમર્પિત કરું છું. ૨.

**ચંદન :** દશ દિશાઓને સુગંધિત કરવાવાળા ચંદન અને કેશરને ઘસીને સંસાર તાપને નષ્ટ કરવા માટે દશલક્ષણધર્મની પૂજા કરું છું.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણ ધર્મને સંસારતાપને નાશ કરવા માટે ચંદન સમર્પિત કરું છું. ૩.

**અક્ષત :** સ્વચ્છ, અખંડ, ચન્દ્રમા સમાન શ્વેત, ઉજ્જ્વલ, ઉત્કૃષ્ટ અક્ષતથી ભવના તાપનો નાશ કરવા માટે દશલક્ષણધર્મની હંમેશા પૂજા કરું છું.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણ ધર્મને અક્ષયપદની પ્રાપ્તિ કરવા માટે અક્ષત સમર્પિત કરું છું. ૪.

**પુષ્પ :** અનેક પ્રકારના પુષ્પો કે જેની સુગંધ ઉર્ધ્વલોક સુધી ફેલાય રહી છે તે પુષ્પોથી ભવના તાપનો નાશ કરવા દશલક્ષણધર્મની હંમેશા પૂજા કરું છું.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણધર્મને કામદાહને નાશ કરવા માટે પુષ્પ સમર્પણ કરું છું. ૫.



# (૫૭) દશલક્ષણધર્મ–પૂજા

ઉત્તમ છિમા મારદવ આરજવ ભાવ હૈં,
સત્ય શૌચ સંયમ તપ ત્યાગ ઉપાવ હૈં;
આકિંચન બ્રહ્મચરજ ધરમ દશ સાર હૈં,
ચહુઁગતિ–દુખતૈં કાઢિ મુકતિ કરતાર હૈં.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનં.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મ ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧.

હેમાચલકી ધાર, મુનિ-ચિત સમ શીતલ સુરભિ,
ભવ-આતાપ નિવાર, દસ લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમક્ષમા-માર્દવ-આર્જવ-શૌચ-સત્ય-સંયમ-તપ-ત્યાગ-આકિચન્ય-બ્રહ્મચર્ય ઇતિ દશલક્ષણધર્માય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨

ચન્દન કેશર ગાર, હોય સુવાસ દશોં દિશા,
ભવ આતાપ નિવાર, દસ લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય ચન્દનં નિર્વપામીતિ સ્વાહા. ૩

અમલ અખંડિત સાર, તંદુલ ચન્દ્ર સમાન શુભ,
ભવ-આતાપ નિવાર, દસ લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય અક્ષતં નિર્વપામીતિ સ્વાહા. ૪

ફૂલ અનેક પ્રકાર, મહકૈં ઊરધ-લોકલોં,
ભવ-આતાપ નિવાર, દસ-લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫

**નૈવેદ્ય :** અનેક પ્રકારના ઉત્કૃષ્ટ છ રસથી યુક્ત નૈવેદ્યથી ભવના તાપને નષ્ટ કરવા માટે, દશલક્ષણ ધર્મની હંમેશા પૂજા કરું છું.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણ ધર્મને ક્ષુધા રોગના નાશ માટે નૈવેદ્ય સમર્પણ કરું છું. ૬.

**દીપ :** કપૂરની વાટ બનાવીને સુંદર દીપક લઈને ભવઆતાપ નષ્ટ કરવા માટે દશલક્ષણ ધર્મની પૂજા કરું છું.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણ ધર્મને મોહ અંધકારનો નાશ કરવા દીપ સમર્પણ કરું છું. ૭.

**ધૂપ :** અગર આદિ ધૂપને તૈયાર કરી સર્વ દિશાઓમાં સુગંધ ફેલાવી ભવઆતાપ નાશ કરવા દશલક્ષણ ધર્મની પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી ઉત્તમક્ષમાદિ દશલક્ષણ ધર્મને આઠ કર્મોને નષ્ટ કરવા ધૂપ સમર્પિત કરું છું. ૮.

**ફળ :** અનેક પ્રકારના સુગંધીદાર, નયનરમ્ય અને મનને મોહિત કરવાવાળા ફળોથી ભવના તાપનો નાશ કરવા માટે દશલક્ષણ ધર્મની પૂજા કરું છું.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ સમર્પિત કરું છું. ૯.

**અર્ઘ :** જળ–ચંદન આદિ આઠ દ્રવ્યોને સજાવીને અત્યંત ઉત્સાહપૂર્વક ભવના તાપને નષ્ટ કરવા માટે દશલક્ષણ ધર્મની હું પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મને અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પણ કરું છું. ૧૦.

## અંગપૂજા

### (૧) ઉત્તમક્ષમાધર્મ

અનેક દુષ્ટજનો દુઃખ આપે અને બાંધીને અનેક પ્રકારથી માર મારે તો પણ ક્રોધ ન કરે તથા વિવેકપૂર્વક ઉત્તમ ક્ષમાધર્મ ધારણ કરે તે આત્મા પવિત્ર છે.

હે ભાઈ! ઉત્તમ ક્ષમાને ગ્રહણ કરો. આ ક્ષમા આ ભવમાં યશ પ્રાપ્ત કરાવે છે અને આગળના ભવોમાં સુખદેવાવાળી છે. કોઈ અજ્ઞાની ગુણને અવગુણરૂપે બતાવે અને અપશબ્દ બોલે તો પણ મનમાં દુઃખ ન આણવું.



નેવજ વિવિધ નિહાર, ઉત્તમ ષટ-રસ-સંજુગત,
ભવ-આતાપ નિવાર, દસ-લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬

બાતિ કપૂર સુધાર, દીપક-જ્યોતિ સુહાવની,
ભવ-આપાત નિવાર, દસ–લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭

અગર ધૂપ વિસ્તાર, ફૈલે સર્વ સુગંધતા,
ભવ-આતાપ નિવાર, દસ-લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮

ફલકી જાતિ અપાર, ઘ્રાણ-નયન-મન-મોહને,
ભવ-આતાપ નિવાર, દસ-લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯

આઠોં દરવ સંવાર, 'દ્યાનત' અધિક ઉછાહસોં,
ભવ–આતાપ નિવાર, દસ–લચ્છન પૂજૌં સદા.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમાદિ–દશલક્ષણધર્માય અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## અંગ પૂજા

### (૧) ઉત્તમક્ષમાધર્મ

(સોરઠા)

પીડૈં દુષ્ટ અનેક, બાંધ માર બહુવિધિ કરૈં;
ધરિયે છિમા વિવેક, કોપ ન કીજે પ્રીતમા.

(ચૌપાઈ મિશ્રિત ગીતા છંદ)

ઉત્તમ છિમા ગહો રે ભાઈ, ઈહ ભવ જસ પરભવ સુખદાઈ,
ગાલી સુનિ મન ખેદ ન આનો, ગુનકો ઔગુન કહૈ અયાનો.

એવો તે અજ્ઞાની અપશબ્દ કહે, આપણી કોઈ વસ્તુ છીનવી લે, બાંધે, મારે ઘરમાંથી કાઢી મૂકે, શરીરનું છેદન કરે એમ અનેક પ્રકારથી દુઃખ આપે તો પણ તેની સાથે વૈરભાવ ધારણ ન કરવો જોઈએ. પરંતુ એમ ચિંતવવું કે પૂર્વે મેં જે પાપકર્મો કર્યા હતા તે હવે મારે ભોગવવા જ પડશે. હે જીવ, અતિક્રોધરૂપી અગ્નિને સમતાભાવરૂપી જળથી બુઝાવો અર્થાત્ ક્રોધને સમયે સમતા ધારણ કરો.

ૐ હ્રીં શ્રી ઉત્તમ ક્ષમા ધર્મના અંગને અર્ઘ સમર્પણ કરું છું. ૧.

## (૨) ઉત્તમ માર્દવધર્મ

માન મહા વિષ સમાન છે. આ માન નરક આદિ નીચ ગતિમાં લઈ જાય છે. કોમળતા (મૃદુતા) અનુપમ અમૃત સમાન છે. તે અમૃત પીવાવાળો જીવ હંમેશા મહાસુખને પ્રાપ્ત થાય છે.

ઉત્તમ માર્દવ ગુણને મનમાં ધારો. માન ક્યાં કરવું શેના પર કરવું? કેમકે અનંતકાળ નિગોદમાં વસવાટ કર્યો જ્યાંથી નીકળવું અતિ દુર્લભ છે એવામાં મફતના ભાવે વેચાયો. આવા મફતમાં વેચાય એવા ભાગ્યવાળો જીવ કોઈ વખત પુણ્યથી દેવ થયો તો ત્યાંથી એકેન્દ્રિયમાં ગયો. કોઈ વાર ઉત્તમકુળમાં ઉપજ્યો તો કોઈવાર ચાંડાલને ત્યાં જન્મ્યો. તો કોઈવાર રાજા થઈ કીડામાં જન્મ્યો. તેથી હે જીવ! આ જીવનમાં મળેલ યુવાવસ્થા કે ધનપ્રાપ્તિ પર ગુમાન ન કર, કારણ કે એ તો પાણીના પરપોટા સમાન છે; ઘડીકમાં નાશ થવાના છે; તેથી માન છોડી, વધારે ગુણી એવા મહાપુરુષનો વિનય કરવો જોઈએ કે જેથી જ્ઞાનનો ઉદય થાય.

ૐ હ્રીં ઉત્તમ માર્દવ–ધર્મના અંગને અર્ઘ સમર્પણ કરું છું. ૨.

## (૩) ઉત્તમ આર્જવધર્મ

કદી કપટ ન કરવું અને ચોરની સંગતિ ન કરવી. સરળ સ્વભાવી બનવું જેથી તેના ઘર સંપત્તિથી ભરાશે.

ઉત્તમ આર્જવને જીવનમાં અપનાવવો. રંચમાત્ર પણ દગો કરવો તે બહુ દુઃખ દેનાર છે. મનમાં હોય તે વચનમાં ઉચ્ચારવું અને જે વચનમાં આવે તેજ ક્રિયામાં આદરવું. પોતાના ત્રણેય યોગ મન, વચન અને કાયને આરસી સમાન નિર્મળ બનાવવા. જેમાં જે મુખચેષ્ટા હોય તેવું દેખાય. કપટ સાથે સંગત કરવી તે અગ્નિ સાથે મૈત્રી કરવા જેવું છે. છળકપટ કરી વધુ લક્ષ્મીની પ્રાપ્તિ કરવાથી વિશેષ કર્મબંધ પડે છે. જેમ ભય ત્યાગી



કહિ હૈ અયાનો વસ્તુ છીનૈ, બાંધ માર બહુવિધિ કરૈ,
ઘરતૈં નિકારૈં તન વિદારૈં, વૈર જો ન તહાઁ ધરૈં;
તૈં કરમ પૂરબ કિયે ખોટે, સહૈ ક્યોં નહિં જીયરા,
અતિક્રોધઅગનિ બુઝાય પ્રાણી, સામ્યજલલૈ સીયરા.

ૐ હ્રીં ઉત્તમક્ષમાધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧

## (૨) ઉત્તમ માર્દવધર્મ

માન મહાવિષરૂપ, કરહિ નીચગતિ જગતમેં,
કોમલ સુધા અનૂપ, સુખ પાવૈ પ્રાની સદા.

ઉત્તમ માર્દવ ગુન મનમાના, માન કરનકો કૌન ઠિકાના,
વસ્યો નિગોદમાંહિતૈં આયા, દમરી રૂંકન ભાગ બિકાયા.

રૂંકન બિકાયા ભાગવશતૈં, દેવ ઈકઈન્દ્રી ભયા,
ઉત્તમ મુઆ ચાંડાલ હુઆ, ભૂપ કીડોંમેં ગયા;
જીતવ્ય–જોબન–ધન–ગુમાન, કહા કરે જલ બુદબુદા,
કરિ વિનય બહુગુન બડે જનકી, જ્ઞાનકા પાવૈ ઉદા.

ૐ હ્રીં ઉત્તમમાર્દવધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૨

## (૩) ઉત્તમ આર્જવધર્મ

કપટ ન કીજે કોય, ચોરનકે પુર ના બસૈ;
સરલ સુભાવી હોય, તાકે ઘર બહુ સંપદા.

ઉત્તમ આર્જવ રીતિ બખાની, રંચક દગા બહુત દુખદાની;
મનમેં હો સો વચન ઉચરિયે, વચન હોય સો તનસૌં કરિયે.

કરિયે સરલ તિહું જોગ અપને, દેખ નિરમલ આરસી,
મુખ કરૈ જૈસા લખૈ તૈસા કપટપ્રીતિ અંગારસી;
નહિં લહૈ લછમી અધિક છલકરિ, કરમબંધ વિશેષતા,
ભય ત્યાગિ દૂધ બિલાવ પીવૈ, આપદા નહિ દેખતા.

ૐ હ્રીં ઉત્તમઆર્જવધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૩

બિલાડી દૂધ પીવે, તેમ પાપનો ભય ન રહે એ રીતે સરળતાથી લક્ષ્મી પ્રાપ્ત કરવી.

ૐ હ્રીં ઉત્તમ આર્જવ–ધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૩.

## (૪) ઉત્તમ સત્યધર્મ

કઠોર વચન ન બોલવા, કોઈની નિંદા અને અસત્યને તજવું. સત્યરૂપ રત્ન સાથે રાખવું કેમકે સત્ય બોલનાર જગતમાં સુખ પામે છે.

ઉત્તમ સત્ય વ્રતને ધારણ કરો. કોઈનો વિશ્વાસઘાત ન કરવો. સાચા–જૂઠા માણસોના ભેદને દેખીએ છીએ, પણ પવિત્ર એવા સ્વ–આત્માને જોતાં નથી. કોઈ સાચા માણસનો વિશ્વાસ કરવો, તેને ધન આપવું; મુનિરાજ અને શ્રાવકનું ગૌરવ કરવું વગેરે સત્યગુણ જ છે એમ જાણવું. ઊંચા સિંહાસને બેઠેલો વસુરાજા જ્યારે ન્યાય ધર્મ બજાવવા બેઠો ત્યારે જૂઠા વચનથી નરકમાં ગયો અને નારદ સ્વર્ગમાં ગયા.

ૐ હ્રીં ઉત્તમ સત્ય ધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૪.

## (૫) ઉત્તમ શૌચ ધર્મ

હૃદયમાં સંતોષ ધારણ કરવો અને દેહ દમન કરવું. આ સંસારમાં નિર્દોષ શૌચ ધર્મ સદા મહાન છે.

ઉત્તમ શૌચ ધર્મ અખિલ વિશ્વમાં જાણીતો છે અને લોભને તો પાપનો બાપ કહ્યો છે. આશારૂપી બંધન મહાદુ:ખદાયી છે જ્યારે સંતોષ ધારણ કરવાવાળો જીવ સુખ પ્રાપ્ત કરે છે. જે નિત્ય ગંગા–જમુના નદીમાં કે સમુદ્રમાં સ્નાન કરે છે, તેથી તે પવિત્ર થઈ ગયો તેમ ન માનવું, પણ જે શીલવાન છે, જપ, તપ કરે છે, તે જ્ઞાન ધ્યાનના પ્રભાવથી પવિત્ર છે. આ શરીર ઉપરથી ભલે સાફ લાગે પણ જે સ્વભાવથી જ અશુચિ છે અને દોષરૂપી મેલ જેની અંદર ભર્યો છે એને કઈ રીતે પવિત્ર કહી શકાય? જેમનો દેહ બહારથી ભલે મેલો હોય, પણ અંતરમાં જેના સમ્યક્‌ગુણો ભરેલ છે, તે સાધુપુરુષ શૌચગુણને પામે છે.

ૐ હ્રીં ઉત્તમ શૌચ ધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૫.



## (૪) ઉત્તમ સત્યધર્મ

કઠિન વચન મતિ બોલ, પરનિંદા અરુ ઝૂઠ તજ;
સાંચ જવાહર ખોલ, સતવાદી જગમેં સુખી.

ઉત્તમ સત્યવરત પા લીજે, પરવિશ્વાસઘાત નહિં કીજે;
સાંચે ઝૂઠે માનુષ દેખો, આપન પૂત સ્વપાસ ન પેખો.

પેખો તિહાયત પુરુષ સાંચેકો, દરબ સબ દીજિયે,
મુનિરાજ શ્રાવકકી પ્રતિષ્ઠા, સાંચ ગુન લખ લીજિયે;
ઊંચે સિંહાસન બૈઠિ વસુનૃપ, ધરમકા ભૂપતિ ભયા,
વચ ઝૂઠસેતી નરક પહુંચા, સુરગમેં નારદ ગયા.

ૐ હ્રીં ઉત્તમસત્યધર્માંગાય અર્ઘ નિર્વપામીતિ સ્વાહા. ૪

## (૫) ઉત્તમ શૌચ ધર્મ

ધરિ હિરદૈ સંતોષ, કરહુ તપસ્યા દેહસૌં,
શૌચ સદા નિરદોષ, ધરમ બડૌ સંસારમેં.

ઉત્તમ શૌચ સર્વ જગ જાના, લોભ પાપકો બાપ બખાના;
આશા–પાસ મહા દુખદાની, સુખ પાવૈ સંતોષી પ્રાની.

પ્રાની સદા શુચિ શીલ જપ તપ, જ્ઞાનધ્યાનપ્રભાવતૈં,
નિત ગંગજમુન સમુદ્ર ન્હાયે, અશુચિ દોષ સુભાવતૈં;
ઉપર અમલ મલ ભર્યો ભીતર, કૌન વિધ ઘટ શુચિ કહૈ;
બહુ દેહ મૈલી સુગુનથૈલી, શૌચગુન સાધૂ લહૈ.

ૐ હ્રીં ઉત્તમશૌચધર્માંગાય અર્ઘ નિર્વપામીતિ સ્વાહા. ૫

## (૬) ઉત્તમ સંયમધર્મ

છ કાયના જીવોની રક્ષા કરી અને પાંચ ઇન્દ્રિય તથા મનને વશકરીને સંયમરત્નની રક્ષા કરવી કેમકે બહારના વિષયરૂપી ચોર બહુ ભમી રહ્યા છે

ઉત્તમ સંયમ ને ગ્રહણ કરવાથી ભવોભવના પાપ નાશ પામે છે. દેવ, નારકી કે પશુગતિમાં સંયમ ધારણ થઈ શકતો નથી. સંયમ આળસ દૂર કરી સુખની પ્રાપ્તિ કરાવે છે.

પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય તથા ત્રસ જીવો પર કરૂણા કરવી. સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય અને કર્ણેન્દ્રિયને વશ કરવી. પંચેન્દ્રિયને વશ કર્યા વિના જિનરાજ (આત્મા) મળતો નથી અને જગતમાં રઝળવું પડે છે. એક સમય પણ એ ન ભૂલવું કે આયુષ્ય યમના મુખમાં છે. (આયુષ્ય દિવસે દિવસે ઘટતું જાય છે.)

ૐ હ્રીં ઉત્તમ સંયમ ધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૬.

## (૭) ઉત્તમ તપ ધર્મ

કર્મ શિખરને તોડવામાટે તપ વજ્રસમાન છે, જેને સૌધર્મ ઈન્દ્ર પણ ઇચ્છે છે. તે તપ બાર પ્રકારનું છે અને સુખ દેનાર છે, તેથી તે તપ બધાએ પોતાની શક્તિ અનુસાર કરવું જોઈએ.

કર્મરૂપી પર્વતને તોડવા માટે વજ્રસમાન એવું તપ સર્વોત્તમ છે. અનાદિકાળ નિગોદમાં પૃથ્વીકાય આદિ સ્થાવર પર્યાય અને ત્રસ એવી પશુગતિના શરીર ધારણ કર્યા. હવે વિષય નિવારણ અર્થે મહાદુર્લભ એવી મનુષ્યગતિ, ઉચ્ચકુળમાં આયુષ્ય, નિરોગીતા, શ્રી જિનવાણીનું શ્રવણ અને જ્ઞાન મળ્યું છે.

વિષય કષાયને છોડી જે મહાદુર્લભ એવું તપ કરે છે તે સુવર્ણમય અનુપમ નરભવરૂપી ઘર પર મણિમય કલશસમાન શોભે છે.

ૐ હ્રીં ઉત્તમ તપ ધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૭.



## (૬) ઉત્તમ સંયમધર્મ

કાય છહોં પ્રતિપાલ, પંચેન્દ્રિય મન વશ કરો;
સંયમ—રતન સંભાલ, વિષયચોર બહુ ફિરત હૈં.

ઉત્તમ સંયમ ગહુ મન મેરે, ભવ ભવકે ભાજૈ અઘ તેરે;
સુરગ નરક પશુગતિ મેં નાહીં, આલસ હરન કરન સુખ ઠાહીં.

ઠાહીં પૃથ્વી જલ આગ મારુત, રૂખ ત્રસ કરુના ધરો,
સપરસન રસના ઘ્રાન નૈના, કાન મન સબ વશ કરો;
જિસ બિના નહિ જિનરાજ સીઝે, તૂ રુલ્યો જગકીચમેં,
ઈક ઘરી મત વિસરો કરો નિત, આયુ જમમુખ બીચમેં.

ૐ હ્રીં ઉત્તમસંયમધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૬

## (૭) ઉત્તમ તપ ધર્મ

તપ ચાહૈં સુરરાય, કરમશિખરકો વજ્ર હૈ,
દ્વાદશવિધિ સુખદાય, ક્યોં ન કરૈ નિજ સકતિ સમ.

ઉત્તમ તપ સબમાહિં બખાના, કરમશિખરકો વજ્ર સમાના,
વસ્યો અનાદિ નિગોદ મઝારા, ભૂ—વિકલત્રય પશુતન ધારા.

ધારા મનુષ તન મહાદુર્લભ, સુકુલ આયુ નિરોગતા,
શ્રીજૈનવાની તત્ત્વજ્ઞાની, ભઈ વિષયપયોગતા.
અતિ મહાદુર્લભ ત્યાગ વિષય, કષાય જો તપ આદરૈ,
નરભવ અનૂપમ કનક ઘરપર, મણિમયી કલસા ધરૈં.

ૐ હ્રીં ઉત્તમતપધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૭

## (૮) ઉત્તમ ત્યાગ ધર્મ

દાન ચાર પ્રકારના છે અને ચાર સંઘને દેવામાં આવે છે. ધનને વીજળી સમાન ચંચળ જાણી આ મનુષ્ય ભવમાં તે દાન દેવાનો લ્હાવો લેવો જોઈએ. વ્યવહારથી તે ચાર પ્રકારના છે. ઔષધિદાન, શાસ્ત્રદાન, અભયદાન અને આહારદાન.

આખા જગતમાં ત્યાગને ઉત્તમ ધર્મ કહ્યો છે. નિશ્ચયથી રાગદ્વેષનો ત્યાગ તે ઉત્તમ ત્યાગ છે. જ્ઞાની પુરુષ બંને પ્રકારે દાન કરે છે. સંપત્તિ કૂવામાં રહેલ જળ સમાન છે; દાન કરવાથી નવા નીરની જેમ નવું દ્રવ્ય આવે છે. પોતાના હાથે દાન કરી પુણ્ય મેળવવું, નહીંતર તે ગુમાવા જેવું છે. તે ધન્ય છે કે જે સાધુને શાસ્ત્રદાન કરે છે, અભય દાન આપે છે અને રાગ–દ્વેષનો ત્યાગ કરે છે. દાન વિના શ્રાવક કે સાધુ જ્ઞાનને પામતા નથી.

ૐ હ્રીં ઉત્તમ ત્યાગધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૮.

## (૯) ઉત્તમ આકિંચન ધર્મ

પરિગ્રહના ચોવીસ ભેદ છે જેને મુનિરાજ ત્યાગે છે. શ્રાવકે તૃષ્ણા ભાવનો નાશ કરવા તેને ધીરે ધીરે ઘટાડવી જોઈએ.

આકિંચન ધર્મ ઉત્તમ ગુણ છે. પરિગ્રહ સંબંધી ચિંતાને દુઃખ જ જાણો. જેમ જરા જેટલી પણ ફાંસ શરીરમાં ખૂંચે છે તેમ એક લંગોટી માત્ર પરિગ્રહ પણ દુઃખનું કારણ છે.

મુનિપદ ધારણ કર્યા વિના કોઈ પણ જીવ ક્યારેય સમતાનું સુખ પામી શકતો નથી. ધન્ય છે તે નગ્ન દિગંબર મુનિદશા કે જેના ચરણોમાં સુર–અસુર નમે છે. ઘરમાં રહીને પણ સંસારથી રુચિ ઉઠાવી તૃષ્ણા ઓછી કરવી જોઈએ. વધારે લક્ષ્મીનો પરિગ્રહ સારો નથી પણ જે ધન બીજા પર ઉપકાર કરવામાં વપરાય છે તે ધન ભલું છે.

ૐ હ્રીં ઉત્તમ આકિંચન ધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૯.



## (૮) ઉત્તમ ત્યાગ ધર્મ

દાન ચાર પરકાર, ચાર સંઘકો દીજિયે,
ધન વિજુલી ઉનહાર, નરભવ લાહો લીજિયે.

ઉત્તમ ત્યાગ કહ્યો જગસારા, ઔષધિ શાસ્ત્ર અભય આહારા,
નિહચૈ રાગ-દ્વેષ નિરવારૈ, જ્ઞાતા દોનોં દાન સંભારૈ.

દોનોં સંભારૈ કૂપજલ સમ, દરબ ઘરમેં પરિનયા,
નિજ હાથ દીજે સાથ લીજે, ખાય ખોયા બહ ગયા.
ધનિ સાધ શાસ્ત્ર અભય દિવૈયા, ત્યાગ રાગ વિરોધકોં,
બિન દાન શ્રાવક સાધ દોનોં, લહૈં નાહીં બોધકોં.

ૐ હ્રીં ઉત્તમત્યાગધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૮

## (૯) ઉત્તમ આકિંચન ધર્મ

પરિગ્રહ ચૌબિસ ભેદ, ત્યાગ કરેં મુનિરાજજી;
તિસનાભાવ ઉછેદ, ઘટતી જાન ઘટાઈયે.

ઉત્તમ આકિંચન ગુણ જાનૌ, પરિગ્રહચિંતા દુખ હી માનૌ;
ફાંસ તનકસી તનમેં સાલૈ, ચાહ લંગોટીકી દુખ ભાલૈ.

ભાલૈ ન સમતા સુખ કભી નર, વિના મુનિમુદ્રા ધરેં,
ધનિ નગનપર તન નગન ઠાંડે, સુર અસુર પાયનિ પરેં.
ઘરમાંહિ તિસના જો ઘટાવૈ, રુચિ નહીં સંસારસૌં;
બહુ ધન બુરા હૂ ભલા કહિયે, લીન પર ઉપગારસૌં.

ૐ હ્રીં ઉત્તમઆકિંચનધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૯

## (૧૦) ઉત્તમ બ્રહ્મચર્યધર્મ

ઉપર મુજબના નવ ધર્મોની રક્ષા માટે શીલ ધર્મને વાડરૂપ કહ્યો છે. અંતર–બાહ્ય બંને પ્રકારે બ્રહ્મચર્ય ધર્મ અંગીકાર કરી આ નરભવને સફળ કરવો.

ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મને મનથી અંગીકાર કરી દરેક સ્ત્રીને માતા, બહેન કે પુત્રી સમાન ગણવી. જે બ્રહ્મચર્ય વ્રત ધારીને, સ્ત્રીની આંખોની બાણવર્ષા સહન કરે છે અને તેની સામે ટીકી ટીકી જોતા નથી તે શૂરવીર છે.

જેનામાં કામરોગ વ્યાપ્યો છે તે કામરોગી, સ્ત્રીના અશુચિમય શરીરમાં રમે છે. મૃતક શરીર એવું છે કે તે મસાણમાં સડી જશે અને કાગડા તેને ચાંચો મારશે. તેથી આ સંસારમાં નારીને વિષની વેલ જાણી, યોગીઓએ ત્યાગ કર્યો છે. કવિ ધાનતરાયજી કહે છે–આ દશધર્મરૂપી પગથિયાં ચડી મોક્ષરૂપી મહેલમાં પહોંચી જવાય છે.

ૐ હ્રીં ઉત્તમ બ્રહ્મચર્યધર્મના અંગને અર્ઘ ચડાવું છું. ૧૦

### જયમાલા

દશલક્ષણ ધર્મને સદા વંદન કરું છું, જે ઈચ્છિત ફળ દેનાર છે. તેના ગુણગાન ગાઉં છું, જેથી મને પણ તેની કૃપા પ્રાપ્ત થાય. ૧.

જે ઉત્તમ ક્ષમાને મનમાં ધારણ કરે છે, તેને અંતર–બાહ્ય કોઈ શત્રુ નથી.

ઉત્તમ માર્દવ ધર્મથી વિનય ગુણનો વિકાસ થાય છે અને તેના જ્ઞાન પ્રકાશમાં વિવિધભેદ સહિત સઘળું જણાય છે. ૨.

ઉત્તમ આર્જવ ધર્મથી કપટનો નાશ થાય છે જેથી કુગતિનો ત્યાગ થાય છે અને સુગતિ મળે છે. જે મુખથી ઉત્તમ સત્યવચન બોલે છે તે જીવ સંસારમાં ભમતો નથી. ૩.

જે લોભનો ત્યાગ કરીને ઉત્તમ શૌચ ધર્મ અંગીકાર કરે છે તે જીવ સંતોષરૂપી ગુણરત્નનો સ્વામી બને છે.

જે જ્ઞાની ઉત્તમ સંયમધર્મ ધારે છે તે જીવ આ મનુષ્યભવ સફળ કરી સુખ ભોગવે છે. ૪.

જે જીવ કોઈપણ જાતની વાંછા વિના તપ કરે છે તે જીવ કર્મરૂપી શત્રુનો નાશ કરે છે.



## (૧૦) ઉત્તમ બ્રહ્મચર્યધર્મ

શીલબાડિ નૌ રાખ, બ્રહ્મભાવ અંતર લખો;
કરિ દોનોં અભિલાખ, કરહુ સફલ નરભવ સદા.

ઉત્તમ બ્રહ્મચર્ય મન આનૌ, માતા બહિન સુતા પહિચાનો;
સહૈં બાણવર્ષા બહુ સૂરે, ટિકૈં ન નૈન બાન લખિ કૂરે.

કૂરે તિયાકે અશુચિ તનમેં, કામરોગી રતિ કરૈં,
બહુ મૃતક સડહિં મસાનમાંહી, કાક જ્યોં ચોંચૈ ભરૈં;
સંસારમેં વિષવેલ નારી, તજિ ગયે જોગીશ્વરા,
‘દ્યાનત’ ધરમ દશ પૈડિ ચઢિકૈં, શિવમહલમેં પગ ધરા.

ૐ હ્રીં ઉત્તમબ્રહ્મચર્યધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦

### જયમાલા

(દોહા)

દશલચ્છન વંદૌ સદા, મનવાંછિત ફલદાય,
કહોં આરતી ભારતી, હમ પર હોહુ સહાય. ૧

ઉત્તમ છિમા જહાં મન હોઈ, અંતર બાહર શત્રુ ન કોઈ;
ઉત્તમ માર્દવ વિનય પ્રકાસૈ, નાનાભેદ જ્ઞાન સબ ભાસૈ. ૨

ઉત્તમ આર્જવ કપટ મિટાવૈ, દુરગતિ ત્યાગ સુગતિ ઉપજાવૈ;
ઉત્તમ સત્યવચન મુખ બોલૈ, સો પ્રાની સંસાર ન ડોલૈ. ૩

ઉત્તમ શૌચ લોભ પરિહારી, સંતોષી ગુનરતન ભંડારી;
ઉત્તમ સંયમ પાલૈ જ્ઞાતા, નરભવ સફલ કરૈ લૈ સાતા. ૪

ઉત્તમ તપ નિરવાંછિત પાલૈ, સો નર કરમશત્રુકો ટાલૈ;
ઉત્તમ ત્યાગ કરૈ જો કોઈ, ભોગભૂમિ–સુરશિવ–સુખ હોઈ. ૫

જે જીવ ઉત્તમ ત્યાગધર્મને ધારણ કરે છે તે ઉત્તમ ભોગભૂમિમાં તથા દેવાદિ થઈ મોક્ષસુખને પામે છે. ૫.

જે ઉત્તમ આકિંચનવ્રતને ધારે છે તે જીવ પરમ સમાધિને પ્રાપ્ત થાય છે.

જે જીવ ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ અંગીકાર કરે છે તે જીવ દેવાદિ પદ પામી મુક્તિને પ્રાપ્ત થાય છે. ૬.

કર્મની નિર્જરા કરી જે આ ભવરૂપી પીંજરમાંથી મુક્ત થાય છે તે અજર–અમર એવા અનંત સુખને મેળવે છે—એમ શ્રી કવિવર ધાનતરાયજી કહે છે.

ૐ હ્રીં ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશલક્ષણીધર્મોને પૂર્ણઅર્ઘ સમર્પિત કરું છું. ૭.

✽

## (૫૮) રત્નત્રય પૂજા

સમ્યક્‌રત્નત્રય ચારગતિરૂપી સર્પનું ઝેર ઉતારનાર મણિ સમાન, દુઃખરૂપી અગ્નિ માટે જળધારા સમાન અને મોક્ષરૂપી અમૃતના સરોવર સમાન છે તેને તમે ધારો.

ૐ હ્રીં શ્રી સમ્યક્ રત્નત્રય ધર્મ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સમ્યક્ રત્નત્રય ધર્મ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી સમ્યક્ રત્નત્રય ધર્મ મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** ક્ષીર સમુદ્ર સમાન પવિત્ર જલ શોભી રહ્યું છે તે વડે જન્મરોગના નાશ માટે સમ્યક્‌રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં જન્મરોગના વિનાશ માટે સમ્યક્‌રત્નત્રયને જલથી પૂજૂં છું. ૨.

**ચંદન :** સુવાસિત ચંદન અને કેશરને, પીસીને અતિ સુગંધીદાર કર્યું છે. તે લઈને જન્મરોગના નાશ માટે સમ્યક્‌રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં ભવના આતાપને નાશ કરવા સમ્યક્‌રત્નત્રયને ચંદનથી પૂજું છું. ૩.



ઉત્તમ આકિંચનવ્રત ધારે, પરમસમાધિદશા વિસતારે,
ઉત્તમ બ્રહ્મચર્ય મન લાવૈ, નરસુરસહિત મુક્તિફલ પાવૈ. ૬

(દોહા)

કરે કરમકી નિરજરા, ભવપીંજરા વિનાશિ;
અજર અમરપદકોં લહે, 'ધાનત' સુખકી રાશિ.

ૐ હ્રીં ઉત્તમક્ષમા માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ આકિંચન્ય, બ્રહ્મચર્ય દશલક્ષણધર્માય મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૭.

✽

## (૫૮) રત્નત્રય પૂજા

(દોહા)

ચહું–ગતિ–ફણિવિષહરન–મણિ, દુખપાવક જલધાર;
શિવસુખસુધાસરોવરી, સમ્યકત્રયી નિહાર.

ૐ હ્રીં સમ્યગ્રત્નત્રય! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં સમ્યગ્રરત્નત્રય! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં સમ્યગ્રત્નત્રય! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧

(સોરઠા)

ક્ષીરોદધિ ઉનહાર, ઉજ્જવલ જલ અતિ સોહનો;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્‌રત્નત્રયાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨

ચંદન કેસર ગારિ, પરિમલ મહા સુગંધમય;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્‌રત્નત્રયાય ભવાતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩

**અક્ષત :** જેની સુગંધ સુખદાયી લાગે એવા શુદ્ધ ચોખા આપ સમક્ષ ચઢાવું છું અને જન્મરોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં અક્ષયપદની પ્રાપ્તિ માટે રત્નત્રયને અક્ષતથી પૂજું છું. ૪.

**પુષ્પ :** ઘણી સુગંધવાળા ફૂલ મહેકી રહ્યા છે, તેના પર ભમરાનો ગુંજારવ થાય છે અને તેઓ આપની સ્તુતિ કરતા હોય એવું લાગે છે, તે વડે જન્મરોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં કામબાણના નાશ માટે સમ્યક્રત્નત્રયને પુષ્પથી પૂજું છું. ૫.

**નૈવેદ્ય :** મીઠા સુગંધવાળા ઘીથી લસબસતા અનેક લાડુ લાવ્યો છું અને તે આપને ચઢાવીને જન્મરોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં ક્ષુધારોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની નૈવેદ્યથી પૂજું છું. ૬.

**દીપ :** જેની જ્યોતથી જગત પ્રકાશે છે એવા શ્રેષ્ઠ રત્નોના દીપ છે તેના વડે જન્મરોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં મોહ અંધકારના નાશ માટે સમ્યક્રત્નત્રયને દીપથી પૂજું છું. ૭.

**ધૂપ :** ચંદન અને કપૂરની ધૂપની સુગંધ પ્રસરી રહી છે. તેના વડે જન્મરોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં આઠ કર્મોના નાશ માટે સમ્યક્રત્નત્રયને ધૂપથી પૂજું છું. ૮.

**ફળ :** લવિંગ, સોપારી, જાયફળ ફળોની શોભા વધારે છે. તે લઈને જન્મરોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં મોક્ષફળની પ્રાપ્તિ માટે સમ્યક્રત્નત્રયને ફળથી પૂજું છું. ૯.

**અર્ઘ :** સર્વોત્તમ અર્ઘ આઠ દ્રવ્યો લઈને જન્મરોગના નાશ માટે સમ્યક્રત્નત્રયની ભક્તિ કરું છું.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયને પાપરહિત નિર્દોષપદની પ્રાપ્તિ માટે અર્ઘથી પૂજું છું. ૧૦.



તંદુલ અમલ ચિતાર, વાસમતી સુખદાસકે;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪

મહકૈં ફૂલ અપાર, અલિ ગુંજૈં જ્યોં થુતિ કરૈ;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫

લાડૂ બહુ વિસ્તાર, ચીકન મિષ્ટ સુગંધયુત;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬

દીપ રતનમય સાર, જ્યોત પ્રકાશૈ જગતમેં;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭

ધૂપ સુવાસ વિથાર, ચંદન અગર કપૂરકી;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮

ફલ શોભા અધિકાર, લોંગ છુહારે જાયફલ;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિનિર્વપામીતિ સ્વાહા. ૯

આઠ દરબ નિરધાર, ઉત્તમસૌં ઉત્તમ લિયો;
જનમરોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦

## જયમાલા

જંગલમાં આગ લાગી હોય અને અંધ, પાંગળો અને પ્રમાદી વ્યક્તિઓ જુદા જુદા નીકળવાના પ્રયત્ન કરે તો બળી મરે, પણ તેઓ અજ્ઞાન, મિથ્યાત્વ અને પ્રમાદ છોડી સામુહિક પ્રયાસ કરે તો બહાર આવી જાય, તેમ સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઐક્યથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. ૧.

જેને મોક્ષની પ્રીતિ છે તે સમ્યક્રત્નત્રયને ધ્યાવે છે, ધ્યાનને સ્થિર કરે છે અને તેના કર્મબંધન છૂટી જાય છે. ૨

જે સમ્યક્રત્નત્રયને ધ્યાવે છે તેને ચારગતિના દુઃખ નથી, ભવસાગરમાં તેઓ ફરી પડતા નથી. તેઓ જન્મ, જરા, મૃત્યુના દોષને તેઓ મટાડે છે. ૩

જે સમ્યક્રત્નત્રયને ધ્યાવે છે તે જ દશલક્ષણી ધર્મની સાધના કરે છે, તે જ સોળકારણ ભાવનાની આરાધના કરે છે અને તે જ પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. ૪

જે સમ્યક્રત્નત્રયને ધ્યાવે છે તે શક્રેન્દ્ર-ચક્રવર્તીપદ પામે છે, ત્રણ લોકના સુખ ભોગવે છે, તે રાગાદિક ભાવને ત્યાગે છે. ૫

જે સમ્યક્રત્નત્રયને ધ્યાવે છે તે પરમ આનંદદશાની વૃદ્ધિ કરી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને પામે છે, પોતે તરે છે અને અન્યને પણ તારે છે. ૬

કવિ ધાનતરાયજી કહે છે કે એક સ્વસ્વરૂપનો જ્ઞાનપ્રકાશ જ મને સુખદાયી છે અને નિર્વચનીય છે. સમ્યક્દર્શન-જ્ઞાન અને ચારિત્ર તે ભેદરૂપ વ્યવહાર છે. ૭

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયનો મહાઅર્ઘ ચડાવું છું.

સમ્યક્દર્શન, જ્ઞાન અને વ્રત(ચારિત્ર) એ રત્નત્રયમયી મોક્ષમાર્ગ છે અને ભવથી પાર ઉતારનાર સાધન છે. ધાનતરાયજી કહે છે કે એ રત્નત્રયને હું વ્રત સહિત પૂજું છું

ૐ હ્રીં શ્રી સમ્યક્રત્નત્રયનો પૂર્ણ અર્ઘ ચડાવું છું. ૮.



## જયમાલા

(દોહા)

સમ્યક દરશન જ્ઞાન વ્રત, ઈન બિન મુક્તિ ન હોય;
અન્ધ પંગુ અરુ આલસી, જુદે જલૈં દવ-લોય. ૧

(ચોપાઈ ૧૬ માત્રા)

જાપૈ ધ્યાન સુથિર બન આવૈ, તાકે કરમબંધ કટ જાવૈ;
તાસૌં શિવતિય પ્રીતિ બઢાવૈ, જો સમ્યક્ રત્નત્રય ધ્યાવૈ. ૨

તાકોં ચહું ગતિકે દુખ નાહીં, સો ન પરૈ ભવસાગરમાહીં;
જનમ જરા મૃતુ દોષ મિટાવૈ, જો સમ્યક્ રત્નત્રય ધ્યાવૈ. ૩

સોઈ દશલચ્છનકો સાધૈ, સો સોલહકારણ આરાધૈ;
સો પરમાતમ પદ ઉપજાવૈ, જો સમ્યક્ રત્નત્રય ધ્યાવૈ. ૪

સોઈ શક્રચક્રિપદ લેઈ, તીનલોકકે સુખ વિલસેઈ;
સો રાગાદિક ભાવ વહાવૈ, જો સમ્યક્ રત્નત્રય ધ્યાવૈ. ૫

સોઈ લોકાલોક નિહારૈ, પરમાનંદદશા વિસતારૈ;
આપ તિરૈ ઔરન તિરવાવૈ, જો સમ્યક્ રત્નત્રય ધ્યાવૈ. ૬

(દોહા)

એક સ્વરૂપપ્રકાશ નિજ, વચન કહ્યો નહિં જાય;
તીન ભેદ વ્યોહાર સબ, 'દ્યાનત' કોં સુખદાય.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૭.

સમ્યક્ દરસન જ્ઞાન, વ્રત શિવમગ તીનોં મયી;
પાર ઉતારન યાન, 'દ્યાનત' પૂજૌં વ્રતસહિત.

ૐ હ્રીં સમ્યક્રત્નત્રયાય પૂર્ણાર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૮.

# (૫૯) સોલહકારણ પૂજા

**સ્થાપના :** સોળકારણ ભાવના ભાવીને જે તીર્થંકરપદને પામ્યા છે, તેમના જન્મ સમયે ઈન્દ્ર હર્ષિત થઈ મેરુ પર્વત પર લઈ જઈ અભિષેક કરે છે, અને પૂજા કરી તે ભક્તિપૂર્વક ધન્યતા અનુભવે છે. તેથી હું પણ ભાવપૂર્વક ષોડસ(સોળ) કારણ ભાવનાને શુદ્ધમનથી ભાવું છું.

ૐ હ્રીં શ્રી સોલહકારણ ભાવના અહીં (અંતરમાં) પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સોલહકારણ ભાવના અહીં (અંતરમાં) બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી સોલહકારણ ભાવના અહીં (અંતરમાં) મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** સુવર્ણપાત્રમાં સ્વચ્છ જળ ભરીને ગુણના ભંડાર શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો... જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં ૧ દર્શનવિશુદ્ધિ, ૨ વિનયસમ્પન્નતા, ૩ શીલવ્રતેષ્વનતીચાર, ૪ અભીક્ષ્ણજ્ઞાનોપયોગ, ૫ સંવેગ, ૬ શક્તિતસ્ત્યાગ, ૭ શક્તિતસ્તપ, ૮ સાધુસમાધિ, ૯ વૈયાવૃત્યકરણ, ૧૦ અર્હદ્ભક્તિ, ૧૧ આચાર્યભક્તિ, ૧૨ બહુશ્રુતભક્તિ, ૧૩ પ્રવચનભક્તિ, ૧૪ આવશ્યકાપરિહાણિ, ૧૫ માર્ગપ્રભાવના, ૧૬ પ્રવચનવાત્સલ્ય—આ સોળકારણ ભાવનાને જન્મ-જરા-મૃત્યુનો નાશ કરવા જળ સમર્પિત કરું છું. ૨.

**ચંદન :** ચંદનને કપૂરની સાથે ઘસી શ્રી જિનેન્દ્ર ભગવાનના ચરણોની પૂજા કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો, જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં સોળકારણ ભાવનાને, સંસાર તાપ નષ્ટ કરવા માટે ચંદન સમર્પિત કરું છું. ૩.



# (૫૯) સોલહકારણ પૂજા

સોલહ કારણ ભાય તીર્થંકર જે ભયે,
હરષે ઈન્દ્ર અપાર મેરુ પૈ લે ગયે.
પૂજા કરિ નિજ ધન્ય લખ્યૌ બહુ ચાવસૌં,
હૂમહૂ ષોડશ કારન ભાવૈં ભાવસો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણાનિ ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણાનિ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણાનિ ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧

કંચન—ઝારી નિરમલ નીર, પૂજોં જિનવર ગુણ ગંભીર,
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય,
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં ૧ દર્શનવિશુદ્ધિ, ૨ વિનયસમ્પન્નતા, ૩ શીલવ્રતેષ્વનતીચાર, ૪ અભીક્ષ્ણજ્ઞાનોપયોગ, ૫ સંવેગ, ૬ શક્તિતસ્ત્યાગ, ૭ શક્તિતસ્તપ, ૮ સાધુસમાધિ, ૯ વૈયાવૃત્યકરણ, ૧૦ અર્હદ્ભક્તિ, ૧૧ આચાર્યભક્તિ, ૧૨ બહુશ્રુતભક્તિ, ૧૩ પ્રવચનભક્તિ, ૧૪ આવશ્યકાપરિહાણિ, ૧૫ માર્ગપ્રભાવના, ૧૬ પ્રવચનવાત્સલ્ય ઈતિ ષોડશકારણેભ્યો જન્મજરામૃત્યુવિનાશનાય જલં. નિર્વપામીતિ સ્વાહા. ૨

ચંદન ઘસૌં કપૂર મિલાય, પૂજૌં શ્રીજિનવરકે પાય;
પરમ ગુરુ હો જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય.
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણેભ્યોઃ સંસાર તાપ વિનાશનાય ચન્દનં નિર્વપામીતિ સ્વાહા. ૩

**અક્ષત :** ઉજ્જ્વળ, સુગંધિત, અનુપમ ચોખાથી ત્રણ લોકના સ્વામી શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો, જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં સોળકારણ ભાવનાને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત સમર્પિત કરું છું. ૪.

**પુષ્પ :** જેના પર ભમરા મધુર ગુંજારવ કરી રહ્યાં છે, એવા સુગંધિત પુષ્પોથી ત્રણ લોકના આધાર સ્વરૂપ જિનેન્દ્રદેવની પૂજા કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો, જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં સોળકારણ ભાવનાને કામદાહને નષ્ટ કરવા માટે પુષ્પ સમર્પિત કરું છું. ૫.

**નૈવેદ્ય :** વિવિધ પ્રકારના ઉત્તમ પકવાનથી ગુણોના ભંડાર એવા શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો, જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં સોળકારણ ભાવનાને ક્ષુધાવેદનાના નાશ માટે નૈવેદ્ય સમર્પિત કરું છું. ૬.

**દીપ :** અંધકારનો નાશ કરવાવાળી દીપકની જ્યોતિ સમાન, અજ્ઞાનાંધકારનો નાશ કરનાર કેવળજ્ઞાન જ્યોતિને ધારણ કરનાર શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો, જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છું. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં સોળકારણ ભાવનાને મોહરૂપી અંધકારનો નાશ કરવા માટે દીપ સમર્પિત કરું છું. ૭.

**ધૂપ :** અગર, કપૂર આદિ સુગંધિત, પવિત્ર ધૂપને અગ્નિમાં જલાવવાથી આપ સમક્ષ સુગંધ પ્રસરી રહી છે. (તે ધૂપથી આપની પૂજા કરું છું.) હે નાથ! આપ પરમગુરુ છો આપનો જય હો, જય હો.



તંદુલ ધવલ સુગંધ અનૂપ, પૂજૌં જિનવર તિહું જગ ભૂપ;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણેભ્યો અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪

ફૂલ સુગન્ધ મધુપ ગુંજાર, પૂજૌં જિનવર જગ—આધાર;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણેભ્યોઃ કામબાણ વિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫

સદ નેવજ બહુવિધિ પકવાન, પૂજૌં શ્રીજિનવર ગુણખાન;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણેભ્યોઃ ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬

દીપક જ્યોતિ તિમિર છયકાર, પૂજૂં શ્રીજિન કેવલધાર;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય સોલહ તીર્થંકર પદ પાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણેભ્યો મોહાન્ધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭

અગર કપૂર ગંધ શુભ ખેય, શ્રીજિનવર આગે મહકેય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં સોળકારણ ભાવનાને આઠ કર્મોના નાશ માટે ધૂપ સમર્પિત કરું છું. ૮.

**ફળ :** શ્રીફળ આદિ વિવિધ પ્રકારના ઉત્તમ ફળોથી ઇચ્છિત ફળ દેનાર આપ શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો... જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં સોળકારણ ભાવનાને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ સમર્પિત કરું છું. ૯.

**અર્ઘ :** જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ ને ફળ એ આઠ દ્રવ્યોનો અર્ઘ ચઢાવી કવિ ધાનતરાયજી કહે છે કે હું મનથી ષોડશકારણ વ્રત કરું છું. હે નાથ! આપ પરમગુરુ છો આપની જય હો... જય હો. દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતન કરીને આપે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. હે નાથ! આપ પરમગુરુ છો. આપનો જય હો, જય હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધિ આદિ સોળકારણ ભાવનાને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ્ય સમર્પિત કરું છું. ૧૦

### જયમાલા

આ ષોડશ (૧૬) કારણ ભાવના ગુણોને ઉત્પન્ન કરવાવાળી છે. તે ચારગતિના ભ્રમણનો નાશ કરાવે છે. સર્વ પુણ્ય-પાપનો નાશ કરીને કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉધોત કરાવે છે. જે **દર્શનવિશુદ્ધિ** ધારણ કરે છે, તેને આ સંસારનું આવાગમન(પરિભ્રમણ) અટકી જાય છે. જે જીવ **વિનય** મહાગુણને ધારે છે, તે મોક્ષરૂપી સ્ત્રીની સખી સમાન છે અર્થાત્ તે પણ મોક્ષને પામે છે. ૧-૨.

જે મનુષ્ય અતિચાર રહિત **શીલ વ્રત**નું હંમેશા પાલન કરે છે, તે પોતાની અને બીજાની વિપત્તિઓને નિવારે છે (નષ્ટ કરે છે) અને જે મનુષ્ય જિનવરકથિત જ્ઞાનનો નિરંતર મનમાં અભ્યાસ **અભીક્ષ્ણ જ્ઞાનઉપયોગ** કરે છે, તેનો મોહરૂપી મહા અંધકાર નષ્ટ થઈ જાય છે. ૩.



દરશવિશુદ્ધિ ભાવના ભાય સોલહ તીર્થંકર પદ પાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણેભ્યોડષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ૦ ૮

શ્રીફલ આદિ બહુત ફલસાર, પૂજોં જિન વાંછિત-દાતાર;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિષોડશકારણેભ્યો મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ૦ ૯

જલ ફલ આઠોં દરવ ચઢાય, 'દ્યાનત' વરત કરોં મન લાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.
દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર-પદ-પાય;
પરમ ગુરુ હો, જય જય નાથ પરમ ગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિ ષોડશકારણેભ્યોડનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ૦ ૧૦

### જયમાલા

ષોડશ કારણ ગુણ કરૈ, હરૈ ચતુરગતિ વાસ;
પાપ પુણ્ય સબ નાશકે, જ્ઞાન ભાન પરકાસ. ૧.

દરશવિશુદ્ધિ ધરે જો કોઈ, તાકો આવાગમન ન હોઈ;
વિનય મહાધારૈ જો પ્રાણી, શિવ-વનિતાકી સખી બખાની. ૨.

શીલ સદા દિઢ જો નર પાલૈ, સો ઔરન કી આપદ ટાલૈ;
જ્ઞાનાભ્યાસ કરૈ મનમાંહી, તાકે મોહ મહાતમ નાહીં. ૩.



જે મનુષ્ય મનમાં **સંવેગભાવ** (સંસારથી વિરક્તિ)ને મનમાં ચિંતવે છે, તેને સ્વર્ગ અને મોક્ષની સંપદા સ્વયં પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય હર્ષ સહિત દાન (ત્યાગ) કરે છે તેને આ ભવમાં યશ પ્રાપ્તિ થાય છે અને ભવિષ્યમાં સુખની પ્રાપ્તિ થાય છે. ૪.

જે મનુષ્ય **તપ** ધારણ કરી ઇચ્છાઓનો નાશ કરે છે, તે કર્મરૂપી પર્વતને ચૂર કરે છે–એવો ગુરુઓનો ઉપદેશ છે. જે મુનિપદ અને **સમાધિદશાની ભાવના** હંમેશા મનમાં ભાવે છે, તે ત્રણ લોકના ભોગ ભોગવી મોક્ષ પ્રાપ્તિ કરે છે. ૫.

જે મનુષ્ય દિન–રાત **વૈયાવૃત્ય** (મુનિઓની સેવા) કરે છે તે નિશ્ચયથી સંસારરૂપી સાગરને પાર થઈ જાય છે અને જે જીવ નિરંતર **અરિહંત ભગવાનની ભક્તિ**ને મનમાં ધારણ કરે છે તે જીવ વિષયકષાયથી દૂર રહે છે. ૬.

જે મનુષ્ય સદા **આચાર્ય પરમેષ્ઠીની ભક્તિ** કરે છે, જે નિરતિચાર ચારિત્રનું પાલન કરે છે. જે **બહુ શ્રુત**વાન **સાધુની ભક્તિ** કરે છે, તે મનુષ્ય સંપૂર્ણ શ્રુતનો પારગામી થાય છે. ૭.

જે જિનેન્દ્રદેવ દ્વારા પ્રતિપાદિત **જિનવાણીની ભક્તિ** કરે છે તે અનંતસુખને દેનાર એવા કેવળજ્ઞાનને પામે છે જે જીવ પ્રતિસમય છ **આવશ્યક પાળે** છે તે જ નિશ્ચયથી રત્નત્રયની આરાધના કરે છે. ૮.

જે જીવ ઉત્સાહપૂર્વક **ધર્મની પ્રભાવના** કરે છે, તે મોક્ષમાર્ગની વિધિનો જાણકાર છે અને જે સાધર્મીથી પ્રીતિ કરે છે અર્થાત્ **વાત્સલ્ય અંગને** જે ધારણ કરે છે તે તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે. ૯.

આ ષોડશ (સોળ) કારણ ભાવનાને જે વ્રત સહિત ગ્રહણ કરે છે તેને કવિ ધાનતરાય કહે છે તે દેવ–ઈન્દ્ર, મનુષ્ય, ચક્રવર્તી આદિથી વંદિત એવા તીર્થંકર પદવી પામી મોક્ષપદ પામે છે.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધિ આદિ ષોડશકારણ ભાવનાને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૧૦.

હિતકારી એવી આ ષોડશકારણ ભાવના મનના વિકારી ભાવો દૂર કરી નિર્મળભાવ કરાવે છે, અનેક કર્મોનો નાશ કરાવે છે અને પ્રબળ અને પ્રચંડ એવા જન્મ–રોગ અને મૃત્યુના ભયને નિવારણ કરે છે; દુઃખ, દારિદ્રતા અને વિપત્તિઓનો નાશ કરાવી, ભવસમુદ્રને પાર કરાવે છે. કવિ ''ધાનતરાય'' કહે છે : આ સોળ ભાવના ભાવીને અનંત જીવો કર્મોનો નાશ કરી સિદ્ધપણાને ધારણ કરે છે. ૧૧.



જો સંવેગ–ભાવ વિસતારૈ, સુરગ–મુકતિ–પદ આપ નિહારૈ;
દાન દેય મન હરષ વિસેખૈ, ઈહ ભવ જસ, પરભવ સુખ દેખૈ. ૪.

જો તપ તપૈ ખપે અભિલાષા, ચૂરે કરમ–શિખર ગુરુ ભાષા;
સાધુ–સમાધિ સદા મન લાવૈ, તિહું જગભોગ ભોગિ શિવ જાવૈ. ૫.

નિશ–દિન વૈયાવૃત્ય કરૈયા, સો નિહચૈ ભવ–નીર તિરૈયા;
જો અરહંત–ભગતિ મન આનૈ, સો જન વિષય કષાય ન જાનૈ. ૬.

જો આચારજ–ભગતિ કરૈ હૈં, સો નિર્મલ આચાર ધરે હૈં;
બહુશ્રુતવંત–ભગતિ જો કરઈ, સો નર સંપૂરન શ્રુત ધરઈ. ૭.

પ્રવચન–ભગતિ કરૈ જો જ્ઞાતા, લહૈ જ્ઞાન પરમાનંદ–દાતા;
ષટ્ આવશ્યક કાલ જો સાધૈ, સો હી રત્ન–ત્રય આરાધૈ. ૮.

ધરમ–પ્રભાવ કરૈં જે જ્ઞાની, તિન–શિવ–મારગ રીતિ પિછાની;
વત્સલ અંગ સદા જો ધ્યાવૈ, સો તીર્થંકર પદવી પાવૈ. ૯.

(દોહા)


એહી સોલહ ભાવના, સહિત ધરૈ વ્રત જોય;
દેવ–ઈન્દ્ર–નર–વંદ્ય–પદ, 'દ્યાનત' શિવપદ હોય.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિ ષોડશકારણેભ્યઃ પૂર્ણાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

(સવૈયા-તેઈસા)

સુન્દર ષોડશકારણ ભાવના, નિર્મલ ચિત્ત સુધારક ધારૈ;
કર્મ અનેક હને અતિ દુર્ધર જન્મ જરા મૃત્યુ ભય નિવારૈ.
દુઃખ દરિદ્ર વિપત્તિ હરૈ, ભવસાગર કો પર પાર ઉતારૈ;
'દ્યાન' કહે યહી ષોડશકારણ કર્મ નિવારણ સિદ્ધ સુધારૈ.

(પરિપુષ્પાંજલિ ક્ષિપેત્) ૧૧.



# (૬૦) ક્ષમાવણી પૂજા

**સ્થાપના :** જેણે સમ્યક્દર્શનરૂપી રત્નને પોતાના હૃદયમાં ધારણ કર્યું છે, તેણે નિશ્ચિતપણે ક્ષમા અંગને તેના હૃદયમાં ધારણ કર્યું છે. તે ક્ષમા અંગ જિનધર્મનું મજબૂત મૂળ સમાન–મુખ્ય આધારરૂપ છે. હે ભવ્યજીવો! મિથ્યાત્વ વિષવૃક્ષનું મૂળ છે તેનો નાશ કરી મનને શુદ્ધ કરો, જિનધર્મી (સાધર્મી)ને પ્રેમ કરો. સર્વ પાપને નષ્ટ કરો, નિશ્ચય રત્નત્રયને ગ્રહણ કરી જિનેન્દ્રદેવની આજ્ઞા માનો અને આરાધના કરી કર્મપૂંજને જલાવી દો.

ૐ હ્રીં શ્રી સમ્યક્ રત્નત્રય ધર્મ અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી સમ્યક્ રત્નત્રય ધર્મ અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી સમ્યક્ રત્નત્રય ધર્મ મારી નિકટ બિરાજો. ૧.

**જલ :** સુંદર પદ્મ સરોવરનું સુગંધી નીર લાવી જન્મ–રોગનો નાશ ઇચ્છું છું અને સમ્યક્રત્ન પ્રાપ્તિની ભાવના ભાવું છું. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ પ્રકારના સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને જન્મ-જરા-મૃત્યુના નાશ માટે જળ સમર્પિત કરું છું. ૨.

**ચંદન :** કેસર, ચંદન લઈ કપૂર સંગ ઘસી સુવાસિત કર્યું છે, તેની સુગંધથી ઘણા ભમરા હારબંધ આવે છે. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ પ્રકારના સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને સંસારતાપના નાશ માટે ચંદન સમર્પિત કરું છું. ૩.

**અક્ષત :** ઉત્તમ જાતિના અખંડ ચોખાનો સુવર્ણથાળ ભરી અક્ષયપદની પ્રાપ્તિ માટે જિનેન્દ્રદેવના ચરણની ભાવથી પૂજા કરું છું. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ પ્રકારના સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત સમર્પિત કરું છું. ૪.



# (૬૦) ક્ષમાવણી પૂજા

(ક્ષમાવણીના દિવસે–ભાદરવા વદ એકમના દિવસે કરવાની પૂજા)

(છપ્પય)

અંગ ક્ષમા જિન–ધર્મતનો દૃઢ–મૂલ વખાનો;
સમ્યક્ રતન સંભાલ હૃદયમેં નિશ્ચય જાનો,
તજ મિથ્યા–વિષ–મૂલ ઔર ચિત નિર્મલ ઠાનો,
જિનધર્મીસોં પ્રીત કરો સબ પાતક ભાનો;
રત્નત્રય ગહ ભવિકજન જિન–આજ્ઞા સમ ચાલિયે,
નિશ્ચય કર આરાધના કરમ–રાસકો જાલિયે.

ૐ હ્રીં સમ્યકરત્નત્રય! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઇતિ આહ્વાનનમ્.

ૐ હ્રીં સમ્યકરત્નત્રય! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઇતિ સ્થાપનમ્.

ૐ હ્રીં સમ્યકરત્નત્રય! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઇતિ સન્નિધિકરણમ્. ૧

નીર સુગંધ સુહાવનો, પદ્મ–દ્રહકો લાય,
જન્મ–રોગ નિરવારિયે, સમ્યક્રતન લહાય;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર–વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨

કેસર ચંદન લીજિયે, સંગ કરપૂર ઘસાય,
અલિ પંકતિ આવત ઘની, વાસ સુગંધ સહાય;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર–વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩

શાલિ અખંડિત લીજિયે, કંચન–થાલ ભરાય,
જિનપદ પૂજોં ભાવસૌં, અક્ષત પદકો પાય;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર–વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪

**પુષ્પ :** પારિજાત, કેતકી અને સુગંધિત ગુલાબ જેવા પુષ્પ લાવી, અતિ હર્ષ અને હૃદયમાં આનંદ ભરી શ્રી જિનદેવના ચરણકમળમાં પુષ્પ ચડાવું છું. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ પ્રકારના સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને કામબાણના નાશ માટે પુષ્પ સમર્પિત કરું છું. ૫.

**નૈવેદ્ય :** સાકર, ઘીની સૌરભયુત, છ રસોના સ્વાદથી સમૃદ્ધ પકવાન આપ જિનેન્દ્રદેવની સમીપ હૃદયમાં આનંદ ધરીને ચડાવું છું. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ પ્રકારના સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને ક્ષુધા-રોગના નાશ માટે નૈવેદ્ય સમર્પિત કરું છું. ૬.

**દીપ :** સુવર્ણમય દીપમાં સુવાસિત કપૂરની વાટ મૂકી શુદ્ધ ઘી ભરી પૂજા કરું છું, જેથી મારા મોહરૂપી અંધકારનો નાશ થાય. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ પ્રકારના સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને મોહ અંધકારના નાશ માટે દીપ સમર્પિત કરું છું. ૭.

**ધૂપ :** વિવિધ દશ પ્રકારનું અથવા કૃષ્ણાગર કર્પૂર લઈ જિન ચરણોની સમીપ ખેવવાથી આઠકર્મોની હાનિ થાય છે. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ અંગી સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને અષ્ટકર્મના નાશ માટે ધૂપ સમર્પિત કરું છું. ૮.

**ફળ :** કેળા, કેરી, દાડમ, નારિયેળ અને દ્રાક્ષ લઈ જિનેન્દ્રપ્રભુના ચરણ આગળ ધરવાથી મોક્ષ મળે છે એમ જિનદેવે ભાખ્યું છે. હે જીવો! જિનવર વચનને ગ્રહણ કરી ક્ષમાધર્મને હૃદયમાં ધારણ કરો.

ૐ હ્રીં આઠ અંગી સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ સમર્પિત કરું છું. ૯



પારિજાત અરુ કેતકી, પહુપ સુગંધ ગુલાબ,
શ્રીજિન—ચરણ—સરોજકું, પૂજ હર્ષ ચિત—ચાવ;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર—વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫

શક્કર ઘૃત સુરભીતના, વ્યંજન ષટ્રસ સ્વાદ,
જિનકે નિકટ ચઢાયકર, હિરદે ધરિ આહ્લાદ;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર—વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬

હાટકમય દીપક રચો, વાતિ કપૂર સુધાર,
શોધિત ઘૃત કર પૂજિયે, મોહ—તિમિર નિરવાર;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર—વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭

કૃષ્ણાગર કરપૂર હો, અથવા દશવિધિ જાન,
જિન—ચરણન ઢિગ ખેઈયે, અષ્ટ—કર્મકી હાન;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર—વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮

કેલા અંબ અનાર હી, નારિકેલ લે દાખ,
અગ્ર ધરો જિનપદતને, મોક્ષ હોય જિન ભાખ;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર—વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

**અર્ઘ્ય :** જળ, ફળ આદિ ભેગું કરીને હર્ષ ધરીને અર્ઘ્ય તૈયાર કર્યો છે ને મારા દુઃખોને જલાંજલિ આપવા, (દુઃખ દૂર કરવા), હે શ્રી જિનવર! આપ સહાય કરો.

ૐ હ્રીં આઠ અંગી સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્-ચારિત્રરૂપ રત્નત્રયને અનર્ઘ્ય (નિર્દોષ)પદની પ્રાપ્તિ માટે અર્ઘ્ય સમર્પિત કરું છું. ૧૦

## જયમાલા

હે ભવ્યો, જ્યારે ઉત્તમ મનુષ્યભવ મળ્યો છે ત્યારે આ સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રના ૨૯ (ઓગણત્રીસ) અંગની ગુણગાન–સ્તુતિ કરો. તેને મન દઈને સાંભળો અને મન–વચન–કાયાપૂર્વક શ્રદ્ધા કરો.

(૧) જૈનધર્મ પર શંકા ન કરવી તે **નિઃશંકિત**ગુણ મનમાં ધારો. (૨) જપ–તપ ફળની વાંછા માટે ન કરવું તે **નિઃકાંક્ષિત** ગુણ છે. (૩) કોઈને (દુઃખી, મલિન દેખી) જોઈ ગ્લાનિ ન કરવી તે **નિર્વિચિકિત્સા** સમ્યક્દૃષ્ટિનો ત્રીજો ગુણ છે. (૪) (જિનેન્દ્રદેવ સિવાય) બીજા દેવને રંચમાત્ર શ્રદ્ધા ન કરે તે **નિર્મૂઢતા** ગુણ જાણવો. (૫) બીજાના અવગુણ ઢાંકવા તે **ઉપગૂહન** ગુણ જિનદેવે કહ્યો છે. (૬) જૈનધર્મમાં અશ્રદ્ધાન થતાં દેખી તેને પાછા ધર્મમાં સ્થિર કરે. (**સ્થિતિકરણ અંગ**) (૭) જિનધર્મી સાથે ગાય–વાછરડા જેમ પ્રીતિ કરવી. (**વાત્સલ્ય અંગ**) અને (૮) જેમાં જિનધર્મની પ્રભાવના થાય એવા કાર્ય કરવા તેને **પ્રભાવના અંગ** કહે છે. આ આઠ અંગ જે પાળે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

હવે આઠ ગુણ જ્ઞાનના કહે છે, જે જિનવરદેવે કહ્યા છે. તેને હૃદયમાં ધારણ કરવા.

(૧) વ્યંજન સહિત અક્ષરનું પઠન કરવું, તે **વ્યંજન–વ્યંજિત** અંગ કહ્યું છે. (૨) અર્થ સહિત શુદ્ધ શબ્દનું ઉચ્ચારણ કરવું તે બીજું **સમગ્રહ** અંગ છે. (૩) અક્ષરનું અર્થ સહિત જાણવું તે ત્રીજું અંગ **તદ્ભુભવ** છે. (૪) કાળ–સમય જોઈ જિનાગમનું અધ્યયન કરવું તે ચોથું અંગ **કાલાધ્યયન** છે. (૫) સદા સ્મરણ સહિત જ્ઞાનનું આરાધન કરવું તે પાંચમું **ઉપધાન** અંગ છે. (૬) જિનવાણી બહુ વિનયપૂર્વક શ્રવણ કરવું



જલ ફલ આદિ મિલાયકે, અરઘ કરો હરષાય,
દુઃખ–જલાંજલિ દીજિયે, શ્રીજિન હોય સહાય;
ક્ષમા ગહો ઉર જીવડા, જિનવર–વચન ગહાય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

## જયમાલા

(દોહા)

ઉનતિસ અંગકી આરતી, સુનો ભવિક ચિત લાય;
મન વચ તન સરધા કરો, ઉત્તમ નર–ભવ પાય.

(ચૌપાઈ)

જૈનધર્મમેં શંક ન આનૈ, સો નિઃશંકિત ગુણ ચિત ઠાનૈ;
જપ તપ કર ફલ વાંછૈ નાહીં, નિઃકાંક્ષિત ગુણ હો જિસ માહીં.
પરકો દેખ ગિલાની ન આનૈ, સો તીજા સમ્યક્ ગુણ ઠાનૈ;
આન દેવકો રંચ ન માનૈ, સો નિર્મૂઢતા ગુણ પહિચાનૈ.
પરકો ઔગુણ દેખ જુ ઢાંકૈ, સો ઉપગૂહન શ્રીજિન ભાખૈ;
જૈનધર્મતૈં ડિગતા દેખૈ, થાપે બહુરિ સ્થિતિ કર લેખૈ.
જિન-ધરમીસોં પ્રીત નિવહિયે, ગઉ–વચ્છવત વચ્છલ કહિયે;
જ્યોં ત્યોં કરિ ઉદ્યોત બઢાવૈ, સો પ્રભાવના અંગ કહાવૈ.
અષ્ટ અંગ યહ પાલૈ જોઈ, સમ્યગ્દૃષ્ટિ કહીએ સોઈ;
અબ ગુણ આઠ જ્ઞાનકે કહિયે, ભાખે શ્રી જિન મનમેં ગહિયે.
વ્યંજન અક્ષર સહિત પઢીજૈ, વ્યંજન–વ્યંજિત અંગ કહીજૈ;
અર્થ સહિત શુદ્ધ શબ્દ ઉચારૈ, દૂજા અર્થ સમગ્રહ ધારૈ.
તદુભવ તીજા અંગ લખીજૈ, અક્ષર-અર્થ સહિત જુ પઢીજૈ;
ચૌથા કાલાધ્યયન વિચારૈ, કાલ સમય લખિ સુમરણ ધારૈ.
પંચમ અંગ ઉપધાન બતાવૈ, પાઠસહિત તબ બહુ ફલ પાવૈ;
ષષ્ટમ વિનય સુલબ્ધિ સુનીજૈ, વાણી બહુત વિનય સુ પઢીજૈ.

તે છઠ્ઠું અંગ **વિનય** છે. (૭) જેનાથી વિદ્યાપ્રાપ્ત થઈ હોય તે શાસ્ત્ર અને તે ગુરુનું નામ ન છુપાવવું તે સાતમું **ગુરુવાદ** અંગ છે. (૮) જ્ઞાની ગુરુની આજ્ઞાનો આદર કરવો તે આઠમું **બહુમાનવાદ** અંગ છે. આ આઠ અંગથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્ઞાની પુરુષ તેને મન–વચન–તનથી ધ્યાવે છે.

હવે આગળ તેર–વિધિ ચારિત્રનું વર્ણન છે, જેને ધારણ કરવાથી શિવસુખની પ્રાપ્તિ થાય છે.

(૧) જે છ કાય જીવની રક્ષા કરે છે, તે **અહિંસા વ્રત** ને ચિતમાં ધારણ કરે છે. (૨) જે હિતકારી, મિષ્ટભાષી અને સત્ય વચન મુખથી બોલે છે, તે **સત્યમહાવ્રતધારી** છે. (૩) જે મન–વચન–કાયથી ચોરી કરતા નથી, તે **મહાઅચૌર્યવ્રત**ને ધારણ કરે છે. (૪) કામ–ભાવનો ભય જેને લેશમાત્ર પણ મનમાં નથી, તે **બ્રહ્મચર્ય મહાવ્રત**ના ધારી મુનિ છે. (૫) પરિગ્રહ જોઈ જેને જરા પણ મમત્વભાવ થતો નથી, તે **અપરિગ્રહ મહાવ્રત** છે. તે મુનિરાજ પાંચે મહાવ્રતના ધારી છે. આ પાંચ મહાવ્રતને નિશ્ચયપૂર્વક સર્વ તીર્થંકર ધારણ કરે છે. (૬) (વીતરાગભાવ થતાં) જેને મનમાં રંચમાત્ર વિકલ્પ નથી તે **મનોગુપ્તિ** મુનિ છે, (૭) જે કદી મિથ્યા કે જૂઠ વચન બોલતા નથી તે **વચનગુપ્તિ** મુનિ છે. (૮) કાયા તરફ ઉપેક્ષા બુદ્ધિથી પરીષહ જે સહન કરે છે તે કાયગુપ્તિ મુનિવર છે.

હવે જિનવરદેવે કહેલ પાંચ સમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે. (૯) ચાર હાથ ભૂમિ જોઈને મુનિ પગ મૂકે છે, તે **ઈર્યાપથ સમિતિ** છે. (૧૦) (ચાર વિકથા રહિત) હિત–મિષ્ટ વચન મુનિ બોલે તે **ભાષા સમિતિ** છે. (૧૧) છેંતાલીસ (૪૬) દોષ રહિત આહાર લે છે, તે **એષણા સમિતિ** છે. (૧૨) સંયમના ઉપકરણ કે શાસ્ત્ર જોઈને લેવું અથવા મૂકવું તે **આદાન–નિક્ષેપણ સમિતિ** છે. (૧૩) મળ–મૂત્ર જીવ રહિત એકાંત સ્થાનમાં ત્યાગ કરવો, તે **પ્રતિષ્ઠાપન સમિતિ** છે.

ઉપર કહ્યા તે સમ્યગ્દર્શનના આઠ, સમ્યગ્જ્ઞાનના આઠ અને સમ્યક્ચારિત્રના તેર, સર્વ મળી ઓગણત્રીસ (૨૯) અંગ છે, જે જિનવરે કહ્યા છે અને ગણધરોએ ધારણ કર્યા છે. તેને જાણો. રત્નત્રયના આ ૨૯ અંગને ધારણ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, આ રત્નત્રય વ્રતની



જાપૈ પઢૈ ન લોપૈ જાઈ, અંગ સપ્તમ ગુરુવાદ કહાઈ;
ગુરુકી બહુત વિનય જુ કરીજૈ, સો અષ્ટમ અંગ ધર સુખ લીજૈ.

યહ આઠોં અંગ–જ્ઞાન પઢાવૈ, જ્ઞાતા મન વચ તન કર ધ્યાવૈ;
અબ આગે ચારિત્ર સુનીજે, તેરહ–વિધિ ધર શિવ–સુખ લીજે.

છહોં કાયકી રક્ષા કર હૈં, સોઈ અહિંસા વ્રત ચિત ધર હૈં;
હિત મિત સત્ય વચન મુખ કહિયે, સો સતવાદી કેવલ લહિયે.

મન વચ કાય ન ચોરી કરિયે, સોઈ અચૌર્ય–વ્રત ચિત ધરિયે,
મનમથ–ભય મન રંચ ન આનૈ, સો મુનિ બ્રહ્મચર્ય–વ્રત ઠાનૈ.

પરિગ્રહ દેખ ન મૂર્છિત હોય, પંચ મહાવ્રત–ધારક સોઈ;
મહાવ્રત યે પાંચો ખરે હૈં, સબ તીર્થંકર ઈનકો કરે હૈં.

મનમેં વિકલપ રંચ ન હોઈ, મનોગુપ્તિ મુનિ કહિયે સોઈ;
વચન અલીક રંચ નહિ ભાખૈં, વચનગુપ્તિ સો મુનિવર રાખૈં.

કાયોત્સર્ગ પરીષહ સહિ હૈ, તા મુનિ કાયગુપ્તિ જિન કહિ હૈ;
પંચ સમિતિ અબ સુનિયે ભાઈ, અર્થ સહિત ભાખે જિનરાઈ.

હાથ ચાર જબ ભૂમિ નિહારે, તબ મુનિ ઈર્યાપથ પદ ધારેં;
મિષ્ટ વચન મુખ બોલેં સોઈ, ભાષા–સમિતિ તાસ મુનિ હોઈ.

ભોજન છયાલિસ દૂષણ ટારેં, સો મુનિ એષણ શુદ્ધ વિચારેં;
દેખકર પોથી લેં અરુ ધર હૈં,સો આદાન–નિક્ષેપણ વર હૈં.

મલ–મૂત્ર એકાંત જુ ડારેં, પ્રતિષ્ઠાપન સમિતિ સંભારેં;
યહ સબ અંગ ઉનતીસ કહે હૈં, જિન ભાખે ગણધરને ગહે હૈં.

આઠ–આઠ–તેરહવિધિ જાનોં, દર્શન–જ્ઞાન–ચારિત્ર સુઠાનોં;
તાતેં શિવપુર પહુંચો જાઈ, રત્નત્રયકી યહ વિધિ ભાઈ.

વિધિ છે. આ રત્નત્રય વ્રત જ્યારે પૂર્ણ થાય ત્યારે બધા પ્રત્યે ક્ષમા યાચના કરવી. એક વર્ષમાં મહા, ચૈત્ર અને ભાદરવો એમ ત્રણવાર આ ક્ષમાપર્વને હૃદયમાં ધારવું.

કવિ 'શ્રી મલ્લ' કહે છે કે આ ક્ષમાવણી પર્વના ગુણગાન જે વાંચે, શ્રવણ કરે છે અને શ્રદ્ધા કરે છે તેને મુક્તિરૂપી શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ થાય છે.

ૐ હ્રીં આઠ અંગી સમ્યગ્દર્શનને, આઠ વિધ સમ્યગ્જ્ઞાન ને તેર વિધ સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયને અનર્ઘ્યપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું.

કોઈનો દોષ ગ્રહણ ન કરવો પણ ગુણ ગ્રહણ કરવા. આ પૂજા ભાવથી કરવી અને જો ભૂલચૂક હોય તો તે સુધારવી.

(પુષ્પાંજલિ અર્પું છું)

## (૬૧) પીઠકાદિ પૂજા

**સ્થાપના :** મહાવીર પ્રભુએ જે પ્રાતઃસમયે મોક્ષક્ષેત્રે ગમન કર્યું. હે સુમતિવંત! તે સમય પ્રમાણે તમે પણ પોતાના હિત માટે પૂજા કરો.

ૐ હ્રીં શ્રી મહાવીર, વીર, અતિવીર, સન્મતિ, વર્ધમાન આદિ અનેક નામ સંયુક્ત શ્રી ભગવત્ જિનેન્દ્રદેવ ! અહીં પધારો પધારો.

ૐ હ્રીં શ્રી મહાવીર, વીર, અતિવીર, સન્મતિ, વર્ધમાન આદિ અનેક નામ સંયુક્ત શ્રી ભગવત્ જિનેન્દ્રદેવ ! અહીં બિરાજો બિરાજો.

ૐ હ્રીં શ્રી મહાવીર, વીર, અતિવીર, સન્મતિ, વર્ધમાન આદિ અનેક નામ સંયુક્ત શ્રી ભગવત્ જિનેન્દ્રદેવ ! મારી નિકટ બિરાજો. ૧.

**જળ :** હે ભવ્ય જીવ! મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે તેમનું પૂજન કરો. મહાવીર પ્રભુના દશ અતિશય જન્મથી જ હોય છે અને કેવળજ્ઞાન થતાં દશ અતિશય પ્રગટે છે. આવા જિનવરદેવના ચરણમાં બે હાથ વડે જલધારા (સમર્પણ) કરું છું.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને જન્મ-જરા-મૃત્યુના નાશ માટે જળ સમર્પિત કરું છું. ૨.



રત્નત્રય પૂરણ જબ હોઈ, ક્ષમા ક્ષમા કરિયો સબ કોઈ;
ચૈત માઘ ભાદોં ત્રય વારા, ક્ષમા ક્ષમા હમ ઉરમેં ધારા.

(દોહા) યહ ક્ષમાવણી આરતી, પઢૈ સુનૈ જો કોય;
કહે 'મલ્લ' સરધા કરો, મુક્તિ—શ્રી—ફલ હોય.

ૐ હ્રીં અષ્ટાંગસમ્યગ્દર્શનાય અષ્ટવિધસમ્યગ્જ્ઞાનાય ત્રયોદશવિધ-સમ્યક્ચારિત્રાય રત્નત્રયાય અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(સોરઠા) દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસૌં;
ભૂલચૂક જો હોય, અર્થ વિચારિ જુ શોધિયો.

॥ ઇત્યાશીર્વાદઃ પરિપુષ્પાંજલિ ક્ષિપેત્ ॥

## (૬૧) પીઠકાદિ પૂજા

(દોહા)

મહાવીરને જા સમૈ, ગમન કિયો શિવખેત,
સોઈ સમય વિચારિકૈં, પૂજૌં સુધી સ્વહેત.

ૐ હ્રીં શ્રી મહાવીર, અતિવીર, સન્મતિ, વર્દ્ધમાન આદિ અનેકનામસંયુક્ત ભગવજ્જિનેન્દ્ર ! અત્ર અવતર અવતર સંવૌષટ્ ઈતિ આહ્વાનનમ્,

ૐ હ્રીં શ્રી મહાવીર, અતિવીર, સન્મતિ, વર્દ્ધમાન, આદિ અનેકનામસંયુક્ત ભગવજ્જિનેન્દ્ર ! તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઈતિ સ્થાપનમ્.

ૐ હ્રીં શ્રી મહાવીર, અતિવીર, સન્મતિ, વર્દ્ધમાન આદિક અનેકનામસંયુક્ત ભગવજ્જિનેન્દ્ર ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ ઈતિ સન્નિધિકરણમ્. ૧.

### અષ્ટક

(ચોપાઈ)

મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈ પૂજૌ ભવિ ધીર,
દસ અતિશય જનમત જિન પાય, કેવલગ્યાનમાંહિ દસ ગાય.
તિનિ જિનવર પ્રતિ ચરનન ઓર, દે જલધાર જુગલ કર જોર,
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈ પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા. ૨.

**ચંદન :** જિનેન્દ્ર ભગવાનને દેવકૃત ચૌદ અતિશય હોય છે. આમ બધા થઈને ચોત્રીસ (૩૪) અતિશય સહિત શ્રી જિનવરદેવની પૂજા માટે જેની સુગંધ પર ભમરા આકર્ષિત થાય, તેવું ચંદન તૈયાર કર્યું છે. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને ભવતાપના નાશ માટે ચંદન સમર્પિત કરું છું. ૩.

**અક્ષત :** જે આઠ પ્રાતિહાર્ય સહિત જિનદેવ છે અને જેની ઈન્દ્રો સદા સેવા કરે છે તેવા જિનવરદેવના દર્શન કરી ઉત્તમ જાતિના અખંડ અક્ષત લઈ પૂજા કરું છું. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષત સમર્પિત કરું છું. ૪.

**પુષ્પ :** જે શ્રેષ્ઠ અનંત ચતુષ્ટયને ધારણ કરનાર છે અને છેંતાલીસ ગુણો સહિત જગતના તારણહાર છે એવા શ્રેષ્ઠ જિનેન્દ્રદેવના પૂજન માટે મેં વિવિધ જાતિના ઉત્તમ ફૂલો લીધા છે. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને કામબાણના નાશ માટે પુષ્પ સમર્પિત કરું છું. ૫.

**નૈવેદ્ય :** ક્ષુધા–તૃષા આદિ અઢાર દોષોનો નાશ કરી, ભવરૂપી સમુદ્રનું શોષણ કર્યું અને મુક્તિ પ્રાપ્ત કરી. તે જિનેન્દ્રદેવનાં પ્રતિબિંબના દર્શન કરી તેમના પૂજન માટે નૈવેધનો થાળ ભર્યો છે. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને ક્ષુધારોગના નાશ માટે નૈવેદ્ય સમર્પિત કરું છું. ૬.

**દીપ :** લોકાલોકના જ્ઞાતા અને જીવાદિ તત્ત્વોનું પ્રતિપાદન કરનારા એવા નિજહિતના કારણભૂત જિનેન્દ્રદેવના પ્રતિબિંબના દર્શન કરી મારું જ્ઞાન નિર્મળ થાય એ હેતુથી દીપ પ્રગટાઉં છું. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને મોહરૂપી અંધકારના નાશ માટે દીપ સમર્પિત કરું છું. ૭.



જિન કે સુરકૃત ચૌદહ સાર, યે અતિસૈ ચૌંતીસ ચિતાર,
તિન જિનવરપ્રતિ પૂજનધારિ, ભ્રમર લુબ્ધ વર ચંદન ગારિ..
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય ભવતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા. ૩.

અષ્ટ પ્રાતિહારજ જુત દેવ, જિનકી ઈન્દ્ર કરૈં સત સેવ,
તિન જિનવરપ્રતિ કો અવલોક, લે વર શાલિ[1] અખંડિત પોખ.
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય અક્ષયપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા. ૪.

જિનકે નંત ચતુષ્ટય સાર, યે ગુન છયાલિસ હૈ જગ તાર,
તિન જિનવરપ્રતિ પૂજન સાર, લે વર સુમન વિવિધ પરકાર.
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા. ૫.

ક્ષુધા તૃષાદિ આઠદસ દોષ, હરત સિવગ વર ભવદધિ સોષ,
તિનિ જિનવર પ્રતિબિંબ નિહાર, પૂજનકોં ભરિ નેવજ થાર.
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા. ૬.

લોકાલોક ભેદ જિન ગાય, જીવ અજીવ તત્ત્વ દરસાય,
તિન પ્રતિબિંબ નિરખ નિજ હેત, દીપક લૈ નિર્મલ ભવિ ચેત.
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા. ૭.

૧. શાલિ=ચાવલ-અક્ષત.

**ધૂપ :**મિથ્યા માન્યતાથી ભ્રમિત આ જગતના જીવો અનાદિકાળથી પરિભ્રમણ કરે છે. આવા મિથ્યાદષ્ટિ જીવોને પંચમગતિ–મોક્ષગતિનો માર્ગ દેખાડનાર જિનેન્દ્રદેવ પ્રતિ દશાંગ ધૂપ અર્પણ કરું છું. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને આઠ કર્મોના નાશ માટે ધૂપ સમર્પિત કરું છું. ૮.

**ફળ :** તીર્થંકરદેવે જે હિતકારી ઉપદેશ આપ્યો, તે જ અત્યાર સુધી પરંપરા ચાલ્યો આવે છે. શ્રી જિનવરદેવે અન્યમતનું ખંડન કરી જગતના લોકો માટે શ્રેષ્ઠ ઉપદેશ આપ્યો, તે જિનવર પ્રતિ ફળ લઈ તેમના ચરણોમાં વંદન કરું છું. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને મોક્ષફળની પ્રાપ્તિ માટે ફળ સમર્પિત કરું છું. ૯

**અર્ઘ :** જેના સમવસરણમાં કુલ ૧૪૦૦૦ મુનિગણની સંખ્યા હતી, એવા શ્રી મહાવીર પ્રભુએ જગતપૂજ્ય પદ પ્રાપ્ત કર્યું, તેમને જલાદિ દ્રવ્ય લઈ પૂજા કરું છું. મહાવીરપ્રભુના મંગળ નિર્વાણ કલ્યાણકના સવારના સમયે હે ભવ્ય જીવ! પૂજા કરો.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૧૦.

મહાવીરપ્રભુએ પ્રથમ સાત પ્રકૃતિનો ચોથે ગુણસ્થાને નાશ કર્યો અને આઠમે ગુણસ્થાને આયુની ત્રણ પ્રકૃતિનો નાશ કરી, નવમે ગુણસ્થાને છત્રીસ પ્રકૃતિનો નાશ કર્યો, દશમે ગુણસ્થાને સૂક્ષ્મ લોભ ગયો અને બારમે ગુણસ્થાને સોળ પ્રકૃતિ ટળી; આમ આપે ત્રેસઠ (૬૩) પ્રકૃતિ ટાળી અથવા ઘાતિકર્મની સુડતાલીસ પ્રકૃતિ, નામકર્મની તેર પ્રકૃતિ અને આયુકર્મની ત્રણ પ્રકૃતિનો નાશ કરી, આપ મહાવીર થયા.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને અનર્ઘપદની પ્રાપ્તિ માટે અર્ઘ સમર્પિત કરું છું. ૧૧.



મિથ્યા ભ્રમકર ભ્રમૈ અનાદિ, જગત જીવ જગમેં બહુ વાદિ,
તિનકો શિવગતિ સાર બતાય, તિનપ્રતિ ધૂપ દશાંગ ચઢાય.
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા. ૮.

જિનવૃષ ઉપદેસૌ હિતકાર, ચલો જાત અબતાંઈ સાર,
પરમત ખંડન મંડન લોક, તિનપ્રતિ લે ફલ ચરનન ઢોક.
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા. ૯.

જિનકે સમોસરન મેં સાધ, ચૌદા સહસ એક દસ બાધ,
એસે જગત પ્રભુ પદ પાય, લૈ જલાદિ પૂજૌ જિનરાય.
મંગલ નિર્વાનક મહાવીર, પ્રાત સમૈં પૂજૌં ભવિ ધીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૦.

(રાગ–બિલાવલ)

પ્રકૃતિ સાત મહાવીર પ્રભુ, જિન પ્રથમ વિદારી,
તીન આઠ જે ભાનિકે, નવ છત્તીસ સિધારી.
દસમેં લોભ દ્વાદસે સોલહ તહાં જુ ટારી,
ત્રેસઠ પ્રકૃતિ ખિપાઈયો તિન જિન બલિહારી.

(દોહા)

સૈંતાલીસ પ્રકૃતિ હની, કર્મ ઘાતિયા કીર,
નામ તીનદસ આયુ ત્રય, નાશિ ભયે મહાવીર.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા. ૧૧.

## જયમાલા

વીર, મહાવીર, અતિવીર, સન્મતિ અને વર્ધમાન આ પાંચ નામધારી શ્રી ગુરુ પાવાપુર વનમાં આવ્યા અને મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે બાકીના કર્મશત્રુને જીતવાનો ઉપાય કર્યો. ૧.

હે ત્રણ જગતના નાથ, આપે પાવાપુર વનમાં આવી મહાશુક્લધ્યાનનું ત્રીજુ પદ (સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતી) આદર્યું અને કર્મોની હાનિ કરી અને આપની દિવ્યધ્વનિ શબ્દ રહિત થઈ. છેલ્લા ચૌદ દિવસ બાકી રહેતાં આપે તેરમું ગુણસ્થાન ઓળંગી અયોગીપદ માટે શુક્લધ્યાનનું ચોથું પદ ધર્યું. ૨.

(વ્યુપરતક્રિયાનિવર્તિ) યોગ નિરોધ કરી અયોગી કેવળી બની ચૌદમા ગુણસ્થાનમાં પ્રવેશ કર્યો. જ્યારે આ ગુણસ્થાનનો બે સમય પ્રમાણ કાળ બાકી રહ્યો, ત્યારે આપે સત્તામાં રહેલી બોંતેર (૭૨) પ્રકૃતિઓનો બે ચરમ સમયમાં અને બાકી રહેલી તેર (૧૩) પ્રકૃતિઓનો અંતિમ સમયમાં નાશ કર્યો. આમ ચૌદમા ગુણસ્થાનના અંત સુધીમાં અઘાતિ કર્મો પર વિજય પ્રાપ્ત કરતાં ઝળહળતી ચૈતન્યજ્યોતિ પ્રગટ થઈ. આ રીતે પ્રભુ આઠકર્મોના દળને હણીને ઊર્ધ્વગમન કરી, સિદ્ધશીલા પર સ્થિર થયા. ૩-૪.

કાર્તિક માસના કૃષ્ણ પક્ષમાં ચૌદસના દિવસે સ્વાતિ નક્ષત્રે પ્રભાત સમયે આપ લોકના શિખરે બિરાજ્યા, જ્યાં સદા અનંત સુખ ભોગવી રહ્યાં છો. આપે મોહશત્રુની અઠ્યાવીસ પ્રકૃતિ ક્ષય કરી પ્રથમ ક્ષાયક સમ્યક્ત્વ ગુણ પ્રગટ કર્યો, પાંચ યોદ્ધા સહિત જ્ઞાનાવરણને ચૂર કરી





## જયમાલા

(દોહા)

પંચ[1] નામધર તે સુગુરુ, પાવાપુર વન આય,
શેષ કરમ રિપુ જીતને, શિવ મગ ચલન ઉપાય. ૧

(છંદ–માત્રિક)

આયે જહઁ ત્રિજગપતિ, ધ્યાન દીનો મહા,
ત્રિતિય પદ શુકલ માંડો, સુ હાનિ તહાં.
તબ પ્રભુ દિવ્યધુનિ, શબ્દ રહિતે ભયે,
અંતકે દિવસ બાકી, ચતુર્દશ રહે. ૨

પ્રભુ ગયે ઉલ્લંધિ, તેર ગુણસ્થાનતૈં,
ચઢિ અજોગે શુકલ તુરિય[2] પદ ધ્યાનતૈં.
જોગ સુ નિરોધ કરિ ચરન જુગ સમય જે,
હનિ બહત્તર ચરમ સમય ત્ર્યોદસ જજે. ૩

ચૌદમેં અંત સુ અઘાતિયા જય લઈ,
ચેતનાશક્તિ દૈદીપ્ય પરગટ ભઈ.
ભ્રાંતિ ઈહ અષ્ટ અરિ કર્મ દલ હનિ ગયે,
ઊર્ધ્વ જિન ગમન કર શિવપુરી થિર ભયે. ૪

પક્ષવર ભ્રમર, કાર્તિક ચતુર્દશિ દિના,
સ્વાતિવર નખત પરભાત સમયા ગિના.
લોકકે શિખર જિનદેવ આરૂઢિયૌ,
સુખ અનંતૌ નિરંતર જહાં પૂરિયૌ. ૫

મોહ અરિ બીસવસુ પ્રકૃતિ જુત ક્ષય કિયૌ,
પ્રથમ ક્ષાયકસમ્યક્ત્વ ગુન પ્રગટિયૌ.
પંચ ભટ સહિત જ્ઞાનાવરન ચૂરિયૌ,
તબ અનંતૌ દુતિય ગ્યાન ગુન પૂરિયૌ. ૬

૧. પંચ= વીર, મહાવીર, અતિવીર, સન્મતિ, વર્ધમાન. ૨. તુરિય=ચોથે

બીજો અનંત જ્ઞાનગુણ પ્રગટ્યો, નવપ્રકૃતિ સહિત દર્શનાવરણીના દળને હરાવી ત્રીજો અનંતદર્શન ગુણ પ્રગટાવ્યો. અંતરાયકર્મના પાંચ યોદ્ધાને હરાવી ચોથો અનંતવીર્યગુણ જિનવરને પ્રગટ્યો. ૫–૭.

નામ પ્રકૃતિના ત્રાણુ (૯૩) યોદ્ધાને મારી આપને પાંચમો સૂક્ષ્મત્વ ગુણ પ્રગટ થયો, ચાર કટક સહિત આયુકર્મનો નાશ કરી છઠ્ઠો અવગાહન ગુણ પ્રકાશ પામ્યો, ગોત્રકર્મ (બે પ્રકૃતિ)ના જોરને હણીને સાતમો અગુરુલઘુગુણ પ્રગટ થયો અને વેદનીકર્મની બે પ્રકૃતિને ઘાતિ આઠમો અવ્યાબાધ ગુણ પ્રગટ્યો. આ સિવાય બીજા અનંત ગુણો સહિત પ્રભુ પોતાના રાજ્યપદ મુક્તિપુરીને પામ્યા. ત્યારે સૌધર્મ ઈન્દ્રે અવધિજ્ઞાનના બળે જાણી પોતાનું સૈન્ય સજાવી બધા દેવો આવ્યા. તે દિવસે પૂરી નગરી ધરતીથી આકાશ સુધી દીપકોના સમૂહથી અનુપમ દેખાતી હતી. દશે દિશામાં દીપકોની હારમાળા જગમગી રહી હતી ત્યારે જ્યાં પ્રભુનું પરમૌદારિક શરીર શેષ હતું, ત્યાં પાંચમું મંગલ (કલ્યાણક) ઉજવવા દેવો પવિત્ર ચંદન, પુષ્પ આદિ મનોયોગ્ય દ્રવ્ય વડે પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરવા લાવ્યા. ૮–૧૨

પછી અગર–ચંદનાદિક લાવીને દેવે પ્રભુના ઊંચા મંગલમય શરીરની રચના કરી. અગ્નિકુમાર દેવે શીશ નમાવી મુકુટથી અગ્નિ જ્વાલા પ્રકટ કરી અને શરીરને ત્યાં ભસ્મ કર્યું. બધા દેવોએ ત્યાં પરમ ભક્તિ અને હૃદયમાં આનંદના નાદ સહિત જય જય શબ્દનો નાદ કર્યો. ત્યારે સૌધર્મ ઈન્દ્ર અને બીજા દેવોએ તે ભસ્મ માથે ચડાવી વંદના કરી, કારણ કે પ્રભુ મહાન પુરુષોત્તમ અને ધર્મ–તીર્થનાયક હતા. આ સાથે (ભરતભૂમિ)નો સૂર્ય અસ્ત થઈ ગયો. હવે મિથ્યા ભ્રમણા–માન્યતાનો અંધકાર પૃથ્વી પર પ્રવેશ કરશે અને જગતના જીવો ધર્મથી વિમુખ થઈ પોતાની ઈચ્છા મુજબ મોક્ષમાર્ગ પ્રવર્તાવશે–એમ પસ્તાવો કરતા દેવો તથા મનુષ્યોએ પ્રભુએ પવિત્ર કરેલી પૃથ્વી પર પૂજા–ભક્તિ કરી. સૌધર્મ ઈન્દ્રાદિ પોતાના સ્થાને ગયા. ૯–૧૭.



દરશનાવરન નવ પ્રકૃતિ જુત દલમલૌ,
તબ અનંતૌ સુદર્શન ત્રિતિય ગુન મિલૌ.
અંતરાય જુ કરમ પંચ ભટ જુત હનૌ,
તબ તુરિય વીર્ય ગુન જિન અનંતૌ બનૌ. ૭

(પદ્ધરી–છંદ)

ઈક તીત્રક[1] ભટ જુત નામ માર, પંચમ સૂક્ષમ ગુન પ્રગટ સાર,
ચવ કટક સહિત કર આયુ નાશ, છઠમા અવગાહન ગુન પ્રકાશ. ૮

હનિ ગોત કરમ કો જોર તાય, સાતમ જુ અગુરુલઘુ ગુન ઉપાય,
જિન જુગલ વેદની ઘાતિ પાય, ગુન અષ્ટમ અવ્યાબાધ થાય. ૯

ઈન આદિ અનંતે ગુન સમાજ, પાયૌ પ્રભુ મુક્તિપુરી સ્વરાજ,
તબ હી સુરેશ બલ અવધિ પાય, નિજ સેન સાજ સબ દેવ આય. ૧૦

તાદિન વહ પુરી પ્રકાશરૂપ, દીપન સમૂહ કરકે અનૂપ,
ધરતી અકાશ સબ દિશનિ માંહિ, દીપકમાલા પ્રજુલિત લખાહિં. ૧૧

તબ પરમૌદારિક પ્રભુ શરીર, મંગલ પંચમ લખિ સુર ગહીર,
શુભ ગંધ પહુપ આદિક મનોગ, વસુ દ્રવ્યનિકર પૂજા નિયોગ. ૧૨

ફિર ચન્દન અગરાદિક લિયાય, તબ ઉતંગ સુર સર (?) રચાય,
જિન તન મંગલમય તહં રચાય, તબ અગ્નિકુમારન શીશ નાય. ૧૩

તિન મુકટનિ કરિ જ્વાલા ઉઠાય, ભસ્મીકૃત સર (?) સબ હો તહાંય,
સબ સુર જય જય કર તાસુ ઓર, ઉર આનંદ પરમ સુ ભક્તિ સોર. ૧૪

તબ પ્રથમ ઈન્દ્ર આદિક સુરાય, કર ભસ્મ વંદના સીસ નાય,
કહતે યહ પુરુષોત્તમ મહાન, વર ધર્મ તીર્થનાયક સુજાન. ૧૫

સો દેખો અસ્ત ભયો દિનેશ, સબ મિથ્યાતમ ભ્રમ કર પ્રવેશ,
યે પ્રાની વૃષતેં વિમુખ હોય, કરકે નિજ ઈચ્છા માર્ગ સોય. ૧૬

જગમેં સુ પ્રવર્તેંગે વિસાલ, ઈમિ પશ્ચિત (?) સુરનર ભક્તિ માલ,
અવની પવિત્ર લખિ અમરરાય, પુનિકર પૂજા નિજ થાન જાય. ૧૭

૧. તીત્રક = ૯૩ પ્રકૃતિ.

તે દિવસથી આજપર્યંત આ ભરતક્ષેત્રમાં તે દિવસ (મહાવીર નિર્વાણકલ્યાણક)ના ઉપલક્ષ્યમાં દીપમાલા સૌ પ્રગટાવે છે. પ્રતિવર્ષ ભવ્ય પૂજા કરી, નિર્વાણ મહોત્સવ ઉજવાય છે. (પ્રભુના નિર્વાણ)ની વાત સાંભળી સારાય નર–નારી સમાજ હાથમાં લાડુ લઈને પરિવાર સહિત અતિ આનંદ–મંગળ–નૃત્ય કરે છે. તે આનંદનો મહિમા શું કથી શકાય?

આપ કરુણાના સાગર, કૃપા વરસાવનાર પવિત્ર મેઘ છો. એવા હે! સન્મતિનાથ, આપ મને જ્ઞાન આપો, એવી આપને વિનંતી કરું છું. આપ કૃપાળુદેવ વિના આ જગતમાં અનાદિથી ભટકી રહ્યો છું અને મેં અનંતકાળ વ્યર્થ ગુમાવ્યો છે. ૧૮–૨૦.

આ ભવવનમાં હું ઘણું દુઃખ પામ્યો છું અને આપના જ્ઞાનના પ્રસાદ દ્વારા તેનો ઉપાય જાણીને આપ સમક્ષ આવ્યો છું. આપને કાંઈ કહેવાની જરૂર નથી. આપ બધું જ જાણો છો. આપની સહાયથી જ મને ઇચ્છિતપદની પ્રાપ્તિ થશે. ૨૧.

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને પૂર્ણ અર્ઘ સમર્પિત કરું છું.

હે ભવ્ય! આ રીતે નિર્વાણ કલ્યાણક સમયની પૂજાની જે રીત કહી તે નય–પ્રમાણથી તમે યથાર્થ જાણો. જે જીવ નિર્વાણ સમયની પૂજા ઉત્સવયુત ભક્તિસહિત કરે છે તે દુર્ગતિ હરે છે, સુખનું કારણ બને છે અને મોક્ષપદની રુચિ કરાવે છે. ૨૨.

ચોથા કાળના જ્યારે ત્રણ વરસ આઠ માસ અને પંદર દિવસ બાકી હતા, ત્યારે મહાવીર પ્રભુ મોક્ષમાં સ્થિત થયા. શ્રી વીર જિનેશ્વરને સૌધર્મ ઈન્દ્ર નમે છે; તેમના ચરણોની અષ્ટવિધ પૂજા રચાવે છે; બહુ વાજિંત્ર વગાડી, જિનેન્દ્રદેવના ગુણ–સ્તુતિ ગાવે છે, ધ્યાવે છે અને મુક્તિપદને પામે છે. ૨૩–૨૪

ૐ હ્રીં નિર્વાણકલ્યાણક પ્રાપ્ત શ્રી મહાવીર જિનેન્દ્રદેવને નમસ્કાર.







તા દિનતેં અબ યા ભરત ખેત, દીપકમાલા[1] પ્રગટી ઉપેત,
પ્રતિવર્ષ ભવ્ય પૂજા કરાય, નિર્વાણ સમય ઉત્સવ સુ પાય. ૧૮
પાછે સુનિ નર નારિન સમાજ, કર મોદક લે પરિવાર સાજ,
અતિ આનંદ મંગલ નિરત સોય, કીનો તિન અતિ હી કહ સુ કોય. ૧૯
તે સન્મતિ મતિ દે અરજ યેહ, તુમ કરુનાસાગર વિમલ મેહ,
ભટકે બહુ કાલ અનંત બાદિ, તુમ બિન કૃપાલુ જગમેં અનાદિ. ૨૦

(અડિલ્લ)

યા ભવ–વનકે માહિં, બહુત દુઃખ પાઈયૌ,
જાનો ગ્યાન પ્રસાદ, તુમહિં તટ આઈયૌ.
તાતેં કહને માંહિ કછૂ આવે નહીં,
વાંછિતાર્થ પદ તુમ કર પાઊં પ્રભુ સહી. ૨૧

ૐ હ્રીં નિર્વાણકલ્યાણકપ્રાપ્ત શ્રીમહાવીરજિનેન્દ્રાય પૂર્ણાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(ગીતિકા છંદ)

યા ભાંતિ નિર્વાનક સુ પૂજન, સમયકી જો વિધિ કહી,
સો નય પ્રમાનકે ન્યાય કરિ, ભવ્ય તુમ જાનો સહી.
યહ સમય લખિ જિન પૂજ ઉત્સવ, કરત ભક્તિ જુ વશ સહી,
દુર્ગતિ હરન સુખ હેત ભવિ, કરિયે પરમ રુચિ કરમ હી. ૨૨

(દોહા)

તીન બરસ વસુ માસ દિન, પંદ્રહ રહે સુ સાર,
મહાવીર શિવપુર બસે, ચૌથે કાલ મઝાર. ૨૩

(ત્રિભંગી છંદ)

શ્રી વીર જિનેશ્વર નમત સુરેશ્વર, વસુ વિધિકર જુગ પદ ચરચં,
બહુ તૂર બજાવૈં જિનગુન ગાવૈં, ધ્યાવૈં પાવૈં મુક્તિ પદં. ૨૪

(ઇત્યાશીર્વાદ)

(જાપ્યં ૧૦૮ અષ્ટોત્તરશતં દીયતે)

॥ ૐ હ્રીં નિર્વાણમંગલમંડિત મહાવીરજિનેન્દ્રાય નમઃ ॥

---

૧. દીપમાલા = દિવાળી

## (૬૨) નિર્વાણકાંડ ભાષા

વીતરાગદેવને શિર નમાવીને ભાવસહિત વંદન કરું છું અને સુગમભાષામાં નિર્વાણસ્થાનોનું વર્ણન કરું છું. ૧

ઉરમાં ભાવભક્તિ ધરીને અષ્ટાપદ (કૈલાસગિરિ) પર નિર્વાણપ્રાપ્ત ઋષભદેવ અને ચંપાપુરીમાં વાસુપૂજ્યસ્વામીને, ગિરનારમાં નેમિનાથ પ્રભુને વંદું છું. ૨

અંતિમ શરીરધારી અંતિમ તીર્થંકર મહાવીર પ્રભુને પાવાપુરીમાં અને સમ્મેદશિખરમાં વીસ જિનેશ્વરને ભાવસાથે વંદન કરું છું. ૩

તારવરનગર (તારંગાગિરિ)થી મોક્ષની પ્રાપ્તિ કરેલ વરદત્તરાય અને ઇંદ મુનિંદ, સાયરદત્ત આદિ સાડાત્રણ કરોડ મુનિઓના ગુણવૃંદને ભાવસહિત બે હાથ જોડી વંદન કરું છું. ૪

પ્રસિદ્ધ ગિરનારગિરિથી નિર્વાણ પ્રાપ્ત શંભુ અને પ્રદ્યુમ્નકુમાર બે ભાઈ, અનિરુદ્ધ આદિ બોંતેર કરોડ સાતસો મુનિવરોનાં ચરણમાં નમન કરું છું. ૫

રામચંદ્રજીના બે પુત્ર તથા લાડદેશના રાજા આદિ ગુણવાન, પાંચ કરોડ મુનિ મુક્તિ પધાર્યા તે પાવાગિરિને વંદન કરું છું. ૬

ત્રણ પાંડવ અને દ્રવિડ રાજા આદિ આઠ કરોડ મુનિ જ્યાંથી મુક્તિ પધાર્યા તે શ્રી શત્રુંજયગિરિને ભાવસહિત સદા વંદું છું.

શ્રી ગજપંથા શિખરથી મુક્તિ પ્રાપ્ત બલભદ્ર અને બીજા આઠ કરોડ મુનિને સદાય ચરણોમાં નમન કરું છું.

તુંગીગિરિ શિખરથી મુક્તિપ્રાપ્ત શ્રી રામ, હનુમાન, સુગ્રીવ, સુડીલ, ગવ, ગવાખ્ય, નીલ, મહાનીલ આદિ નવાણુ કરોડ મુનિઓને ધ્યાન ધરી વંદન કરું છું. ૯

નંગ અનંગકુમાર આદિ સાડા પાંચ કરોડ મુનિ મુક્તિ ગયા તે સોનાગિરિ શિખર પર વિરાજિત ત્રણ ભુવનના પ્રભુને વંદન કરું છું. ૧૦

રેવા નદીના કિનારા પરથી રાવણના પુત્ર અને સાડા પાંચ કરોડ મુનિ મુક્તિ ગયા તેમને ઘણા ઉલ્લાસથી વંદન કરું છું. ૧૧.



કવિવર ભૈયા ભગવતીદાસજી રચિત—

## (૬૨) નિર્વાણકાંડ ભાષા

(દોહા)

વીતરાગ વંદો સદા, ભાવસહિત શિર નાય,
કહૂં કાંડ નિર્વાણકી, ભાષા સુગમ બનાય. ૧

(ચૌપાઈ ૧૬ માત્રા)

અષ્ટાપદઆદીશ્વરસ્વામિ, વાસુપૂજ્ય ચંપાપુર નામી,
નેમિનાથસ્વામી ગિરનાર, વંદોં ભાવભગતિ ઉરધાર. ૨

ચરમ તીર્થંકર ચરમશરીર, પાવાપુરી સ્વામી મહાવીર,
શિખરસમેદ જિનેશ્વર વીસ, ભાવસહિત વંદોં જગદીસ. ૩

વરદતરાય રુ ઈંદ મુનિંદ, સાયરદત્ત આદિ ગુણવૃંદ,
નગરતારવર મુનિ ઉઠ કોડિ, વંદૌ ભાવસહિત કર જોડિ. ૪

શ્રીગિરનારશિખર વિખ્યાત, કોડિ બહત્તર અરુ સૌ સાત,
શંભુ પ્રદ્યુમ્ન કુમાર દ્વૈ ભાય, અનિરુદ્ધઆદિ નમૂં તસુ પાય. ૫

રામચંદ્રકે સુત દ્વૈ વીર, લાડનરિંદ આદિ ગુણધીર,
પાંચ કોડિ મુનિ મુક્તિમઝાર, પાવાગિરિ વંદૌં નિરધાર. ૬

પાંડવ તીન દ્રવિડ રાજાન, આઠકોડિ મુનિ મુક્તિ પયાન,
શ્રીશત્રુંજયગિરિકે શીશ, ભાવસહિત વંદૌં નિશદીસ. ૭

જે બલભદ્ર મુક્તિમેં ગયે, આઠકોડિ મુનિ ઔરહિ ભયે,
શ્રીગજપંથશિખરસુવિશાલ, તિનકે ચરણ નમૂં તિહૂં કાલ. ૮

રામ હનૂ સુગ્રીવ સુડીલ, ગવગવાખ્ય નીલ મહાનીલ,
કોડિ નિન્યાનવૈ મુક્તિ પયાન, તુંગીગિરિ વંદૌં ધરિ ધ્યાન. ૯

નંગ અનંગ કુમાર સુજાન, પંચ કોડિ અરુ અર્ધ પ્રમાણ,
મુક્તિ ગયે સોનાગિર સીસ, તે વંદૌં ત્રિભુવનપતિ ઈશ. ૧૦

રાવણકે સુત આદિ કુમાર, મુક્તિ ગયે રેવાતટ સાર,
કોડિ પંચ અરુ લાખ પચાસ, તે વંદૌં ધરિ પરમ હુલાસ. ૧૧

રેવા નદીના પશ્ચિમ કિનારે સિદ્ધવરકૂટથી બે ચક્રી, દસ કામદેવ અને સાડા ત્રણ કરોડ મુનિઓ મોક્ષ ગયા, તેમને વંદું છું. ૧૨.

બડવાની અથવા બડનગર સરસ ગામ છે. તેની દક્ષિણ દિશામાં ચૂલગિરિ નામનો ઉંચો પર્વત છે. ત્યાંથી ઈન્દ્રજિત અને કુંભકર્ણ ભવસાગરને પાર ઉતર્યા, તેમને વંદન કરું છું. ૧૩

સુવર્ણભદ્ર, મણિભદ્ર આદિ ચાર મુનિ ચેલના નદીના કિનારા પાસે પાવાગિરિના શિખરથી મુક્તિ ગયા તેમને વંદું છું. ૧૪

બડગામ પાસે ફલહોડી નામે નાનું ગામ છે. તેની પશ્ચિમદિશામાં દ્રોણગિરિ પહાડ છે. ગુરુદત્ત આદિ મુનિશ્વરો અહીથી મુક્તિ પધાર્યા છે, તેમને નિત્ય વંદું છું. ૧૫

બાલિ અને મહાબાલી બે મુનિ તથા ત્રીજા નાગકુમાર શ્રી અષ્ટાપદથી મુક્તિ પધાર્યા, તેમનું ધ્યાન કરીને (યાદ કરીને) નિત્ય વંદું છું. ૧૬

અચલાપુરની ઇશાન દિશામાં મેઢગિરિ (મુક્તાગિરિ) નામે સ્થળ છે. ત્યાંથી સાડા ત્રણ કરોડ મુનિરાજ મોક્ષ પામ્યા. તેમના ચરણોમાં ભાવથી નમન કરું છું. ૧૭

વંશસ્થલ વન પાસે પશ્ચિમદિશામાં કુંથુગિરિ છે. ત્યાંથી કુલભૂષણ અને દેશભૂષણ મુનિવર મુક્તિ પામ્યા, તેમના ચરણોમાં પ્રણામ કરું છું. ૧૮

કલિંગદેશમાં દશરથરાજાના પાંચસો પુત્ર અને બીજા કરોડો મુનિ મોક્ષ પામ્યા, તેમને બે હાથ જોડી વંદન કરું છું. ૧૯

જ્યાં પાર્શ્વપ્રભુનું સમવસરણ આવ્યું હતું તે રેસંદિગિરિ મનોહર ક્ષેત્રે વરદત્તાદિ પાંચ ઋષિરાજ પણ મોક્ષ ગયા તે ધર્મરૂપી જહાજ સમાન મુનિરાજોને સદા વંદું છું. ૨૦

મથુરાનગરીના પવિત્ર ઉદ્યાનથી મોક્ષપ્રાપ્ત પંચમકાળના છેલ્લા કેવળી, દયાસાગરના જંબૂસ્વામીને નિત્ય વંદન કરું છું ૨૧.

ત્રણલોકના ક્ષેત્રે જ્યાં જ્યાં તીર્થ છે ત્યાં નિત્ય વંદન કરું છું. મન–વચન–કાયપૂર્વક શિર નમાવી વંદન કરી વિશેષ ગુણગાન કરું છું. ૨૨

સંવત સત્તરસો એકતાલીસમાં આસો સુદ દશમના દિવસે ''ભૈયા' (ભગવતીદાસે) ત્રિકાળ વંદન કરી, આ નિર્વાણકાંડની રચના કરી છે. ૨૩



રેવાનદી સિદ્ધવરકૂટ, પશ્ચિમ દિશા દેહ જહં છૂટ,
દ્વૈ ચક્રી દશ કામકુમાર, ઊઠકોડિ વંદૌં ભવપાર. ૧૨

બડવાની બડનગર સુચંગ, દક્ષિણ દિશિ ગિરિ ચૂલ ઉતંગ,
ઈન્દ્રજીત અરુ કુંભ જાુ કર્ણ, તે વંદૌં ભવસાગરતર્ણ. ૧૩

સુવરણભદ્ર આદિ મુનિ ચાર, પાવાગિરિવર શિખરમઝાર,
ચેલના નદી તીરકે પાસ, મુક્તિ ગયે વંદૌં નિત તાસ. ૧૪

ફલહોડી બડગામ અનૂપ, પશ્ચિમદિશા દ્રૌણગિરિરૂપ,
ગુરુદત્તાદિ મુનીશ્વર જહાં, મુક્તિ ગયે વંદૌં નિત તહાં. ૧૫

બાલિ મહાબાલિ મુનિ દોય, નાગકુમાર મિલે ત્રય હોય,
શ્રીઅષ્ટાપદ મુક્તિમઁઝાર, તે વંદૌં નિત સુરત સંભાર. ૧૬

અચલાપુરકી દિશા ઈશાન, તહાં મેંઢગિરિ નામ પ્રધાન,
સાઢેતીન કોડિ મુનિરાય, તિનકે ચરણ નમૂં ચિત લાય. ૧૭

વંશસ્થલ વનકે ઢિગ હોય, પશ્ચિમદિશા કુન્થુગિરિ સોય,
કુલભૂષણ દેશભૂષણ નામ, તિનકે ચરણનિ કરું પ્રણામ. ૧૮

દશરથરાજાકે સુત કહે, દેશ કલિંગ પાંચસૌ લહે,
કોટિ શિલા મુનિ કોટિપ્રમાન, વંદન કરું જોર જુગપાન. ૧૯

સમવસરણ શ્રીપાર્શ્વજિનંદ, રેસંદીગિરિ નયનાનંદ,
વરદત્તાદિ પંચ ઋષિરાજ, તે વંદૌં નિત ધરમજિહાજ. ૨૦

મથુરાપુર પવિત્ર ઉદ્યાન, જંબૂ સ્વામીજી નિર્વાણ,
ચરમકેવલી પંચમકાલ, તે વંદો નિત દિન દયાલ. ૨૧

તીન લોકકે તીરથ જહાં, નિતપ્રતિ વંદન કીજે તહાં,
મન વચ કાયસહિત સિરનાય, વંદન કરહિં અધિક ગુણ ગાય. ૨૨

સંવત સત્તરહસૌ ઈકતાલ, અશ્વિનસુદિ દશમી સુવિશાલ,
'ભૈયા' વંદન કરહિ ત્રિકાલ, જય નિર્વાણકાંડ ગુણમાલ. ૨૩

ઇતિ નિર્વાણકાંડ ભાષા

# (૬૩) સમુચ્ચય અર્ઘ

હું અરિહંતદેવને પૂજૂ છું, સિદ્ધ પ્રભુને હર્ષ સહિત પૂજું છું, શ્રી આચાર્યદેવ, શ્રી ઉપાધ્યાયજી અને સાધુજીને ભાવથી પૂજું છું; અરિહંત ભગવાન દ્વારા ભાષિત દ્વાદશાંગ જિનવાણીને પૂજું છું, તથા મોક્ષ પ્રાપ્તિના હેતુથી જેણે સર્વ ઈચ્છાને હણી છે, એવા દિગંબર ગુરુના ચરણોને પૂજું છું.

હું સર્વજ્ઞ દ્વારા ઉપદેશિત ઉત્તમ ક્ષમાદિ દશધર્મને પૂજું છું, જેના વિના કદી શિવપ્રાપ્તિ ન થાય એવી રત્નત્રયરૂપ સોળ ભાવનાને પૂજું છું, ત્રણ લોકના કૃત્રિમ–અકૃત્રિમ ચૈત્ય, ચૈત્યાલય અને પંચમેરુ–નંદીશ્વર જિનાલય જ્યાં દેવ–ઈન્દ્રો પૂજા–ભક્તિ કરે છે તેને પૂજું છું.

હું કૈલાશગિરિ, શ્રી સમ્મેદશિખરજી, શ્રી ગિરનારગિરિની સદા પૂજા કરું છું, ચંપાપુરી, પાવાપુરી આદિ સર્વ આનંદ આપનાર તીર્થોની પૂજા કરું છું તથા ચોવીસ જિનેન્દ્ર દેવ, મહાવિદેહના વીસ તીર્થંકરદેવ અને એક હજારને આઠ નામધારી, મોક્ષગતિને પ્રાપ્ત સર્વે જિનેન્દ્રને પૂજું છું.

હું જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેધ, દીપ, ધૂપ, ફળ લાવીને સર્વ પૂજ્યપદને બહુવિધિથી ભક્તિપૂર્વક પૂજા કરું છું.

ૐ હ્રીઁ ભક્તિભાવપૂર્વક શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચપરમેષ્ઠીને પૂજું છું. જે જિનવાણીને સાંભળીને ગણધરદેવ બાર અંગની રચના કરે છે. તે અરિહંત પરમેષ્ઠી ઉપદેશિત જિનવાણીને હું પૂજું છું. હું વીતરાગી દિગંબર ગુરુઓના ચરણ પૂજું છું હું સર્વજ્ઞ અરિહંત પરમેષ્ઠી દ્વારા પ્રરૂપિત ઉત્તમ ક્ષમાદિ દસ પ્રકારના ધર્મ તથા દયામય ધર્મને સદાય પૂજું છું. વળી સોલહકારણ ભાવના તથા સમ્યક્ રત્નત્રયને પૂજું છું કે જેના વગર મોક્ષની પ્રાપ્તિ થતી નથી. હું ત્રણલોકના કૃત્રિમ તથા અકૃત્રિમ જિનમંદિરો તથા જિનબિંબોને પૂજું છું. પાંચ મેરુ સંબંધિત અકૃત્રિમ જિનાલયો તથા નંદીશ્વર જિનાલયોને પણ હું ભાવથી પૂજું છું. હું ચોવીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ શ્રી કૈલાસ, સમ્મેદશિખર, ગિરનારગિરી, ચંપાપુરી, પાવાપુરી તીર્થોની સદાય પૂજા કરું છું. ભરતક્ષેત્રના–ઋષભાદિ વર્તમાન ચોવીસ તીર્થંકરો તથા વિદેહક્ષેત્રે બિરાજમાન સીમંધરાદિ વીસ તીર્થંકરોની પૂજા કરું છું. આ રીતે હું સર્વે પૂજ્યપદને જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ અને ફળ એ આઠેય દ્રવ્ય લઈને અત્યંત ભક્તિ-સહિત પૂજું છું.



# (૬૩) સમુચ્ચય અર્ઘ

(ગીતા છંદ)

મૈં દેવ શ્રી અર્હંત પૂજું, સિદ્ધ પૂજું ચાવ સોં,
આચાર્ય શ્રી ઉવઝાય પૂજું, સાધુ પૂજું ભાવ સોં.

અર્હંત–ભાષિત વૈન પૂજું, દ્વાદશાંગ રચે ગની,
પૂજું દિગંબર ગુરુચરન, શિવ હેત સબ આશા હની.

સર્વજ્ઞભાષિત ધર્મ દશવિધિ દયામય પૂજું સદા,
જજિ ભાવના ષોડશ રતનત્રય જા વિના શિવ નહીં કદા;

ત્રૈલોક્યકે કૃત્રિમ અકૃત્રિમ ચૈત્ય ચૈત્યાલય જજું,
પન મેરુ નંદીશ્વર જિનાલય ખચર સુર પૂજિત ભજું.

કૈલાસ શ્રી સમ્મેદ શ્રી ગિરનાર ગિરિ પૂજું સદા,
ચંપાપુરી પાવાપુરી પુનિ ઔર તીરથ સર્વદા;

ચૌબીસ શ્રી જિનરાજ પૂજું બીસ ક્ષેત્ર વિદેહ કે,
નામાવલી ઈક સહસ વસુ જય હોય પ્રતિ શિવગેહ કે.

(દોહા)

જલ ગંધાક્ષત પુષ્પ ચરુ, દીપ ધૂપ ફલ લાય;
સર્વ પૂજ્ય પદ પૂજહું, બહુ વિધ ભક્તિ બઢાય.

ૐ હ્રીઁ શ્રી અર્હંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સર્વસાધુ; દેવ-શાસ્ત્ર-ગુરુ; ઉત્તમક્ષમાદિ દશધર્મ; દર્શનવિશુદ્ધિઆદિ ષોડશભાવના, ત્રૈલોક્યસંબંધિ-કૃત્રિમ-અકૃત્રિમ સમસ્ત ચૈત્ય-ચૈત્યાલય; પંચમેરુસંબંધિ–ચૈત્ય–ચૈત્યાલય; નંદીશ્વરસંબંધિ–જિન–જિનાલય; નિર્વાણક્ષેત્ર શ્રી કૈલાસ–સમ્મેદગિરિ–ગિરનારગિરિ–ચંપાપુરી–પાવાપુરી આદિ તીર્થક્ષેત્ર; શ્રી ઋષભઆદિ ચતુર્વિંશતિ જિનેન્દ્રદેવ; શ્રી સીમંધર આદિ વિંશતિ જિનેન્દ્રદેવ; આદિ સમસ્ત–પૂજ્યપદેભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે મહા અર્ઘ નિર્વપામીતિ સ્વાહા.

✽

ૐ હ્રીઁ ભાવપૂજા, ભાવવંદના, ત્રિકાળપૂજા, ત્રિકાળવંદના કરવી, કરાવવી, ભાવના ભાવવી, શ્રી અરિહંતજી, સિદ્ધજી, આચાર્યજી, ઉપાધ્યાયજી અને સર્વ સાધુજી—એ પંચપરમેષ્ઠીને નમન. પ્રથમાનુયોગ—કરણાનુયોગ-ચરણાનુયોગ-દ્રવ્યાનુયોગ એ જિનવાણીને નમન. ઉત્તમક્ષમાદિ દશલક્ષણ ધર્મને નમન. સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયધર્મને નમન. જલ, ભૂમિ, આકાશ, ગુફા, પહાડ, નગર-નગરી, ઉર્ધ્વલોક-મધ્યલોક-પાતાળલોકમાં બિરાજમાન કૃત્રિમ-અકૃત્રિમ જિનમંદિર, જિનપ્રતિમાને નમન. વિદેહક્ષેત્રે વિદ્યમાન વીસ તીર્થંકરોને નમન. અઢી દ્વીપના પાંચ ભરત તથા પાંચ ઐરાવત, એ દસક્ષેત્રના ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળની ત્રીસ ચોવીસીના સાતસો વીસ જિનેન્દ્રને નમન. નંદીશ્વરદ્વીપના બાવન જિનમંદિરને નમન. સમ્મેદશિખર, કૈલાસ, ચંપાપુરી, પાવાપુરી ગિરનાર આદિ સિદ્ધક્ષેત્રને નમન. જૈનબિદ્રી, મુડબિદ્રી, રાજગૃહી, શત્રુંજય, તારંગા, સુવર્ણપુરી આદિ તીર્થક્ષેત્રને નમન. શ્રી ચારણ-ઋદ્ધિધારી સાત પરમઋષિને નમન. ઉપર વર્ણવેલ આ સર્વે પૂજ્યપદને હું અર્ઘ અર્પણ કરું છું.

✽

## (૬૪) શાંતિપાઠ

**જેમનું મુખ ચંદ્રમા સમાન નિર્મળ છે; જેઓ શીલ, ગુણ, વ્રત અને સંયમના ધારક છે, ૧૦૮ લક્ષણોથી યુક્ત છે અને જેમનાં નેત્રો કમલ કરતાં પણ અધિક સુંદર દેખાય છે તે શ્રી શાંતિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું. ૧.**

**જેઓ પાંચમા ચક્રવર્તી છે, સુખ કરનારા સોળમા તીર્થંકર છે, તેમજ ઈન્દ્ર અને નરેન્દ્રથી પૂજનીય તીર્થંકર છે એવા શાંતિ કરનાર શાંતિનાથ ભગવાનને શાંતિ હેતુ હું નમસ્કાર કરું છું. ૨.**

**(૧) અશોકવૃક્ષ, (૨) દેવો દ્વારા પુષ્પવૃષ્ટિ, (૩) દુન્દુભિ વાજાં, (૪) સિંહાસન, (૫) વીતરાગરસથી ભરપૂર દિવ્યધ્વનિ, (૬) છત્ર, (૭) ચામર અને (૮) ભવ્ય ભામંડલ—આ આપના આઠ પ્રાતિહાર્ય મનોહર છે. ૩.**



ૐ હ્રીઁ ભાવપૂજા, ભાવવંદના, ત્રિકાલપૂજા, ત્રિકાલવંદના કરવી કરાવવી—ભાવના ભાવવી, શ્રી અરિહંતજી, સિદ્ધજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સર્વસાધુજી-પંચપરમેષ્ઠિભ્યો નમઃ. પ્રથમાનુયોગ-કરણાનુયોગ-ચરણાનુયોગ-દ્રવ્યાનુયોગેભ્યો નમઃ. દર્શન-વિશુદ્ધ્યાદિ ષોડશ કારણેભ્યો નમઃ. ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મેભ્યો નમઃ. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રેભ્યો નમઃ. જલ વિષે, થલ વિષે, આકાશ વિષે, ગુફા વિષે, પહાડ વિષે, નગર-નગરી વિષે, ઊર્ધ્વલોક-મધ્યલોક-પાતાલલોક વિષે બિરાજમાન કૃત્રિમ અકૃત્રિમ જિન-ચૈત્યાલય જિન-બિંબેભ્યો નમઃ. વિદેહક્ષેત્ર વિદ્યમાન વીસ તીર્થંકરેભ્યો નમઃ. પાંચ ભરત, પાંચ ઐરાવત—દસ ક્ષેત્ર સંબંધી ત્રીસ ચોવીસીના સાતસો વીસ જિનેભ્યો નમઃ. નંદીશ્વરદ્વીપસંબંધી બાવન જિનચૈત્યાલયેભ્યો નમઃ. સમ્મેદશિખર, કૈલાસ, ચંપાપુર, પાવાપુર, ગિરનાર આદિ સિદ્ધક્ષેત્રેભ્યો નમઃ. જૈનબિદ્રી, મૂડબિદ્રી, રાજગૃહી, શત્રુંજય, તારંગા આદિ તીર્થક્ષેત્રેભ્યો નમઃ. શ્રી ચારણ-ઋદ્ધિધારી સાત પરમઋષિભ્યો નમઃ. ઈતિ ઉપર્યુક્તેભ્યઃ સર્વેભ્યો અર્ઘ નિર્વપામીતિ સ્વાહા.

✽

## (૬૪) શાંતિપાઠ

(શાન્તિપાઠ બોલતી બંને હાથોથી પુષ્પવૃષ્ટિ કરવી)

(ચોપાઈ ૧૬ માત્રા)

શાંતિનાથ મુખ શશિ ઉનહારી, શીલગુણવ્રતસંયમધારી;
લખન એક સૌ આઠ વિરાજૈ, નિરખત નયન કમલદલ લાજૈ. ૧.

પંચમ ચક્રવર્તિ પદધારી, સોલમ તીર્થંકર સુખકારી;
ઈન્દ્ર નરેન્દ્ર પૂજ્ય જિનનાયક, નમોં શાંતિહિત શાંતિ વિધાયક. ૨.

દિવ્ય વિટપ પહુપનકી વરષા, દુન્દુભિ આસન વાણી સરસા;
છત્ર ચમર ભામંડલ, ભારી, યે તુવ પ્રાતિહાર્ય મનહારી. ૩.

જગત્પૂજ્ય અને શાંતિ–સુખના દાતા શાંતિનાથ ભગવાનને મસ્તક નમાવીને વંદન કરું છું. તે શાંતિનાથ ભગવાન અમને સર્વને–ચાર સંઘને અને શાંતિપાઠ વાંચનારને–સદા પરમ શાંતિ આપો. ૪.

મુગટ, હાર, કુંડલ અને રત્નોને ધારણ કરનારા ઈન્દ્રાદિક દેવ જેમના ચરણકમલની પૂજા કરે છે તે શ્રેષ્ઠવંશી તથા જગતને પ્રકાશિત કરવાવાળા શાંતિનાથ ભગવાન, મને સદા અનુપમ શાંતિ આપો. ૫.

પૂજા કરનારને, પ્રજાનું રક્ષણ કરનારને, મુનિઓને અને આચાર્યોને તથા રાજા, પ્રજા, દેશ તેમજ રાષ્ટ્રને હે ભગવાન જિનેન્દ્ર! શાંતિ પ્રદાન કરો, સુખી કરો. ૬.

બધા જ જીવોનું કલ્યાણ થાવ, રાજા બળવાન અને ધાર્મિક હો, વર્ષા સમય પર સારી રીતે વરસે, રોગોનો જરાપણ ડર ન રહે, ચોરી આદિ ન થાય, સુકાળ વર્તે તથા દુકાલ ન પડે, મરકી ન થાય અને દેશના સર્વ જીવો સદા સુખને આપનાર એવા જિનદેવના ધર્મને ધારણ કરે. ૭.

ઘાતિકર્મોનો નાશ કરી જિનેન્દ્રદેવે કેવલજ્ઞાનરૂપી રાજ્ય પ્રાપ્ત કર્યું છે. એવા ઋષભદેવ આદિ ચોવીસ તીર્થંકર સંપૂર્ણ જગતમાં શાંતિ કરો. ૮.

હું જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન કરું ત્યાં સુધી શાસ્ત્રોનો આનંદપૂર્વક અભ્યાસ કરું, સત્ પુરુષની સંગતિનો લાભ મળે, સદ્‌ગુણોના યશગાન કરીને કોઈના દોષ બહાર ન પાડું, મીઠાં અને હિતકારી વચન બોલું, આપના (જિનેન્દ્રદેવના) સ્વરૂપનું ધ્યાન કરું અને જિનદેવના ચરણોની સેવા કરું. ૯.

જ્યાં સુધી મને મોક્ષપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી હે જિનેન્દ્ર પ્રભુ ! આપના ચરણ મારા હૃદયમાં સ્થાપિત રહો અને મારું હૃદય આપનાં પાવન ચરણમાં લીન રહો. ૧૦.

હે પ્રભુ ! પૂજા કરતી વખતે હીન કે અધિક અક્ષર, પદ અથવા માત્રાથી મારાથી જે કાંઈ અશુદ્ધ વચન કહેવાયું છે, તે બધાની ક્ષમા આપો અને કરૂણા કરી મને ભવના દુઃખથી છોડાવો. ૧૧.



શાંતિ જિનેશ શાંતિ સુખદાઈ, જગતપૂજ્ય પૂજૌં શિર નાઈ;
પરમ શાંતિ દીજૈ હમ સબકો, પઢૈં તિન્હેં પુનિ ચાર સંઘકો. ૪.

(વસંતતિલકા)

પૂજૈં જિન્હેં મુકુટ હાર કિરીટ લાકે,
ઈન્દ્રાદિ દેવ અરુ પૂજ્ય પદાબ્જ જાકે;
સો શાંતિનાથ વરવંશ જગત્પ્રદીપ,
મેરે લિયે કરહિં શાંતિ સદા અનૂપ. ૫.

(ઈન્દ્રવજા)

સંપૂજકોંકો, પ્રતિપાલકોંકો, યતીનકો ઔ યતિનાયકોંકો;
રાજા પ્રજા રાષ્ટ્ર સુદેશ કો લે, કીજે સુખી હે જિન શાંતિકો દે. ૬.

(સ્રગ્ધરા છંદ)

હોવૈ સારી પ્રજાકો, સુખ બલયુત હો, ધર્મધારી નરેશા,
હોવૈ વર્ષા સમૈ પૈ, તિલભર ન રહૈ, વ્યાધિયોંકા અન્દેશા;
હોવૈ ચોરી ન જારી, સુસમય વરતૈ, હો ન દુષ્કાલ મારી,
સારે હી દેશ ધારૈં, જિનવર વૃષકો, જો સદા સૌખ્યકારી. ૭.

(દોહા)

ઘાતિકર્મ જિન નાશ કરિ, પાયો કેવલરાજ;
શાંતિ કરો સબ જગતમેં, વૃષભાદિક જિનરાજ. ૮.

(મન્દાક્રાન્તા)

શાસ્રોંકા હો પઠન સુખદા લાભ સત્સંગતીકા,
સદ્‌વત્તોં કા સુજસ કહકે, દોષ ઢાંકૂં સભીકા;
બોલું પ્યારે વચન હિતકે, આપકા રૂપ ધ્યાઊં,
તૌલૌં સેઊં ચરણ જિનકે, મોક્ષ જૌલૌં ન પાઊં. ૯.

(આર્યા)

તવ પદ મેરે હિયમેં, મમ હિય તેરે પુનીત ચરણોંમેં;
તબલૌં લીન રહોં પ્રભુ, જબલૌં પાયા ન મુક્તિ-પદ મૈંને. ૧૦.

અક્ષર પદ માત્રાસે દૂષિત, જો કછુ કહા ગયા મુઝસે;
ક્ષમા કરો પ્રભુ સો સબ, કરુણા કરિ પુનિ છુડાહુ ભવદુઃખસે. ૧૧.

હે જગતના બંધુ જિનેશ્વર ! આપનાં ચરણોનું શરણ પામું, કે જેનાથી દુર્લભ એવું સમાધિમરણ થાય, કર્મોનો ક્ષય થાય અને સુખકારક એવો સુબોધ (–કેવળજ્ઞાન) પ્રગટ થાય.

(પુષ્પાંજલિ અર્પણ કરવી.)

(નવ વાર ણમોકાર મંત્રનો જાપ કરવો.) ૧૨.

## (૬૫) શાંતિપાઠ

શાસ્ત્રોમાં કહેલ વિધિ અનુસાર સૌધર્મ ઈન્દ્ર અને ચક્રવર્તી, પૂજા મહોત્સવ ઉજવે છે. જ્યારે મારા જેવો સામાન્ય માણસ યોગ્ય વિધિથી કેવી રીતે પૂજા કરી શકે? (અર્થાત્ ન કરી શકે). હું ધનથી, ક્રિયા–વિધિના જ્ઞાનથી રહિત છું અને પૂજાની કાંઈ રીત જાણતો નથી. હું ફક્ત આપની ભક્તિથી પ્રેરાઈને આપણા ચરણો આગળ હાથ જોડું છું. ૧.

મને આશા છે કે આપની પૂજાથી મારું દુઃખ દૂર થઈ અને મંગળ થશે. મારામાં એવી શ્રદ્ધા છે કે હું સ્વયં શક્તિશાળી છું, આપ સમાન દાતાર મળ્યા છે તો હવે ઓછું શું કામ માગું? હે પ્રભુ! મારી એક જ વિશેષ ઈચ્છા છે કે મને આપ સમાન બનાવી લ્યો. ૨

આ સંસારરૂપી ભયંકર વનમાં, આઠ કર્મોનો તાપ મને બાળી રહ્યો છે; તે દાહથી હું અનાદિથી વ્યાકુળ છું, કદી શાંતિની પ્રાપ્તિ મને થઈ નથી. આપ પ્રભુ શાંતિના કરવાવાળા, સમર્થ, જગતના નાથ છો. મને શાંતિના સ્વરૂપ એવા આપ મળ્યા છો તો મારા આઠ કર્મોનો નાશ કરી, મને શાંતિમય એવી પંચમ ગતિ–મોક્ષ પ્રાપ્ત કરાવો. ૩

જ્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આ પાવન મનુષ્યભવને સત્સંગમાં, શુદ્ધ આચરણમાં, શ્રુતના અભ્યાસમાં અને આત્મભાવના ભાવીને સફળ કરું. આ સંસારજાળમાં રખડીને આપ વિના મેં અનંતકાળ ગુમાવ્યો છે. હવે બે હાથ જોડી મસ્તક નમાવી આપના શરણમાં આવ્યો છું. ૪

જેમ હાથનું માપ લઈ આકાશના માપનું પ્રમાણ થઈ શકતું નથી, તેમ કવિ કહે છે કે : હું આપના ગુણોનું વર્ણન કરું છું છતાં તેનો પાર પામતો નથી. ૫

(પુષ્પાંજલિ અર્પણ કરવી.)



હે જગબન્ધુ જિનેશ્વર ! પાઊં તવ ચરણ શરણ બલિહારી;
મરણ–સમાધિ સુદુર્લભ, કર્મોંકા ક્ષય સુબોધ સુખકારી.

॥ પરિપુષ્પાંજલિં ક્ષિપેત્ ॥

(અહીં નવ વાર ણમોકાર મંત્રનો જાપ જપવો.) ૧૨.

## (૬૫) શાન્તિ-પાઠ (ભાષા)

(હરિગીતિકા)

શાસ્ત્રોક્ત વિધિ પૂજા મહોત્સવ, સુરપતિ ચક્રી કરૈં,
હમ સારિખે લઘુ પુરુષ કૈસે, યથાવિધિ પૂજા કરૈં;
ધન-ક્રિયા-જ્ઞાન રહિત ન જાને, રીત પૂજન નાથજી,
હમ ભક્તિવશ તુમ ચરણ આગૈ, જોડ લીને હાથજી. ૧

દુઃખ-હરન મંગલકરન, આશા-ભરન જિન પૂજા સહી,
યહ ચિત્ત મેં શ્રદ્ધાન મેરે, શક્તિ હૈ સ્વયમેવ હી;
તુમ સારિખે દાતાર પાયે, કાજ લઘુ જાચૂં કહા,
મુઝ આપ-સમ કર લેહુ સ્વામી, યહી ઈક વાંછા મહા. ૨

સંસાર ભીષણ વિપિતમેં, વસુ કર્મ મિલ આતાપિયો,
તિસ દાહતૈં આકુલિત ચિરતૈં, શાન્તિથલ કહું ના લિયો;
તુમ મિલે શાન્તિસ્વરૂપ, શાન્તિ સુકરન સમરથ જગપતિ,
વસુ કર્મ મેરે શાન્તિ કર દો, શાન્તિમય પંચમગતિ. ૩

જબલૌં નહીં શિવ લહૂઁ, તબલૌં દેહ યહ નર પાવના,
સત્સંગ શુદ્ધાચરણ શ્રુત અભ્યાસ આતમ ભાવના;
તુમ બિન અનંતાનંત કાલ ગયો રુલત જગજાલ મેં,
અબ શરણ આયો નાથ યુગ કર, જોર નાવત ભાલ મૈં. ૪

(દોહા)

કર પ્રમાણ કે માન તૈં, ગગન નપૈં કિહિ ભંત,
ત્યોં તુમ ગુણ વર્ણન કરત, કવિ પાવે નહિં અંત. ૫

❀

## (૬૬) શાંતિપાઠ

હું આપના ચરણકમળની અનેકવિધિથી મન લગાવી ભક્તિ કરું છું અને ગુણગાન કરું છું. આપની આ સેવાનું ફળ એટલું જ માગું છું કે દરેક જન્મમાં મને આપ પ્રભુ મળજો.

આપ મારા પર એવી કૃપા કરો કે જેથી મારા જન્મ-મરણ ટળી જાય. વારંવાર આપને વિનંતી કરું છું કે આપની સેવા કરી હું આ ભવસાગર તરી જાઉં. ૨

આપનું નામ લેતાં મારા સર્વ દુઃખ મટે છે. તેથી હે પ્રભુ ! હું આપના દર્શન કરવા આવ્યો છું. આપ તો દેવોના પણ દેવ છો, હું તો આપના ચરણની સેવા કરવા આવ્યો છું. ૩

હું આપનું પૂજન કરવા આવ્યો છું, અને માનું છું કે આજે મારો જન્મ સફળ થઈ ગયો. આપના સેવકની પ્રાર્થના છે તે આપના જ્ઞાનમાં જણાઈ રહી છે. ૪

આપને હું વિશેષ શું કહું? આપ થકી જ મારા સર્વ કાર્ય સફળ થાય છે. હે સ્વામી! આપના ગુણોના અંતનો પાર પામી શકાતો નથી અને આપ વિના કોઈ (ભવસાગરથી) પાર પામતા નથી. ૫

હે દેવ! મને તારો, હવે વિલંબ ન કરો. આપનું તારક બિરુદ સુણી હું (આપની પાસે) આવ્યો છું. આપની પૂજા કરી મારું મસ્તક ઝુકાવું છું, હે જગતના ઈશ્વર! મારો અપરાધ ક્ષમ્ય ગણશો. ૬

પુષ્પાંજલિ અર્પણ કરવી

## (૬૭) શાંતિપાઠ

હે શાંતિનાથ જિનેશ્વર! આપ મારા સાચા સ્વામી છો, આપ શાંતિ કરવાવાળા હિતકારી જિનેન્દ્રદેવ છો. આપ મારા મનમાં અને હૃદયમાં વસો છો. હે સ્વામી! હર પળ હું આપનું ધ્યાન ધરું છું. ૧

ભવપરિભ્રમણ કરતાં કરતાં આજે આપના દર્શન પામ્યો છું. હે પ્રભુ! તત્કાળ મારી આશા પૂરી કરો. આપ મારા મનમાં અને હૃદયમાં વસો છો. હે સ્વામી! હર પળ હું આપનું ધ્યાન ધરું છું. ૨



## (૬૬) શાંતિપાઠ

(ચૌપાઈ)

મૈં તુમ ચરણ કમલ ગુણ ગાય, બહુવિધિ ભક્તિ કરૂં મન લાય;
જનમ જનમ પ્રભુ પાઉં તોહિ, યહ સેવાફલ દીજે મોહિ. ૧

કૃપા તિહારી ઐસી હોય, જામન મરન મિટાવો મોય;
વાર વાર મૈં વિનતી કરૂં, તુમ સેયે ભવસાગર તરૂં. ૨

નામ લેત સબ દુઃખ મિટ જાય, તુમ દર્શન દેખ્યા પ્રભુ આય;
તુમ હો પ્રભુ દેવનકે દેવ, મૈં તો કરૂં ચરણ તવ સેવ. ૩

મૈં આયો પૂજનકે કાજ, મેરો જન્મ સફલ ભયો આજ;
જો મુઝ સેવકકી અરદાસ, સો સબ રહી જ્ઞાનમેં ભાસ. ૪

યાતેં નહિં કછુ કહની પરે, તુમહી તેં સબ કારજ સરે;
તુમરે ગુણોંકા સ્વામી અંત ન પાર, તુમ બિન કૌન લગાવે પાર. ૫

"તાર તાર" વિલ મત કર દેવ, એહિ વિરદ સુન તારન એવ;
પૂજા કરકે નવાઉં નિજ શીશ, મુજ અપરાધ ક્ષમહુ જગદીશ. ૬

❁

## (૬૭) શાંતિપાઠ

શાંતિજિનેશ્વર સાચો સાહેબ, શાંતિકરણ અનુકૂલમેં હો જિનજી;
તું મેરા મનમેં તું મેરા દિલમેં, ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી;
તું. મેરા૦ ૧

ભવમાં ભમતાં મૈં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં હો જિનજી
તું. મેરા૦ ૨

આપના મુખ પર એવી નિર્મળ જ્યોતિ શોભી રહી છે, જાણે કે વાદળોમાંથી ચંદ્ર બહાર આવ્યો હોય. આપ મારા મનમાં અને હૃદયમાં વસો છો. હે સ્વામી! હર પળ હું આપનું ધ્યાન ધરું છું. ૩.

જળમાં રહેલી માછલીની જેમ મારું મન આપ સાથે લીન થયું છે. આપ મારા મનમાં અને હૃદયમાં વસો છો. હે સ્વામી! હર પળ હું આપનું ધ્યાન ધરું છું. ૪.

હે શાંતિનાથ જિનેશ્વર પ્રભુ! હું આપના રંગે રંગાયેલો છું અને મારી દૃષ્ટિમાં સકળ જગતમાં આપ જ એક ખરેખર 'દેવ' છો. આપ મારા મનમાં અને હૃદયમાં વસો છો. હે સ્વામી! હર પળ હું આપનું ધ્યાન ધરું છું. ૫.

## (૬૮) શાંતિપાઠ

ભવોનો અંત કરનારા એવા હે સીમંધરાદિ જિનેશ્વરો! આપે સર્વ પ્રયોજનનું સાધન કરી અનંતગુણો શક્તિરૂપ પ્રગટ કર્યા. તેથી મારા ભવના કારણરૂપ બીજના નાશ માટે વિમલ તથા મંગલની કામનારૂપ પુષ્પાંજલિ અર્પણ કરું છું.

(પુષ્પાંજલિ અર્પણ કરું છું)

## (૬૯) વિસર્જન પાઠ

હે જિનેન્દ્ર ભગવાન! આપની પૂજા કરવામાં જાણતા કે અજાણતા કોઈ ઓછપ (અધુરાશ) રહી ગઈ હોય તો હે, પરમગુરુ (અરિહંત ભગવાન)! આપના આશીર્વાદથી તે બધી ક્મી પૂરી થાઓ. ૧.

હે ભગવાન! હું પૂજનની યથાર્થવિધિ આહ્વાનન્ કે વિસર્જન જાણતો નથી, તે બદલ, હે ભગવાન! મને ક્ષમા કરો. ૨.

હે જિનેન્દ્રદેવ! હું મંત્રવિધિના જ્ઞાનથી રહિત છું, ધન અને ક્રિયાથી પણ હીન છું, મને ક્ષમા કરી આપની શરણમાં લઈ, મારું રક્ષણ કરો. ૩.

મહાવીર ભગવાન મંગળ કરો, ગૌતમ ગણધર મંગળ કરો, કુંદકુંદાચાર્ય મંગળ કરો. જૈનધર્મ મંગળ કરો, અને સર્વ મંગળમાં મંગળ, સર્વ કલ્યાણકારક અને સર્વ ધર્મમાં ઉત્તમ જૈન શાસન જયવંત વર્તો. ૪–૫.



નિરમલ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ વાદળ મેં હો જિનજી
તું. મેરા૦ ૩

મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જળમેં સાહેબજી
તું મેરા૦ ૪

જિન રંગ કહે પ્રભુ શાંતિજિનેશ્વર, દીઠોજી દેવ સકળમેં હો જિનજી.
તું. મેરા૦ ૫

❁

## (૬૮) શાન્તિપાઠ

(વસંતતિલકમ્)

સીમંધરાદિભવશાન્તિકરા જિનેન્દ્રાઃ,
સર્વાર્થસાધનગુણપ્રણિધાનરૂપાઃ;
તેભ્યોઽર્પયામિ ભવકારણનાશબીજં,
પુષ્પાંજલિ વિમલમંગલકામરૂપમ્.

(પુષ્પાંજલિ)

## (૬૯) વિસર્જન

જ્ઞાનતોઽજ્ઞાનતો વાપિ શાસ્ત્રોક્તં ન કૃતં મયા;
તત્સર્વં પૂર્ણમેવાસ્તુ ત્વત્પ્રસાદાજ્જિનેશ્વર. ૧
આહ્વાનં નૈવ જાનામિ નૈવ જાનામિ પૂજનં;
વિસર્જનં ન જાનામિ ક્ષમસ્વ પરમેશ્વર. ૨
મંત્રહીનં ક્રિયાહીનં દ્રવ્યહીનં તથૈવ ચ;
તત્સર્વં ક્ષમ્યતાં દેવ રક્ષ રક્ષ જિનેશ્વર. ૩
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી;
મંગલં કુંદકુંદાર્યો જૈનધર્મોઽસ્તુ મંગલમ્. ૪
સર્વમંગલ માંગલ્યં, સર્વકલ્યાણકારકં;
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતુ શાસનમ્. ૫

## (૭૦) વિસર્જન

હે જિનેન્દ્ર ભગવાન! આપની પૂજા કરતાં જાણતા કે અજાણતાં કોઈ ઓછપ (અધૂરાશ) રહી ગઈ હોય, તો હે પરમગરુ (અરિહંત ભગવાન) આપના આશીર્વાદથી તે બધી કમી પૂરી થાઓ. ૧.

હે ભગવાન! હું પૂજનની યથાર્થ વિધિ આહ્વાનન કે વિસર્જન જાણતો નથી, હે ભગવાન! મને ક્ષમા કરો. ૨.

હે જિનેન્દ્રદેવ! હું મંત્રવિધિના જ્ઞાનથી રહિત છું. ધન અને ક્રિયાથી પણ હીન છું, મને ક્ષમા કરી આપના શરણમાં લઈ મારું રક્ષણ કરો. ૩.

આ પૂજામાં જે જે દેવગણ આપ પધાર્યા છો અને ભક્તિ અનુસાર પૂજા કરી છે, તેઓ પોતપોતાના સ્થાન તરફ પ્રયાણ કરશો. હે ભગવાન આપ સહુ પર કૃપા કરશો. ૪.

## (૭૧) વિસર્જન

હે જગતના નાથ સીમંધર પ્રભુ! આપ કરુણાવંત અમારા પર કૃપા કરી, આ ભરતમાં પધારીને અમને દર્શન આપો. ૧.

સર્વે ભક્તોના આપ અધિપતિ છો તેથી અમારા પણ નાથ છો. હું ભવોભવ આપનો સેવક રહીશ અને હવે આપનો સાથ નહીં મુકું. ૨

હવે હું સર્વસંગ છોડી, ચારિત્ર ગ્રહણ કરીશ, અને આપના ચરણ સેવીને મોક્ષરૂપી રમણીને વરીશ. ૩

હે સીમંધરદેવ! આપ મારી પ્રબળ ઈચ્છા પૂરી કરશો. હું અહીંથી આપને વિનંતી કરું છું. મારી સેવના જરૂરથી સ્વીકારશો. ૪

## (૭૨) વિસર્જન

દેહ હોવા છતાં પણ જેની દશા દેહથી ભિન્ન વર્તે છે, (આત્મામય વર્તે છે) તે જ્ઞાની પુરુષના ચરણકમળમાં અગણિત વંદન હો. ૧.

મેં પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપની પવિત્ર સ્થિતિને પ્રાપ્ત કરવાનું ધ્યાન કર્યું છે, પણ હાલ તે ગજા વગરનું અને મનોરથરૂપ છે. તેથી નિશ્ચય શુદ્ધ સ્વરૂપના લક્ષે પ્રભુની આજ્ઞા અંગીકાર કરી, હું રાજચંદ્ર, ઉત્કૃષ્ટ સાધક સ્વભાવનો વિકાસ કરી એ પરમપદ પામવાનો છું. એવો અપૂર્વ અવસર ક્યારે પ્રાપ્ત થશે? ૨.



## (૭૦) વિસર્જન

(દોહા)

બિન જાને વા જાનકે, રહી ટૂટ જો કોય;
તુમ પ્રસાદ તૈં પરમગુરુ, સો સબ પૂરન હોય. ૧
પૂજનવિધિ જાનોં નહીં, નહિં જાનોં આહ્વાન;
ઔર વિસર્જન હૂ નહીં, ક્ષમા કરો ભગવાન. ૨
મંત્રહીન ધનહીન હું, ક્રિયાહિન જિનદેવ;
ક્ષમા કરહુ રાખહુ મુઝે, દેહુ ચરણકી સેવ. ૩
આયો જો જો દેવગન, પૂજે ભક્તિ પ્રમાન;
અપને સ્થાન બિરાજહું, કૃપા કરો ભગવાન. ૪

## (૭૧) વિસર્જન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧
સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવો ભવ હું છું તાહરો નહીં મેલું હવે સાથ. ૨
સકલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું. ૩
એ અળજો મુજને ઘણો, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪

## (૭૨) વિસર્જન

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણીત. ૧
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો
પ્રભુ—આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો;
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ૨

(પૂજા પૂર્ણ થયા પછી નવ વાર નમસ્કાર મંત્રનો જાપ કરવો)

## (૭૩) શ્રી સીમંધર જિન આરતી

સીમંધરજિનની વીતરાગી મૂર્તિના દર્શન કરી વારંવાર તેમનું મુખડું જોઈને હું તેમની આરતી ઉતારું છું. ૧.

દઢ પદ્માસનમાં બિરાજમાન પ્રભુની નાસિકા પર દૃષ્ટિ છે અને વીતરાગી ભાવ શોભી રહ્યો છે, પ્રભુના આવા વૈભવને હું નિહાળું છું. ૨.

વીતરાગી દેવ જાણે સ્ફટિકનો ચંદ્ર હોય તેમ અંતરંગ અને બહિરંગ શુદ્ધ તેમના અખંડ જ્ઞાનની જ્યોતિ અમાપ છે, પ્રભુના આવા વૈભવને હું નિહાળું છું. ૩.

સમવસરણની મધ્યમાં ગંધકુટી પર બિરાજિત સીમંધરદેવ શોભાયમાન છે. પ્રભુના આવા વૈભવને હું નિહાળું છું. ૪. ત્રણ જગતના અધિપતિ એવા પ્રભુને તેજોમય ભામંડળ અને અશોકવૃક્ષ શોભી રહ્યાં છે. પ્રભુના આવા વૈભવને હું નિહાળું છું. ૫.

અનંતગુણો ધરનાર જિનવરજી શોભી રહ્યા છે એ શોભાયમાન વિદેહીનાથ પ્રભુના આવા વૈભવને નિહાળું છું. ૬.

આપના દર્શન પ્રતાપથી મારો આત્મા જાગી ઉઠ્યો છે. હે પ્રભુ! હવે મારામાં રત્નત્રય પ્રગટાવો. ૭.

## (૭૪) શ્રી સીમંધર જિન આરતી

હું ત્રણ જગતના અધિપતિ એવા સીમંધરનાથની આરતી ઉતારું છું. ૧.

આપ પિતા શ્રેયાંસરાજાના કુળદીપકદેવ અને સત્યદેવી માતાના નંદન(પુત્ર) છો. હું સીમંધરનાથની આરતી ઉતારું છું. ૨.

આપ પ્રભુ વીતરાગી શુદ્ધ જ્ઞાનપિંડ છો. દિવ્ય ચંદ્ર એવા આપને હું હર્ષભેર નીરખું છું. હું સીમંધરનાથની આરતી ઉતારું છું. ૩.

મારા આત્મરૂપી ચકોરને આપ ચંદ્ર સમાન પ્રાપ્ત થયા છો તેથી (આપ પ્રભુને પામીને) મારા અંતરરૂપી ઘરમાં આનંદનો સાગર ઉછળી રહ્યો છે. ૪.



## (૭૩) શ્રી સીમંધરજિન આરતી

આરતી ઉતારું હું તો સીમંધરજિનની, વારી વારી મુખડું નિહાળ;
વીતરાગી દેખ્યો દેદાર. ૧.

પદ્માસન દઢ ધારી નાસિકા દૃષ્ટિ, સોહે સોહે વીતરાગી ભાવ;
નાથ તારો દેખ્યો દેદાર. ૨.

અંતર બાહિર શુદ્ધ સ્ફટિક ચંદલો, અખંડજ્ઞાન જ્યોતિ અમાપ;
વીતરાગી દેખ્યો દેદાર. ૩.

સમવસરણ મધ્ય પ્રભુ ગંધકુટી સોહે, બિરાજે સીમંધર દેવ;
જિન તારો દેખ્યો દેદાર. ૪.

ભામંડલ તેજ સોહે ત્રિજગધિરાજને, વૃક્ષ અશોકે સોહે નાથ;
વીતરાગી દેખ્યો દેદાર. ૫.

અનંત ગુણાકર જિનવરજી સોહે, સોહે સોહે વિદેહી નાથ. જિન૦ ૬.

આપના દર્શને પ્રભુ આતમા જગાડ્યો, રત્નત્રયી પ્રગટાવ. જિન૦ ૭.

## (૭૪) શ્રી સીમંધરજિન આરતી

હું તો આરતી ઉતારું સીમંધરનાથની રે;
સીમંધરનાથની રે ત્રિજગરાજની રે. હું તો૦ ૧

પિતા શ્રેયાંસ કુળ દીપક દેવ છો રે,
માતા સત્યદેવીના નંદન અહો રે. હું તો૦ ૨

પ્રભુ વીતરાગી શુદ્ધ જ્ઞાનઘન છો રે;
નાથ હરખે નીરખું હું દિવ્ય ચંદલો રે. હું તો૦ ૩

મુજ આત્મ ચકોર ને ચંદ્ર સાંપડ્યો રે;
પ્રભુ ઉદધિ આનંદનો ગૃહ વસ્યો રે. હું તો૦ ૪

હે નાથ આપનો મહિમા હું મારા મુખથી કરવા સમર્થ નથી. આપ તો પરિપૂર્ણ કેવળજ્ઞાનઘનરૂપી જિનપતિ છો. ૫.

ત્રણ જગતના નાથના દર્શન પામવાથી આજનો મારો દિવસ અને મારો જન્મ સફળ થયો છે. હું સીમંધરનાથની આરતી ઉતારું છું. ૬.

## (૭૫) શ્રી સીમંધર જિન આરતી

સુવર્ણપુરીમાં બિરાજમાન સીમંધર ભગવાનની હું આરતી ઉતારું છું. જે મારી જીવનરૂપી નૌકાના સાચા સુકાની છે એવા પ્રભુની હું આરતી ઉતારું છું. ૧.

પ્રભુ આપ જ્ઞાન દર્શન આદિ અનંતગુણોના ધારક છો અને આપની અગાધ એવી જ્ઞાનજ્યોતિમાં લોક–અલોક માત્ર એક બિંદુ સમાન ઝળકે છે. ૨.

હે પ્રભુ! અનંતવીર્ય અને પૂર્ણ ચારિત્ર ગુણ સહિત આનંદસાગરમાં આપ મ્હાલી રહ્યા છો. આપ અચળ, અખંડ અને અકંપ એવા અરિહંતપદને પ્રાપ્ત છો. ૩.

પ્રભુ! આપની મુદ્રા શાંત અને શીતળતાભરી છે. અને જગતમાં આપની જ્ઞાનજ્યોતિ ઝળકી રહી છે. આપ સાગર સમાન ગંભીર છો. એવા પ્રભુની હું આરતી ઉતારું છું. ૪.

## (૭૬) શ્રી સીમંધર જિન આરતી

આજની ઘડી કેવી ધન્ય છે અને કેવી સુખદાયી છે. અહો! સીમંધર પ્રભુનો દરબાર ભરાયો છે. ૧.

આજે દરેકના હૃદયમાં અપાર આનંદ છવાયો છે અને પ્રભુના દર્શન કરવા માટે ભક્તો વ્યાકુળ બન્યા છે. ચારે બાજુ જ્યાં જુઓ ત્યાં બેહદ ભીડ જામી છે. (કેમકે) આજે સીમંધર પ્રભુનો દરબાર ભરાયો છે. ૨.



નાથ ! મહિમા ન થાય મુજ મુખ થકી રે;
પૂરણ કૈવલ્ય જ્ઞાનઘન જિનપતિ રે. હું તો૦ ૫
જન્મ સફળ મુજ કૃત્ય દિન આજનો રે;
દેવ દેખ્યો ત્રિલોકીનાથ જગતનો રે. હું તો૦ ૬

## (૭૫) શ્રી સીમંધર જિનની આરતી

સુવર્ણે સીમંધર ભગવાન...આરતી ઉતારું પ્રભુની;
મારા જીવનના સાચા સુકાન...આરતી ઉતારું પ્રભુની૦ ૧

જ્ઞાન દરશન અનંત ગુણધારી પ્રભુ,
દિસે લોક અલોક એક બિંદુ સમું;
એવી જ્ઞાનજ્યોતિ ઝળકે અગાધ...આરતી૦ ૨
મહાવીર્ય ચારિત્ર ગુણ પૂર્ણ અહા,
નાથ આનંદ સાગરમાં મ્હાલી રહ્યા;
પ્રભુ અચળ અખંડ અકંપ...આરતી૦ ૩

શાંત શાંત શીતળ દેવ મુદ્રા અહો,
જગે ઝળહળતી જ્ઞાનજ્યોત તારી પ્રભો;
પ્રભુ સાગર સમાન ગંભીર....આરતી૦ ૪

## (૭૬) શ્રી સીમંધરજિન આરતી

ધન્ય ધન્ય આજ ઘડી કૈસી સુખકાર હૈ,
સીમંધર દરબાર લગા સીમંધર દરબાર હૈ. ૧

ખુશિયાં અપાર આજ હર દિલપે છાંઈ હૈં,
દર્શનકે હેતુ સબ જનતા અકુલાઈ હૈ, જનતા અકુલાઈ હૈં,
ચારોં ઓર દેખલો ભીડ બેસુમાર હૈ. સીમંધર૦ ૨

ભક્તિથી પ્રેરાઈને કોઈ નૃત્ય કરે છે કોઈ ગાઈ રહ્યું છે. પાપોથી ડરીને આત્માનું સમ્યક્જ્ઞાન મેળવી રહ્યા છે. સમયે સમયે પુણ્ય ભંડારનો સંચય કરી રહ્યા છે. (કેમકે) આજે સીમંધર પ્રભુનો દરબાર ભરાયો છે. ૩.

પ્રભુના જયનાદથી આકાશ ગુંજી ઉઠ્યું છે ને મારા બધા પાપ નિશ્ચયથી નાશ થશે એવી મને નિશ્ચયથી આશા છે. (પ્રભુના દર્શનથી) આજ મારા સૌભાગ્યથી મુક્તિના દ્વાર પણ મારા માટે ખુલી ગયા છે. (કેમકે) આજે સીમંધર પ્રભુનો દરબાર ભરાયો છે. ૪.

## (૭૭) ચોવીસ તીર્થંકરોની આરતી

હે સાથી, આજનો દિવસ સોના જેવો (બહુમૂલ્ય) ઉગ્યો છે. તેથી ચાલો આપણે પાપનાશક ચોવીસ જિનેન્દ્રદેવના મનોહર જિનબિમ્બના ગુણગાન કરવા જિનમંદિર જઈએ.

પ્રભુના પ્રક્ષાલ-સ્થાપના કરી સહસ્ત્રનામનો પાઠ કરી, અષ્ટવિધ પૂજા અર્ચન કરીએ અને પ્રભુની જયમાલા, આરતી, સ્તુતિ કરીએ તથા ત્રણેકાળ સ્વાધ્યાય કરીએ. રત્નજડિત મનોહર થાળમાં અનુપમ દીપકથી સજાવી, દુંદુભી વાજા વગડાવી, જય જય જય ગાન કરતાં દેવો અને મનુષ્ય પ્રભુની આરતી કરે છે. હે સાથી, આજનો દિવસ સોના જેવો (બહુમૂલ્ય) ઉગ્યો છે, તેથી ચાલો આપણે પાપનાશક ચોવીસ જિનેન્દ્રદેવના મનોહર જિનબિંબના ગુણગાન કરવા જિનમંદિર જઈએ. ૧.

સુખદાતા ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનનાથ, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, શુભવર્ણ ચંદ્રનાથ, પુષ્પદંતપ્રભુ, શીતલનાથ, શ્રેયાંસનાથ અને ભવથી પાર ઉતારનાર વાસુપૂજ્યપ્રભુને તથા જન્મ-મરણનો નાશ કરવાવાળા વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ભગવાનના ચરણને હું નમું છું, હે સાથી, આજનો દિવસ સોના જેવો (બહુમૂલ્ય) ઉગ્યો છે, તેથી ચાલો આપણે પાપનાશક ચોવીસ જિનેન્દ્રદેવના મનોહર જિનબિંબના ગુણગાન કરવા જિનમંદિર જઈએ. ૨.



ભક્તિસે નૃત્ય—ગાન કોઈ હૈં કર રહે,
આતમ સુબોધ કર પાપોંસે ડર રહે, પાપોંસે ડર રહે;
પલ પલ પુણ્યકા ભરે ભંડાર હૈ. સીમંધર૦ ૩

જય જયકે નાદસે ગુંજા આકાશ હૈ,
છૂટેંગે પાપ સબ નિશ્ચય યે આશ હૈ, નિશ્ચય યે આશ હૈ;
દેખલો 'સૌભાગ્ય' ખુલા આજ મુક્તિદ્વાર હૈ. સીમંધર૦ ૪

## (૭૭) ચોવીસ તીર્થંકર આરતી

અઘહર શ્રી જિનબિંબ મનોહર ચૌવીસ જિનકા કરો ભજન,
આજ દિવસ કંચન સમ ઉગિયો, જિનમંદિરમેં ચલો સજન. ટેક

ન્હવન થાપના સહસ્રનામ પઢ, અષ્ટવિધાર્ચન પૂજ રચન,
આરતિ અરુ જયમાલ સ્તુતિ, સ્વાધ્યાય ત્રયકાલ પઠન;
જય જય આરતિ સુરનર નાચત, અનહદ દુંદુભિ બાજે બજન;
રત્નજડિત કર થાલ મનોહર, જ્યોતિ અનુપમ ધૂમ્રતજન. અઘ૦ ૧

ઋષભ, અજિત, સંભવ સુખદાતા, અભિનંદન કે નમૂં ચરન,
સુમતિ, પદ્મપ્રભ, દેવ સુપારસ, ચન્દ્રનાથ વપુ શુભ્રવરન;
પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ અરુ, વાસુપૂજ્ય ભવ તારતરન,
વિમલ, અનંત, ધર્મ જિન શાંતિ, કુંથુ, અરહ હર જન્મમરણ. અઘ૦ ૨

અષ્ટકર્મના નાશ કરવાવાળા મલ્લિનાથ, મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને સાત હાથ ઉન્નત શરીરધારી સન્મતિદેવનું શરણ હો. અતિ શોભાયમાન સમવસરણની બાર સભામાં ઉપદેશ આપવાવાળા જિનેન્દ્રદેવ! આપ ત્રણ ભુવનના (જીવોને) તારનાર, ઉદ્ધારક દેવ છો અને રાજા કે રંકને આપ શરણરૂપ છો. ચાલો આપણે પાપનાશક ચોવીસ જિનેન્દ્રદેવના મનોહર જિનબિંબના ગુણગાન કરવા જિનમંદિર જઈએ. ૩.

આ ચોવીસ તીર્થંકરના ગુણોની માળા રોજ કરવી અને તેના જપ જપવા, તેની મહિમા કરવી. દેવ–શાસ્ત્ર–ગુરુનો વિનય કરવો અને આ ત્રણ રત્નોનું જતન કરવું. ચાલો આપણે પાપનાશક ચોવીસ જિનેન્દ્રદેવના મનોહર જિનબિંબના ગુણગાન કરવા જિનમંદિર જઈએ. ૪.

## (૭૮) શ્રી ઋષભજિન આરતી

અપ્સરા જિનેન્દ્ર આગળ આરતી કરે છે અને નાભિનંદન (ઋષભદેવ) પાસે અવિચળ સુખની માંગણી કરે છે. પગના તાલ સાથે તાલ મેળવી નૃત્ય કરે છે, ત્યારે તેના બંને પગના ઝાંઝર ઝળકે છે. જ્યારે તેઓ ફુદરડી ફરે છે ત્યારે તેમાં લાગેલી સોનાની ઘુંઘરીઓ મધુર અવાજ કરે છે. તેઓ મૃદંગ, વાંસળી, ડફલી, વીણા વગેરે સાથે તાલ દઈ મધુર ઝીણા રાગથી ગાય છે અને મીઠી નજરથી પ્રભુના મુખને નિહાળે છે.

પ્રભુને જન્મ આપનાર માતા મરુદેવી ધન્ય છે. પ્રભુના શરીરનો વર્ણ સુવર્ણમય છે. મેં પૂર્વે ઘણા પુણ્ય કર્યા હશે તેથી આપના વૈભવના દર્શન મળ્યા. હે પ્રભુ! મારા જીવનના પ્રાણરૂપ પ્યારા પરમેશ્વર છો અને હું આપનો સેવક છું. આપ ગરીબ પર દયા કરનાર છો. મને સેવક જાણી આપનો કૃપાપાત્ર જાણજો અને મારી બધી વ્યાધિને દૂર કરજો. આપના બાળક જાણી ભક્તજનોને સુખી કરજો.



મલ્લિનાથ, મુનિસુવ્રત, નમિ જિન, નેમિ, પાર્શ્વ હર અષ્ટ કરમ,
નાશવંત હૈ ઉન્નત કર સત, અંતિમ સન્મતિ દેવ શરન;
સમવસરણકી અગણિત શોભા, બાર સભા ઉપદેશ ધરન,
જિન ઉદ્ધારક, ત્રિભુવન તારક, રાવ–રંકકો હૈ જુ શરન. અઘ૦ ૩

તીર્થંકર ગુણ–માલ કંઠકર, જાપ જપો નિત કરો કથન;
દેવ-શાસ્ત્ર-ગુરુ વિનય કરો, ઈન તીન રતનકા કરો જતન. અઘ૦ ૪

## (૭૮) ઋષભ જિન આરતી

(વીરકુંવરની વાતડી કોને કહીએ–દેશી)

અપ્સરા કરતી આરતી જિન આગે, હાંરે જિન આગે રે જિન આગે,
હાં..રે એ તો અવિચળ સુખડાં માગે, હાં..રે નાભિનંદન પાસ. અપ્સરા૦

તાથ નાટક નાચતી પાય ઠમકે, હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે;
હાં..રે સોવન ઘુઘરીયા ઘમકે, હાં..રે લેતી ફૂદડી બાલ. અપ્સરા૦

તાલ મૃદંગ ને વાંસળી ડફ વીણા, હાંરે રૂડાં ગાવતી સ્વર ઝીણા,
હાં..રે મધુર સુરાસુર નયણાં, હાં..રે જોતી મુખડાં નિહાળ. અપ્સરા૦

ધન્ય મરુદેવા માતને પ્રભુ જાયા, હાંરે તોરી કંચનવરણી કાયા;
હાં..રે મેં તો પુણ્યે પૂરન પાયા, હાં..રે દેખ્યો તારો દેદાર. અપ્સરા૦

પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો, હાંરે પ્રભુ સેવક હું છું તારો;
હાં..રે ભવોભવનાં દુઃખડાં વારો, હાં..રે તમે દીનદયાળ. અપ્સરા૦

સેવક જાણી આપનો ચિત્ત ધરજો, હાંરે મોરી આપદા સઘળી હરજો;
હાં..રે ભક્તજનોને સુખિયા કરજો, હાં..રે જાણી પોતાનો બાળ. અપ્સરા૦

## (૭૯) શ્રી શાંતિજિની આરતી

હે શાંતિનાથ ભગવાન આપનો જય હો. હું આપના ચરણકમળમાં વારી જાઉં છું.

હે પિતા વિશ્વસેન અને માતા અચિરાજીના પુત્ર શાંતિનાથ પ્રભુ! આપનું મુખ પૂનમના ચંદ્રમા જેવું છે. ઉંચાઈ ચાલીસ ધનુષ્ય અને શરીર સુવર્ણમય છે. આપના ચરણ પર મૃગનું ચિહ્‌ન અંકિત છે. આપ પાંચમા ચક્રવર્તી અને જગને મોહિત કરવાવાળા સોળમાં જિનવર છો. હે શાંતિનાથ ભગવાન આપનો જય હો.

આપની આરતી કરીને અનેક જન્મોનો (પુણ્ય) લાભ મળે છે. સેવક હાથ જોડીને આપના ગુણગાન કરે છે, જે નર-નારી આપના ગુણગાન ગાશે તે અમરપદ(મોક્ષપદ)ની પ્રાપ્તિ કરશે. હે શાંતિનાથ ભગવાન આપનો જય હો.

## (૮૦) શ્રી નેમિનાથ જિન આરતી

હે નેમિનાથ પ્રભુ! હું કઈ રીતે (-કઈ વિધિથી) આપની આરતી કરું? આપની આરતી કરવાની મારી પાસે સમજ નથી, શબ્દો નથી અને એવી બુદ્ધિ પણ નથી. ૧.

આપ સમુદ્રવિજય રાજાના પુત્ર છો અથવા આપે રાજેમતીનો ત્યાગ કર્યો. એવું કહેવાથી આપની સ્તુતિ થતી નથી. તો હે નેમિનાથ પ્રભુ! હું કઈ રીતે આપની આરતી કરુ? ૨.

કરોડ સ્થંભ પર વેદીમાં આપ અત્યંત શોભાયમાન છો એ રીતે સ્તુતિ એ તો સમવસરણ, જે આપનાથી તો જુદું છે, તેની સ્તુતિ છે. તો હે નેમિનાથ પ્રભુ! હું કઈ રીતે આપની આરતી કરું! ૩.

આપ ચાર જ્ઞાનના ધારક છો, સેવકના અંતર્યામી છો, આપના ઉપદેશ દ્વારા ભવ્યજન મોક્ષ પામે છે વગેરે પણ પુદ્‌ગલના વચનો છે, તેમાં આપના ગુણ આવતાં નથી, તો હે નેમિનાથ પ્રભુ! હું કઈ રીતે આપની આરતી કરું? ૪-૫.



## (૭૯) શ્રી શાંતિનાથ જિન આરતી

જય જય આરતી શાંતિ તુમારી, ચરણકમલકી મૈં જાઉં બલિહારી.

વિશ્વસેન અચિરાજીકો નંદા, શાંતિનાથ મુખ પૂનમ ચંદા. જય૦

ચાલીસ ધનુષ્ય સોવનમય કાયા, મૃગલંછન પ્રભુચરણ સુહાયા. જ૦

ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોળમા જિનવર જગ સહુ મોહે. જ૦

મંગળ આરતી તોરી કીજે, જન્મજન્મનો લાહો લીજે. જય૦

કર જોડી સેવક ગુણ ગાવે, સો નરનારિ અમર પદ પાવે. જય૦

## (૮૦) શ્રી નેમિનાથ જિન આરતી

કિહં વિધ આરતિ કરૂં નેમ પ્રભુ તેરી,
અગમ અકથ જસ બુદ્ધિ ન મેરી. કિહં૦ ટેક ૧

સમુદવિજૈસુત રજમત છાંરી, યૌં કહિ થુતિ નહિં હોય તુમારી; કિ૦ ૨

કોટિ ખંભ વેદી છબિસારી, સમવસરનથુતિ તુમતેં ન્યારી; કિ૦ ૩

ચાર જ્ઞાન જુત તિનકે સ્વામી, સેવકકે પ્રભુ અન્તર્યામી; કિ૦ ૪

સુનિકે વચન ભવિક શિવ જાહીં, સો પુદ્‌ગલમેં તુમ ગુણ નાહીં; કિ૦ ૫

આપના આત્માની જ્યોતિના પ્રકાશ સામે સૂર્ય–ચંદ્રના તેજ ફીક્કા લાગે છે. જે (આત્મા) ત્રણેય જગતમાં શોભાયમાન છે. તેને હું નમન કરું છું. તે શોભા આપના આત્મિક ગુણોની છે. જે ભક્તજનો નેમિપ્રભુના આત્મિક ગુણોને ઓળખી તેની મહિમા કરશે, તેના પોતાના પણ આત્મિક ગુણો ખીલી ઉઠશે. હે નેમિનાથ પ્રભુ!? હું કઈ રીતે (–ક્યા શબ્દોથી) આપની આરતી (પ્રશંસા) કરું? ૬–૮.

## (૮૧) શ્રી પાર્શ્વ જિન આરતી

હે પારસનાથ પ્રભુ! આપનો જય હો, જય હો. આપ માતા વામાદેવી અને પિતા અશ્વસેન રાજાના પુત્ર છો. આપે બનારસમાં જન્મ લીધો. આપ દેવોના પણ દેવ છો. ૧.

આપ ભક્તોને સુખ દેનારા ત્રેવીસ(૨૩)મા તીર્થંકર છો. (અમારા) પાંચ પાપ (હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ)નો નાશ કરી હે પારસ પ્રભુ! અમને શરણ આપો. હે પારસનાથ પ્રભુ! આપનો જય હો, જય હો. ૨.

આપે નાગ–નાગણીને બચાવ્યા અને તેમને ભવથી પાર ઉતાર્યા. આપે વૈરાગ્ય ધારણ કરી મુનિપદ લીધું. આજે અમે આપને વંદન કરીએ છીએ. હે પારસનાથ પ્રભુ! આપનો જય હો. જય હો. ૩

આપ પ્રભુએ આત્માનું ધ્યાન ધરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું અને સમ્મેદશિખરની સુવર્ણટૂંકથી સિદ્ધપદ પામ્યા. આપના સિવાય બીજું કોણ છે કે જે અમને (ભવસાગરથી) પાર કરે? જે કોઈ આપની સેવા કરે છે, તેના આનંદ અને પવિત્રતામાં વૃદ્ધિ થાય છે. હે પારસનાથ પ્રભુ! આપનો જય હો, જય હો. ૪–૫.



આતમ જોતિ સમાન બતાઊં, રવિ શશિ દીપક મૂઢ કહાઊં; કિ૦ ૬

નમન ત્રિજગપતિ શોભા ઉનકી, તુમ શોભા તુમમેં નિજગુનકી; કિ૦ ૭

ભક્તજનો નેમિ ગુણ ગાવૈ, તુમ મહિમા તુમ હી બનિ આવૈ. કિ૦ ૮

## (૮૧) શ્રી પાર્શ્વનાથ જિન આરતી

જય પારસ જય પારસ જય પારસ દેવા...

માતા તોરી વામા દેવી પિતા અશ્વસેના,
કાશીજીમેં જન્મ લિયા પ્રભુ હો દેવનકે દેવા...જય. ૧

આપ તેઈસવેં હો તીર્થંકર, ભક્તોં કો સુખમેવા;
પાંચોં પાપ મિટાકર હમરે શરણ દેઓ જિન દેવા...જય. ૨

નાગિન–નાગ બચાકર તુમને ભવસેં કિયા પારા;
વૈરાગી હો મુનિપદ ધારે વંદન આજ અમારા...જય. ૩

આતમધ્યાન લગાકર પ્રભુજી કેવલજ્ઞાન જગાયા,
સંમેદશિખરકી સુવર્ણ ટૂંકસે સિદ્ધાતમ પદ પાયા...જય. ૪

દૂજા ઔર કોઈ ના દીખે પાર લગાઓ ખેવા;
આનંદમંગલ વૃદ્ધિ હોવે જો કરે આપકી સેવા...જય. ૫



## (૮૨) મહાવીર જિન આરતી

હે દિવ્યધ્વનિદાતા, સન્મતિદાયક સન્મતિદેવા આપની જય હો. આપ દેવ વીર, મહાવીર, અતિવીર, વર્ધમાન (નામ સંયુક્ત) છો. ૧.

આપ જ્યારે ત્રિશલામાતાના ગર્ભમાં પધાર્યા ત્યારે દેવો અને મનુષ્યો હર્ષ પામ્યા અને કુંડલપુરમાં કુબેર દ્વારા પંદર મહિના સુધી રત્નોની વર્ષા થઈ. આપ પ્રભુએ આનંદકારી ચૈત્ર સુદ તેરસના દિને જન્મ લીધો ત્યારે સિદ્ધાર્થરાજાએ ધામધૂમથી ઉત્સવ કર્યો. આપ ત્રીસ વર્ષ સુધી ઘરમાં બાળબ્રહ્મચારીપણે રહ્યા અને ભરયુવાન વયમાં રાજસત્તાનો મોહ ત્યાગીને, મુનિદીક્ષા ધારણ કરી, ત્યારબાદ આપે બાર વર્ષ સુધી પ્રબળ તપ કર્યું અને કર્મોનો નાશ કર્યો. જેથી લોકાલોકને જાણનારું કેવળજ્ઞાન પ્રગટ થયું અને અરિહંતપદની પ્રાપ્તિ થઈ. આપ કારતક વદ અમાસના દિવસે મોક્ષમાં જઈ વસ્યા, ત્યારે ઘર–ઘરમાં લોકોએ દીપક પ્રગટાવ્યા અને ત્યારથી દિવાળીનું પર્વ ચાલ્યું આવે છે. હે દિવ્યધ્વનિદાતા, સન્મતિદાયક સન્મતિપ્રભુ! આપની જય હો. ૨–૬.

હે પ્રભુ! આપ વીતરાગ, સર્વજ્ઞ અને હિતેષી છો અને મોક્ષમાર્ગ પ્રકાશક છો. આપ જ હરિહર (–કલ્યાણસ્વરૂપ) અને બ્રહ્મા (–હિતોપદેશી) છો. હે અવિનાશી પ્રભુ આપ સદાય જયવંત વર્તો. હે પ્રભુ! આપ મુજ ગરીબ પર કૃપા કરવાવાળા છો. જગતની રક્ષા કરનાર છો. આપને સુરેન્દ્ર અને નરેન્દ્ર નમે છે. આપના નામસ્મરણથી વિઘ્ન ટળી જાય છે અને પાપો ક્ષણવારમાં દૂર થઈ જાય છે. આપે ચોર, ભીલ, ચંડાળ જેવાને પણ તાર્યા છે. આપ ભવના દુઃખોને દૂર કરવાવાળા છો. કવિ શિવરામ કહે છે કે હું પાપી પણ આપનું શરણ લઉં છું. હે દિવ્યધ્વનિદાતા, સન્મતિદાયક સન્મતિપ્રભુ! આપની જય હો. ૭–૯.



## (૮૨) શ્રી મહાવીર જિન આરતી

ૐ જય સન્મતિ દેવા, પ્રભુ જય સન્મતિ દેવા;
વીર મહા અતિ વીર પ્રભુજી, વર્ધમાન દેવા. ૐ૦ ૧

ત્રિશલા ઉર અવતાર લિયો પ્રભુ સુરનર હર્ષાયે;
પંદ્રહ માસ રતન કુંડલપુર, ધનપતિ વર્ષાયે. ૐ૦ ૨

શુક્લ ત્રયોદશિ ચૈતમાસકી, પ્રભુ આનંદ કરતારી;
રાય સિદ્ધારથ ઘર જન્મોત્સવ, ઠાઠ રચે ભારી. ૐ૦ ૩

ત્રીસ વર્ષ લોં રહે ગૃહમેં, પ્રભુ બાલ બ્રહ્મચારી;
રાજ ત્યાગ કર ભર યૌવનમેં, મુનિદીક્ષા ધારી. ૐ૦ ૪

બારહ વર્ષ કિયા તપ દુદ્ધર વિધિ ચકચૂર કિયા;
ઝલકે લોકાલોક જ્ઞાનમેં, યશ ભરપૂર લિયા. ૐ૦ ૫

કાર્તિક શ્યામ અમાવસ કે દિન, જાકર મોક્ષ બસે;
પર્વ દિવાલી ચલા તભીસે ઘર-ઘર દીપ જલે. ૐ૦ ૬

વીતરાગ સર્વજ્ઞ હિતૈષી, શિવમગ પરકાશી;
હરિહર બ્રહ્મા નાથ તુમ્હીં હો, જયજય અવિનાશી. ૐ૦ ૭

દીનદયાલા જગપ્રતિપાલા સુરનરનાથ જજે;
સુમરત વિઘ્ન ટરે ઈક છિનમેં, પાતક દૂર ભજૈ. ૐ૦ ૮

ચોર ભીલ ચાન્ડાલ ઉબારે, ભવદુઃખ હર તુહી;
પતિત જાન શિવરામ ઉચ્ચારે, હે જિન શરણ ગહી. ૐ૦ ૯

## (૮૩) શ્રી સૂર્યકીર્તિ જિન આરતી

હે જિનવરદેવ પ્રભુ! આપનો જય હો. હે જગતના ઈશ્વર! મને દિનરાત આપના ચરણકમળની સેવાનો અવસર આપજો.

આપ દિવ્ય આનંદધારી, દિવ્ય કેવળજ્ઞાનધારી અને દિવ્ય તેજધારી છો. આપ રિદ્ધિ-સિદ્ધિ સહિત સુખના ભંડારરૂપ છો અને નિત્ય મંગળસ્વરૂપ છો. જયવંતા જિનવર! આજે આપ અમારે આંગણે પધાર્યા છો. આપ ધાતુકીખંડના મહાવિદેહક્ષેત્રના ભાવિ ભગવંત છો. હે જિનવરદેવ, પ્રભુ! આપનો જય હો.

આપ પૂર્ણ ગુણોરૂપ પરિણમન કરનારા પરમ ઈશ્વર છો, ત્રણ લોકના તારણહાર છો, હે ત્રણ ભુવનના તીર્થપતિ! મારા આતમના આધારરૂપ પ્રભુ! આવો, પધારો, હે જિનેશ્વરદેવ! મારા ઉપર કૃપા કરો કે જેથી મારા સર્વકાર્ય સફળ થાય અને આ સેવકને જલ્દીથી મોક્ષપદની પ્રાપ્તિ થાય. હે પ્રભુ! હું આપના ચરણોની પૂજા કરું છું. હે જિનવરદેવ, પ્રભુ! આપનો જય હો.

## (૮૪) શ્રી નંદીશ્વર દ્વીપના જિનબિંબની આરતી.

હે બાવન જિનમંદિર સ્થિત જિનદેવા! આપનો જય હો. હું આપના ચરણોમાં આરતી કરું છું. જેથી મારું આ ભવોભવનું આવાગમન મટી જાય. હે દેવ! આપનો જય હો.

નંદીશ્વર નામનો આઠમો દ્વીપ શોભાયમાન છે. તેની દરેક દિશામાં તેર-તેર અકૃત્રિમ જિનમંદિર છે. ત્યાંની ધરા પર એક અંજનગિરિ ચાર દધિગિરિ અને આઠ મોટા રતિકર પર્વત છે. આ બધા થઈને તેર પર્વત છે. આવી રીતે નંદીશ્વરની ભૂમિ પર (ચાર દિશાના થઈ) કુલ બાવન પર્વતો આવેલા છે. આ શ્રેષ્ઠ ગિરિરાજો પર વિશાળ (અકૃત્રિમ) જિનાલયો છે અને પ્રત્યેકમાં (પાંચસો ધનુષ્ય ઉન્નત એવા એકસો આઠ) રત્નમણિના જિનબિંબ છે. હે બાવન જિનમંદિર સ્થિત જિનદેવ! આપનો જય હો. ૧-૩



## (૮૩) ૐ જય જિનવરદેવા

ૐ જય જિનવરદેવા, પ્રભુ જય જિનવરદેવા,
નિશદિન દેજો હે.....જગદીશ્વર પદપંકજસેવા.....ૐ

દિવ્યાનંદી, દિવ્યપ્રકાશી, દૈવી તુજ દેદાર,
રિદ્ધિ—સિદ્ધિ—સુખનિધિના સ્વામી, નિત્ય સુમંગલકાર.....ૐ

આજ અમારે આંગણે પધાર્યા જિનવર જયવંતા,
ખંડધાતકી—મહાવિદેહી ભાવી ભગવંતા.....ૐ

પૂર્ણગુણે પરિણત પરમેશ્વર, ત્રિલોક—તારણહાર,
આવો પધારો ત્રિભુવનતીરથ! આતમના આધાર!.....ૐ

કૃપા કરો હે જિનવર! મારાં, થાય પૂરાં સૌ કાજ,
સત્વર શિવપદ દો સેવકને, ચરણ પૂજું જિનરાજ!.....ૐ

## (૮૪) શ્રી નંદીશ્વરદ્વીપનાં જિનબિંબની આરતી

જય બાવન જિન દેવા, પ્રભુ બાવન જિન દેવા;
આરતી કરું તુમ ચરણે (૨)
ભવ જલ નદી નાવા, જયદેવ જયદેવ....ટેક.

અષ્ટમ શોભે દ્વીપ, નંદીશ્વર નામા (૨)
પ્રતિદિશ તેરહ તેરહ, અકૃત્રિમ જિનધામા....જયદેવ. ૧

અંજન ભૂધર એક, દધિમુખ નગ્ર ચાર (૨)
ગજમતિ રતિકર પર્વત, તેરહ ગિરિ સાર...જયદેવ. ૨

એવં ચૌદિશિ બાવન, પૃથ્વીવર લંબા (૨)
ગિરિપતિ જ્યેષ્ઠ જિનાલય, મણિમય જિનબિંબા...જયદેવ. ૩

આષાઢ માસ, કારતક માસ અને ફાગણ માસના શુભ સુદ પક્ષના દિવસોમાં ઈન્દ્રાદિ આઠ દિવસ ભાવથી પૂજા કરે છે. તેઓ આઠમથી શરૂ કરી પૂનમ સુધી ઉત્સવ કરે છે. ગુણોના સાગર એવા જિનદેવનું ગુણકીર્તન કરવાથી મુક્તિરૂપી વધૂની પ્રાપ્તિ થાય છે. હે બાવન જિનમંદિર સ્થિત જિનદેવ! આપનો જય હો. ૪–૫.

## (૮૫) પંચ પરમેષ્ઠીની આરતી

હે પંચપરમેષ્ઠી પ્રભુ! આપની જય હો, જય હો. આપ ચૈતન્ય સ્વરૂપીને નમન કરી આપની આરતી ઉતારું છું. ૧.

પહેલી આરતી મારું મિથ્યાત્વ ટાળીને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ કરે છે. હે પંચપરમેષ્ઠી પ્રભુ! આપની જય હો, જય હો. ૨.

બીજી આરતી સમ્યગ્દર્શનરૂપી બીજ ઉગાડે છે અને ભેદમાંથી અભેદપણાને પમાડે છે. હે પંચપરમેષ્ઠી પ્રભુ! આપની જય હો, જય હો. ૩.

ત્રીજી આરતી શુદ્ધરત્નત્રયની શુદ્ધિ કરે છે, જેથી સહજ આત્મસ્વરૂપી થવાય છે. હે પંચપરમેષ્ઠી પ્રભુ! આપની જય હો, જય હો. ૪.

ચોથી આરતી અનંત ચતુષ્ટય પ્રગટાવે છે, જેથી કૃતકૃત્ય સ્વરૂપ પ્રગટ થાય છે. હે પંચપરમેષ્ઠી પ્રભુ! આપની જય હો, જય હો. ૫.

પાંચમી આરતી પંચ પરમેષ્ઠીની છે, જેના વડે શુદ્ધ સ્વભાવ પ્રાપ્તિનું પ્રયોજન સિદ્ધ થાય છે. હે પંચપરમેષ્ઠી પ્રભુ! આપની જય હો, જય હો. ૬.

## (૮૬) શ્રી શાસ્ત્રની આરતી

હું મહામંગળ સ્વરૂપ સાચા જ્ઞાનના દાતા એવા સત્ય શાસ્ત્રની આરતી ઉતારું છું. આ સત્ય શાસ્ત્ર પ્રભુની સાક્ષાત્ દિવ્યધ્વનિદાતા છે. ૧

હું સત્ શાસ્ત્રને સુવર્ણપત્ર પર રત્નોના અક્ષરોથી લખાવી, હીરાના સાથીયા સજાવી અને અષ્ટપ્રકારની શાસ્ત્રપૂજા રચાવીને મોતીના થાળ ભરીને વધાવું છું, હું સત્ય શાસ્ત્રની આરતી ઉતારું છું. ૨



શુભ અષાડે કાર્તિક, ફાલ્ગુન સુદી પક્ષા (૨)
ઈન્દ્રાદિક કરે પૂજા, અષ્ટાહ્નિક દક્ષા...જયદેવ. ૪

અષ્ટમ દિનથી મંડિત, પૂનમ પર્યંતા (૨)
જિન ગુણ સાગર ગાવે, પાવે સુરકાન્તા...જયદેવ. ૫

## (૮૫) પંચ પરમેષ્ઠીની આરતી

જય જય આરતી પંચ પરમેષ્ઠી, ચેતનરામી નમું તુજ સ્વામી. ૧.

પહેલી આરતી મિથ્યા ટાળે, સમ્યગ્જ્ઞાન પ્રકાશ નિહાળે. જય૦ ૨.

બીજી આરતી બીજ ઉગાડે, દ્વંદ્વાતીતપણાને પમાડે. જય૦ ૩.

ત્રીજી આરતી ત્રિરત્ન શુદ્ધિ, થાએ સહેજે આત્મસ્વરૂપી. જય૦ ૪.

ચોથી આરતી અનંત ચતુષ્ટય, પરિણામે કૃતકૃત્યસ્વરૂપ. જય૦ ૫.

પંચમી આરતી પંચ પરમેષ્ઠી, શુદ્ધ સ્વભાવ સહજ લહે અરથી. જય૦ ૬.

## (૮૬) શ્રી શાસ્ત્રની આરતી

મહામાંગલિક સત્ય જ્ઞાનદાતા રે,
સત્ય શાસ્ત્રની ઉતારૂં હું તો આરતી રે.
પ્રભુ! સાક્ષાત્ દિવ્યધ્વનિ દાતા રે. સત્ય ૧

કંચન પત્રમાં રત્નાક્ષરોથી, હીરાના સાથીયા પુરાવું;
અષ્ટપ્રકારી શાસ્ત્રપૂજા રચાવું, થાળ ભરી મોતીડે વધાવું રે. સત્ય ૨

સત્ શાસ્ત્ર નિરપેક્ષ (આત્મ)તત્ત્વને પ્રકાશે છે, જેમાં નિરાલંબન એવા આત્મદ્રવ્યના મીઠા મંત્રો ભરેલા છે. અને જેમાંથી નિજ આત્મતત્ત્વના રસથી ભરેલ એવો વીતરાગી શાંતરસ (-સ્વભાવભાવ)નો રસ નીતરી રહ્યો છે, એવા સત્ય શાસ્ત્રની હું આરતી ઉતારું છું. ૩

કેવલજ્ઞાન ગુણની ખાણમાંથી નિપજેલી જિનવાણી, ચૌદ બ્રહ્માંડ (-લોક)ના સમગ્રભાવોને દર્શાવે છે. સ્યાદ્વાદ મુદ્રિત, પરમતત્ત્વોને જણાવનાર અને આનંદસ્વરૂપમાં રાજ કરાવનાર છે. એવા સત્ય શાસ્ત્રની હું આરતી ઉતારું છું. ૪

## (૮૭) મુનિરાજની આરતી

મારા આત્મ (પ્રાપ્તિ)ના પ્રયોજન માટે પાપીનો ઉદ્ધાર કરનાર એવા મુનિરાજની આરતી ઉતારું છું. જગતના સર્વ જીવો જે લક્ષ્મીની અભિલાષા કરે છે તેના ઉપાયને મુનિરાજ પંક (કાદવ) સમાન જાણે છે. ૧.

જેણે આખા જગતને પોતામાં વશ કર્યું છે, એવી સ્ત્રીને તથા જેણે વિષયોને સર્પની જેમ દૂરથી જ છોડી દીધા છે, એવા મુનિરાજની હું આરતી ઉતારું છું. ૨.

જે (પાંચ ઇન્દ્રિયના) વિષયોએ જગતના સર્વ જીવોને પોતામાં વશ કર્યા છે, તે સાધનોને મુનિરાજે ઝેર સમાન જાણી ત્યજી દીધા છે. એવા મુનિરાજની હું આરતી ઉતારું છું. ૩.

સર્વ જીવો આ પૃથ્વી પર રાજ્ય કરવા ઇચ્છે છે પણ આપ મુનિરાજ તેને સડેલા તરણાતુલ્ય જાણી ત્યાગો છો. એવા મુનિરાજની હું આરતી ઉતારું છું. ૪.

શત્રુ હોય કે મિત્ર, દુઃખ હોય કે સુખ, તેમાં સમભાવ રાખે છે. અને લાભ હોય કે નુકશાન બંનેને સમાન જાણે છે. (રાગ-દ્વેષ કરતાં નથી). એવા મુનિરાજની હું આરતી ઉતારું છું. ૫.

છ કાય જીવની રક્ષા માટે, મુનિરાજ અહિંસા વ્રતના ધારક છે અને દરેક જીવને સમાનપણે જુએ છે. એવા મુનિરાજની હું આરતી ઉતારું છું. ૬.

દ્યાનતરાયજી કહે છે-આ મુનિરાજની આરતીને જે વાંચશે અને ગાશે તેને સ્વર્ગ અને મોક્ષસુખની પ્રાપ્તિ થશે. ચાલો આપણે એવા મુનિરાજની આરતી ઉતારીએ. ૭.



નિરપેક્ષ તત્ત્વ શાસ્ત્ર તુમે પ્રકાશો, નિરાલંબન મંત્ર મીઠા,
નિજ રસભારના સ્વભાવે ભરેલા, વીતરાગી શાંત રસ દીઠા રે. સત્ય ૩

અક્ષર પરબ્રહ્મ સ્યાદ્વાદાંક મુદ્રા, સ્વરૂપાનંદ રાજ્યધાની,
ચૌદ બ્રહ્માંડ ભાવ ભેદે ભરેલી, કૈવલ્યજ્ઞાન ગુણખાણી રે. સત્ય ૪

## (૮૭) મુનિરાજની આરતી

આરતી કીજે શ્રી મુનિરાજ કી, અધમ ઉધારન આતમ કાજકી. ટેક

જા લચ્છીકે સબ અભિલાખી, સો સાધન કરદમવત ભાખી. આ૦ ૧

સબ જગ જીત લિયો જિન નારી, સો સાધન નાગનિવત છારી ૨

વિષયન સબ જગજિય વશ કીને, તે સાધન વિષવત તજ દીને ૩

ભુવિકો રાજ ચહત સબ પ્રાની, જીરન તૃણવત ત્યાગત ધ્યાની ૪

શત્રુમિત્ર દુઃખસુખ સમ માનૈ, લાભ અલાભ બરાબર જાનૈ. આ૦ ૫

છહોં કાય પીહરવ્રત ધારૈં, સબકો આપ સમાન નિહારૈં. આ૦ ૬

ઈહ આરતી પઢૈ જો ગાવૈ, 'દ્યાનત' સુરગમુક્તિ સુખ પાવૈ. આ૦ ૭



## (૮૮) શ્રી કુંદકુંદ આચાર્યની આરતી

હું કુંદકુંદપ્રભુની આરતી ઉતારું છું. એ આચાર્યદેવની આરતી ઉતારું છું.

હે કુંદકુંદાચાર્યદેવ, આપ વિદેહક્ષેત્રમાં જઈ સીમંધરપ્રભુની દિવ્યધ્વનિના શુભ સંદેશાઓ લાવી, ભારતક્ષેત્રે પાછા પધાર્યા અને ચૌદ પૂર્વના રહસ્યો(મર્મ)ને આપે શાસ્ત્રમાં વર્ણવ્યા અને શ્રુતજ્ઞાનની ધારાને ચાલુ રાખી. આપે તે શાસ્ત્રોમાં અચલ જ્યોતિ સમાન અખંડ અને અનુપમ (આત્મા) બતાવ્યો અને આત્મખ્યાતિના અમૂલ્ય ખજાના ખુલ્લા કર્યા. હું કુંદકુંદપ્રભુની આરતી ઉતારું છું, એ આચાર્યદેવની આરતી ઉતારું છું.

સ્વસ્વરૂપમાં ઝૂલનારા એવા હે કુંદકુંદાચાર્યદેવ! આપ વનમાં વસનારા છો. આપ ધન્ય છો, ધન્ય છો, કહાનગુરુએ આપના શાસનના તેજ ભરતભૂમિમાં રેલાવ્યા અને દિવ્યવાણી વરસાવી. હું કુંદકુંદપ્રભુની આરતી ઉતારું છું. એ આચાર્યદેવની આરતી ઉતારું છું.

✽

## (૮૯) લાખ લાખ દીવડાની આરતી

લાખ લાખ દીવડાની આરતી પ્રગટાવી, લાખ-લાખ તોરણ બંધાવીશું, (કારણ કે) આજે અમારે આંગણિયે આનંદનો અવસર આવ્યો છે.

લાખ લાખ દ્રવ્યો લઈ પ્રભુજીની પૂજા રચાવીશું અને લાખ-લાખ ભક્તોના હાથ વડે તે પૂજા કરીશું. ૧.

ખોબે ખોબે ગુલાલના રંગો ઉડે છે. લાખો ભક્તો આવીને જિનવરને વધામણાં કરે છે અને લાખેણી (-મૂલ્યવાન) ભાવથી ભક્તિ કરાય છે. ૨.

ભક્તો, તમે ભક્તિ ગીત ગાવો અને ગવરાવજો, તેના તાને નૃત્ય કરજો અને કરાવજો અને આવા અવસરના લાખેણા લાભ લેજો. ૩.

ભક્તો, તમે ગુરુજીના લાખ લાખ ગુણો ગવરાવજો, કારણ કે મારા ગુરુ લાખ લાખ જીવોના ઉદ્ધાર કરનાર છે અને તેમનો જયકાર જગતમાં ફેલાઈ રહ્યો છે. ૪.



## (૮૮) શ્રી કુન્દકુન્દ આચાર્યદેવની આરતી

હું તો આરતી ઉતારૂં પ્રભુ કુંદની રે;
પ્રભુ કુંદની રે આચાર્યદેવની રે. હું તો.
વિદેહ ક્ષેત્ર જઈ ભરતમાં પધારીયા રે;
સીમંધર દેવના સંદેશા રૂડા લાવીયા રે. હું તો.
ચૌદ પૂર્વના રહસ્યે શાસ્ત્ર ગૂંથીયા રે;
શ્રુતજ્ઞાનની તેં નહેરો વહેવડાવીયું રે. હું તો.
અચલ જ્યોતિ અખંડ અનૂપમ અછે રે;
આત્મ ખ્યાતિ ખજાના અણમૂલ્ય છે રે. હું તો.
નિજ સ્વરૂપમાંહે કુંદમુનિ ઝૂલતા રે;
ધન્ય ધન્ય વનવાસી એ મુનિવરા રે. હું તો.
તુજ શાસનના નૂર ભરત ભૂમિએ રે;
દિવ્ય વાણીના દાતાર કાનગુરુ અછે રે. હું તો.

## (૮૯) લાખ લાખ દીવડાની આરતી

લાખ લાખ દીવડાની આરતી ઉતારજો,
લાખ લાખ તોરણ બંધાય;
આંગણિયે અવસર આનંદના.......(ટેક)
લાખ લાખ દ્રવ્યોની પૂજા રચાવજો;
લાખ લાખ હાથે કરાય. આંગણિયે...લાખ૦ ૧
ખોબે ખોબે રંગ ઉડે ગુલાલના,
લાખો વધામણાં જિનવરનાં આવતાં;
લાખેણી ભક્તિ કરાય. આંગણિયે....લાખ૦ ૨
ગાવો ગાવો ગીત ગાજો ગવરાવજો,
તાને તાને નાચ નાચી નચાવજો;
લાખેણા લ્હાવા લેવાય. આંગણિયે...લાખ૦ ૩
લાખ લાખ ગુરુજીના ગુણ ગવરાવજો;
લાખ લાખ (જીવોના) ઉદ્ધાર કરનાર. આંગણિયે....લાખ૦ ૪
જયકાર જગતમાં ફેલાય. આંગણિયે...લાખ લાખ૦

## (૯૦) નિશ્ચય આત્માની આરતી

શુદ્ધ આત્માની આરતી મંગળકારી છે. આ તનમાં આત્માનો નિવાસ હોવાને કારણે તન એક મંદિર સમાન છે અને મન આત્માને રહેવાનું સ્થાન છે.

તે નિશ્ચય આત્માની પૂજા માટે સમતારૂપી ભાવના જ આનંદકારી અને જળ અને ચંદન છે. તેનું તાત્વિકસ્વરૂપ જ ક્યારેય ખંડિત ન થાય તેવા અમંદ અક્ષતરૂપ છે. સમયસાર (શુદ્ધાત્મા)ની રુચિ જ પૂજા માટે પુષ્પમાળ છે અને શુદ્ધાત્માની અનુભૂતિથી ઉત્પન્ન સુખ જ નૈવેદ્યથી ભરેલ થાળ છે. આત્માની પૂજા માટે જ્ઞાન જ દીપક છે અને મન–વચન–કાયની એકાગ્રતારૂપ ધ્યાન જ ધૂપ છે. ભાવોની નિર્મળતા જ તેની પૂજાનું પરિણામ (ફળ) છે. ૧–૩.

ભવ્યજનો તે આત્માના ગુણગાનના રંગમાં લીન થઈ જાય છે અને કુશળ જ્ઞાનીજન નિશ્ચયથી તેની નવધા ભક્તિમાં લીન થઈ જાય છે. તે અંતરથી નિઃસૃત અનહદ ધ્વનિમાં ઉત્સાહિત (નિમગ્ન) થઈ પરમસમાધિમાં લીન થઈ જાય છે. પછી તે કરુણાથી બહારમાં આત્માના સ્વભાવને પ્રકાશિત કરે છે અને અંતઃકરણમાં પોતાના શુદ્ધ પરમાત્મસ્વરૂપને જ ધ્યાવે છે. ૪–૬.

આવું ચિંતન પૂજ્ય–પૂજકભાવને મટાડી દે છે. દ્યાનતરાયજી કહે છે કે–આત્માના ગુણોની વંદનાથી આત્મા 'પરમાત્મા' થઈ જાય છે. ૭.







## (૯૦) નિશ્ચય આત્માની આરતી

(ચૌપાઈ)

મંગલ આરતી આતમરામ, તનમંદિર મન ઉત્તમ ઠામ. મંગલ૦ ટેક.
સમરસ જલચંદન આનંદ, તંદુલ તત્ત્વસ્વરૂપ અમંદ. મંગલ૦ ૧
સમયસાર ફૂલનકી માલ, અનુભવ સુખનેવજ ભરિ થાલ. મંગલ૦ ૨
દીપકજ્ઞાન ધ્યાનકી ધૂપ, નિરમલભાવ મહાફલરૂપ. મંગલ૦ ૩
સુગુણ ભવિકજન ઈકરંગલીન, નિહચૈ નવધા ભક્તિ પ્રવીન. મંગલ૦ ૪
ધુનિ ઉતસાહ સુ અનહદ ગાન, પરમ સમાધિ નિરત પરધાન. મંગલ૦ ૫
બાહિજ આતમભાવ બહાવૈ, અંતર હ્વૈ પરમાતમ ધ્યાવૈ. મંગલ૦ ૬
સાહબ સેવક ભેદ મિટાય, 'દ્યાનત' એકમેક હો જાય. મંગલ૦ ૭



# શ્રી ૧૦૦૮ સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર



ગુરુદેવશ્રી કાનજીસ્વામી



બહેનશ્રી ચંપાબેન





: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,**

૪૭, ચર્ચ રોડ, ઑફ એસ.વી. રોડ, ઈશ્વરલાલ પાર્કની સામે, વિલેપાર્લા (વે.), મુંબઈ-૫૬

022 - 2663 1165 | info@parlajinmandir.org | www.parlajinmandir.org | /Parla.Jinmandir | /c/ParlaJinmandir